# જીવવિચાર
# દંડક
# લઘુસંગ્રહણી
# પ્રશ્નોત્તરી



લેખક-સંપાદક
પૂ.પ. શ્રી નરવાહનવિજયજી ગણિવર્ય

પ્રશ્નોત્તરી ગ્રંથમાળા પ્રકાશન નં - ૧૪

# જીવવિચાર-દંડક લઘુસંગ્રહણી

બીજી આવૃત્તિ

લેખક - સંપાદક

પૂજ્ય પન્યાસપ્રવર શ્રી નરવાહન વિજયજી ગણિવર્ય

પ્રકાશક

પદાર્થ દર્શન ટ્રસ્ટ
આશ્રમ રોડ, અમદાવાદ

ટાઈપસેટીંગ
સમીર કોમ્પ્યુટર

મુદ્રક
કોમલ ગ્રાફીક
રીલીફ રોડ, અમદાવાદ
ફોન : ૩૬૧૧૧૪

પુસ્તક

જીવવિચાર - દંડક -
લઘુસંગ્રહણી પ્રશ્નોત્તરી

વીર સં. ૨૦૫૦

સને ૧૯૯૪

સંવત ૨૦૫૦

શરદ પૂર્ણિમા

કિંમત રૂા. ૪૦-૦૦

સર્વ હક્ક પ્રકાશકને
સ્વાધીન

**લેખક-સંપાદક**

કર્મસાહિત્ય નિષ્ણાત-સિધ્ધાંત
મહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્
વિજય પ્રેમસૂરિશ્વરજી
મહારાજના પટ્ટધર, પરમ
શાસન પ્રભાવક, પરમ તારક,
સૂરિચક્રચક્રવર્તિ, સૂવિશાળ
ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને
પ્રૌઢ પ્રતિભાના સ્વામી,
વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના
દાનવીર આચાર્યદિવેશ શ્રીમદ્
વિજય રામચંદ્રસૂરિશ્વરજી
મહારાજાના પરમવિનેય
શિષ્યરત્ન કર્મ સાહિત્યજ્ઞાતા
પન્યાસ પ્રવર શ્રી નરવાહન
વિજયજી ગણિવર્ય

**આર્થિક સહયોગ**

એક તત્વરસિક - જિજ્ઞાસુ સદ્દગૃહસ્થ
પરિવાર તરફથી

# બીજી આવૃત્તિની વાત

જેને જે ખપતું હોય તે મળે ત્યારે જ તેને સંતોષ થાય. એમ જીવ વિચાર પ્રશ્નોત્તરી દંડક પ્રશ્નોત્તરી તથા લઘુ સંગ્રહણી પ્રશ્નોત્તરી આ ત્રણે પુસ્તકો પ્રગટ થયા હોવા છતાં તે ત્રણે પુસ્તકોનું એક પુસ્તક બનાવી બહાર પાડવાની ઘણી માંગણી ને લઈને તે રીતે ત્રણે પુસ્તક ભેગા કરી પ્રગટ કરવામાં આવેલ પણ હાલ તે પણ અલભ્ય બની ગયેલ છે અને તેની માંગ ચાલુ જ છે.

અભ્યાસીઓ જેપુસ્તકની માંગણી કરે છે તે લભ્ય નથી એની જાણ થતાં જ, તત્વજ્ઞાનના અભ્યાસમાંજ જેનું ચિત્ત તન્મય બન્યું છે અને વધુને વધુ અભ્યાસીઓ આ તત્વજ્ઞાનનો લાભ લઈ ખૂબ આગળ વધે એવી જેમના હૈયાની સુંદર ભાવના છે એવા ત્તવ જિજ્ઞાસુ પરિવારે, કે જેઓએ જીવવિચાર વિવેચન, બીજી આવૃત્તિ તથા નવતત્વ વિવેચન બીજી આવૃત્તિ આ બન્ને પુસ્તકોનો સંપૂર્ણ ખર્ચ આપેલ છે તેઓએ તરત જ અમને સમાચાર મોકલ્યા કે આ પુસ્તક બનતી ત્વરાએ છપાવીને મોકલી આપો જેથી અભ્યાસીઓનો અભ્યાસ વ્યવસ્થિત ચાલુ રહે. ખરેખર આ પરિવારને જેટલા ધન્યવાદ આપીએ તેટલાં ઓછા છે. પોતાની સાથે સાથે અન્યોના અભ્યાસની પણ જેને આટલી બધી ખેવના છે તેઓને કયારેય પણ કેમ ભૂલી શકાય ?

અમારૂં આ ટ્રસ્ટ પગલે પગલે આગળ વધી રહ્યું છે તેનો યશ તો પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી નરવાહન વિજયજી મહારાજ સાહેબને છે. અમારી પ્રગતિ માટે તેઓએ ખૂબ ખૂબ પરિશ્રમ વેઠયો છે તે ઋણ ચુકવવું અમારે માટે ખૂબ જ કઠીન છે.

પુસ્તકમાં ટાઈપસેટીંગ - કે પ્રુફરીડીંગ કોઈ પ્રમાદદોષથી ભૂલ રહી ગઈ હોય તો અમારૂં ધ્યાન દોરશો અને ક્ષમા આપશો.

ખૂબજ ઝડપથી આ પુસ્તક તૈયાર કરી આપવા બદલ કોમલ ગ્રાફીકના માલિક શ્રી કિંતીભાઈનો ખૂબ ખૂબ આભાર.

**પદાર્થ દર્શન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

# પ્રાપ્તિ સ્થાનો

## પદાર્થ દર્શન ટ્રસ્ટ

**C/o ભરતભાઈ બી. શાહ**
એ, સરિતા દર્શન
જયહિંદ પ્રેસ સામે,
અમદાવાદ-૩૮૦૦૦૬
ટે.નં. : ૪૦૨૩૩૭

**જયંતિભાઈ પી. શાહ**
૬૯૬, નવા દરવાજા રોડ,
મયાભાઈની બારી
ખાડિયા ચાર રસ્તા,
અમદાવાદ-૩૮૦૦૦૧
ટે.નં. : ૩૮૦૩૧૫

**અશ્વિનભાઈ એસ. શાહ**
C/o નવીનચંદ્ર નગીનદાસ
૫૨૯/બી પાંચકુવા
કાપડ બજાર
અમદાવાદ-૩૮૦૦૦૨
ટે.નં : ૩૪૮૩૧૪

**સુનીલભાઈ કે. શાહ**
૪/૪૩ પહેલે માળે,
સૂર્યનગર હાઉસીંગ
સહરાનો દરવાજો
સુરત-૧૦

**સુરેશભાઈ એચ. વખારીયા**
ઠે. ડી/૫૩, સર્વોદયનગર
૫મે માળ, પાંજરા પોળ રોડ,
મુંબઈ-૪૦૦૦૦૪
ટે.નં. : ૩૭૫૩૮૪૮

# જીવ વિચાર- પ્રશ્નોત્તરી

**ભુવણપઈવં વીરં નમિઉણ ભણામિ અબુહ બોહત્થં ।**
**જીવ સરૂવં કિંચિવિ જહ ભણિયં પુવ્ય સૂરિહિં ॥૧॥**

**ભાવાર્થ :** ત્રણ ભુવનમાં દીપક સમાન શ્રી વીર ભગવંતને નમસ્કાર કરીને અજ્ઞાની જીવોના જ્ઞાનને માટે જેમ પૂર્વોચાર્યોએ કહેલું છે તેમજીવનાં સ્વરૂપને કાઈક કહીશ. ॥૧॥

**પ્રશ્ન ૧.** ત્રણ ભુવનો કયા કયા છે ?

**ઉત્તર :** ચૌદ રાજલોક રૂપ જગતમાં (૧)ઉર્ધ્વલોકરૂપ ભુવન (૨)તિરછૉલોકરૂપ ભુવન અને (૩)અધોલોકરૂપ ભુવન કહેલા છે.

**પ્રશ્ન ૨.** ઉર્ધ્વલોક ભુવન કેટલા પ્રમાણવાળો છે?

**ઉત્તર :** ઉર્ધ્વલોક ભુવન સામાન્યથી સાતરાજ યોજનમાં ૯૦૦યોજન ન્યૂન પ્રમાણવાળો શાસ્ત્રમાં કહેલો છે.

**પ્રશ્ન ૩.** તિચ્છૉલોક કેટલા પ્રમાણવાળો કહેલો છે ?

**ઉત્તર :** તિચ્છૉલોક અઢારસો યોજન પ્રમાણવાળો કહેલો છે.

**પ્રશ્ન ૪.** અધોલોક કેટલા યોજન પ્રમાણવાળો કહેલો છે ?

**ઉત્તર :** અધોલોક સાતરાજ યોજનમાં ૯૦૦ યોજન ન્યૂન પ્રમાણવાળો કહ્યો છે.

**પ્રશ્ન ૫.** એકરાજ કેટલા યોજન પ્રમાણવાળો કહેલો છે ?

**ઉત્તર :** એકરાજ એટલે અસંખ્યાતા કોટાકોટી યોજન પ્રમાણવાળો છે.
ક્રોડને ક્રોડે ગુણીએ એટલે એક કોટાકોટી થાય છે.

**પ્રશ્ન ૬.** એક યોજનના કેટલા માઈલ સમજવાં ?

**ઉત્તર :** શાસ્ત્ર પરિભાષાથી એક યોજનના શાશ્વત ચીજોનાં માપમાં બત્રીશો માઈલ ગણાય છે. સોળસો ગાઉનો એક યોજન થાય છે. એવા માપવાળો યોજન સમજવો.

**પ્રશ્ન ૭.** ભગવાન કેવા પ્રકારના દિપકથી યુકત છે ?

**ઉત્તર :** ભગવાન કેવલજ્ઞાન રૂપી દિપકથી યુકત છે. જેમ જગતમાં દિપક

પદાર્થોને પ્રકાશિત કરે છે. તેમ ભગવાન કેવલજ્ઞાન રૂપી દિપક થીજગતમાં રહેલાં સઘળાં પદાર્થોનો પ્રકાશ કરનારા છે.

**પ્રશ્ન ૮.** વીર કોને કહેવાય ?

**ઉત્તર :** સઘળા કર્મોનો નાશ કરનારા તથા તપરૂપી તેજથી દેદીપ્યમાન એ વીર કહેવાય છે.

**પ્રશ્ન ૯.** એવા શ્રમણ ભગવાન વીરને નમસ્કાર કરીને શું શું કહીશ ?

**ઉત્તર :** જીવના સ્વરૂપને કાંઇક કહીશ.

**પ્રશ્ન ૧૦.** કોને માટે કહીશ ?

**ઉત્તર :** અજ્ઞાની જીવોના બોધને(જ્ઞાનને)માટે કહીશ.

**પ્રશ્ન ૧૧.** અજ્ઞાની કોને કહેવાય ?

**ઉત્તર :** જે જીવોએ જગતમાં રહેલા જીવોના ભેદો તથા સજીવાદિ તત્વોનાં ભેદોને જેણે જાણ્યા નથી તે બધા અજ્ઞાની કહેવાય છે.

**પ્રશ્ન ૧૨.** કેવી રીતે કહીશ ?

**ઉત્તર :** પૂર્વાચાર્યોએ જે રીતે જીવોનું વર્ણન કરેલું છે.
તે રીતે કહીશ.મારી મતિ કલ્પનાથી નહીં.

**જીવામુત્તા સંસારિણો ય તસ થાવરાય સંસારી**
**પુઢવી જલ જલણ વાઉ વણસ્સઈ થાવરાનેયા ॥ ૨ ॥**

**ભાવાર્થ :** જીવો બે પકારે છે : (૧) સંસારી જીવો (૨) મુકતિના જીવો
સંસારી જીવો બે પકારે છે. (૧) ત્રસ (૨) સ્થાવર
પૃથ્વી-પાણી- અગ્નિ-વાયુ તથા વનસ્પતિકાય જીવો સ્થાવર જાણવા.॥૨॥

**પ્રશ્ન ૧૩.** જીવ કોને કહેવાય ?

**ઉત્તર :** જે પ્રાણોને ધારણ કરે તે જીવ કહેવાય છે.

**પ્રશ્ન ૧૪.** પ્રાણો કેટલા પ્રકારના છે ?

**ઉત્તર :** પ્રાણો બે પ્રકારના છે : (૧) દ્રવ્ય પ્રાણ (૨) ભાવ પ્રાણ

**પ્રશ્ન ૧૫.** દ્રવ્ય પ્રાણ કોને કહેવાય છે ?

**ઉત્તર :**આયુષ્ય વિગેરે કર્મના ઉદયથી ધારણ કરી જીવ જીવ્યો હતો, જીવે

છે, અને જીવશે. એવા સ્વરૂપને ધારણ કરાવનાર તે દ્રવ્ય પ્રાણ કહેવાય છે. તે દશ પ્રકારના છે. આગળ આવશે.

**પ્રશ્ન ૧૬.** ભાવ પ્રાણ કોને કહેવાય છે ?

**ઉત્તર :** આત્મામાં રહેલાં જે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્ય આદિ જે ગુણો હોય છે તે ભાવ પ્રાણ કહેવાય છે.

**પ્રશ્ન ૧૭.** જીવો કેટલા પ્રકારના છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :**જગતમાં જીવો બે પ્રકારનાં છેઃ(૧)મુક્તિના જીવો (૨)સંસારી જીવો.

**પ્રશ્ન ૧૮.** મુક્તિના જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવો આઠે પ્રકારના કર્મોથી રહિત થયેલા હોય છે અથવા સદાને માટે દ્રવ્ય પ્રાણોથી રહિત થયેલા હોય છે તે જીવોને મુક્તિના જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૧૯.** સંસારી જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવોના ભાવ પ્રાણો દ્રવ્ય પ્રાણોથી અવરાયેલા હોય છે અથવા જે જીવો કર્મોથી સહિત હોય છે તે જીવોને સંસારી જીવો કહેવાય છે

**પ્રશ્ન ૨૦.** સંસારી જીવો કેટલા પ્રકારનાં છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** સંસારી જીવો બે પ્રકારનાં છે : (૧) ત્રસ સંસારી જીવો (૨) સ્થાવર સંસારી જીવો.

**પ્રશ્ન ૨૧.** ત્રસ સંસારી જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવો ત્રસ નામકર્મના ઉદયથી અનુકૂળતાની ઇચ્છાથી (સુખની આશાથી) અને પ્રતિકૂળતાના નાશના હેતુથી એટલે કે ઉષ્ણતા, શિતતા, ભય વગેરે ઉપદ્રવોથી પીડિત થયેલા તેનો નાશ કરવા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જે જઈ શકે અથાત્ હાલી ચાલી શકે તે ત્રસ સંસારી જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૨૨.** સ્થાવર સંસારી જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવો સ્થાવર નામકર્મના ઉદયથી પ્રતિકૂળતાથી પાછા ફરવાની ઇચ્છાવાળા હોવા છતાં,અનુકૂળતા મેળવવાની ઇચ્છા હોવા છતાં પ્રતિકૂળતા ને છોડી ન શકે અને અનુકૂળતાને મેળવી ન શકે અર્થાત્ એક જગ્યાએથી બીજી જગ્યાએ હલન ચલન ન કરી શકે તે સ્થાવર સંસારી જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૨૩.** સ્થાવર જીવો કેટલા પ્રકારના છે ? ક્યા ક્યા ?
**ઉત્તર :** સ્થાવર જીવો પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે : (૧) પૃથ્વીકાય (૨) અપકાય (૩) તેઉકાય (૪) વાઉકાય અને (૫) વનસ્પતિકાય.
**પ્રશ્ન ૨૪.** પૃથ્વીકાય સ્થાવર જીવો કોને કહેવાય છે ?
**ઉત્તર :** પૃથ્વી પોતે શરીર છે જે જીવોનું તે પૃથ્વીકાય જીવો કહેવાય છે.
**પ્રશ્ન ૨૫.** અપકાય જીવો કોને કહેવાય છે ?
**ઉત્તર :** પાણી પોતે શરીર છે જે જીવોનું તે અપકાય જીવો કહેવાય છે.
**પ્રશ્ન ૨૬.** તેઉકાય જીવો કોને કહેવાય છે ?
**ઉત્તર :** અગ્નિ પોતે શરીર છે જે જીવોનું તે તેઉકાય જીવો કહેવાય છે.
**પ્રશ્ન ૨૭.** વાયુકાય જીવો કોને કહેવાય છે ?
**ઉત્તર :** પવન પોતે શરીર છે જે જીવોનું તે વાયુકાય જીવો કહેવાય છે.
**પ્રશ્ન ૨૮.** વનસ્પતિકાય જીવો કોને કહેવાય છે ?
**ઉત્તર :**વનસ્પતિકાય શરીર છે જે જીવોનું તે વનસ્પતિકાય જીવો કહેવાય છે.
**પ્રશ્ન ૨૯.** સંસારી જીવોના ત્રસ અને સ્થાવર એમ બે ભેદ કહ્યા. તે ક્રમ પ્રમાણે પહેલાં ત્રસ જીવોનું વર્ણન કરવું જોઇએ તો શા માટે સ્થાવર જીવોનું પ્રથમ વર્ણન કર્યું ?
**ઉત્તર :** સ્થાવર જીવોનું ઓછું કહેવાનું હોવાથી અને ત્રસ જીવોમાં ઘણું કહેવાનું હોવાથી પહેલા સ્થાવર જીવોનું વર્ણન કરાય છે.

**અથવા**

સ્થાવર ભેદ એ જીવોનું મૂલ સ્થાન છે તે કારણથી પ્રથમ વર્ણન કરેલ છે.

## પૃથ્વીકાય જીવોનું વર્ણન :-

**ફલિહ મણિરયણ વિદ્દુમ, હિંગુલ- હરિયાલ મણસિલ રસિંદા**
**કણગાઈ ધાઉ સેઢી, વણ્ણિય-અરણેટ્ટય પલ્લેવા ॥ ૩ ॥**

**ભાવાર્થ :** સ્ફટિક-મણિ-રત્ન-પરવાળાં-હિંગલોક હડતાળ- મણશીલ પારો-સોનું વગેરે ધાતુની ખાણો,ખડી-લાલ માટી-સફેદ માટી-પારેવો-પાષાણ.॥ ૩ ॥

**અબ્ભય તૂરી ઉસં મટ્ટી પાહાણ જાઈઓ-ણેગા ।**
**સોવીરંજણ લુણાઈ પુઢવી ભેયાઈ ઇચ્ચાઈ ॥ ૪ ॥**

**ભાવાર્થ** : અબરખ, તેજંતૂરી, ખારો, માટી પથ્થરોની અનેક જાતિઓઆંખમાં આંજવાનો સૂરમો,મીઠા વગેરે પૃથ્વીકાય જીવોનાં ભેદો જાણવા. ॥ ૪ ॥

**પ્રશ્ન ૩૦.** પૃથ્વીકાય જીવોના ભેદો કેટલા કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર** : પૃથ્વીકાય જીવોનાં ભેદો શાસ્ત્રોમાં અનેક પ્રકારનાં કહેલાં છે. જેમ કે સ્ફટિક, મણિરૂપ, રત્નરૂપ, પરવાળારૂપ, હિંગલોક, હડતાલ, પારો, મણશીલરૂપ (પૃથ્વીનું નામ વિશેષ)સોના વગેરેની સાત પ્રકારની ધાતુઓની ખાણો, લાલમાટી, અરણેટ્ટો, પાલેવાની જાતિ, અબરખ, તેજંતૂરી, ખારી માટીની જાતિઓ, પત્થરની અનેક પ્રકારની જાતિઓ, આંખમાં આંજવાનો સુરમો, મીઠું, સીંધવ વગેરે અનેક પ્રકારના પૃથ્વીકાય જીવોના ભેદો કહેલા છે તે બાદર પૃથ્વીકાય જીવોના ભેદો જાણવા.

**પ્રશ્ન ૩૧.** (૧) પૃથ્વીકાય જીવોનાં ભેદો કેટલાં છે ? ક્યા ક્યા ?

**ઉત્તર** : પૃથ્વીકાય જીવોનાં ભેદો બે પ્રકારે છે તે આ પ્રમાણેઃ (૧) સૂક્ષ્મ પૃથ્વીકાય (૨) બાદર પૃથ્વીકાય.

**પ્રશ્ન ૩૨.** (૨) સૂક્ષ્મ પૃથ્વીકાય જીવો કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર** : સૂક્ષ્મ પૃથ્વીકાય જીવો બે પ્રકારે છે તે આ પ્રમાણે છે :(૧) અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય, (૨) પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય.

**પ્રશ્ન ૩૩.** બાદર પૃથ્વીકાય જીવો કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર** : બાદર પૃથ્વીકાય જીવો બે પ્રકારે છે :
(૧) અપર્યાપ્તા બાદર પૃથ્વીકાય, (૨) પર્યાપ્તા બાદર પૃથ્વીકાય.

**પ્રશ્ન ૩૪.** અપર્યાપ્તાના કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર** : અપર્યાપ્તાના બે ભેદો છે :
(૧) લબ્ધિ અપર્યાપ્તા, (૨) કરણ અપર્યાપ્તા

**પ્રશ્ન ૩૫.** લબ્ધિ અપર્યાપ્તા જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર** : જે જીવોને જેટલી પર્યાપ્તિઓ આગળ કહેવામાં આવશે તેમાંથી

અમુક પર્યાપ્તિઓને પૂર્ણ કરે અને અમુક પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના મરણ પામે તે લબ્ધિ અપર્યાપ્તા જીવો કહેવાય છે. તેનો પાઠ આ પ્રમાણે છે.

તત્ર યે અપર્યાપ્તકા એવ સન્તો મ્રિયન્તે તે લબ્ધિ અપર્યાપ્તકાઃ ।

**પ્રશ્ન ૩૬.** કરણ અપર્યાપ્તા જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવોને જેટલી પર્યાપ્તિઓ આગળ કહેવાના છે તે પર્યાપ્તિઓને હજી સુધી પૂર્ણ કરી નથી પરંતુ અવશ્યમેવ પૂર્ણ કરશે. તેને કરણ અપર્યાપ્તા કહેવાય છે. તેનો પાઠ આ પ્રમાણે છે.

**યે પુનઃ કરણાનિ શરીરેન્દ્રિયાદિની ન તાવન્ નિર્વર્તયન્તિ ।**

**અથ ચ અવશ્યં નિર્વર્તયન્તિ તે કરણ અપર્યાપ્તકાઃ ॥**

**પ્રશ્ન ૩૭.** પર્યાપ્તાનાં કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** પર્યાપ્તાના બે ભેદો છે. (૧) લબ્ધિ પર્યાપ્તા (૨) કરણ પર્યાપ્તા જીવો.

**પ્રશ્ન ૩૮.** લબ્ધિ પર્યાપ્તા કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવોને જેટલી પર્યાપ્તિઓ હોય છે તે જયારે પૂર્ણ કરીને મરે ત્યારે લબ્ધિ પર્યાપ્તા જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૩૯.** કરણ પર્યાપ્તા જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવોને જેટલી પર્યાપ્તિઓ હોય છે તે જ્યારે પૂર્ણ કરે ત્યારે કરણ પર્યાપ્તા જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૪૦.** પર્યાપ્તિ એટલે શું ?

**ઉત્તર :** પર્યાપ્તિ એટલે શક્તિ.જે જીવો દ્રવ્ય પ્રાણોનો ત્યાગ કરીનેબીજીકોઈ પણ જગ્યાએ ઉત્પન્ન થાય છે. ત્યાં જીવવા માટેની સામગ્રી એટલે શકિત ઉત્પન્ન કરવી તેને પર્યાપ્તિ કહેવાય છે.

**પ્રશ્ન ૪૧.** સૂક્ષ્મ જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** અસંખ્યાતા અથવા અનંતા જીવો ભેગા થયેલા હોય તો પણ તે ચર્મચક્ષુથી જોઈ શકાતા નથી. કોઈના ભેદ્યા ભેદાય નહીં અને છેદ્યા છેદાય નહીં અને બાળ્યા બળે નહીં તે સૂક્ષ્મ જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૪૨.** બાદર જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :**બાદર જીવો એટલે સ્થૂલ સૂક્ષ્મ જીવોનાં શરીર કરતાં આ જીવોનું શરીર સ્થૂલ હોય છે. તેથી અસંખ્યાતા અથવા અનંતા જીવો ભેગા થયેલા હોય તે ચર્મચક્ષુથી જોઈ શકાય છે તથા એક શરીર જે જીવને મળેલ હોય, તેવા જીવોને પણ જોઈ શકાય તથા આ બાદર જીવો છેદ્યા છેદાય, માર્યા મરે, બાળ્યા બળે અને ભેદ્યા ભેદાય એવા હોય તે બાદર જીવો કહેવાય.

**પ્રશ્ન ૪૩.** એક બાદર પર્યાપ્તા પૃથ્વીકાય જીવ સાથે બાદર અપર્યાપ્તા જીવો કેટલા હોય છે ?

**ઉત્તર :** બાદર પર્યાપ્તા પૃથ્વીકાય સાથે બાદર અપર્યાપ્તા પૃથ્વીકાયનાં જીવો અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે.

**પ્રશ્ન ૪૪.** બાદર પૃથ્વીકાય જીવો કેટલા ભેગા થાય તો જોઈ શકાય છે ?

**ઉત્તર :**બાદર પૃથ્વીકાયના અસંખ્યાતા જીવો ભેગા થાય ત્યારે જ ચર્મચક્ષુથી જોઈ શકાય છે. બાકી જોઈ શકાતા નથી.

**પ્રશ્ન ૪૫.** પીલુ કે જુવારના દાણા જેટલા કે તેથી નાનો પૃથ્વીકાયનો કણ લઈએ તો તેમાં કેટલાં જીવો છે ?

**ઉત્તર :**પીલુ કે જુવારના દાણા જેટલા પૃથ્વીકાયના કણમાં અથવા એથી નાના કણમાં અસંખ્યાતા બાદર પર્યાપ્તા પૃથ્વીકાયના જીવો છે.

**પ્રશ્ન ૪૬.** પૃથ્વીકાયના જીવો જુવારના દાણા જેટલામાં જે રહેલા હોય તે સ્થૂળ દષ્ટિથી શી રીતે સમજવા ?

**ઉત્તર :**પૃથ્વીકાયના જીવો જુવારના દાણા જેટલા ભાગમાં અથવા તેથી ઓછા ભાગમાં જે રહેલા હોય છે તેમાંથી એક એક જીવનું શરીર પારેવા (કબુતર) જેટલું કરવામાં આવે તો એક લાખ યોજન જેવા જંબૂદ્વીપમાં સમાવી શકાતા નથી એટલા હોય છે.

## અપકાય જીવોનું વર્ણન :-

**ભોમંતરિક્ખ મુદગં ઓસા હિમ કરગ હરિતણુમહિયા ।**
**હુંતિ ઘણોદહિમાઈ ભેયાણેગા ય આઉસ્સ ॥ ૫ ॥**

**ભાવાર્થ :** ભૂમિ ઉપર રહેલુંપાણી, આકાશમાં રહેલું પાણી, ઝાકળ, હિમ,

બરફના કરા, લીલી વનસ્પતિ ઉપરનું પાણી, ઘણોદધિ ઈત્યાદિ અપકાયના જીવો કહેલા છે. ॥ ૫ ॥

**પ્રશ્ન ૪૭.** અપકાય જીવો કેટલા પ્રકારના છે. ક્યા?ક્યા?

**ઉત્તર :**અપકાય જીવો બે પ્રકારના છે.(૧) સૂક્ષ્મ અપકાય જીવો. (૨) બાદર અપકાય જીવો.

**પ્રશ્ન ૪૮.** સૂક્ષ્મ અપકાય જીવો કેટલા પ્રકારના છે. ક્યા ક્યા?

**ઉત્તર :** સૂક્ષ્મ અપકાય જીવો બે પ્રકારના છે. (૧) સૂક્ષ્મ અપર્યાપ્તા અપકાય (૨) સૂક્ષ્મ પર્યાપ્તા અપકાય

**પ્રશ્ન ૪૯.**બાદર અપકાય જીવો કેટલા પ્રકારના છે. ક્યા ક્યા?

**ઉત્તર :** બાદર અપકાય જીવો બે પ્રકારે છે. (૧) બાદર અપર્યાપ્તા અપકાય (૨) બાદર પર્યાપ્તા અપકાય

**પ્રશ્ન ૫૦.** એક બાદર પર્યાપ્તા અપકાય જીવ સાથે બાદર અપર્યાપ્તા અપકાય જીવો કેટલા હોય છે.?

**ઉત્તર :** એક બાદર પર્યાપ્તા અપકાય જીવ સાથે બાદર અપર્યાપ્તા અપકાય જીવો અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે

**પ્રશ્ન ૫૧.**પાણીનાં એક બિંદુમાં કેટલા જીવો છે.?

**ઉત્તર :** પાણીનાં એક ઝીણામાં ઝીણા ટીપામાં અરિહંત ભગવંતોએ અસંખ્યાતા બાદર પર્યાપ્તા જીવો કહેલા છે.

**પ્રશ્ન ૫૨.** અપકાય જીવો કયા કયા છે.?

**ઉત્તર :**અપકાય જીવો શાસ્ત્રમાં અનેક પ્રકારના કહેલા છે.જેમ કે: ભૂમિમાં રહેલું પાણી, આકાશમાં રહેલું પાણી, ઝાકળ, હિમ, લીલી વનસ્પતિ ઉપર રહેલું પાણી,ધુમ્મસ,ઘનોદધિ વગેરે અનેક પ્રકારનાં જીવો જગતમાં હોય છે. પાંચે રસવાળા સર્વ પ્રકારનાં પાણીનો સમાવેશ થાય છે.

**પ્રશ્ન ૫૩.**અપકાયના જીવો એક બિંદુમાં જેટલા હોય છે.તે સ્થૂલ બુધ્ધિથી શી રીતે સમજવા ?

**ઉત્તર :**પાણીના બિંદુમાં રહેલા એક એક બાદર પર્યાપ્તા જીવનું શરીર સરસવના

દાણા જેટલું કરવામાં આવે તો પણ તે લાખ યોજન જેવા જંબૂદ્વિપમાં સમાતા નથી તેટલા હોય છે.

ઈંગાલ જાલ મુમ્મુર ઉક્કાસણિ કણગ વિજજુમાઈઆ
અગણિ જિયાણં ભેયા નાયવ્વા નિઉણ બુદ્ધિએ ॥૩॥

**ભાવાર્થ :-** અંગારા, જવાળા, અગ્નિના કણીયા, ઉલ્કાપાત, વિજળી આદિ અગ્નિકાય જીવોના ભેદો નિપુણ બુધ્ધિથી જાણવા યોગ્ય છે.

**પ્રશ્ન ૫૪.** અગ્નિકાય જીવો કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** અગ્નિકાયના જીવો અનેક પ્રકારનાં છે. તે આ પ્રમાણે : અંગારરૂપે, જવાળારૂપે, કણિયારૂપે, ઉલ્કાપાત, આકાશમાંથી પડતાં કણિયારૂપે, વિજળી અને શુદ્ધ અગ્નિરૂપે વગેરે અનેક પ્રકારનાં કહેલા છે.

**પ્રશ્ન ૫૫.** અગ્નિકાયજીવો કેટલા પ્રકારનાં છે. ? ક્યા ક્યા ?

**ઉત્તર :** અગ્નિકાય જીવો બે પ્રકારનાં છે. (૧) સૂક્ષ્મ અગ્નિકાય. (૨) બાદર અગ્નિકાય.

**પ્રશ્ન ૫૬.** સૂક્ષ્મ અગ્નિકાય જીવો કેટલા પ્રકારનાં છે. ? ક્યા ક્યા ?

**ઉત્તર :** સૂક્ષ્મ અગ્નિકાય જીવો બે પ્રકારનાં છે. (૧) અપર્યાપ્તા સૂક્ષ્મ અગ્નિકાય, (૨) પર્યાપ્તા સૂક્ષ્મ અગ્નિકાય

**પ્રશ્ન ૫૭.** બાદર અગ્નિકાયનાં જીવો કેટલા પ્રકારનાં છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** બાદર અગ્નિકાય જીવોના બે પ્રકાર છે. (૧) અપર્યાપ્તા બાદર અગ્નિકાયનાં જીવો (૨) પર્યાપ્તા બાદર અગ્નિકાયનાં જીવો.

**પ્રશ્ન ૫૮.** બાદર પર્યાપ્તા અગ્નિકાયનાં જીવ ચર્મચક્ષુથી કેટલા ભેગા થાય તો દેખી શકાય છે.

**ઉત્તર :** બાદર પર્યાપ્તા અગ્નિકાયનાં જીવો અસંખ્યાતા ભેગા થાય ત્યારે ચર્મચક્ષુથી જોઈ શકાય છે. બાકી દેખી શકાતા નથી.

**પ્રશ્ન ૫૯.** એક બાદર પર્યાપ્તા અગ્નિકાય જીવ સાથે બાદર અપર્યાપ્તા અગ્નિકાય જીવો કેટલા છે ?

**ઉત્તર :** એક બાદર પર્યાપ્તા અગ્નિકાય જીવ સાથે બાદર અપર્યાપ્તા અગ્નિકાય

જીવો અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ રાશિ પ્રમાણ છે.

**પ્રશ્ન ૬૦.** બાદર અગ્નિકાયના એક નાનામાં નાના તણખામાં સ્થૂલ દષ્ટિથી કેટલા જીવો છે.તે કઈ રીતે સમજવા ?

**ઉત્તર :** બાદર અગ્નિકાયના એક નાનામાં નાના તણખામાં અસંખ્યાતા જીવો છે.તે જીવો નું એટલે કે તે દરેક જીવોની ખસ-ખસના દાણા જેટલી કાયા કરવામાં આવે તો તે જીવો લાખ યોજનનાં પ્રમાણવાળા જંબૂદ્વિપમાં સમાતા નથી.

**પ્રશ્ન ૬૧.** અગ્નિકાય જીવોને નિપુણ બુદ્ધિથી જાણવા જોઈએ.શાથી?

**ઉત્તર :**અગ્નિકાય જીવોને મહાપુરુષોએ નિપુણ બુદ્ધિથી જાણવા એમ કહ્યું છે તેમાં કારણ એ છે કે અગ્નિકાય જીવોની વિરાધનામાં પ્રાયઃ કરીને છએ કાયના જીવો ની વિરાધના થાય છે કારણ કે પાણીના અંશ થોડા ઘણા હોય ત્યા અગ્નિ ઉત્પન્ન થાય છે. જ્યાં પાણી હોય ત્યા વનસ્પતિ હોય તે શાસ્ત્રવચન છે.માટે વનસ્પતિના જીવો આવે, પાણી , પૃથ્વી ઉપર રહે છે. માટે પૃથ્વીકાયના જીવો આવે તેની વિરાધના થાય. વાયુકાયના જીવો ઉડતા હોય છે. અને ત્રસકાયના જીવો ઉડતા ઉડતા પડે માટે છએ કાયની વિરાધના અગ્નિકાયની વિરાધનામાં હોય માટે મહાપુરુષોએ કહ્યું છે કે નિપુણ બુદ્ધિથી જાણવા જોઈએ.

**હવે વાયુકાય જીવોનું વર્ણન કરાય છે.:-**

**ઉબ્ભામગ ઉક્કલિયા મંડલિ મહ શુદ્ધ ગુંજવાયા ય**
**ધણ તણુ વાયાઈઆ ભેયાખલુ વાઉકાયસ્સ ॥ ૭॥**

**ભાવાર્થ** : ઊંચે ચડતો વાયુ, ગોળ ગોળ ભમતો વાયુ, મહા વાયુ, શુદ્ધ વાયુ, ગુંજારવ કરતો વાયુ, ઘનવાત (ઘાટો વાયુ) તથા તનવાત (પાતળો વાયુ) ઈત્યાદિ વાયુકાય જીવોના ભેદો કહેલા છે.

**પ્રશ્ન ૬૨.** વાયુકાય જીવો ક્યા ક્યા પ્રકારે કહેલા છે ?

**ઉત્તર :** વાયુકાય જીવો આ પ્રકારે કહેલા છે.

જેમ કે સંવર્તકવાયુ કે જે વાયુ બહાર રહેલા ઘાસ આદિ ને બીજા સ્થાનમાં નાખે છે. થોડી થોડી વારે રહી રહીને વાય તે ઉત્કલિક વાયુ કહેવાય, મંડળીક વંટોળીયા વાયુ, શુદ્ધ વાયુ, ગુંજારવ કરતો વાયુ. ઘનવાત એટલે ઘાટો વાયુ અને તનવાત એટલે પાતળો વાયુ ઈત્યાદિ વાયુકાય જીવોનાં ઘણા પ્રકારો હોય છે.

**પ્રશ્ન ૬૩.** વાયુકાય જીવો કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** વાયુકાત જીવો બે પ્રકારે છે.

(૧) સૂક્ષ્મ વાયુકાય (૨) બાદર વાયુકાય.

**પ્રશ્ન ૬૪.** સૂક્ષ્મ વાયુકાય જીવો કેટલા પ્રકારના છે ?

**ઉત્તર :** સૂક્ષ્મ વાયુકાય જીવો બે પ્રકારના છે.

(૧) સૂક્ષ્મ અપર્યાપ્તા વાયુકાય જીવો. (૨) સૂક્ષ્મ પર્યાપ્તા વાયુકાય જીવો.

**પ્રશ્ન ૬૫.** બાદર વાયુકાય જીવો કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** બાદર વાયુકાય જીવો બે પ્રકારના છે.

(૧) બાદર અપર્યાપ્તા વાયુકાય જીવો. (૨) બાદર પર્યાપ્તા વાયુકાય જીવો.

**પ્રશ્ન ૬૬.** એક ચપટી વગાડતાં કેટલા વાયુકાય જીવોની વિરાધના થાય છે ?

**ઉત્તર :** એક ચપટી વગાડતાં અસંખ્યાતા વાયુકાય જીવોની વિરાધના થાય છે.

**પ્રશ્ન ૬૭.** સ્થૂલ દષ્ટિથી બાદર વાયુકાય જીવો કેવી રીતે સમજવા ?

**ઉત્તર :** સ્થૂલ દષ્ટિથી બાદર વાયુકાય જીવો આ રીતે સમજવા : એક ચપટી વગાડતાં બાદર વાયુકાયના અસંખ્યાતા જીવની વિરાધના થાય છે તેટલા અસંખ્યાતા જીવોમાંના એક એક જીવની વડના બીજ જેવડી કાયા કરીએ તો તે જીવો લાખ યોજનના જંબૂદ્વિપમાં સમાતા નથી.

**પ્રશ્ન ૬૮.**એક બાદર પર્યાપ્તા વાયુકાય જીવ સાથે બાદર અપર્યાપ્તા વાયુકાય જીવો કેટલા છે ?

**ઉત્તર :** એક બાદર પર્યાપ્તા વાયુકાય જીવ સાથે બાદર અપર્યાપ્તા વાયુકાય જીવો અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ રાશિ પ્રમાણ હોય છે.

**પ્રશ્ન ૬૯.**પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય વગેરે અનેક જાતિનાં ભેદોવાળા જીવો સૂક્ષ્મ જાણવા કે બાદર ?

**ઉત્તર :** પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય વગેરે અનેક જાતિનાં ભેદોવાળા જેટલા પ્રકારે કહ્યાં છે તે બાદર પર્યાપ્તા જીવો સમજવા.

## વનસ્પતિકાય જીવોનું વર્ણન :-

**સાહારણ પતેઆ વણસ્સઈ જીવા દુહા સુએ ભણિઆ**
**જેસિમણં તાણં તણુ એગા સાહારણા તે ઉ ॥ ૮ ॥**

**ભાવાર્થ :-** સૂત્રમાં વનસ્પતિકાય જીવોનાં બે ભેદો કહેલા છે.
(૧) સાધારણ વનસ્પતિકાયના જીવો. (૨) પ્રત્યેક વનસ્પતિકાયના જીવો.
જે અનંતા જીવોનું એક શરીર તે સાધારણ વનસ્પતિકાય કહેવાય છે. ॥ ૮ ॥

**પ્રશ્ન ૭૦.** વનસ્પતિકાય જીવો કેટલા પ્રકારના છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** વનસ્પતિકાય જીવો બે પ્રકારનાં છે.
(૧) સાધારણ વનસ્પતિકાય જીવો, (૨) પ્રત્યેક વનસ્પતિકાય જીવો.

**પ્રશ્ન ૭૧.** સાધારણ વનસ્પતિકાય જીવો કેટલા પ્રકારના છે ?

**ઉત્તર :** સાધારણ વનસ્પતિકાય જીવો બે પ્રકારના છે.
(૧) સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જીવો, (૨) બાદર સાધારણ વનસ્પતિકાય જીવો.

પ્રશ્ન : ૭૨ સૂક્ષ્મ સાધારણ વસ્પતિકાય જીવો કેટલાપ્રકારે છે ? કયાક્યા ?

**ઉત્તર :** સૂક્ષ્મ સાધાારણ વનસ્પતિકાય જીવો બે પ્રકારે છે.
(૧) અપર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જીવો,
(૨) પર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જીવો.

**પ્રશ્ન ૭૩.**બાદર સાધારણ વનસ્પતિકાયના જીવો કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** બાદર સાધારણ વનસ્પતિકાયના જીવો બે પ્રકારના છે.
(૧) અપર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય, (૨) પર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય.

**પ્રશ્ન ૭૪.** સાધારણ કોને કહેવાય છે ?

**ઉત્તર :** અનંતા વનસ્પતિકાયના જીવોનું એક શરીર છે તે સાધારણ વનસ્પતિકાય કહેવાય છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં (પન્નવણા સૂત્રમાં) સાધારણ વનસ્પતિકાય જીવોનું લક્ષણ આ પ્રમાણે કહેલું છે.

**સમગં વક્કતાણં સમગં તેસિં સરીર નિપ્ફતી ।**
**સમગ-માહાર ગહણં સમગં ઉસ્સાસનિસ્સાસા ॥ ૧ ॥**
**એગસ્સઉજં ગહણં બહૂણં સાહારણાણ તં ચેવ ।**
**જં બહુ-આણં ગહણં સમાસઓ તંપિ એગસ્સ ॥ ૨ ॥**

**સાહારણ-માહારો સાહારણ માણપાણ ગહણં ચ ।**
**સાહારણ જીવાણં સાહારણ લક્ખણં એયં ॥ ૩ ॥**

**પ્રશ્ન ૭૫.** પ્રજ્ઞાપના સૂત્રમાં સાધારણ જીવોનું બીજું શું લક્ષણ કહેલું છે ?

**ઉત્તર :** પ્રાજ્ઞાપના સૂત્રમાં સાધારણ જીવોનું લક્ષણ નીચે પ્રમાણે છે. જે અનંતા સમગ્ર જીવોનો આહાર એક જ હોય, શરીર બનાવવાની ક્રિયા પણ એક જ હોય અને સઘળા સાથે શ્વાસોશ્વાસ લેવા મુકવાની ક્રિયા કરતાં હોય છે તે સાધારણ કહેવાય છે.

**પ્રશ્ન ૭૬.** સિદ્ધાંતમાં સાધારણને બીજું શું નામ આપેલું છે ?

**ઉત્તર :** સિદ્ધાંતમાં સાધારણને નિગોદ એ પ્રમાણે નામ આપેલું છે. કહ્યું છે કે સાધારણસ્ય નિગોદ ઇત્યપિ સંજ્ઞા અસ્તિ.''

**પ્રશ્ન ૭૭.** સૂક્ષ્મ નિગોદનું સ્વરૂપ શું કહેલું છે ?

**ઉત્તર :** સૂક્ષ્મ નિગોદનું સ્વરૂપ આ પ્રમાણે બૃહત્સંગ્રહણીમાં કહેલું છે.

**ગોલાય અસંખિજ્જા અસંખ નિગોય ગોલ ઓ ભણિયો ।**
**ઇક્કિક્કમિ નિગો એ અણંત જીવા મુણેયવ્વા ॥ ૧ ॥**

**ભાવાર્થ :** ચૌદ રાજલોકમાં નિગોદના ગોળા અસંખ્યાતા રહેલા છે અસંખ્યાતિ નિગોદોવાળો એક એક ગોળો હોય છે. એક એક નિગોદમાં અનંતા જીવો જાણવા ॥ ૧ ॥

**પ્રશ્ન ૭૮.** સૂક્ષ્મ નિગોદના જીવો કેટલા પ્રકારના છે ?

**ઉત્તર :** સૂક્ષ્મ નિગોદના જીવો બે પ્રકારના છે.

(૧)સંવ્યવહારિક સૂક્ષ્મ નિગોદના જીવો, (૨) અસંવ્યવહારિક સૂક્ષ્મ નિગોદના જીવો છે.

**પ્રશ્ન ૭૯.** સંવ્યવહારિક સૂક્ષ્મ નિગોદ કોને કહેવાય છે ?

**ઉત્તર :** એક જીવ મુક્તિમાં જાય અથવા સકલ કર્મથી રહિત થઈ સિદ્ધગતિને પામે ત્યારે એક જીવ અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળી વ્યવહાર રાશિમાં આવેલાં હોય છે તે જીવો મરણ પામીને પાછા સૂક્ષ્મ નિગોદમાં ઉત્પન્ન થાય ત્યારે પણ તે સંવ્યવહારિક જ કહેવાય છે.

**પ્રશ્ન ૮૦.** અસંવ્યવહારારિક સૂક્ષ્મ નિગોદ કોને કહેવાય છે ?
**ઉત્તર :** જે જીવો હજી સુધી વ્યવહારપણાના વ્યપદેશને પામેલા નથી અર્થાત્ સૂક્ષ્મ નિગોદમાંથી કોઈ બહાર નીકળ્યા નથી તે જીવોને અસંવ્યવહારિકસૂક્ષ્મ નિગોદ કહેવાય છે.
**પ્રશ્ન ૮૧.** વ્યવહાર રાશિમાં આવેલા જીવો સૂક્ષ્મ નિગોદમાં જાય તો તે જીવો વ્યવહાર રાશિવાળા કહેવાય છે ?
**ઉત્તર :** વ્યવહાર રાશિમાં આવેલા જીવો પાછા સૂક્ષ્મ નિગોદમાં જાય તો તે જીવો વ્યવહાર રાશિવાળાં જ કહેવાય છે.

**લોકપ્રસિદ્ધ અનંતકાય જીવોનું વર્ણન કરાય છે :-**

**કદા અંકુર કિસલય પણગા સેવાલ ભૂમિફોડાય ।**
**અલ્લયતિય ગજ્જર મોત્થ વત્થુલા થેગ પલ્લંકા ॥ ૯ ॥**
**કોમલ ફલં ચ સવ્વં ગૂઢ સિરાઈ સિણાઈ પત્તાઈ ॥**
**થોહરિ કુંઆરિ ગુગ્ગુલીગલો ય પમુહાઈ છિન્નરુહા ॥ ૧૦ ॥**

**ભાવાર્થ :** કાંદા, અંકુરા, ઉગતા સઘળા કુણા ફળો, પાંચે વર્ણવાળી લીલફુગ, સેવાળ, બિલાડીનાં ટોપ, આદુ આદિ ત્રણ, ગાજર, મોત્થ નામની વનસ્પતિ, વત્થુલા નામની ભાજી, થેગ, પાલખુ શાક, જેની ગૂઢ નસો રહેલી હોય તેવી વનસ્પતિઓ, શણ વિગેરેના પાંદડા, થોર કુંવારપાઠું ગલો, જેને છેદીને વાવવાથી ફરી ઉગે તે અનંતકાય જીવો કહેવાય છે.॥ ૯ ॥ ॥ ૧૦ ॥
**પ્રશ્ન ૮૨.** લોકપ્રસિદ્ધ બાદર અનંતકાય જીવો ક્યા કહેવાય છે ?
**ઉત્તર :** લોકપ્રસિદ્ધ બાદર અનંતકાય જીવો આ પ્રમાણે કહેવાય છે : કાંદા, અંકુરા, ઉગતાં સઘળાં કુણા ફળો, પાંચે વર્ણવાળી લીલફુગ, સેવાળ, બિલાડીના ટોપ, આદુ, ગાજર, મોત્થ નામની વનસ્પતિ, વત્થુલા નામની ભાજી, જેની ગૂઢ નસો રહેલી હોય તેવી વનસ્પતિઓ, શણ વિગેરેના પાંદડા, થોર કુંવાર પાઠું, ગુગ્ગુલી, ગલો, જેને છેદીને વાવવાથી ફરીને ઉગે તે અનંતકાય આ રીતે સાધારણ બાદર વનસ્પતિકાય શાસ્ત્રોમાં અનેક પ્રકારે કહેલી છે.
**પ્રશ્ન ૮૩.** સાધારણ વનસ્પતિકાયની વિશેષ શું સમજણ જણાય ?
**ઉત્તર :** વિશેષમાં સાધારણ વનસ્પતિ જાણવા માટે આ પ્રમાણે જાણવું :

પંચવર્ણી નીલ ફુગ જમીનની અંદર પાકે તે કંદ, વૃક્ષના કુણા ફળો-મૂળ વગેરે. પલાળેલ કઠોળનાં અંકુર ફૂટે તે. કુણી કાકડી વગેરે અનંતકાય એટલે સાધારણ કહેવાય છે.

**ઇચ્ચાઇણો અણેગે હવંતિ ભેયા અણંત કાયાણં ।**
**તેસિં પરિજાણણત્થં લક્ખણમે - અં સુએ ભણિયં ॥ ૧૧ ॥**

**ભાવાર્થ :** ઇત્યાદિ અનેક પ્રકારનાં અનંતકાય જીવોનાં ભેદો હોય છે. તેઓને જાણવા માટે શાસ્ત્રોમાં આ પ્રમાણે લક્ષણ કહેલું છે. ॥ ૧૧ ॥

**ગૂઢ સિર સંધિપવ્વં સમભંગ મહીરુગં ચ છિન્નરુહં ।**
**સાહારણ શરીરં તવ્વિરીયં તુ પત્તેયં ॥ ૧૨ ॥**

**ભાવાર્થ :** જે વનસ્પતિ જીવોની નસો ગુપ્ત રહેલી હોય, જેનાં સાંધા ગુપ્ત હોય અને જે વનસ્પતિકાયનાં પર્વો ગુપ્ત હોય અને જે વનસ્પતિને ભેદવાથી સરખા ભાગ થતાં હોય તે બધી વનસ્પતિકાયને શાસ્ત્રમાં અનંતકાય કહેલી છે. તેથી વિપરીત શરીરવાળા હોય તે પ્રત્યેક વનસ્પતિકાય જીવો કહેવાય છે. ॥ ૧૨ ॥

**પ્રશ્ન ૮૪.**અનંતકાય જીવોને ઓળખવા માટેનું શાસ્ત્રમાં શું લક્ષણ કહેલું છે ?

**ઉત્તર :** અનંતકાયને ઓળખવા માટેનું લક્ષણ આ પ્રમાણે કહેલું છે : જે વનસ્પતિકાય જીવોની નસો ગુપ્ત રહેલી હોય, જેનાં સાંધા ગુપ્ત હોય જે વનસ્પતિકાયના પર્વો ગુપ્ત હોય અને જે વનસ્પતિને ભેદવાથી સરખા ભાગ થતાં હોય તે બધી વનસ્પતિકાયને શાસ્ત્રમાં અનંતકાય તરીકે કહેલી છે.

**પ્રશ્ન ૮૫.** પ્રત્યેક વનસ્પતિકાય કોને કહેવાય છે ?

**ઉત્તર :**સાધારણ વનસ્પતિકાયના લક્ષણથી વિપરીત લક્ષણવાળી વનસ્પતિકાયને પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે.

**પ્રશ્ન ૮૬.** પ્રત્યેક વનસ્પતિકાય જીવો કેટલા પ્રકારના છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** પ્રત્યેક વનસ્પતિકાય જીવો બે પ્રકારનાં છે.

(૧) અપર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય જીવો, (૨) પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય જીવો.

**એગ સરીરે એગો જીવો જેસિં તુ તેય પત્તેયા ।**
**ફલ ફુલ છલ્લિ કટ્ઠા મૂલગ પત્તાણિ બીયાણિ ॥ ૧૩ ॥**

**ભાવાર્થ :** એક શરીરમાં એક જીવ હોય તે પ્રત્યેક વનસ્પતિકાયના જીવો કહેવાય છે. જેમ કે ફલ-ફૂલ-છાલ-કાષ્ટ-મૂલ- પાંદડા તથા બીજ વગેરે પ્રત્યેક વનસ્પતિકાયના જીવો કહેવાય છે. ॥ ૧૩ ॥

**પ્રશ્ન ૮૭.** બાદર પ્રત્યેક વનસ્પતિકાયનાં જીવો ક્યા ક્યા જાણવા ?

**ઉત્તર :**પ્રત્યેક વનસ્પતિકાયના જીવો અનેક પ્રકારના કહેલાં છે. ફલ-ફૂલ, છાલ-કાષ્ટ-મૂલ, પાંદડા અને બીજરૂપ વગેર ઘણા પ્રકારના હોય છે. આ દરેક જીવોને ભિન્ન ભિન્ન એક એક શરીર હોય છે.

**પ્રશ્ન ૮૮.** પ્રત્યેક વનસ્પતિકાયના વિશેષ રીતે ભેદોનાં નામો ક્યા ક્યા છે ?

**ઉત્તર :**પ્રત્યેક વનસ્પતિકાયનાં બાર ભેદોનાં નામો નીચે પ્રમાણે છે.
(૧) રૂક્ષ (૨) ગુચ્છારૂપ (૩) ગુમ્મારૂપ (૪) લતારૂપ (૫) વલીયારૂપ (૬) પર્વગારૂપ (૭) તણોરૂપ (૮) વલીયરૂપ (૯) હરીરૂપ (૧૦) ઉસેહીરૂપ (૧૧) જલરૂહારૂપ (૧૨) કુહણાયરૂપ.

**પ્રશ્ન ૮૯.** રૂક્ષ વનસ્પતિકાય કોને કહેવાય છે ? તેના કેટલા ભેદ છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :**રૂક્ષ વનસ્પતિકાયના બે ભેદો છે.(૧) એકબીજ (૨) બહુ બીજવાળી
એકબીજવાળી- આંબા, આંબલી, લીમડા વગેરે એકબીજ જાણવી અને સીતાફળ, જામફળ વગેરે બહુબીજવાળી જાણવી. આ રૂક્ષ વનસ્પતિકાય કહેવાય છે.

**પ્રશ્ન ૯૦.** ગુચ્છા તથા ગુમ્મા વનસ્પતિકાય કઈ કઈ કહેવાય છે ?

**ઉત્તર :** ગુચ્છા વનસ્પતિકાય આ પ્રમાણે કહેવાય છે.
રીંગણ, તુલસી ગુલ્મ વગેરે ગુચ્છા વનસ્પતિકાય કહેવાય છે. ગુમ્મા-ગુલ્મને સુગંધી ફૂલ, ઝાડની જાતો વગેરેમાં સમરો, ડમરો, ડોલર, કેતકી, કેવડો, ગુલાબ વગેરે ઘણી જાતો છે.

**પ્રશ્ન ૯૧.** લહીયા અને વલીયા જાતિની વનસ્પતિકાય કઈ કઈ છે ?

**ઉત્તર :**લહીયામાં લત્તાવાળા ઝાડો નાગલત્તા, પદ્મલત્તા, ચંપકલત્તા વગેરે ઘણી જાતો છે. વલીયાની જાતોમાં વેલાની જાત ચીભડા, કારેલા, તડબુચ, કલીંગર વગેરે ઘણી જાતો કહેલી છે.

**પ્રશ્ન ૯૨.** પર્વગા-તણો અને વલીયા વનસ્પતિકાયની જાતો કઈ કઈ છે ?
**ઉત્તર :**પર્વગા વનસ્પતિકાય- જે વનસ્પતિમાં પર્વ હોય તે જેમ કે શેરડી સરકા, સાંઠા, નેતર, લકબુરા, વાંસ વગેરેની જાતો છે. તણો વનસ્પતિકાયમાં ખ્યાલ નથી. વલીય વનસ્પતિકાયમાં જેમ કે નાળિયેરી, ખજુરી, તાડી વગેરેની જાતો છે.
**પ્રશ્ન ૯૩.** હરી-ઉસેહી-જલરૂહા અને કુણાય વનસ્પતિકાય કઈ કઈ છે ?
**ઉત્તર :**હરી વનસ્પતિકાય આ પ્રમાણે છે :- હરી કાય તે લીલોતરી ભાજી પાલો વગેરે વનસ્પતિકાય છે. ઉસેહી વનસ્પતિકાય આ પ્રમાણે છે ચોવીસ જાતના અનાજની જાતો હોય છે. જલરૂહા :- પાણીમાં ઉગનારા કમળ તથા પોયણીનાં ફૂલ શિંગોડા વગેરે. કોકણાય - ભોંયફોડીની જાતો તથાભોંયબળી જે ઉકરડામાં છત્રીના આકારે ઉગે છે વગેરે પ્રત્યેક વનસ્પતિકાયની જાતો છે.
**પ્રશ્ન ૯૪.** પ્રત્યેક વનસ્પતિકાયોમાં કેટલા જીવો હોય છે ?
**ઉત્તર ::** ઉપર બતાવેલ પ્રત્યેક વનસ્પતિકાયનાં બાર ભેદોમાં પાકી વનસ્પતિકાયમાં સંખ્યાતા જીવો હોઈ શકે. કાચી વનસ્પતિકાયમાં અસંખ્યાતા જીવો હોય છે અને કુણી વનસ્પતિકાયમાં અનંતા જીવો હોઈ શકે છે.
**પ્રશ્ન ૯૫.** સ્થાવર જીવોનાં (એકેન્દ્રિય જીવોનાં) બાવીસ ભેદો ક્યા ક્યા ?
**ઉત્તર :**સ્થાવર (એકેન્દ્રિય) જીવોનાં બાવીસ ભેદો આ પ્રમાણે હોય છે :- પૃથ્વીકાય જીવોનાં ચાર ભેદ, અપકાય જીવોનાં ચાર ભેદ, તેઉકાય જીવોનાં ચાર ભેદ, વાયુકાય જીવોનાં ચાર ભેદ, સાધારણ વનસ્પતિકાયના જીવોનાં ચાર ભેદ અને પ્રત્યેક વનસ્પતિકાય જીવોનાં બે ભેદ એમ કુલ ૪ + ૪ + ૪ + ૪ + ૪ + ૨ = ૨૨ થાય છે.
**પ્રશ્ન ૯૬.** આ બાવીસ ભેદોમાંથી લબ્ધિ અપર્યાપ્તાના ભેદો કેટલા છે ?
**ઉત્તર :** આ બાવીશ ભેદોમાંથી ૧૧ ભેદો લબ્ધિ અપર્યાપ્તાના છે. તે આ પ્રમાણે સૂક્ષ્મ-બાદર પૃથ્વીકાય અપર્યાપ્તા, સૂક્ષ્મ-બાદર અપકાય અપર્યાપ્તા, સૂક્ષ્મ-બાદર તેઉકાય અપર્યાપ્તા, સૂક્ષ્મ-બાદર વાઉકાય અપર્યાપ્તા, સૂક્ષ્મ-બાદર સાધારણ વનસ્પતિકાય તથા બાદર પ્રત્યેક વનસ્પતિકાય અપર્યાપ્તા છે.
**પ્રશ્ન ૯૭.** બાવીસ ભેદોમાંથી કરણ અપર્યાપ્તા જીવો કેટલા છે ?

**ઉત્તર :** બાવીસ ભેદોમાંથી કરણ અપર્યાપ્તા જીવો અગ્યાર છે.

**પત્તેય તરું મુત્તું પંચ વિ પુઢવાઈણો સયલ લોએ ।**
**સુહુમા હવંતિ નિયમા અંતમુહુત્તાઉ અદિસ્સા ॥૧૪ ॥**

**ભાવાર્થ :** પ્રત્યેક વનસ્પતિકાય જીવોને મૂકીને પૃથ્વીકાયાદિ પાંચેય સૂક્ષ્મો સકલ લોકને વિષે નિયમા હોય છે. અંતર્મૂહૂર્તના આયુષ્યવાળા તથા અદ્રશ્ય હોય છે. ॥ ૧૪ ॥

**પ્રશ્ન ૯૮.** પૃથ્વીકાયાદિ પાંચેય સૂક્ષ્મ જીવો ક્યાં રહેલાં છે ?

**ઉત્તર :** પૃથ્વીકાયાદિ પાંચેય સૂક્ષ્મ જીવો ચૌદરાજ લોકમાં સઘળી જગ્યાએ રહેલા છે. કોઈ એવો આકાશ પ્રદેશ નથી કે જ્યાં પૃથ્વીકાયાદિ પાંચેય સૂક્ષ્મ જીવો ન હોય.

**પ્રશ્ન ૯૯.** પૃથ્વીકાયાદિ પાંચેય સૂક્ષ્મ જીવોનું આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** પૃથ્વીકાયાદિ પાંચેય સૂક્ષ્મ જીવોનું આયુષ્ય નિયમા અંતર્મુહૂર્ત હોય છે.

**પ્રશ્ન ૧૦૦.** પૃથ્વીકાયાદિ પાંચેય સૂક્ષ્મ જીવો દેખાય એવા હોય છે કે અદશ્ય હોય છે?

**ઉત્તર :** પૃથ્વીકાયાદિ પાંચેય સૂક્ષ્મ જીવોને કેવલજ્ઞાની જીવો જોઈ શકે છે. તે સિવાયના કોઈપણ જીવોથી તે દશ્ય નથી. એકલા ચર્મચક્ષુથી જોઈ શકાય તેવા હોતા નથી.

**પ્રશ્ન ૧૦૧.** પૃથ્વીકાયાદિ સૂક્ષ્મ જીવો જગતમાં સઘળી જગ્યાએ રહેલા છે તો હાલતા ચાલતા તેઓની હિંસા થાય કે ન થાય ?

**ઉત્તર :** એ જીવો એટલા સૂક્ષ્મ હોય છે કે બીજા કોઈપણ જીવોથી તે જીવોને ઉપઘાત થતો નથી. અગ્નિથી બળતાં નથી. પાણીથી ભીંજાતા નથી, તલવારથી છેદાતા નથી. એવા એ સૂક્ષ્મ જીવો હોય છે. માટે હિંસા હાલતા ચાલતા થતી નથી.

**પ્રશ્ન ૧૦૨.** એક પ્રત્યેક વનસ્પતિકાય જીવ સાથે બાદર અપર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાયના જીવો કેટલાં હોય છે ?

**ઉત્તર :** એક પ્રત્યેક વનસ્પતિકાય જીવ સાથે બાદર અપર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાયનાં જીવો અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ રાશિ પ્રમાણ હોય છે.

**પ્રશ્ન ૧૦૩.** સાધારણ વનસ્પતિકાયનાં જીવો એક મુહૂર્તમાં કેટલા ભવોકરે ?

**ઉત્તર :** સાધારણ વનસ્પતિકાયનાં જીવો એક મુહૂર્તમાં પાંસઠ હજાર પાંચસો ને છત્રીસ (૬૫૫૩૬) ભવો કરે છે.

આ રીતે સ્થાવર જીવોનું વર્ણન પૂરું થયું હવે ત્રસ જીવોનું વર્ણન કરાય છે.

**પ્રશ્ન ૧૦૪.** ત્રસ જીવો કેટલા પ્રકારના છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ત્રસ જીવો ચાર પ્રકારના છે.

(૧) બેઇન્દ્રિય ત્રસ જીવો (૨) તેઇન્દ્રિય ત્રસ જીવો (૩) ચઉરિન્દ્રિય ત્રસ જીવો (૪) પંચેન્દ્રિય ત્રસ જીવો.

**સંખ કવડ્ડય ગંડુલ જલોય ચંદણગ અલસ લહગાઈ ।**
**મેહરિ કિમિ પુઅરગા બેઇન્દ્રિય માઈવાહાઈ ॥ ૧૫ ॥**

**ભાવાર્થ :** શંખ, કોડા, ગંડોલા, જલો, ચંદનક, અળસીયા, લાળીયા, જીવો લાકડામાં ઉત્પન્ન થતા કીડા પેટમાં નાનામાં નાના થતાં કૃમિઓ, પોરા ઇત્યાદિ ઘણા પ્રકારના બેઇન્દ્રિય જીવો હોય છે. ॥ ૧૫ ॥

**પ્રશ્ન ૧૦૫.** બેઇન્દ્રિય જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :**જે જીવોને સ્પર્શેન્દ્રિય તથા રસનેન્દ્રિય એ બે ઇન્દ્રિયો જ હોય છે. તે જીવોને બેઇન્દ્રિય જીવ કહેવાય છે.

**પ્રશ્ન ૧૦૬.** બેઇન્દ્રિય જીવો કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** બેઇન્દ્રિય જીવો બે પ્રકારે છે. (૧) બેઇન્દ્રિય અપર્યાપ્તા જીવો (૨) બેઇન્દ્રિય પર્યાપ્તા જીવો.

**પ્રશ્ન ૧૦૭.** પર્યાપ્તા બેઇન્દ્રિય જીવો ક્યા ક્યા સમજવા ?

**ઉત્તર :** પર્યાપ્તા બેઇન્દ્રિય જીવો અનેક પ્રકારનાં કહ્યા છે. જેમ કે શંખ,કોડા, ગંડોલા એટલે પેટમાં મોટા કરમીયા થાય છે તે, ચંદનક,અલસીયા,લાળીયા, જીવો, લાકડામાં ઉત્પન્ન થતાં કીડા, પેટમાં નાનામાં નાના થતા કૃમિઓ, પૂયરગો એટલે પાણીની અંદર લાલ વર્ણવાળા થાય છે તે ઇત્યાદિ ઘણા પ્રકારનાં કહેલાં છે.

**પ્રશ્ન ૧૦૮.** બેઇન્દ્રિય અપર્યાપ્તા જીવો કેટલા પ્રકારે હોય ? ક્યા ?

**ઉત્તર :** બેઇન્દ્રિય અપર્યાપ્તા જીવો બે પ્રકારનાં હોય છે.

(૧)લબ્ધિ અપર્યાપ્તા (૨) કરણ અપર્યાપ્તા.

## તેઇન્દ્રિય જીવોનું વર્ણન

**ગોમી મંકણ જુઆ પિપ્પીલી ઉદદેહિયાય મકકોડા।**
**ઈલ્લિય ઘય મિલ્લીઓ સાવય ગોકીડજાઈઓ ॥ ૧૬ ॥**
**ગદ્દહય ચોરકીડા ગોમય કીડા ય ધન્નકીડા ય।**
**કુંથુ ગોવાલિય ઈલિયા તેઈદિય ઈદગોવાઈ ॥ ૧૭ ॥**

**ભાવાર્થ** : માંકડ, જૂ, કીડી, ઉધઈ, મંકોડા, ઈયળ, ધીમેલ, ગાયના કાનમાં થતાં કીડા, છાણના કીડા, કુંથુવા, ગોપાલીક અને ઈન્દ્રગોપ વગેરે અનેક તેઈન્દ્રિય જીવો કહેલાં છે. ॥ ૧૬ ॥ ॥ ૧૭ ॥

**પ્રશ્ન ૧૦૯.** તેઈન્દ્રિય જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય એ ત્રણ ઈન્દ્રિયો હોય તે તેઈન્દ્રિય જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૧૧૦.** તેઈન્દ્રિય જીવોનાં ભેદો કેટલા છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** તેઈન્દ્રિય જીવોના બે ભેદો છે. (૧) અપર્યાપ્તા તેઈન્દ્રિય જીવો (૨) પર્યાપ્તા તેઈન્દ્રિય જીવો.

**પ્રશ્ન ૧૧૧.** પર્યાપ્તા તેઈન્દ્રિય જીવો ક્યા ક્યા જાણવા ?

**ઉત્તર :** તેઈન્દ્રિય જીવો શાસ્ત્રમાં અનેક પ્રકારનાં કહેલાં છે. તેમાંથી થોડા નામો નીચે પ્રમાણે છે. માંકડ, જૂ, કીડી, મંકોડા, ઈયળ,ધીમેલ, ધીમાં ઉત્પન્ન થતાં જીવ વિશેષ, મનુષ્યના કેશમાં ઉત્પન્ન થતાં જીવવિશેષનેઆવા કહેવાય છે. ગાયના કાનમાં થતાં કીડા તે ગોકીડ કહેવાય છે. ગર્દભક ચોર કીડા, છાણના કીડા, અનાજના કીડા, કુંથુવા ગુવાળી અને ઈન્દ્રગોપ વગેરે અનેક પ્રકારનાં જીવો છે.

**પ્રશ્ન ૧૧૨.** અપર્યાપ્તા તેઈન્દ્રિય જીવો કેટલા પ્રકારનાં છે ? ક્યા ?

**ઉત્તર :** અપર્યાપ્તા તેઈન્દ્રિય જીવો બે પ્રકારનાં છે. (૧) લબ્ધિ અપર્યાપ્તા (૨) કરણ અપર્યાપ્તા

**ચઉરિંદિયાય વિચ્છુ ઢિંકુણ ભમરા ય ભમરિયા તિડા।**
**મચ્છિય ડંસા મસગા કંસારી કવિલ ડોલાઈ ॥ ૧૮ ॥**

**ભાવાર્થ** : ચઉરિન્દ્રિય જીવો વિંછી ઢિંકુણ ભમરા ભમરી તીડ માખી ડાંસ મચ્છર કંસારીક વગેરે અનેક પ્રકારના જીવો હોય છે. ॥ ૧૮ ॥

**પ્રશ્ન ૧૧૩.** ચઉરિન્દ્રિય જીવ કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરીન્દ્રિય એ ચાર ઇન્દ્રિયો હોય છે અર્થાત્ જેજીવોને ચામડી, જીભ, નાક અને આંખ હોય છે. તે ચઉરિન્દ્રિય જીવો કહેવાય.

**પ્રશ્ન ૧૧૪.** ચઉરિન્દ્રિય જીવો કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :**ચઉરિન્દ્રિય જીવો બે પ્રકારે છે. (૧) અપર્યાપ્તા ચઉરિન્દ્રિય (૨) પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવો.

**પ્રશ્ન ૧૧૫** ચઉરિન્દ્રિય જીવો ક્યા-ક્યા છે ?

**ઉત્તર :**ચઉરિન્દ્રિય જીવો અનેક પ્રકારના છે. જેમ કે વિંછી, ઢિંકુણ, જીવવિશેષ, ભમરા, ભમરી, ખેતરોમાં પડે છે તે તીડ, માખી, ડાંસ, મચ્છર, ડાંસ મોટા, કંસારિક, કરોળિયા વગેરે અનેક પ્રકારના છે.

**પ્રશ્ન ૧૧૬** અપર્યાપ્તા ચઉરીન્દ્રિય જીવો કેટલા પ્રકારનાં છે.ક્યા

**ઉત્તર :** અપર્યાપ્તા ચઉરીન્દ્રિય જીવો બે પ્રકારનાં છે. (૧) લબ્ધિ અપર્યાપ્તા (૨) કરણ અપર્યાપ્તા.

**પ્રશ્ન ૧૧૭.** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો શાસ્ત્રમા કઈ સંજ્ઞાથી ઓળખાય છે ?

**ઉત્તર :** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો શાસ્ત્રમાં વિકલેન્દ્રિય સંજ્ઞા (નામ)થી ઓળખાય છે.

**પ્રશ્ન ૧૧૮.** વિકલેન્દ્રિય જીવોનાં કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** વિક્લેન્દ્રિય જીવોનાં છ ભેદો છે. તે આ પ્રમાણે. બેઇન્દ્રિય જીવોનાં બે ભેદ, તેઇન્દ્રિય જીવોનાં બે ભેદ, ચઉરિન્દ્રિય જીવોનાં બે ભેદ થઇને છ ભેદો થાય છે.

**પ્રશ્ન ૧૧૯.** બેઇન્દ્રિય જીવોને શું હોતું નથી ?

**ઉત્તર :** બેઇન્દ્રિય જીવોને પ્રાયઃ કરીને પગ હોતા નથી.

**પ્રશ્ન ૧૨૦.** તેઇન્દ્રિય જીવોને કેટલા પગ હોઈ શકે ?

**ઉત્તર :** તેઇન્દ્રિય જીવોને છ અથવા આઠ અથવા ઘણા પગ હોય છે.

**પ્રશ્ન૧૨૧.** ચઉરિન્દ્રિય જીવોને કેટલા પગ હોય છે ?

**ઉત્તર :** ચઉરિન્દ્રિય જીવોને સૂક્ષ્મરૂપે છ અથવા આઠ પગ મોટે ભાગે હોય છે.

## પંચેન્દ્રિયનું વર્ણન

**પંચિંદિયા ય ચઉહા નારય તિરિય મણુસ્સદેવાય ॥**
**નેરઈયા સત્તવિહા નાયવ્વા પુઢવીભેએણં ॥ ૧૯ ॥**

**ભાવાર્થ :** પંચેન્દ્રિય જીવો ચાર પ્રકારના કહેલા છે. નારકી-તિર્યંચ-મનુષ્ય-દેવ તેમાં (રત્નપ્રભાદિ) પૃથ્વીના ભેદોથી નારકીના જીવો સાત પ્રકારે જાણવા ॥ ૧૯ ॥

**પ્રશ્ન ૧૨૨.** પંચેન્દ્રિય જીવોનાં કેટલાં પ્રકાર છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** પંચેન્દ્રિય જીવોના ચાર પ્રકાર છે તે આ પ્રમાણે છે. (૧) નારકીના જીવો (૨) તિર્યંચના જીવો (૩) મનુષ્યના જીવો અને (૪) દેવના જીવો.

**પ્રશ્ન ૧૨૩.** પંચેન્દ્રિય કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય તથા શ્રોતેન્દ્રિય એ પાંચ ઈન્દ્રિયો હોય છે અર્થાત્ ચામડી, જીભ, નાક, આંખ અને કાન એ પાંચેય જે જીવોને હોય તે પંચેન્દ્રિય જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૧૨૪.** નારકી જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવોને મોટે ભાગે બધાજ અશુભ કર્મોનું ફળ ભોગવવું પડે તે અથવા મનુષ્ય અને તિર્યંચની યોગ્યતાને ઉલ્લંઘન કરીને ખરાબ જગ્યા રત્નપ્રભા આદિમાં જે ઉત્પન્ન થયા હોય તે નારકીનાં જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૧૨૫.** આ નારકીનાં સ્થાનો ક્યાં આવેલા છે ?

**ઉત્તર :** આ નારકીઓનાં સ્થાનો રત્નપ્રભા આદિ પૃથ્વી અધોગતિમાં આવેલા છે.

**પ્રશ્ન ૧૨૬.** નારકીનાં સ્થાનોની રત્નપ્રભા આદિ પૃથ્વીઓ કેટલી છે ? કઇ ?

**ઉત્તર :** : નારકીનાં સ્થાનોની રત્નપ્રભા આદિ સાત પૃથ્વીઓ છે. તેના નામો આ પ્રમાણે છે. (૧) રત્નપ્રભા પૃથ્વી (૨) શર્કરાપ્રભા પૃથ્વી (૩) વાલુકાપ્રભા પૃથ્વી (૪) પંકપ્રભા પૃથ્વી (૫) ધૂમપ્રભા પૃથ્વી (૬) તમઃપ્રભા પૃથ્વી (૭)તમસ્તમપ્રભા પૃથ્વી છે.

**પ્રશ્ન ૧૨૭.** આ સાતેય પૃથ્વીઓ અધોલોકમાં ક્યાં આવેલી છે ?

ઉત્તર : આ સાતેય પૃથ્વીઓ અધોલોકમાં ક્રમસર એક એક પૃથ્વીની નીચે આવેલી છે.
**પ્રશ્ન ૧૨૮.** રત્નપ્રભા પૃથ્વીના કેટલા કાંડ (ભાગ) પડે છે ?
ઉત્તર : રત્નપ્રભા પૃથ્વીના ત્રણ કાંડ (ભાગ) પડે છે :
(૧) રત્નકાંડ અથવા ખરકાંડ, (૨) પંકબહુલકાંડ, (૩) જલબહુલકાંડ.
**પ્રશ્ન ૧૨૯.** રત્નપ્રભા પૃથ્વીનો રત્નકાંડ કેટલા યોજનનો છે ?
ઉત્તર : રત્નપ્રભા પૃથ્વીનો રત્નકાંડ અથવા ખરકાંડ સોળ હજાર (૧૬૦૦૦) યોજનનો છે.
**પ્રશ્ન ૧૩૦ :** રત્નપ્રભા પૃથ્વીનો પંકબહુલકાંડ કેટલા યોજનનો છે ?
ઉત્તર : રત્નપ્રભા પૃથ્વીનો પંકબહુલકાંડ ચોર્યાસી હજાર (૮૪,૦૦૦) યોજનનો છે.
**પ્રશ્ન ૧૩૧.** રત્નપ્રભા પૃથ્વીનો જલબહુલકાંડ કેટલા યોજનનો છે ?
ઉત્તર : રત્નપ્રભા પૃથ્વીનો જલબહુલકાંડ એંશી હજાર (૮૦,૦૦૦) યોજનનો છે.
**પ્રશ્ન ૧૩૨.** રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ-ઉંચાઈ કેટલી છે ?
ઉત્તર : રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ-ઉંચાઈ એક લાખ એંશી હજાર (૧,૮૦,૦૦૦) યોજનની છે.
**પ્રશ્ન ૧૩૩.** શર્કરાપ્રભા પૃથ્વીની જાડાઈ-ઉંચાઈ કેટલી છે ?
ઉત્તર : શર્કરાપ્રભા પૃથ્વીની જાડાઈ-ઉંચાઈ એક લાખ બત્રીસ હજાર (૧,૩૨,૦૦૦) યોજનની છે.
**પ્રશ્ન ૧૩૪.** વાલુકાપ્રભા પૃથ્વીની ઉંચાઈ-જાડાઈ કેટલી છે ?
ઉત્તર : વાલુકાપ્રભા પૃથ્વીની ઉંચાઈ-જાડાઈ એક લાખ અઠ્ઠાવીસ હજાર (૧,૨૮,૦૦૦) યોજનની છે.
**પ્રશ્ન ૧૩૫.** પંકપ્રભા પૃથ્વીની જાડાઈ-ઉંચાઈ કેટલી છે ?
ઉત્તર : પંકપ્રભા પૃથ્વીની જાડાઈ-ઉંચાઈ એક લાખ વીસ હજાર (૧,૨૦,૦૦૦) યોજનની છે.
**પ્રશ્ન ૧૩૬.** ધૂમપ્રભા પૃથ્વીની જાડાઈ-ઉંચાઈ કેટલી છે ?
ઉત્તર : ધૂમપ્રભા પૃથ્વીની જાડાઈ-ઉંચાઈ એક લાખ અઢાર હજાર (૧,૧૮,૦૦૦) યોજનની છે.
**પ્રશ્ન ૧૩૭.** તમ:પ્રભા પૃથ્વીની જાડાઇ કેટલી છે ?

ઉત્તર :તમ:પ્રભા પૃથ્વીની જાડાઈ એક લાખ સોળ હજાર (૧,૧૬,૦૦૦) યોજનનીછે.

પ્રશ્ન ૧૩૮. તમસ્તમ-પ્રભા પૃથ્વીની જાડાઇ કેટલી છે ?

ઉત્તર : તમસ્તમ-પ્રભા પૃથ્વીની જાડાઈ એક લાખ આઠ હજાર (૧,૦૮,૦૦૦) યોજનની છે.

પ્રશ્ન ૧૩૯. એક યોજનના માઈલ કેટલા છે ?

ઉત્તર : શાસ્ત્ર દષ્ટિએ એક યોજનનાં બત્રીસો (૩૨,૦૦) માઈલ જાણવા.

પ્રશ્ન ૧૪૦. રત્નપ્રભા આદિ પૃથ્વીમાં રહેલાં નરકાવાસોનાં ગોત્રના નામો ક્યા ક્યા છે ?

ઉત્તર : રત્નપ્રભા આદિ પૃથ્વીમાં રહેલા નરકાવાસોના ગોત્રના નામો નીચે પ્રમાણે છે.

(૧) રત્નપ્રભા પૃથ્વીમાં રહેલા નરકાવાસો ધમ્મા નામથી ઓળખાય છે.
(૨) શર્કરાપ્રભા પૃથ્વીમાં રહેલા નરકાવાસો વંશા નામથી ઓળખાય છે.
(૩) વાલુકાપ્રભા પૃથ્વીમાં રહેલા નરકાવાસો સેલા નામથી ઓળખાય છે.
(૪) પંકપ્રભા પૃથ્વીમાં રહેલા નરકાવાસો અંજના નામથી ઓળખાય છે.
(૫) ધૂમપ્રભા પૃથ્વીમાં રહેલા નરકાવાસો રિષ્ટા નામથી ઓળખાય છે.
(૬) તમ:પ્રભા પૃથ્વીમાં રહેલા નરકાવાસો મઘા નામથી ઓળખાય છે.
(૭) તમસ્તમપ્રભા પૃથ્વીમાં રહેલા નરકાવાસો માઘવતી નામથી ઓળખાય છે.

પ્રશ્ન ૧૪૧. આ સાતેય નરકાવાસો (નારકો) કેવી રીતે રહેલા છે ?

ઉત્તર : આ સાતેય નરકાવાસો (નારકો) છત્રાતિછત્ર એટલે પહેલું એક નાનું છત્ર તેના નીચે મોટું છત્ર એમ તેનાથી મોટું ઉંધા રાખેલ હોયતેવી રીતે નરકાવાસો (નારકો) રહેલા છે.

પ્રશ્ન ૧૪૨. સાતેય નારકોમાં થઈને નરકાવાસો કેટલા થાય છે ?

ઉત્તર : સાતેય નરકાવાસોની ચોર્યાસી લાખ (૮૪,૦૦,૦૦૦) સંખ્યા થાય છે.

પ્રશ્ન ૧૪૩. નરકાવાસ કોને કહેવાય છે ?

ઉત્તર : નારકીના જીવોને રહેવાનાં એક એક જુદા જુદા જે વાસો (સ્થાનો) તે નરકાવાસો કહેવાય છે.

**પ્રશ્ન ૧૪૪.** કઈ કઈ નારકીનાં કેટલાં કેટલાં નરકાવાસો છે ?

**ઉત્તર :** પહેલી ધમ્મા નામની નારકીનાં ત્રીસ (૩૦) લાખ નરકાવાસો છે. બીજી વંશા નામની નારકીમાં પચ્ચીસ (૨૫) લાખ નરકાવાસો છે. ત્રીજી શેલા નામની નારકીમાં પંદર (૧૫) લાખ નરકાવાસો છે. ચોથી અંજના નામની નારકીમાં દશ (૧૦) લાખ નરકાવાસો છે. પાંચમી રિષ્ટા નામની નારકીનાં ત્રણ (૩) લાખ નરકાવાસો છે. છઠ્ઠી મઘા નામની નારકીમાં એક લાખમાં પાંચ ઓછા એટલે કે ૯૯૯૯૫ નરકાવાસો છે. અને સાતમી માઘવતી નારકીમાં પાંચ નરકાવાસો છે. એમ કુલ ચોરાસી (૮૪) લાખ નરકાવાસો શાસ્ત્રમાં કહેલા છે.

**પ્રશ્ન ૧૪૫.** નરકગતિમાં દુર્ગંધ કેટલી હોય છે ?

**ઉત્તર :** નરકગતિમાં દુર્ગંધ ઘણી જ હોય છે. જેમ કે મરેલી ગાયોના કલેવરો સડતાં હોય. મરેલા ઘોડાઓનાં કલેવરો સડતાં હોય. મરેલી બિલાડીઓના કલેવરો સડતાં હોય. મરેલા હાથીઓના કલેવરો સડતાં હોય. મરેલા સિંહોના કલેવરો સડતાં હોય. મરેલા વાઘના કલેવરો સડતાં હોય. મરેલા ચિત્તાઓના કલેવરો સડતાં હોય આવા અનેક પ્રકારના જાનવરોના સડતા કલેવરોની દુર્ગંધ ફેલાઈ ઊઠે છે તેના કરતાં અતિ ભયંકર દુર્ગંધ દરેક નરકાવાસોમાં રહેલી છે.

**પ્રશ્ન ૧૪૬.** નારકીના જીવોને ભૂખની વેદના કેટલી હોય છે ?

**ઉત્તર :** નારકીનાં જીવોને ભૂખની વેદના ઘણી જ હોય છે. કહ્યું છે કે નારકીનાં એક જીવને જગતમાં રહેલાં શુભ યા અશુભ જેટલા આહાર કરવા યોગ્ય પદાર્થો છે તે સઘળા ખવડાવી દેવામાં આવે તો પણ તેઓને તૃપ્તિ થતી નથી. અર્થાત ભૂખ શમતી નથી એવી ભયંકર ભૂખની વેદના નારકીમાં હોય છે.

**પ્રશ્ન ૧૪૭.** નારકીના જીવોની તૃષાની (તરસની) વેદના કેટલી હોય છે ?

**ઉત્તર :** નારકીનાં જીવોની તૃષાની વેદના પણ ઘણી જ ભયંકર હોય છે. કહ્યું છે કે નારકીનાં કોઈપણ એક જીવને જગતમાં રહેલા સર્વ સમુદ્રોનું પાણી પીવડાવવામાં આવે અર્થાત્ સઘળા સમુદ્રોનું પાણી એક નારકી પાન કરી જાય તો પણ તે જીવની તૃષા શમતી નથી. એવા પ્રકારની અશાતા વેદનીયના ઉદયથી ભયંકર તૃષા વેદના થાય છે.

**પ્રશ્ન ૧૪૮.** નારકીનાં ક્ષેત્રમાં ઉષ્ણવેદના એટલે ગરમી કેટલી હોય છે ?

**ઉત્તર :** નરકનાં ક્ષેત્રમાં ઘણી જ ગરમી રહેલી હોય છે. તે સામાન્ય દષ્ટાંતથી સમજાવાય છે. કહ્યું છે કે જુવાન તંદુરસ્ત લુહારનો છોકરો ઘડા જેવા લોખંડના ગોળાને તપાવી તપાવીને અને વારંવાર કુટી કુટીને પંદર દિવસ સુધી (રાત-દિવસ) અખંડ મહેનત કરી તે ગોળાને ઠંડો કર્યા પછી નરકના ક્ષેત્રમાં મૂકે.મૂક્યા પછી આંખ બંધ કરી ઉઘાડે તેટલા સમયમાં લેવા જાય તો તેના હાથમાં લોખંડનો નાનામાં નાનો એક કણીયો પણ આવતો નથી. આ ગોળો જેવો મૂકાય છે તેવા જ તેના બધા પુદ્ગલો વિખરાઈ જાય છે. એટલી ભયંકર ગરમી હોય છે. અથવા એમ પણ કહેવાય છે કે નારકીના જીવોને કોઈ દેવ ઉપાડીને અહીંયા મનુષ્ય ક્ષેત્રમાં ઈંટના નિભાંડામાં (ઈંટ પકવવાની અગ્નિમાં) મૂકે તો છ મહિના સુધી મજેથી ઉંઘી જાય અર્થાત્ તેને વેદનાનો અનુભવ થતો નથી. ઈંટના નિભાંડા કરતાં કઈ ગુણી ગરમી નારકીમાં હોય છે.

**પ્રશ્ન ૧૪૯.** નરક ક્ષેત્રોમાં શીત વેદના કેટલી હોય છે ?

**ઉત્તર :** નરક ક્ષેત્રોમાં શીત વેદના પણ ઘણી જ ભંયકર હોય છે. કહ્યું છે કે ઉપર મુજબના લોખંડના ગોળાને તપાવીને લાલચોળ બનાવી સાણસાથી પકડી નરકમાં મૂકે તો ગોળો એકદમ ઓગળી જાય છે. અને એકપણ કણ હાથમાં આવતો નથી. આ દષ્ટાંતથી પણ અતિ ભયંકર ઠંડી ત્યાં રહેલી હોય છે.

**પ્રશ્ન ૧૫૦.** નારકીના જીવોના કુલ ભેદો કેટલા થાય છે ?

**ઉત્તર :** નારકીના જીવોના કુલ ભેદો ચૌદ થાય છે. તે આ પ્રમાણે સાત નારકીના સાત અપર્યાપ્તા (નારકીના) જીવો તથા સાત પર્યાપ્તા નારકીના જીવો થઈ ચૌદ ભેદો થાય છે.

**પ્રશ્ન ૧૫૧.** નારકીના જીવો લબ્ધિ અપર્યાપ્તા હોય કે કરણ અપર્યાપ્તા ?

**ઉત્તર :** નારકીના જીવોમાંથી જે અપર્યાપ્તા જીવો હોય છે તે નિયમા કરણ અપર્યાપ્તા જ હોય છે. લબ્ધિ અપર્યાપ્તા હોતા નથી.

**જલયર થલયર ખયરા તિવિહા પંચિંદિયા તિરિક્ખાય ।**
**સુસુમાર મચ્છ કચ્છવ ગાહા મગરા ય જલચારી ॥ ૨૦॥**
**ચઉપય ઉરપરિસપ્પા ભુયપરિસપ્પા ય થલયરા તિવિહા ।**
**ગોસપ્પ નઉલ પમુહા બોધવ્વા તે સમાસેણં ॥ ૨૧ ॥**

**ખયરા રોમય પક્ખી ચમ્મયપક્ખી ય પાયડાચેવ ।**
**નરલોગાઓ બાહિ સમુગ્ગપક્ખી વિયયપક્ખી ॥ ૨૨ ॥**
**સવ્વે જલ-થલ-ખયરા સમુચ્છિમા ગબ્ભયા દુહા હુંતિ ।**

**ભાવાર્થ** :- તિર્યંચ પંચેન્દ્રિય જીવો ત્રણ પ્રકારનાં છે.
(૧) જલચર (૨) સ્થલચર (૩) ખેચર જીવો તેમાં સુસુમાર, માછલાં, કાચબા, ગાહા તથા મગરો વગેરે જલચર જીવો કહેવાય છે. ॥ ૨૦ ॥
સ્થલચર જીવો ત્રણ પ્રકારના છે.
(૧) ચતુષ્પદ, (૨) ઉરપરિસર્પ, (૩) ભુજપરિસર્પ.
ચાર પગવાળા જીવો ચતુષ્પદ કહેવાય છે. છાતીથી ચાલનારા સર્પ વગેરે ઉરપરિસર્પ જીવો કહેવાય છે. અને ભુજાથી ચાલનારા નોળિયા વગેરે ભુજપરિસર્પ જીવો કહેવાય છે. ॥ ૨૧ ॥
ખેચર જીવો રૂંવાટીની પાંખવાળા તથા ચામડાની પાંખવાળા હોય છે. મનુષ્યલોકની બહાર ઉઘાડેલી પાંખવાળા એવા જ રહે છે તથા બીડેલી પાંખવાળા જીવો તેવા જ રહે છે. ॥ ૨૨ ॥
સઘળાય જલચલ, સ્થલચર તથા ખેચર જીવો સમુર્ચ્છિમ તથા ગર્ભજ એમ બે પ્રકારના છે.

**પ્રશ્ન ૧૫૨.** તિર્યંચ કોને કહેવાય છે ?
**ઉત્તર :** જે તિર્ચ્છો ચાલે તે તિર્યંચ કહેવાય અથવા પોતાના કર્મના ઉદયથી સઘળી ગતિઓને વિષે ઉત્પન્ન થાય તે તિર્યંચ કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૩.** તિર્યંચ પંચેન્દ્રિય જીવોનાં ભેદો કેટલા છે ? ક્યા ક્યા ?
**ઉત્તર :** તિર્યંચ પંચેન્દ્રિય જીવોના ત્રણ ભેદો છે.
(૧) જલચર તિર્યંચ પંચેન્દ્રિય જીવો, (૨) સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય જીવો,
(૩) ખેચર તિર્યંચ પંચેન્દ્રિય જીવો.

**પ્રશ્ન ૧૫૪.** જલચર તિર્યંચ પંચેન્દ્રિય જીવો ક્યા ક્યા સમજવા ?
**ઉત્તર :** જલચર તિર્યંચ પંચેન્દ્રિય જીવો ઘણાં પ્રકારનાં છે. જે પાણીમાં ઉત્પન્ન થઈને પાણીમાં જ જીવનારા હોય છે તે જલચર કહેવાય. જેમ કે સુસુમાર પ્રાણી

વિશેષ છે. માછલા, કાચબા, ગાહા વગેરે જીવોને જલચર જીવો કહેવાય છે

**પ્રશ્ન ૧૫૫**. સ્થલચર જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર** : જે જીવો જમીન ઉપર ચાલતા હોય છે તે સ્થલચર જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૬**. ખેચર જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર** : જે આકાશમાં ઉડતાં હોય તે ખેચર જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૭**. સ્થલચર જીવોનાં કેટલા પ્રકારો છે ?

**ઉત્તર** : સ્થલચર જીવોનાં બે પ્રકારો છે.

(૧) ચતુષ્પદ સ્થલચર (૨) પરિસર્પ સ્થલચર જીવો.

**પ્રશ્ન ૧૫૮**. ચતુષ્પદ સ્થલચર જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર** : ચતુષ્પદ સ્થલચર એટલે જે જીવોને ચાર પગો હોય છે.

**પ્રશ્ન ૧૫૯**. પરિસર્પ સ્થલચર જીવોના કેટલા ભેદ છે ?

**ઉત્તર** : પરિસર્પ સ્થલચર જીવોના બે ભેદો છે.

(૧) ઉરપરિસર્પ સ્થલચર, (૨) ભુજપરિસર્પ સ્થલચર તિર્યંચ જીવો.

**પ્રશ્ન ૧૬૦**. ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ જીવો કોને કહેવાય ?

**ઉત્તર** : જે જીવો છાતી યા પેટથી ચાલનારા હોય છે તે ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૧**. ભુજપરિસર્પ તિર્યંચ જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર** : જે જીવો ભુજાઓથી ચાલતા હોય છે તે જીવોને ભુજપરિસર્પ સ્થલચર તિર્યંચ જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૨**. ચતુષ્પદ તિર્યંચ જીવો ક્યા ક્યા સમજવા ?

**ઉત્તર** : ચતુષ્પદ તિર્યંચ જીવો અનેક પ્રકારના હોય છે. જેમ કે હાથી, ઘોડા, ગાય, બળદ, બકરી વગેરે.

**પ્રશ્ન ૧૬૩**. ઉરપરિસર્પ તિર્યંચ જીવો ક્યા ક્યા સમજવા ?

**ઉત્તર** : ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ જીવો ઘણા પ્રકારનાં છે. જેમ કે સર્પ.

**પ્રશ્ન ૧૬૪**. ભુજપરિસર્પ સ્થલચરતિર્યંચ જીવો ક્યા ક્યા સમજવા ?

**ઉત્તર** : ભુજપરિસર્પ જીવો અનેક પ્રકારનાં છે. જેમ કે નોળીયો.

**પ્રશ્ન ૧૬૫.** ખેચર જીવો કેટલા પ્રકારનાં છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** (૧) રૂંવાટીની પાંખવાળા, (૨) ચામડાંની પાંખવાળા.

**પ્રશ્ન ૧૬૬.** રૂંવાટીની પાંખવાળા તિર્યંચ જીવો ક્યા ક્યા છે ?

**ઉત્તર :** રૂંવાટીની પાંખવાળા તિર્યંચ જીવો અનેક પ્રકારનાં હોય છે. જેમ કે કબુતર, ચકલી, કોયલ વગેરે.

**પ્રશ્ન ૧૬૭.** ચામડીની પાંખવાળા જીવો ક્યા ક્યા છે ?

**ઉત્તર :** ચામડીની પાંખવાળા જીવો અનેક પ્રકારનાં હોય છે. જેમ કે ચામાચીડીયા વગેરે.

**પ્રશ્ન ૧૬૮.** મનુષ્ય લોકની બહાર ખેચર જીવો ક્યા પ્રકારના હોય છે ?

**ઉત્તર :** મનુષ્ય લોકની બહાર ખેચર જીવો જે ઉઘાડેલી પાંખવાળા હોય છે તે ઉઘાડેલી પાંખવાળા રહે છે. જે બીડાયેલી પાંખવાળા હોય તે બીડાયેલી પાંખવાળા રહે છે.

**પ્રશ્ન ૧૬૯.** જલચર જીવો કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** જલચર જીવો બે પ્રકારનાં છે :

(૧) સમૂર્ચ્છિમ જલચર જીવો (૨) ગર્ભજ જલચર જીવો.

**પ્રશ્ન ૧૭૦.** સ્થલચર (ચતુષ્પદ -ઉરપરિસર્પ-ભૂજપરિસર્પ) જીવો કેટલા પ્રકારના છે ?ક્યા ક્યા ?

**ઉત્તર :** સ્થલચર (ચતુષ્પદ -ઉરપરિસર્પ- ભૂજપરિસર્પ) જીવો સમૂર્ચ્છિમ અને ગર્ભજ એમ બે પ્રકારેછે.

**પ્રશ્ન ૧૭૧.** જલચર આદિ સમૂર્ચ્છિમ પાંચે પ્રકારનાં જીવો કેટલા કેટલા પ્રકારે છે ?

**ઉત્તર :** જલચર, ચતુષ્પદ ઉરપરિસર્પ ભુજપરિસર્પ અને ખેચર સમૂર્ચ્છિમ જીવો બબ્બે પ્રકારે છે : (૧) સમૂર્ચ્છિમ અપર્યાપ્તા જીવો (૨) સમૂર્ચ્છિમ પર્યાપ્તા જીવો.

**પ્રશ્ન ૧૭૨.** જલચર આદિ ગર્ભજ પાંચેય પ્રકારનાં જીવોનાં કેટલા ભેદો છે ?

**ઉત્તર :** જલચર આદિ ગર્ભજ પાંચે પ્રકારનાં જીવોનાં બબ્બે ભેદો હોય છે :

(૧) ગર્ભજ અપર્યાપ્તા જીવો (૨) ગર્ભજ પર્યાપ્તા જીવો.

**પ્રશ્ન ૧૭૩.** સમૂર્ચ્છિમ જીવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવો ગર્ભ વિના સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય તે સમૂર્ચ્છિમ જીવો

કહેવાય છે.

**પ્રશ્ન ૧૭૪.** ભરત ક્ષેત્રમાં ઉત્પન્ન થનારાં સમૂર્ચ્છિમ જીવો ક્યા સમજવા?

**ઉત્તર :** જેમ છાણમાંથી વિંછી ઉત્પન્ન થાય છે તે સમૂર્ચ્છિમ કહેવાય છે. ઉનાળાની ઋતુ પછી સૌ પ્રથમ વરસાદ થાય છે ત્યારે ખાડા ટેકરામાભરાયેલા પાણીમાં દેડકાની ઉત્પત્તિ થઈ જાય છે. તે બધા મોટે ભાગે સમૂર્ચ્છિમ જાણવા. સામાન્ય રીતે મોટા આયુષ્યવાળા સમૂર્ચ્છિમ પર્યાપ્તા તિર્યંચો મનુષ્ય લોકની બહાર હોય છે.

**પ્રશ્ન ૧૭૫.** ગર્ભજ તિર્યંચ જીવો કોને કહેવાય છે?

**ઉત્તર :** ગર્ભથી ઉત્પન્ન થનારા તિર્યંચ જીવોને ગર્ભજ તિર્યંચ જીવો કહેવાય છે. તેનાં ઘણા પ્રકારો છે.

**પ્રશ્ન ૧૭૬.** તિર્યંચ પંચેન્દ્રિયના વીસ ભેદો ક્યા ક્યા થાય છે?

**ઉત્તર :** તિર્યંચ પંચેન્દ્રિયના વીસ ભેદો નીચે પ્રમાણે છે :

(૧) સમૂર્ચ્છિમ જલચર અપર્યાપ્તા (૨) સમૂર્ચ્છિમ જલચર પર્યાપ્તા (૩) સમૂર્ચ્છિમ ચતુષ્પદ અપર્યાપ્તા (૪) સમૂર્ચ્છિમ ચતુષ્પદ પર્યાપ્તા (૫) સમૂર્ચ્છિમ ઉરપરિસર્પ અપર્યાપ્તા (૬) સમૂર્ચ્છિમ ઉરપરિસર્પ પર્યાપ્તા (૭) સમૂર્ચ્છિમ ભુજપરિસર્પ અપર્યાપ્તા (૮) સમૂર્ચ્છિમ ભુજસરિસર્પ પર્યાપ્તા (૯) સમૂર્ચ્છિમ ખેચર અપર્યાપ્તા (૧૦) સમૂર્ચ્છિમ ખેચર પર્યાપ્તા (૧૧) ગર્ભજ જલચર અપર્યાપ્તા (૧૨) ગર્ભજ જલચર પર્યાપ્તા (૧૩) ગર્ભજ ચતુષ્પદ અપર્યાપ્તા (૧૪) ગર્ભજ ચતુષ્પદ પર્યાપ્તા (૧૫) ગર્ભજ ઉરપરિસર્પ અપર્યાપ્તા (૧૬) ગર્ભજ ઉરપરિસર્પ પર્યાપ્તા (૧૭) ગર્ભજ ભુજપરિસર્પ અપર્યાપ્તા (૧૮) ગર્ભજ ભુજપરિસર્પ પર્યાપ્તા (૧૯) ગર્ભજ ખેચર અપર્યાપ્તા (૨૦) ગર્ભજ ખેચર પર્યાપ્તા.

**પ્રશ્ન ૧૭૭. અસંજ્ઞી અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય જીવો કેટલા પ્રકારે હોય છે? ક્યા?**

**ઉત્તર : અસંજ્ઞી** અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય જીવો બે પ્રકારનાં હોય છે :

(૧) લબ્ધિ અપર્યાપ્તા (૨) કરણ અપર્યાપ્તા.

**પ્રશ્ન ૧૭૮.**ગર્ભજ અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય જીવો કેટલા પ્રકારે છે ક્યા?

**ઉત્તર :** ગર્ભજ અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય જીવો બે પ્રકારનાં છે :

(૧) લબ્ધિ અપર્યાપ્તા (૨) કરણ અપર્યાપ્તા.

**કમ્મા-કમ્મગ-ભૂમિ-અંતરદીવા મણુસ્સાય ॥ ૨૩ ॥**

**ભાવાર્થ :** કર્મભૂમિના તથા અકર્મભૂમિના તથા અંતરદ્વિપના એમ મનુષ્યોનાં ત્રણ પ્રકારો છે. ॥ ૨૩ ॥

**પ્રશ્ન ૧૭૯.** મનુષ્યો કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** મનુષ્યો ત્રણ પ્રકારનાં છે. તે આ પ્રમાણે :

(૧) કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા, (૨) અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા,

(૩) અંતરદ્વિપમાં ઉત્પન્ન થયેલા.

**પ્રશ્ન ૧૮૦.** કર્મભૂમિ કોને કહેવાય છે ?

**ઉત્તર :**અસિ-તરવાર વગેરેના મસિ-લેખનકળા વગેરેના અને કૃષિ-ખેતર ખેડવા વગેરેનાં જ્યાં વેપાર હોય છે તે કર્મભૂમિ કહેવાય છે.

**પ્રશ્ન ૧૮૧.** અકર્મભૂમિ કોને કહેવાય છે ?

**ઉત્તર :** જ્યાં અસિ, મસિ, કૃષિનો વેપાર ન હોય તે અકર્મભૂમિ કહેવાય છે.

**પ્રશ્ન ૧૮૨.** અંતરદ્વિપ કોને કહેવાય છે.

**ઉત્તર :** જે ક્ષેત્રો દ્વિપ અને સમુદ્રની વચ્ચે (મધ્યમાં) આવેલા છે તે ક્ષેત્રોને અંતરદ્વિપ કહેવાય છે.

**પ્રશ્ન ૧૮૩.** મનુષ્યક્ષેત્ર કેટલા યોજનનું છે ?

**ઉત્તર :** મનુષ્યક્ષેત્ર પીસ્તાલીસ લાખ (૪૫,૦૦,૦૦૦) યોજનનું છે.

**પ્રશ્ન ૧૮૪.** મનુષ્યોનાં જન્મ મરણ ક્યા ક્યા ક્ષેત્રોમાં થાય છે ?

**ઉત્તર :** મનુષ્યોનાં જન્મ મરણ મનુષ્ય ક્ષેત્રમાં જ થાય છે. જે મનુષ્યક્ષેત્રની બહાર ગયા હોય અને તે જીવનો મરણકાળ નજીક આવવાનો હોય તો તે જીવને મનુષ્યક્ષેત્રમાં પાછા આવવાનો વિચાર આવી જ જાય છે અને તે મનુષ્યક્ષેત્રમાં આવ્યા પછી જ આયુષ્ય પૂર્ણ થાય છે.

**પ્રશ્ન ૧૮૫.** તિર્ચ્છાલોક કેટલો પહોળો છે ?તે તિર્ચ્છાલોકમાં શું શું રહેલુ છે? અને તે કેટલા માપ વાળો હોય છે ?

**ઉત્તર :** તિર્ચ્છાલોક એક રાજ એટલે અસંખ્યાતા ક્રોટાકોટી યોજન પ્રમાણ

પહોળો છે. એ તિર્ચ્છૉલોકમાં અસંખ્યાતા દ્વિપોતથાઅસંખ્યાતસમુદ્રોઆવેલાં છે. દ્વિપ પછી સમુદ્ર પછી દ્વિપ. પછી સમુદ્ર એમ ક્રમસર વલયાકારે આવેલા છે અને તે ક્રમસર ડબલ ડબલ પ્રમાણવાળા છે.

**પ્રશ્ન ૧૮૬.** આ તિર્ચ્છલોક મનુષ્યક્ષેત્ર ક્યાં આવેલું છે તથા એ ક્ષેત્રમાં કેટલા દ્વિપ અને સમુદ્રો હોય છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** આ તિર્ચ્છૉલોકમાં શરૂઆતના પિસ્તાલીસ લાખ યોજન પ્રમાણ રહેલ ક્ષેત્ર તે મનુષ્ય ક્ષેત્ર કહેવાય છે. મનુષ્ય ક્ષેત્રમાં અઢી દ્વિપ અને બે સમુદ્રોનો સમાવેશ થાય છે. (૧) જંબુ, (૨)ધાતકીખંડ અને (૩) અર્ધ પુષ્કરાવર્ત દ્વિપ તથા (૧) લવણ સમુદ્ર, (૨) કાલોદધિ સમુદ્ર એમ બે સમુદ્રો તથા અઢી દ્વિપ આવેલા છે.

**પ્રશ્ન ૧૮૭.** એ પિસ્તાલીશ લાખ યોજન કેવી રીતે જાણવા ?

**ઉત્તર :** મનુષ્ય ક્ષેત્રનાં વ્યાસમાં થતાં પિસ્તાલીશ લાખ યોજન આ પ્રમાણે થાય છે. વચલી સીધી સપાટીથી માપવામાં આવે છે.લવણ સમુદ્ર જંબૂ દ્વિપની પૂર્વ - પશ્ચિમ બન્ને બાજુ બબ્બે લાખ યોજનનો છે. તેથી ૪ લાખ યોજન.ધાતકીખંડ = એ જ રીતે પૂર્વ -પશ્ચિમ ચાર-ચાર લાખ યોજનનો છે તેથી ૮ લાખ યોજન થાય છે. કાલોદધિ સમુદ્ર = પૂર્વ - પશ્ચિમ આઠ - આઠ લાખ યોજનનો છે તેથી ૧૬ લાખ યોજના થાય છે. પુષ્કારાવર્ત દ્વિપ = પૂર્વ - પશ્ચિમ સોળ-સોળ લાખ યોજનનો છે તેથી ૩૨ લાખ યોજન થાય છે તેમાંથી અડધો પુષ્કરાવર્ત દ્વિપ લેવાનો હોવાથી ૧૬ લાખની ગણતરી થાય છે. આ રીતે ૪ + ૮ + ૧૬ + ૧૬ = ૪૪ તથા વચલો ૧ લાખનો જંબૂ દ્વિપ ગણતાં ૪૫ લાખ યોજન થાય.

**પ્રશ્ન ૧૮૮.** આ મનુષ્યક્ષેત્રમાં કર્મભૂમિ કેટલી છે ? કઈ કઈ ?

**ઉત્તર :** આ મનુષ્યક્ષેત્રમાં કર્મભૂમિ ૧૫ (પંદર) છે. પાંચ ભરત,પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ ક્ષેત્ર.

**પ્રશ્ન ૧૮૯.** આ મનુષ્ય ક્ષેત્રમાં પાંચ ભરત ક્યાં ક્યાં આવેલા છે ?

**ઉત્તર :** આ મનુષ્ય ક્ષેત્રમાં જંબૂદ્રીપમાં એક ભરત, ધાતકી ખંડમાં પૂર્વ તથા પશ્ચિમ એમ બે ભરત, પુષ્કરાર્ધદ્રીપમાં પૂર્વ અને પશ્ચિમ એમ બે ભરત. એમ થઈને કુલ પાંચ ભરત આવેલાં છે.

**પ્રશ્ન ૧૯૦.** મનુષ્ય ક્ષેત્રમાં પાંચ ઐરાવત ક્યા ક્યાં આવેલા છે ?

**ઉત્તર :** જંબૂદ્વીપમાં એક ઐરાવત, ધાતકીખંડમાં બે ઐરાવત અને પુષ્કરાર્ધ દ્વીપમાં બે ઐરાવત આવેલાં છે.

**પ્રશ્ન ૧૯૧.** મનુષ્ય ક્ષેત્રમાં પાંચ મહાવિદેહ ક્યાં ક્યાં આવેલા છે ?

**ઉત્તર :** જંબૂદ્વીપમાં એક મહાવિદેહ,ધાતકીખંડમાં બે મહાવિદેહ, અર્ધપુષ્કરાર્ધદ્વીપમાં બે મહાવિદેહ આવેલાં છે.

**પ્રશ્ન ૧૯૨.** જંબૂદ્વીપનું ભરતક્ષેત્ર કેટલા પ્રમાણવાળું છે ?

**ઉત્તર :** જંબૂદ્વીપનું ભરતક્ષેત્ર તે ૫૨૬ યોજન તથા યોજનના ઓગણીસ ભાગ કરીએ તેના છ ભાગ અધિક પ્રમાણવાળું છે એટલે ૫૨૬$\frac{૬}{૧૯}$ ભાગ પ્રમાણવાળું છે.

**પ્રશ્ન ૧૯૩.** ધાતકીખંડના બે ભરતક્ષેત્રો કેટલા પ્રમાણવાળા છે ?

**ઉત્તર :** ધાતકીખંડના ભરતક્ષેત્રોનું પ્રમાણ આ પ્રમાણે જાણવું :-

આદિમાં ૬૬૧૪$\frac{૧૨૯}{૨૧૨}$યોજન

મધ્યમા૧૨૫૮૧$\frac{૩૬}{૨૧૨}$યોજન

અંતમા૧૮૫૪૭$\frac{૧૫૫}{૨૧૨}$યોજન

**પ્રશ્ન ૧૯૪.** પુષ્કરાર્ધદ્વીપના ભરતક્ષેત્રો કેટલા પ્રમાણવાળા છે ?

**ઉત્તર :** પુષ્કરાર્ધદ્વીપમાં રહેલા ભરતક્ષેત્રોનું પ્રમાણ આ પ્રમાણે જાણવું :-

આદિમાં ૪૧૫૭૯$\frac{૧૬૩}{૨૧૨}$યોજન

મધ્યમ૫૩૫૧૨$\frac{૧૯૯}{૨૧૨}$યોજન

અંતમાં ૬૫૪૪૯ $\frac{૧૩}{૨૧૨}$ યોજન જાણવું

**પ્રશ્ન ૧૯૫.** જંબૂદ્વીપમાં રહેલા મહાવિદેહ ક્ષેત્રનું કેટલું પ્રમાણ છે ?

**ઉત્તર :** જંબૂદ્વીપમાં રહેલા મહાવિદેહ ક્ષેત્રનું પ્રમાણ તેત્રીસ હજાર છસો ચોરાશી યોજન તથા એક યોજનના ઓગણીસ ભાગ કરીએ તેવા ચાર ભાગ અધિક છે.

૩૩૬૮૪ $\frac{૪}{૧૯}$ યોજન.

**પ્રશ્ન ૧૯૬.** ઘાતકીખંડ તથા પુષ્કરાર્ધદ્વીપનાં મહાવિદેહ ક્ષેત્રો કેટલા પ્રમાણના છે ?

**ઉત્તર :** ઘાતકીખંડમાં રહેલા મહાવિદેહ ક્ષેત્રોનું પ્રમાણ નીચે મુજબ જાણવું :-

આદિમાં ૪૨૩૩૩૪ $\frac{૨૦૦}{૨૧૨}$ યોજન

મધ્યમાં ૮૦૫૧૯૪ $\frac{૧૮૪}{૨૧૨}$ યોજન

અંતમાં ૧૧૮૭૦૫૪ $\frac{૧૬૮}{૨૧૨}$ યોજન જાણવું

પુષ્કરાર્ધ ક્ષેત્રમાં મહાવિદેહ ક્ષેત્રોનું પ્રમાણ આ પ્રમાણે જાણવું :-

આદિમાં ૨૬૬૧૧૦૮ $\frac{૪૮}{૨૧૨}$ યોજન

મધ્યમ ૩૪૨૪૮૨૮ $\frac{૧૬}{૨૧૨}$ યોજન

અંતમાં ૪૧૮૮૫૪૭ $\frac{૧૯૬}{૨૧૨}$ યોજન હોય છે.

**પ્રશ્ન ૧૯૭.** અકર્મભૂમિઓના ક્ષેત્રો કેટલા છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** અકર્મભૂમિઓના ક્ષેત્રો ત્રીસ છે. તે આ પ્રમાણે, પાંચ હિમવંત ક્ષેત્રો, પાંચ હૈરણ્યવંત ક્ષેત્રો, પાંચ હરિવર્ષ ક્ષેત્રો, પાંચ રમ્યક્ ક્ષેત્રો, પાંચ દેવકુરૂ ક્ષેત્રો, પાંચ ઉત્તરકુરૂ ક્ષેત્રો, એમ ત્રીસ અકર્મભૂમિઓનાં ક્ષેત્રો છે.

પ્રશ્ન ૧૯૮. ત્રીસ અકર્મભૂમિઓમાંથી જંબૂદ્વિપમાં કેટલી અકર્મભૂમિઓ છે?

ઉત્તર : ત્રીસ અકર્મભૂમિઓમાંથી જંબૂદ્વિપમાં ૬ અકર્મભૂમિઓ છે (૧) હિમવંતક્ષેત્ર, (૨) હરિવર્ષક્ષેત્ર, (૩) દેવકુરૂક્ષેત્ર, (૪) ઉત્તર-કુરૂક્ષેત્ર, (૫) રમ્યકક્ષેત્ર, (૬) હૈરણ્યવંત એમ છ અકર્મભૂમિ છે.

પ્રશ્ન ૧૯૯. ધાતકીખંડ તથા પુષ્કરાર્ધદ્વિપમાં કેટલી કેટલી અકર્મભૂમિઓ છે ? કઈ કઈ ?

ઉત્તર : ધાતકીખંડ તથા પુષ્કરાર્ધદ્વિપમાં બાર બાર અકર્મભૂમિઓ છે. તે આ પ્રમાણે : બે હિમવંત, બે હરિવર્ષ, બે દેવકુરૂ, બે ઉત્તરકુરૂ, બે હૈરણ્યવંત તથા બે રમ્યક્ એમ કુલ બાર અકર્મભૂમિઓ છે.

પ્રશ્ન ૨૦૦. અંતર દ્વિપોમાં ક્ષેત્રો ક્યા ક્યા આવેલા છે ?

ઉત્તર : હિમવંત પર્વતની પૂર્વ બાજુ તથા પશ્ચિમ બાજુ પહાડના બબ્બે છેડા ઉત્તર-દક્ષિણ રૂપે હાથીની સૂંઢની જેમ નીકળેલા છે તેથી કુલ ચાર છેડા થાય છે. તે એક-એક છેડા ઉપર સાત-સાત દ્વિપો આવેલા છે તેથી કુલ ૨૮ દ્વિપો થાય છે. એ જ રીતે શિખરી પર્વતની પૂર્વ બાજુ તથા પશ્ચિમ બાજુ બબ્બે છેડા પર્વતના નીકળેલા છે તે ઉત્તર દક્ષિણ હાથીની સૂંઢની જેમ નીકળેલા છે તેથી ચાર છેડા થાય છે. તે દરેક છેડા ઉપર સાત-સાત દ્વિપ હોવાથી ૪ x ૭ = ૨૮ દ્વિપો થાય છે ૨૮ + ૨૮ = ૫૬ દ્વિપો થાય છે આ કારણથી તેને અંતર દ્વિપો કહેવાય છે.

પ્રશ્ન ૨૦૧. ક્ષેત્રજન્ય મનુષ્યોનાં ભેદો કેટલા છે ? ક્યા ક્યા ?

ઉત્તર : ક્ષેત્રજન્ય ભેદો એટલે કે જે ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો હોય તે ક્ષેત્રવાળા મનુષ્યો ગણાય. એ અપેક્ષા એ ક્ષેત્રજન્ય મનુષ્યના એકસો એક ભેદ છે.પંદર કર્મભૂમિનાં મનુષ્યો, ત્રીસ અકર્મભૂમિનાં મનુષ્યો અને છપ્પન અંતરદ્વિપનાં મનુષ્યો થઈને કુલ ૧૫ + ૩૦ + ૫૬ = ૧૦૧ (એકસો એક) થાય છે.

પ્રશ્ન ૨૦૨. મનુષ્યોનાં કુલ ભેદો કેટલાં થાય છે ? ક્યા ક્યા ?

ઉત્તર : મનુષ્યોના કુલ ત્રણસો ત્રણ (૩૦૩) ભેદો છે. તે આ પ્રમાણે : ગર્ભજ અપર્યાપ્તા મનુષ્યો એકસો એક (૧૦૧) ભેદ, ગર્ભજ પર્યાપ્તા મનુષ્યો એકસો

એક (૧૦૧) ભેદ તથા સમૂર્ચ્છિમ અપર્યાપ્તા એકસો એક (૧૦૧) ભેદ.

**પ્રશ્ન ૨૦૩.** કર્મભૂમિના ગર્ભજ અપર્યાપ્તા જીવોનાં કેટલા ભેદો છે ? ક્યા ?

**ઉત્તર :** કર્મભૂમિના ગર્ભજ અપર્યાપ્તા જીવો બે પ્રકારનાં છે :
(૧) લબ્ધિ અપર્યાપ્તા (૨) કરણ અપર્યાપ્તા.

## દેવોના ભેદોનું વર્ણન

**દસહા ભવણાઈ-વઈ અટ્ઠવિહા વાણમંતરા હુંતિ ।**
**જોઈ સિયા પંચવિહા દુવિહા વેમાણિયા દેવા ॥ ૨૪ ॥**

**ભાવાર્થ :** દશ ભવનપતિ, આઠ વ્યંતર, પાંચ જયોતિષી તથા બે પ્રકારનાં વૈમાનિકના દેવો કહેલા છે. ॥ ૨૪ ॥

**પ્રશ્ન ૨૦૪.** દેવોના મુલભેદો કેટલા છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** દેવોના મુલભેદો ચાર છે તે આ પ્રમાણે : (૧) ભવનપતિના દેવો (૨) વ્યંતરના દેવો (૩) જયોતિષીનાં દેવો (૪) વૈમાનિકના એટલે કે વિમાનમાં રહેતા દેવો.

**પ્રશ્ન ૨૦૫.** ભવનપતિનાં દેવો કેટલા પ્રકારનાં છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ભવનપતિના દેવોની જાતિ અસુરકુમાર વિગેરે દશ પ્રકારની છે. તે અપેક્ષાએ દશ પ્રકારે છે તથા પંદર (૧૫) પરમાધામી દેવોનો સમાવેશ આ દેવતાની જાતિમાં થાય છે. તેથી પરમાધામી દેવોના ભેદ સહિત ભવનપતિનાં પચ્ચીસ (૨૫) ભેદો કહેવાય છે.

**પ્રશ્ન ૨૦૬ :** વ્યંતર જાતિનાં દેવો કેટલા પ્રકારના છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** વ્યંતર જાતિના દેવો આઠ (૮) પ્રકારનાં છે તથા આ જાતિની વિશેષમાં વાણ વ્યંતર દેવોની જાતિ છે. તેના પણ આઠ (૮) પ્રકાર છે. તિર્યગજાંભક દેવતાઓની જાતિનો આ જાતિમાં સમાવેશ થતો હોવાથી તિર્યગજાંભક દેવો દશ (૧૦) પ્રકારનાં છે. એટલે કુલ વ્યંતરના ભેદો છવ્વીસ (૨૬) થાય છે.

**પ્રશ્ન ૨૦૭.** જયોતિષી દેવોનાં કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** જયોતિષી દેવોનાં પાંચ ભેદો મુખ્ય છે. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચેય વિમાનોમાં રહેતા દેવતાઓ પાંચ જાતિ વિશેષના નામથી

ઓળખાય છે. આ પાંચેય વિમાનો મનુષ્ય ક્ષેત્રોમાં ચર (ફરતાં) હોવાથી તેના પાંચ ભેદો ગણાય છે. અને મનુષ્યલોક (ક્ષેત્રની) બહાર એ પાંચેય વિમાનો સ્થિર હોવાથી તે પાંચ ભેદ જુદા ગણાતા હોવાથી કુલ જયોતિષી દેવોના દશ (૧૦) ભેદો થાય છે.

**પ્રશ્ન ૨૦૮.** વૈમાનિક દેવોનાં ભેદો કેટલા છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** વૈમાનિક દેવોનાં મુખ્ય ભેદ બે છે. તે આ પ્રમાણે

(૧)કલ્પોપન્ન વૈમાનિક દેવો (૨) કલ્પાતિત વૈમાનિક દેવો.

**પ્રશ્ન ૨૦૯.** કલ્પોપન્ન વૈમાનિક દેવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** વૈમાનિકના દેવલોકમાં સ્વામી, સેવક આદિનો મનુષ્યલોક પ્રમાણે વ્યવહાર ચાલતો હોવાથી કલ્પોપન્ન વૈમાનિક દેવો કહેવાય છે.

**પ્રશ્ન ૨૧૦.** કલ્પાતિત વૈમાનિક દેવો કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે વૈમાનિક દેવલોકમાં સ્વામી સેવક આદિનો મનુષ્યલોક પ્રમાણે વ્યવહાર ચાલતો ન હોય તે કલ્પાતિત વૈમાનિક દેવો કહેવાય છે.

**પ્રશ્ન ૨૧૧.** દેવો લબ્ધિ અપર્યાપ્તા હોય છે કે કરણ અપર્યાપ્તા ?

**ઉત્તર :** દેવો નિયમા કરણ અપર્યાપ્તા જ હોય છે.

**પ્રશ્ન ૨૧૨.** કલ્પોપન્ન વૈમાનિક દેવોનાં કેટલા ભેદો છે ક્યા ક્યા ?

ઉત્તર : કલ્પોપન્ન વૈમાનિક દેવોનાં ચોવીસ (૨૪) ભેદો થાય છે તે આ પ્રમાણે : સૌધર્માદિ બાર દેવલોકનાં, ત્રણ કલ્પોપન્ન, નવ લોકાંતિકદેવોના કુલ ૨૪ થાય.

**પ્રશ્ન ૨૧૩.** કલ્પાતીત વૈમાનિક દેવોનાં કેટલા ભેદો થાય છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** કલ્પાતીત વૈમાનિક દેવોનાં ચૌદ (૧૪) ભેદો થાય છે.તે આ પ્રમાણે : નવગ્રૈવેયકના દેવોના નવ ભેદો તથા પાંચ અનુત્તર દેવોના પાંચ ભેદો થઈને ચૌદ ભેદો થાય છે.

**પ્રશ્ન ૨૧૪.** દેવોનાં કુલ ભેદો કેટલા થાય છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** દેવોનાં કુલ એકસો અઠ્ઠાણું (૧૯૮) ભેદો થાય છે.

ભવનપતિ દેવોના ૫૦ ભેદો = ૨૫ પર્યાપ્તા + ૨૫ અપર્યાપ્તા

વ્યંતર દેવોના ૫૨ ભેદો = ૨૬ પર્યાપ્તા + ૨૬ અપર્યાપ્તા
જ્યોતિષી દેવોના ૨૦ ભેદો = ૧૦ પર્યાપ્તા + ૧૦ અપર્યાપ્તા
વૈમાનિક દેવોના ૭૬ ભેદો = ૩૮ પર્યાપ્તા + ૩૮ અપર્યાપ્તા
એમ કુલ ૫૦ + ૫૨ + ૨૦ + ૭૬ = ૧૯૮ ભેદો થાય છે.

**પ્રશ્ન ૨૧૫.** જીવોનાં પાંચસો ત્રેસઠ (૫૬૩) ભેદો ક્યા ક્યા થાય છે ?

**ઉત્તર :** જીવોનાં પાંચસો ત્રેસઠ (૫૬૩) ભેદો નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| સ્થાવર જીવોના (એકેન્દ્રિયના) | ૨૨ ભેદ |
| વિકલેન્દ્રિય જીવોના | ૬ ભેદ |
| પંચેન્દ્રિય તિર્યંચ જીવોના | ૨૦ ભેદ |
| સાત નારકીના જીવોના | ૧૪ ભેદ |
| મનુષ્યોના | ૩૦૩ ભેદ |
| દેવલોકમાં રહેતા દેવોના | ૧૯૮ ભેદ |
| | કુલ ૫૬૩ ભેદ |

**પ્રશ્ન ૨૧૬.** આ પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં અપર્યાપ્તા જીવોનાં કેટલા ભેદો થાય છે ?

**ઉત્તર :** આ પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં કુલ (૩૩૨) ત્રણસો બત્રીસ અપર્યાપ્તા જીવોના ભેદો હોય છે તે આ પ્રમાણે :

| | |
|---|---|
| સ્થાવર જીવોના | ૧૧ ભેદ |
| વિકલેન્દ્રિયના | ૩ ભેદ |
| તિર્યંચ પંચેન્દ્રિયના | ૧૦ ભેદ |
| નારકીના | ૭ ભેદ |
| મનુષ્યના | ૨૦૨ ભેદ |
| તથા દેવતાના | ૯૯ ભેદ |
| એમ કુલ = | ૩૩૨ ભેદ |

**પ્રશ્ન ૨૧૭.** પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં પર્યાપ્તા જીવોના કેટલા ભેદો હોય છે ? ક્યા ક્યા ?

**ઉત્તર** : પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં ૨૩૧ પર્યાપ્તા જીવોના ભેદો હોય છે તે આ પ્રમાણે: સ્થાવર જીવોના ૧૧ ભેદ, વિકલેન્દ્રિયના ૩ ભેદ, તિર્યંચ પંચેન્દ્રિયના ૧૦ ભેદ, નારકીનાં ૭ ભેદ, મનુષ્યના ૧૦૧ ભેદ, દેવતાના ૯૯ ભેદ. એમ કુલ ૧૧ + ૩ + ૧૦ + ૭ + ૧૦૧ + ૯૯ = ૨૩૧ પર્યાપ્તાના ભેદો થાય છે.

**પ્રશ્ન ૨૧૮.** પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં ગર્ભજ જીવોના કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર** : પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં ગર્ભજ જીવોના ૨૧૨ ભેદો છે તે આ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિયના ૧૦ તથા મનુષ્યના ૨૦૨ ભેદો થઈને ૨૧૨ ભેદો થાય છે.

**પ્રશ્ન ૨૧૯.** પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં સમૂર્ચ્છિમ જીવોના કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર** : પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં સમૂર્ચ્છિમ જીવોના ૧૩૯ ભેદો છે તે આ પ્રમાણે : સ્થાવર જીવોના ૨૨ ભેદ, વિકલેન્દ્રિયનાં ૬ ભેદ, તિર્યંચ પંચેન્દ્રિયનાં ૧૦ ભેદ તથા મનુષ્યના ૧૦૧ ભેદ એમ કુલ ૨૨ + ૬ + ૧૦ + ૧૦૧ = ૧૩૯ ભેદો થાય છે.

**પ્રશ્ન ૨૨૦.** પાંચંસો ત્રેસઠ (૫૬૩) ભેદોમાં ગર્ભજ યા સમૂર્ચ્છિમ ન હોય તેવા કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર** : પાંચંસો ત્રેસઠ (૫૬૩) ભેદોમાં ગર્ભજ યા સમૂર્ચ્છિમ ન હોય તેવા ૨૧૨ ભેદો થાય છે તે આ પ્રમાણે નારકીના ૧૪ ભેદ તથા દેવોનાં ૧૯૮ ભેદો થઈને ૨૧૨ થાય છે.

**પ્રશ્ન ૨૨૧.** ગર્ભજ અપર્યાપ્તા જીવોના કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર** : ગર્ભજ અપર્યાપ્તા જીવોના ૧૦૬ ભેદો છે. તે આ પ્રમાણે : ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયના પાંચ અને મનુષ્યના ૧૦૧ ભેદ છે.

**પ્રશ્ન ૨૨૨.** ગર્ભજ પર્યાપ્તા જીવોના કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર** : ગર્ભજ પર્યાપ્તા જીવોના ૧૦૬ ભેદ છે તે આ પ્રમાણે :
ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયના પાંચ તથા મનુષ્યના ૧૦૧.

**પ્રશ્ન ૨૨૩.** સમૂર્ચ્છિમ અપર્યાપ્તા પંચેન્દ્રિય જીવોના કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** સમૂર્ચ્છિમ અપર્યાપ્તા પંચેન્દ્રિય જીવોના ૧૦૬ ભેદો છે. તે આ પ્રમાણે : સમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયના પાંચ ભેદ તથા મનુષ્યના ૧૦૧ ભેદ.

**પ્રશ્ન ૨૨૪.** પાંચસો ત્રેસઠ (૫૬૩)માં લબ્ધિ અપર્યાપ્તા જ હોય તેવા જીવોના કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** પાંચસો ત્રેસઠ (૫૬૩)માં લબ્ધિ અપર્યાપ્તા જ હોય તેવા ૧૦૧ ભેદ છે. સમૂર્ચ્છિમ (અસંજ્ઞી) અપર્યાપ્તાના જ હોય છે.

**પ્રશ્ન ૨૨૪/૧.** ૫૬૩ જીવભેદમાંથી લબ્ધિ અપર્યાપ્તા જીવો કેટલા છે ? ક્યા ?

ઉત્તર : લબ્ધિ અપર્યાપ્તા જીવો ૧૪૦ છે તે આ પ્રમાણે :

| | |
|---|---|
| સ્થાવર જીવોનાં | ૧૧ |
| વિકલેન્દ્રિયનાં | ૩ |
| પંચેન્દ્રિય તિર્યંચનાં | ૧૦ |
| સમૂર્ચ્છિમ મનુષ્યનાં | ૧૦૧ |
| કર્મભૂમિ ગર્ભજ અપર્યા. | ૧૫ |
| | ૧૪૦ |

**પ્રશ્ન ૨૨૪/૨.** લબ્ધિ અપર્યાપ્તા જ હોય તેવા જીવો કેટલા છે ? ક્યા ?

**ઉત્તર :** લબ્ધિ અપર્યાપ્તા જ હોય તેવા ૧૦૧ ભેદો છે. સમૂર્ચ્છિમ અપર્યાપ્તા મનુષ્યો ૧૦૧.

**પ્રશ્ન ૨૨૫.** પાંચસો ત્રેસઠ (૫૬૩)માં કરણ અપર્યાપ્તા જ હોય તેવા જીવોના કેટલા ભેદો છે ?

**ઉત્તર :** પાચંસો ત્રેસઠ (૫૬૩)માં કરણ અપર્યાપ્તા જ હોય તેવા જીવોના ૧૦૬ ભેદો છે તે આ પ્રમાણે છે : સાત અપર્યાપ્તા નારકીના તથા અપર્યાપ્તા દેવતાના ૯૯ ભેદ તથા વિવક્ષાથી ગણીએ તો ૧૯૨ ભેદો થઈ શકે છે. ત્રીસ (૩૦) અકર્મભૂમિના અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યના ત્રીસ (૩૦) તથા ૫૬ અંતરદ્વિપ અપર્યાપ્તા મનુષ્ય ૫૬ની અપેક્ષાએ ગણીએ તો તે કરણ અપર્યાપ્તા કહી શકાય

છે. તેથી ૮૬ અધિક કરતાં ૧૯૨ થાય છે.

**પ્રશ્ન ૨૨૫/૧.** ૫૬૩ જીવભેદમાંથી કરણ અપર્યાપ્તા જીવો કેટલાં છે ક્યા ?

**ઉત્તર :** કરણ અપર્યાપ્તા જીવો ૨૩૧ છે તે આ પ્રમાણે :

| | |
|---|---|
| સ્થાવર જીવોનાં | ૧૧ |
| વિકલેન્દ્રિયનાં | ૩ |
| પંચે. તિર્યંચના | ૧૦ |
| મનુષ્ય ગર્ભજ અપર્યા. | ૧૦૧ |
| દેવતાનાં | ૯૯ |
| નારકીના | ૭ |
| કુલ | ૨૩૧ |

**પ્રશ્ન ૨૨૫/૨.** કરણ અપર્યાપ્તા જ હોય એવા જીવભેદો કેટલા છે ?

**ઉત્તર :** કરણ અપર્યાપ્તા જ હોય એવા ૧૯૨ જીવો છે.

| | |
|---|---|
| ૫૬ અંતરદ્વિપ અપર્યાપ્તા | ૫૬ |
| અકર્મભૂમિ મનુષ્યો અપર્યાપ્તા | ૩૦ |
| દેવતાનાં | ૯૯ |
| નારકીનાં | ૭ |
| કુલ | ૧૯૨ |

**પ્રશ્ન ૨૨૬.** લબ્ધિ અપર્યાપ્તા તથા કરણ અપર્યાપ્તા બંને હોઈ શકે તેવા જીવોના કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** લબ્ધિ અપર્યાપ્તા તથા કરણ અપર્યાપ્તા બંને હોઇ શકે એવા જીવોના ૧૨૫ અથવા ૩૯ ભેદો છે તે આ પ્રમાણે : અપર્યાપ્તા સ્થાવરના ૧૧ ભેદ, અપર્યાપ્તા વિકલેન્દ્રિયના ૩ ભેદ, તિર્યંચ પંચેન્દ્રિયના ૧૦ ભેદ, અપર્યાપ્તા મનુષ્યના ૧૦૧ ભેદ કુલ ૧૨૫ ભેદ થયા. તેમાં અપર્યાપ્તા ૫૬ અંતરદ્વિપ, ૩૦ અકર્મભૂમિની વિવક્ષા ન કરીએ તો આ ૮૬ ભેદ ઓછા કરતાં ૩૯ ભેદ થાય છે.

**પ્રશ્ન ૨૨૭.**પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં પર્યાપ્તા સમૂર્ચ્છિમ જીવોનાકેટલા ભેદો છે. ક્યા ક્યા ?

**ઉત્તર :** પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં પર્યાપ્તા સમૂર્ચ્છિમ જીવોના ઓગણીસ ભેદો છે. તે આ પ્રમાણે : પર્યાપ્તા સ્થાવર જીવોના ૧૧, પર્યાપ્તા વિકલેન્દ્રિય જીવોના ૩, પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય જીવોના ૫ કુલ ૧૯ ભેદો છે.

**પ્રશ્ન ૨૨૮.**પાંચસો ત્રેસઠ (૫૬૩) ભેદોમાંથી બાદર જીવો કેટલા છે ?

**ઉત્તર :** પાંચસો ત્રેસઠ (૫૬૩) ભેદોમાંથી બાદર જીવો પાંચસો ત્રેપન (૫૫૩) હોય છે. તે આ પ્રમાણએ : સ્થાવર જીવોનાં ૧૨, વિકલેન્દ્રિયના ૬, તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦, મનુષ્યના ૩૦૩, દેવતાના ૧૯૮, નારકીના ૧૪ થઈને પાંચસો ત્રેપન (૫૫૩) ભેદો થાય છે.

**પ્રશ્ન ૨૨૯.** પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાંથી સૂક્ષ્મ જીવોનાં કેટલા ભેદ છે?

**ઉત્તર :** પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાંથી સૂક્ષ્મ જીવોના દશ ભેદ છે. તે આ પ્રમાણે. સૂક્ષ્મ પૃથ્વીકાયાદી પાંચ પર્યાપ્તા-અપર્યાપ્તા.

**પ્રશ્ન ૨૩૦.** પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં સ્થાવર જીવોના કેટલા ભેદો છે ?

**ઉત્તર :** પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં સ્થાવર જીવોનાં બાવીશ (૨૨) ભેદો છે.

**પ્રશ્ન ૨૩૧.** પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં ત્રસ જીવોનાં કેટલા ભેદો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં ત્રસ જીવોનાં ૫૪૧ ભેદો હોય છે. તે આ પ્રમાણે : વિકલેન્દ્રિયનાં ૬, તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦, મનુષ્યનાં ૩૦૩, નારકીના ૧૪ અને દેવતાના ૧૯૮ ભેદ આ સંસારી જીવોના ભેદોનું વર્ણન સમાપ્ત થયું.

## સિદ્ધના જીવોનાં ભેદોનું વર્ણન

**સિદ્ધા પનરસ ભેયા તિત્થા-તિત્થાઈ સિદ્ધભેએણં ।**
**એ એ સંખેવેણં જીવ વિગપ્પા સમક્ખાયા ॥ ૨૫ ॥**

**ભાવાર્થ :** સિદ્ધ જીવોનાં પંદર ભેદો કહેલા છે. તીર્થ સિદ્ધ, અતીર્થ સિદ્ધ વગેરે. સંક્ષેપથી સિદ્ધનાં જીવોના ભેદોનું વર્ણન જાણવું. આ રીતે જીવોનાં ભેદોનું વર્ણન

સંક્ષેપથી પૂર્ણ થયું. ॥ ૨૫ ॥

**પ્રશ્ન ૨૩૨. સિદ્ધના જીવો કેટલા પ્રકારે છે ? ક્યા ક્યા ?**

**ઉત્તર :** સિદ્ધના જીવો સામાન્ય રીતે સિદ્ધિગતિમાં બધા એક જ પ્રકારનાં હોય છે. પણ સિદ્ધોની પૂર્વ અવસ્થાની અપેક્ષાએ તેના પંદર ભેદ પાડવામાં આવેલા છે. તે આ પ્રમાણે : તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, એકસિદ્ધ, અનેકસિદ્ધ વગેરે કહ્યાં છે. જેનું વર્ણન આગળ નવતત્વમાં કહેવાશે માટે અત્રે સંક્ષેપથી જાણવા એમ કહેલ છે. આ રીતે જીવોના ભેદોનું વર્ણન પૂરૂં થયું.

**એએસિં જીવાણં શરીર-માઉ ઠિઈ સકાયમ્મિ ।**
**પાણા જોણિ પ્રમાણં જેસિં જં અત્થિતં ભણિમો ॥ ૨૬ ॥**

**ભાવાર્થ :** એ જીવોનાં ભેદોની શરીરની ઉંચાઈ, આયુષ્ય, સ્વકાય સ્થિતિ, પ્રાણ તથા યોની જે પ્રમાણે સૂત્રોમાં કહેલાં છે તે મુજબ કહીએ છીએ. ॥ ૨૬ ॥

**પ્રશ્ન ૨૩૩.** પાચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં કેટલા દ્વારો કહેવાનાં છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદોમાં પાંચ દ્વારોનું વર્ણન કરાય છે. તે આ પ્રમાણે : (૧) શરીરની ઉંચાઈ = જીવોનાં શરીરની ઉંચાઈ, (૨) આયુષ્ય = જીવોને વધારે યા ઓછું કેટલું આયુષ્ય હોય તે, (૩) સ્વકાયસ્થિતિ, (૪) પ્રાણો, (૫) યોનિદ્વાર.

**પ્રશ્ન ૨૩૪. સ્વકાયસ્થિતિ કોને કહેવાય છે ?**

**ઉત્તર :** જે જીવો જેમાં ઉત્પન્ન થાય છે, તેમાંને તેમાં એટલે તેને તે કાયામાં કેટલા કાળ સુધી ઉત્પન્ન થઈ શકે તેનો જે વિચાર કરવો તે સ્વકાયસ્થિતિ કહેવાય છે.

**પ્રશ્ન ૨૩૫.** પ્રાણ કોને કહેવાય ?

**ઉત્તર :** અત્રે દ્રવ્યપ્રાણોની વિવક્ષા કરેલી છે. માટે જે જીવોને ટકાવી રાખે અથવા જ્યાં ઉત્પન્ન થયા પછી જીવવા માટેની જે શક્તિ પેદા કરાવી શકે (જીવ પોતે કરે) તે દ્રવ્યપ્રાણ કહેવાય છે.

**પ્રશ્ન ૨૩૬.** યોની કોને કહેવાય ?

**ઉત્તર :** જીવને ઉત્પન્ન થવાના સ્થાન તે યોની કહેવાય છે. જે યોનીના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન એક સરખા હોય તેને એક યોની કહેવાય છે.

## શરીરની ઊંચાઈનું વર્ણન

**અંગુલ અસંખ ભાગો શરીર-મેગિંદિયાણ સવ્વેસિં ।**
**જોયણ સહસ્સ મહિયં નવર પત્તેયરૂક્ખાણં ॥ ૨૭ ॥**

**ભાવાર્થ :** સઘળા એકેન્દ્રિય જીવોના શરીરની ઊંચાઈ અંગુલના અસંખ્યાત ભાગ જેટલી હોય છે. માત્ર એક બાદર પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાય જીવોની ઉત્કૃષ્ટ શરીરની ઊંચાઈ એક હજાર યોજનથી કાંઈક અધિક છે. ॥ ૨૭ ॥

**પ્રશ્ન ૨૩૭.** સ્થાવરના બાવીસ ભેદોમાંથી એકવીસ ભેદોના જીવોની શરીરની ઊંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** સ્થાવરના બાવીસ ભેદોમાંથી પર્યાપ્તા પ્રત્યેક બાદર વનસ્પતિકાયને છોડીને બાકીના ૨૧ ભેદોના જીવોની શરીરની ઊંચાઈ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

**પ્રશ્ન ૨૩૮.** સૂક્ષ્મ નિગોદના જીવોના શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** સૂક્ષ્મ નિગોદના જીવોના શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

**પ્રશ્ન ૨૩૯.** એક સૂક્ષ્મ વાયુકાય જીવના શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** અનંતા સૂક્ષ્મ વનસ્પતિકાય જીવોના શરીરની જે અવગાહના છે. એટલે કે અનંતા જીવોનું જે એક શરીર છે. એટલી એક સૂક્ષ્મ વાયુકાય જીવની અવગાહના છે.

**પ્રશ્ન ૨૪૦.** એક સૂક્ષ્મ તેઉકાયના જીવની શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** અસંખ્યાતા સૂક્ષ્મ વાયુકાય જીવોના શરીરની જે અવગાહના તે એક સૂક્ષ્મ તેઉકાય જીવના શરીરની અવગાહના છે.

**પ્રશ્ન ૨૪૧.** સૂક્ષ્મ અપકાયના જીવના શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** અસંખ્યાતા સૂક્ષ્મ તેઉકાય જીવોના શરીરની જે અવગાહના હોય છે તેટલી એક સૂક્ષ્મ અપકાય જીવના શરીરની અવગાહના છે.

**પ્રશ્ન ૨૪૨.** એક સૂક્ષ્મ પૃથ્વીકાય જીવના શરીરની અવગાહના કેટલી છે ?

ઉત્તર : અસંખ્યાતા સૂક્ષ્મ અપકાય જીવોના શરીરની જેટલી અવગાહના છે તેટલી એક સૂક્ષ્મ પૃથ્વીકાય જીવના શરીરની છે.

**પ્રશ્ન ૨૪૩.** એક બાદર વાયુકાય જીવના શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** અસંખ્યાતા સૂક્ષ્મ પૃથ્વીકાય જીવોના શરીરની જેટલી અવગાહના છે તેટલી એક બાદર વાયુકાય જીવની અવગાહના છે.

**પ્રશ્ન ૨૪૪.** એક બાદર તેઉકાય જીવના શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** અસંખ્યાતા બાદર વાયુકાય જીવોના શરીરની જેટલી અવગાહના છે તેટલી એક બાદર તેઉકાય જીવની અવગાહના છે.

**પ્રશ્ન ૨૪૫.** એક બાદર અપકાય જીવના શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** અસંખ્યાતા બાદર વાયુકાય જીવના શરીરની જેટલી અવગાહના છે તેટલી એક બાદર અપકાય જીવના શરીરની અવગાહના છે.

**પ્રશ્ન ૨૪૬.** એક બાદર પૃથ્વીકાય જીવના શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** અસંખ્યાતા બાદર અપકાય જીવના શરીરની જેટલી અવગાહના છે તેટલી એક બાદર પૃથ્વીકાય જીવની અવગાહના છે.

**પ્રશ્ન ૨૪૭.** બાદર નિગોદના જીવના શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** અસંખ્યાતા બાદર પૃથ્વીકાય જીવોના શરીરની જેટલી અવગાહના છે તેટલી એક બાદર નિગોદના જીવની શરીરની અવગાહના છે.

**પ્રશ્ન ૨૪૮.** ક્રમસર મોટું મોટું દરેકનું શરીર છે છતાં અંગુલનો અસંખ્યાતમો ભાગ શાથી કહ્યો છે ?

ઉત્તર : દરેક જીવોના શરીરની અવગાહનામાં ફેરફાર છે તો ફેરફાર દરેકનું અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું શરીર સમજવું પણ તે તે જીવના શરીર કરતાં અવગાહના મોટી સમજવી કારણ કે અંગુલના અસંખ્યાતમા ભાગના પણ અસંખ્યાતા ભેદો થઈ શકે છે. માટે વિરોધ નથી પણ આ ગણના ઘટી શકે તેમ છે.

**પ્રશ્ન ૨૪૯.** પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય જીવોના શરીરની ઊંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય જીવોના શરીરની ઊંચાઈ હજાર યોજનથી કંઈક અધિક છે.

**બારસ જોયણ તિન્નેવ ગાઉઆ જોયણં ચ અણુક્કમસો ।**
**બેઈન્દ્રિય તેઈંદિય ચઉરિંદિયદેહમુચ્ચત્તં ॥ ૨૮ ॥**

**ભાવાર્થ :** બેઇન્દ્રિય જીવોના શરીરની ઉંચાઈ ૧૨ યોજન, તેઇન્દ્રિય જીવોના શરીરની ઊંચાઈ ત્રણ ગાઉ તથા ચઉરિન્દ્રિય જીવોના શરીરની ઊંચાઈ એક યોજનની હોય છે. ॥ ૨૮ ॥

**પ્રશ્ન ૨૫૦.** અપર્યાપ્તા વિકલેન્દ્રિય જીવોના શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** અપર્યાપ્તા વિક્લેન્દ્રિય (એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય) જીવોના શરીરની ઊંચાઈ અગુલના અસંખ્યાતમા ભાગ જેટલી હોય છે.

**પ્રશ્ન ૨૫૧.** પર્યાપ્તા બેઇન્દ્રિય જીવોનાં શરીરની ઊંચાઈ કેટલી હોય છે ?

**ઉત્તર :** પર્યાપ્તા બેઇન્દ્રિય જીવોનાં શરીરની ઊંચાઈ વધારેમાં વધારે ૧૨ (બાર) યોજનની છે.

**પ્રશ્ન ૨૫૨.** આટલી બધી મોટી કાયાવાળા જીવો ક્યાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** આટલી મોટી કાયાવાળા બેઇન્દ્રિય જીવો અઢી દ્રિપની બહારના દ્વિપોમાં તથા સમુદ્રોમાં ઉત્પન્ન થઈ શકે છે.

**પ્રશ્ન ૨૫૩.** પર્યાપ્તા તેઇન્દ્રિય જીવોની ઊંચાઈ કેટલી હોય છે ?

**ઉત્તર :** પર્યાપ્તા તેઇન્દ્રિય જીવોના શરીરની ઊંચાઈ વધારેમાં વધારે ત્રણ ગાઉની છે.

**પ્રશ્ન ૨૫૪.** ત્રણ ગાઉની અવગાહનાવાળા તેઇન્દ્રિય જીવો ક્યાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** ત્રણ ગાઉની કાયાવાળા તેઇન્દ્રિય જીવો પ્રાયઃ કરીને મનુષ્યલોકની બહારના દ્વિપો તથા સમુદ્રોમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૨૫૫.** પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવોના શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવોના શરીરની અવગાહના વધારેમાં વધારે એક યોજનની હોય છે.

**પ્રશ્ન ૨૫૬.** એક યોજનની કાયાવાળી માખી વિગેરે જીવો ક્યા રહેલા

હોય છે ?

ઉત્તર : એક યોજનની કાયાવાળી માખી વિગેરે જીવો મનુષ્યલોકની બહાર હોય છે.

**ધણુસય પંચપમાણા નેરઈયા સત્તમાઈ પુઢવીએ ।**
**તત્તો અદ્ધદ્ધુણા નેયા રયણપ્પહા જાવ ॥ ૨૯ ॥**

**ભાવાર્થ** : સાતમી નારકીનાં પર્યાપ્તા જીવોની ઊંચાઈ ૫૦૦ ધનુષની હોય છે.ત્યાર પછી ક્રમસર અડધી અડધી કરતાં છેલ્લે રત્નપ્રભા એટલે પહેલી નારકીના જીવોનાં શરીરની ઊંચાઈ ૭ાા ધનુષ અને ૬ અંગુલ જાણવી.॥૨૯॥

**પ્રશ્ન ૨૫૭.** અપર્યાપ્તા નારકીના જીવોનાં શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર** : અપર્યાપ્તા સાતેય નારકીના જીવોનાં શરીરની અવગાહના ઉત્પત્તિના પ્રથમ સમયે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

**પ્રશ્ન ૨૫૮.** પર્યાપ્તા સાતેય નારકીના જીવોનાં શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર** : પર્યાપ્તા સાતેય નારકીના જીવોનાં શરીરની અવગાહના આ પ્રમાણે છે

પર્યાપ્તા સાતમી નારકીના જીવોનાં શરીરની ઉંચાઈ ૫૦૦ ધનુષની છે.

પર્યાપ્તા છઠ્ઠી નારકીના જીવોનાં શરીરની ઉંચાઈ ૨૫૦ ધનુષની છે.

પર્યાપ્તા પાંચમી નારકીના જીવોનાં શરીરની ઉંચાઈ ૧૨૫ ધનુષની છે.

પર્યાપ્તા ચોથી નારકીના જીવોનાં શરીરની ઉંચાઈ ૬૨ાા ધનુષની છે.

પર્યાપ્તા ત્રીજી નારકીના જીવોનાં શરીરની ઉંચાઈ ૩૧ા ધનુષની છે.

પર્યાપ્તા બીજી નારકીના જીવોનાં શરીરની ઉંચાઈ ૧૫ાા ધનુષ અને બાર અંગુલની છે.

પર્યાપ્તા પહેલીનારકીના જીવોનાં શરીરની ઉંચાઈ ૭ાા ધનુષ અને છ અંગુલની છે.

**પ્રશ્ન ૨૫૯.** ધનુષ કોને કહેવાય છે ?

**ઉત્તર** : એક ધનુષનું પ્રમાણ ચાર હાથ થાય છે.

**પ્રશ્ન ૨૬૦.** એક હાથના અંગુલ કેટલા છે ?

**ઉત્તર** : એક હાથના ચોવીસ અંગુલ થાય છે.

**પ્રશ્ન ૨૬૧.** પર્યાપ્તા સાતેય નારકીમાં રહેલા જીવોની ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** પર્યાપ્તા સાતેય નારકીમાં રહેલા જીવોની ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના પોતાના શરીરની અવગાહના કરતાં ડબલ પ્રમાણ હોય છે. જેમકે પર્યાપ્તા ૭મી નારકીમાં રહેલા જીવોની અવગાહના ૫૦૦ ધનુષની છે તો તેના ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના એક હજાર ધનુષની છે. આ રીતે દરેકમાં સમજવી.

**પ્રશ્ન ૨૬૨.** ઉત્તર વૈક્રિય શરીર બનાવવાના સમયે કેટલી અવગાહના હોય છે ?

**ઉત્તર :** ઉત્તર વૈક્રિય શરીર બનાવવાના સમયે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના હોય છે એમ કેટલાક આચાર્યો કહે છે. જયારે સામાન્ય રીતે તો તે સમયે અંગુલના સંખ્યાતમા ભાગ જેટલી અવગાહના હોય છે પછી ક્રમશઃ મોટું શરીર થતું જાય છે.

**ગાથા ૨૯ જીવવિચાર પ્રકરણ ટીકા પાનુ નં. ૨૧.**

કેચિત્તુ જઘન્યમુત્તર વૈક્રિયમપ્યઙ્ગુલાસંખ્યાતભાગ પ્રમાણમાહુઃ । યદાગમઃ જહન્નં ભવધારણિજ્જા અંગુલસ્સ અસંખેજ્જઈભાગં, ઉત્તર વેઉવ્વિયા વિ અંગુલઅસંખેજ્જઈ ભાગં'' ઈતિ ।

**જોયણ સહસ્સમાણા મચ્છા ઉરગાય ગબ્ભયા હુંતિ ।**
**ધણુહ પુહુત્ત પક્ખીસુ ભુયચારી ગાઉઅ પુહુત્તં ॥ ૩૦ ॥**

**ભાવાર્થ :** ગર્ભજ તથા સમૂર્ચ્છિમ જલચર જીવોનાં શરીરની ઉંચાઈ એક હજાર યોજન, ગર્ભજ ઉરપરિસર્પ જીવોનાં શરીરની ઉંચાઈ એક હજાર યોજન, ગર્ભજ ભુજપરિસર્પ જીવોનાં શરીરની ઉંચાઈ બેથી નવ ગાઉ (ગાઉપૃથક્ત્વ) તથા ગર્ભજ ખેચર પર્યાપ્તા જીવોનાં શરીરની ઉંચાઈ બેથીનવ ધનુષની (ધનુષ પૃથક્ત્વ) હોય છે. ॥ ૩૦ ॥

**પ્રશ્ન ૨૬૩.** સમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય જીવોની તથા અપર્યાપ્તા ગર્ભજ તિર્યંચ જીવોના શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** સમૂર્ચ્છિમ તિર્યંચો પંચેન્દ્રિય જીવોની તથા અપર્યાપ્તા ગર્ભજ તિર્યંચ જીવોના શરીરની અવગાહના ઉત્પત્તિના પ્રથમ સમયે અંગુલના અંસખ્યાત ભાગની હોય છે.

**પ્રશ્ન ૨૬૪.** પર્યાપ્તા ગર્ભજ તથા સમૂચ્છિંમ જલચર તિર્યંચ જીવોનાશરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** પર્યાપ્તા ગર્ભજ તથા સમૂચ્છિંમ જલચર તિર્યંચ જીવોના શરીરની ઉંચાઈ વધારેમાં વધારે એક હજાર (૧૦૦૦) યોજનની છે.

**પ્રશ્ન ૨૬૫.** પર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે કેટલી છે ?

**ઉત્તર :** પર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે એક હજાર (૧૦૦૦) યોજનની છે.

**પ્રશ્ન ૨૬૬.** પર્યાપ્તા તિર્યંચ ભુજપરિસર્પ જીવોના શરીરની ઉંચાઈ વધારેમાં વધારે કેટલી છે ?

**ઉત્તર :** પર્યાપ્તા તિર્યંચ ભુજપરિસર્પ જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે બે થી નવ ગાઉની હોય છે. શાસ્ત્રમાં બે થી નવની પરિભાષાને પૃથક્ત્વ કહે છે.

**પ્રશ્ન ૨૬૭.** પર્યાપ્તા ગર્ભજ ખેચર જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે કેટલી છે ?

**ઉત્તર :** પર્યાપ્તા ગર્ભજ ખેચર જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે બે થી નવ ધનુષની છે અથવા ધનુષ પૃથક્ત્વ પણ કહી શકાય છે.

**ખયરા ધણુહ પુહુત્તં ભુયગા ઉરગા ય જોયણ પુહુત્તં ।**
**ગાઉઅ પુહુત્તમિત્તા સમુચ્છિમા ચઉપ્પયા ભણિયા ॥૩૧ ॥**

**ભાવાર્થ :** સમૂચ્છિંમ ખેચર જીવોનાં શરીરની ઉંચાઈ ધનુષ પૃથક્ત્વ સમૂચ્છિંમ ભુજપરિસર્પ તથા ઉરપરિસર્પના શરીરની ઉંચાઈ યોજન પૃથક્ત્વ તથા સમૂચ્છિંમ ચતુષ્પદ જીવોનાં શરીરની ઉંચાઈ ગાઉ પૃથક્ત્વ કહેલી છે.॥ ૩૧ ॥

**પ્રશ્ન ૨૬૮.** પર્યાપ્તા સમૂચ્છિંમ ખેચર જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે કેટલી છે ?

**ઉત્તર :** પર્યાપ્તા સમૂચ્છિંમ ખેચર જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે ધનુષ પૃથક્ત્વ એટલે કે ૨ થી ૯ ધનુષની છે.

**પ્રશ્ન ૨૬૯.** પર્યાપ્તા સમૂચ્છિંમ ઉરપરિસર્પ જીવોના શરીરની ઉંચાઈ વધારેમાં

વધારે કેટલી છે ?

ઉત્તર : પર્યાપ્તા સમૂર્ચ્છિમ ઉરપરિસર્પ જીવોના શરીરની ઉંચાઈ વધારેમાં વધારે યોજન પૃથક્ત્વ એટલે કે ૨ થી ૯ યોજનની છે.

પ્રશ્ન ૨૭૦. પર્યાપ્તા સમૂર્ચ્છિમ ભુજપરિસર્પ જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે કેટલી છે ?

ઉત્તર : પર્યાપ્તા સમૂર્ચ્છિમ ભુજપરિસર્પ જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે બેથી નવ યોજન પ્રમાણ છે. આને યોજન પૃથક્ત્વ કહે છે.મતાંતરે કેટલાક આચાર્યો ધનુષ પૃથક્ત્વ પણ માને છે. એટલે કે બે થી નવ ધનુષની છે એમ માને છે.

**ગાથા ૩૧ની ટીકામાં જીવવિચારણામાં કહ્યું છે કે**

**ઉરગા ભુજગાશ્ચ સમૂર્ચ્છિમા યોજન પૃથક્ત્વ દેહ પ્રમાણેન ભવન્તિ છેલ્લે**

**ક્વાપિ ભુજપરિસર્પાણાં ધનુઃપૃથક્ત્વ મપ્યુક્તં ।**
**તથાહિ - સમુચ્છિમચઉપય ભુય ગુરૂરા(રગ)**
**ગાઉઅ ધણુ જોયણ પુહુત્તમિતિ વચનાત્ ।**

**પાના નં. ૨૨, પહેલી પુંઠી, ગાથા ૩૧ ટીકા, જીવવિચાર પ્રકરણ.**

પ્રશ્ન ૨૭૧. સમૂર્ચ્છિમ ચતુષ્પદ જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે કેટલી છે ?

ઉત્તર : સમૂર્ચ્છિમ ચતુષ્પદ જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે ગાઉ પૃથક્ત્વ એટલે કે બે થી નવ ગાઉની છે.

**છચ્ચેવ ગાઉઆઈ ચઉપ્પયા ગબ્ભયા મુણેયવ્વા ।**
**કોસતિગં ચ મણુસ્સા ઉક્કોસ શરીર માણેણં ॥ ૩૨ ॥**

ભાવાર્થ : પર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ જીવોનાં શરીરની ઉંચાઈ છ ગાઉની છે. મનુષ્યોની ઉત્કૃષ્ટ શરીરની ઉંચાઈ ત્રણ ગાઉની છે. ॥ ૩૨ ॥

પ્રશ્ન ૨૭૨. પર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ તિર્યંચ જીવોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે કેટલી છે ?

**ઉત્તર :** પર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ તિર્યંચ જીવોના શરીરની ઉંચાઈ વધારેમાં વધારે છ ગાઉની છે.

**પ્રશ્ન ૨૭૩.** એકસો એક ક્ષેત્રમાં ઉત્પન્ન થનાર અપર્યાપ્તા સમૂચ્છિંમ મનુષ્યો અને અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યોના શરીરની ઉંચાઈ વધારેમાં વધારે કેટલી છે?

**ઉત્તર :** અપર્યાપ્તા સમૂચ્છિંમ એકસો એક જીવની તથા અપર્યાપ્તા ગર્ભજ એકસો એક જીવોની એમ મનુષ્યના ૨૦૨ જીવભેદના શરીરની ઉંચાઈ વધારેમાં વધારે અંગુલના અસંખ્યાતામા ભાગ જેટલી છે.

**પ્રશ્ન ૨૭૪.** પર્યાપ્તા છપ્પન (૫૬) અંતરદ્વિપના મનુષ્યોના શરીરની ઉચાઈ વધારેમાં વધારે કેટલી છે?

**ઉત્તર :** પર્યાપ્તા છપ્પન (૫૬) અંતરદ્વિપના મનુષ્યોના શરીરની ઉચાઈ વધારેમાં વધારે આઠસો (૮૦૦) ધનુષની છે.

**પ્રશ્ન ૨૭૫.** પાંચ હિમવંત તથા પાંચ હૈરણ્યવંત ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલાં પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોની ઉંચાઇ વધારેમાં વધારે કેટલી છે?

**ઉત્તર :** પાંચ હિમવંત તથા પાંચ હૈરણ્યવંત ક્ષેત્રમાં એટલે કે દશ (૧૦) અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોની ઉચાઈ વધારેમાં વધારે એકગાઉની છે.

**પ્રશ્ન : ૨૭૬.** પાંચ હરિવર્ષ અને પાંચ રમ્યક્ક્ષેત્રમા રહેલા મનુષ્યના શરીરની ઉંચાઈ વધારેમાં વધારે કેટલી છે?

**ઉત્તર :** પાંચ હરિવર્ષ અને પાંચ રમ્યક્ક્ષેત્ર રૂપ ૧૦ અકર્મભૂમિમાં રહેલા મનુષ્યોની ઉંચાઈ વધારેમાં વધારે બે ગાઉની છે.

**પ્રશ્ન : ૨૭૭.** પાંચ દેવકુરૂ તથા પાંચ ઉત્તરકુરૂ ક્ષેત્રમા ઉત્પન્ન થયેલા મનુષ્યોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે કેટલી છે?

**ઉત્તર :** પાંચ દેવકુરૂ તથા પાંચ ઉત્તરકુરૂ ક્ષેત્રમા ઉત્પન્ન થયેલા મનુષ્યોનાં શરીરની ઉંચાઈ વધારેમા વધારે ત્રણ ગાઉની છે.

**પ્રશ્ન : ૨૭૮.** પાંચ ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રમા ઉત્પન્ન થયેલાં મનુષ્યોનાં શરીરની ઉંચાઈ વધારેમાં વધારે કેટલી છે?

**ઉત્તર :** પાંચ ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રમા ઉત્પન્ન થયેલાં મનુષ્યનાં શરીરની

અવગાહના અનિયમિત છે. તે આ પ્રમાણે અવસરપિણીનાં પહેલા આરામાં ત્રણ ગાઉની કાયા છે. અવસરપિણીનાં બીજા આરામાં બે ગાઉની કાયા છે. અવસરપિણીનાં ત્રીજા આરામાં એક ગાઉની કાયા છે. અવસરપિણીનાં ચોથા આરામાં ઓછી કરતાં કરતાં પાંચસો (૫૦૦) ધનુષની થાય છે. અવસરપિણીના પાંચમા આરામાં ક્રમસર ઘટતાં ઘટતાં સાત હાથની થાય છે. છેલ્લે બે હાથની કાયા રહે છે અને છઠ્ઠા આરામાં બે હાથની કાયા છે. ઉત્સરપિણીના કાળમાંઅવસરપિણીથી ઊંધા ક્રમે જાણવું આ કારણથી અનિયમિત ઊંચાઈ છે. તેમ કહેવાય છે.

**પ્રશ્ન ૨૭૯.** પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં શરીરની ઊંચાઈ વધારેમાં વધારે કેટલી છે ?

**ઉત્તર :** પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં શરીરની ઊંચાઈ મોટે ભાગે પાંચસો ધનુષની છે.

### દેવોના શરીરની અવગાહનાનું વર્ણન :-

**ઇસાણંત સુરાણં રયણીઓ સત હુંતિ ઉચ્ચત્તં ।**
**દુગ દુગ દુગ ચઉ ગેવિજ્જડણુત્તરે ઇક્કિક્ક પરિહાણી ॥ ૩૩ ॥**

**ભાવાર્થ :-** ભવનપતિથી માંડીને ઈશાન સુધીનાં દેવોનાં શરીરની ઊંચાઈ સાત હાથની હોય, ત્રીજા-ચોથા દેવલોકની છ હાથ, પાંચ-છ દેવલોકની પાંચ હાથ, સાત-આઠ દેવલોકની ચાર હાથ, ૯-૧૦-૧૧-૧૨ એ ચાર દેવલોકની ત્રણ હાથ, નવ ગ્રૈવેયકના દેવોનાં શરીરની ઊંચાઈ બે હાથ તથા પાંચ અનુત્તરમાં રહેલા દેવોનાં શરીરની ઊંચાઈ એક હાથની હોય છે. ॥ ૩૩ ॥

**પ્રશ્ન ૨૮૦.** દશ (૧૦) ભવનપતિના તથા પંદર (૧૫) પરમાધામીના ભેદોરૂપ પર્યાપ્તા દેવોનાં શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** દશ (૧૦) ભવનપતિનાં તથા પંદર (૧૫) પરમાધામીનાં એમ ૨૫ દેવોનાં શરીરની ઊંચાઈ સાત (૭) હાથની છે

**પ્રશ્ન ૨૮૧.** આઠ (૮) વ્યંતરના, આઠ વાણવ્યંતરના તથા દશ (૧૦)

તિર્યગ્જૃંભકના એમ છવ્વીસ ભેદોવાળા પર્યાપ્તા દેવોનાં શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** આઠ (૮) વ્યંતર, આઠ (૮) વાણવ્યંતર તથા દશ (૧૦) તિર્યગજૃંભક પર્યાપ્તા દેવોના શરીરની અવગાહના સાત હાથની છે.

**પ્રશ્ન ૨૮૨.** જ્યોતિષી દેવોનાં શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** જ્યોતિષી દેવોનાં શરીરની ઉંચાઈ સાત હાથની છે.

**પ્રશ્ન ૨૮૩.** વૈમાનિકના ૧-૨ દેવલોક તથા પહેલા કીલ્બિષીક દેવોના શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** વૈમાનિકના ૧-૨ દેવલોકના દેવોના તથા પ્રથમ કીલ્બિષીકના શરીરની ઉંચાઈ સાત હાથની છે.

**પ્રશ્ન ૨૮૪.** અપર્યાપ્તા નવાણું (૯૯) દેવોના શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** અપર્યાપ્તા નવાણું (૯૯) દેવોના શરીરની ઉંચાઈ ઉત્પત્તિના પ્રથમ સમયે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

**પ્રશ્ન ૨૮૫.** વૈમાનિકના ત્રીજા-ચોથા દેવલોકના દેવોની તથા બીજા કીલ્બિષીક દેવનાં શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** વૈમાનિકના ત્રીજા-ચોથા દેવલોકના દેવોની તથા બીજા કીલ્બિષીક દેવના શરીરની ઉંચાઈ છ હાથની છે.

**પ્રશ્ન ૨૮૬.** વૈમાનિકના પાંચમા-છઠ્ઠા દેવલોકના દેવોની તથા ત્રીજા કીલ્બિષીક દેવના શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** વૈમાનિકના પાંચમા-છઠ્ઠા દેવલોકના દેવોની તથા ત્રીજા કીલ્બિષીક દેવની ઉંચાઈ પાંચ (૫) હાથની છે.

**પ્રશ્ન ૨૮૭.** નવલોકાંતિકમાં રહેલા દેવોના શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** નવલોકાંતિકમાં રહેલા દેવોના શરીરની ઉંચાઈ વધારેમાં વધારે પાંચ (૫) હાથની છે.

**પ્રશ્ન ૨૮૮.** વૈમાનિકના સાતમા-આઠમા દેવલોકનાં દેવોના શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** વૈમાનિકના સાતમા-આઠમા દેવલોકના દેવોની શરીરની ઉંચાઈ ચાર હાથની છે.

**પ્રશ્ન ૨૮૯.** વૈમાનિકના ૯ થી ૧૨ દેવલોકના દેવોના શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** વૈમાનિકની નવથી બાર દેવલોકના દેવોના શરીરની ઉંચાઈ ત્રણ હાથની છે.

**પ્રશ્ન ૨૯૦.** નવગ્રૈવેયકના દેવોના શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** નવગ્રૈવેયકના દેવોના શરીરની ઉંચાઈ બે હાથની છે.

**પ્રશ્ન ૨૯૧.** પાંચ અનુત્તરના દેવોના શરીરની ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** પાંચ અનુત્તરના દેવોના શરીરની ઉંચાઈ એક હાથની છે.

**પ્રશ્ન ૨૯૨.** દેવતાઓ ઉત્તર વૈક્રિય શરીર બનાવે ત્યારે કેટલી અવગાહના હોય છે ?

**ઉત્તર :** દેવતાઓ ઉત્તર વૈક્રિય શરીર બનાવે ત્યારે ઉત્કૃષ્ટ એક લાખ યોજનની અવગાહના હોય છે. (૧ લાખ યોજન લાંબુ શરીર બનાવી શકે છે.)

**પ્રશ્ન ૨૯૩.** કેટલા દેવતાઓ ઉત્તર વૈક્રિય શરીર બનાવી શકે છે ?

**ઉત્તર :** ભવનપતિ, પરમાધામી, વ્યંતર, વાણવ્યંતર જ્યોતિષ તિર્યંગજૃંભક વૈમાનિકમાં ૧ થી ૧૨ દેવલોકના દેવો, નવ લોકાંતિક, ત્રણ કીલ્બિષીક દેવો ઉત્તર વૈક્રિય શરીર બનાવી શકે છે.

**પ્રશ્ન ૨૯૪.** ક્યા દેવતાઓ ઉત્તર વૈક્રિય શરીર બનાવતા નથી ? શું કારણ ?

**ઉત્તર :** નવ ગ્રૈવેયકના દેવો તથા પાંચ અનુત્તરના દેવો ઉત્તર વૈક્રિય શરીર બનાવતાં જ નથી કારણ કે શક્તિ હોવા છતાં કોઈ પ્રયોજન ન હોવાથી બનાવતાં નથી તે બધા અહમ્ ઇન્દ્રો જ હોય છે.

**ક્યા જીવોને કેટલી અવગાહના હોય તેનું વર્ણન કરાય છે.**

**પ્રશ્ન ૨૯૫.** ૫૬૩માંથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનાવાળા કેટલા છે ?

**ઉત્તર :** અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનાવાળા ૩૪૨ જીવો છે તે આ પ્રમાણે : સ્થાવરના ૨૧, પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય છોડીને,

વિકલેન્દ્રિય ૩, અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિયના ૧૦, અપર્યાપ્તા મનુષ્યનાં ૨૦૨, અપર્યાપ્તા નારકીના ૭, અપર્યાપ્તા દેવોના ૯૯.

**પ્રશ્ન ૨૯૬.** ૫૬૩માંથી એક હજાર યોજનની કાયાવાળા જીવો કેટલા છે ?

**ઉત્તર :** પાંચસો ત્રેસઠમાંથી એક હજાર યોજનની કાયાવાળા જીવો ચાર છે. (૧) પ્રત્યેક વનસ્પતિકાય પર્યાપ્તા (૨) ગર્ભજ જલચર પર્યાપ્તા (૩) સમૂર્ચ્છિમ જલચર પર્યાપ્તા (૪) ગર્ભજ ઉરપરિસર્પ પર્યાપ્તા.

**પ્રશ્ન ૨૯૭.** ૫૬૩માંથી ૫૦૦ધનુષની કાયાવાળા જીવો કેટલા છે ?

**ઉત્તર :** ૫૦૦ ધનુષની કાયાવાળા છ જીવો હોય છે. એક પર્યાપ્તા સાતમી નારકીનો તથા પાંચમહાવિદેહનાં પાંચ.

**પ્રશ્ન ૨૯૮.** ૫૬૩માંથી ૨૫૦ ધનુષની કાયાવાળા કેટલા જીવો છે ?

**ઉત્તર :** ૫૬૩માંથી ૨૫૦ધનાુષની કાયાવાળો એક જીવ હોય છે. પર્યાપ્તા છઠ્ઠી નારકીનો જીવ.

**પ્રશ્ન ૨૯૯.** સવાસો (૧૨૫)ધનુષની કાયાવાળા કેટલા જીવો છે ?

**ઉત્તર :** સવાસો (૧૨૫) ધનુષ્યની કાયાવાળા જીવો એક જ છે. પર્યાપ્તા પાંચમી નારકીનો જીવ.

**પ્રશ્ન ૩૦૦.** સાડા બાસઠ (૬૨ાા) ધનુષની કાયાવાળા કેટલા જીવો છે ?

**ઉત્તર:** સાડા બાસઠ (૬૨ાા) ધનુષની કાયાવાળો એક જ પર્યાપ્તા ચોથી નારકીનો જીવ.

**પ્રશ્ન ૩૦૧.** સવા એકત્રીસ (૩૧।) ધનુષની કાયાવાળા કેટલા જીવો છે ?

**ઉત્તર :** સવા એકત્રીસ (૩૧।) ધનુષની કાયાવાળો એક જ પર્યાપ્તા ત્રીજી નારકીનો જીવ.

**પ્રશ્ન ૩૦૨.** સાડા પંદર (૧૫ાા)ધનુષ અને બાર અંગુલની કાયાવાળા કેટલા જીવો છે ?

**ઉત્તર :** સાડા પંદર ધનુષ અને બાર અંગુલની કાયાવાળો એક જ પર્યાપ્તા બીજી નારકીનો જીવ.

**પ્રશ્ન ૩૦૩.** પોણી આઠ ધનુષ અને છ અંગુલની કાયાવાળા કેટલા જીવ છે ?

**ઉત્તર :** પોણા આઠ ધનુષ અને છ અંગુલની કાયાવાળો એક જ જીવ પર્યાપ્તા

પહેલી નારકીનો જીવ.

પ્રશ્ન ૩૦૪. બાર યોજનની કાયાવાળા કેટલા જીવો છે ?

ઉત્તર : બાર યોજનની કાયાવાળો એક જીવ પર્યાપ્તા બેઇન્દ્રિય.

પ્રશ્ન ૩૦૫. ત્રણ ગાઉની કાયાવાળા કેટલા જીવો છે ?

ઉત્તર : ત્રણ ગાઉની કાયાવાળા ૧૧ જીવ હોય. ૧ પર્યાપ્તા તેઇન્દ્રિય જીવો તથા ૫ દેવકુરૂ, અને ૫ ઉત્તર કુરૂના મનુષ્યો.

પ્રશ્ન ૩૦૬. એક યોજનની કાયાવાળા જીવ કેટલા છે ?

ઉત્તર : એક યોજનની કાયાવાળો જીવ એક છે. પર્યાપ્તા ચઉરિન્દ્રિય.

પ્રશ્ન ૩૦૭. બે ગાઉની કાયાવાળા જીવો કેટલા છે ?

ઉત્તર : બે ગાઉની કાયાવાળા જીવો ૧૦ છે. પાંચ હરિવર્ષક્ષેત્ર તથા પાંચ રમ્યકક્ષેત્રવાળા મનુષ્યો એમ ૧૦ થાય.

પ્રશ્ન ૩૦૮. એક ગાઉની કાયાવાળા કેટલા જીવો છે ?

ઉત્તર : એક ગાઉની કાયાવાળા જીવ દશ (૧૦) છે. તે આ પ્રમાણે પાંચ હિમવંતક્ષેત્ર તથા પાંચ હૈરણ્યવંતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો.

પ્રશ્ન ૩૦૯. ગાઉ પૃથક્ત્વની (બે થી નવ ગાઉની) કાયાવાળા જીવો કેટલા છે ?

ઉત્તર : ગાઉ પૃથક્ત્વની કાયાવાળા જીવો બે છે. (૧) પર્યાપ્તા સમૂર્ચ્છિમ ચતુષ્પદ તથા (૨) પર્યાપ્તા ભુજપરિસર્પ જીવો.

પ્રશ્ન ૩૧૦. યોજન પૃથક્ત્વની કાયાવાળા જીવો કેટલા છે ?

ઉત્તર : યોજન પૃથક્ત્વની કાયાવાળા ૫૬૩માંથી એક છે. (૧) સમૂર્ચ્છિમ ઉરપરિસર્પ.

પ્રશ્ન ૩૧૧. ધનુષ પૃથક્ત્વની કાયાવાળા કેટલા જીવ છે ?

ઉત્તર : ધનુષ પૃથક્ત્વની કાયાવાળા જીવો ત્રણ છે. (૧) પર્યાપ્તા ગર્ભજ ખેચર જીવો. (૨) પર્યાપ્તા સમૂર્ચ્છિમ ખેચર જીવો (૩) પર્યાપ્તા સમૂર્ચ્છિમ ભુજપરિસર્પ.

પ્રશ્ન ૩૧૨. છ ગાઉની કાયાવાળા જીવ કેટલા છે ?

ઉત્તર : છ ગાઉની કાયાવાળા જીવ એક છે. (૧) પર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ તિર્યંચ.

પ્રશ્ન ૩૧૩. જે જીવોના શરીરની ઊંચાઈ અનિયત હોય તેવા જીવો કેટલા છે ?

**ઉત્તર :** અનિયત કાયાવાળાં જીવો ૧૦ હોય છે. પાચં ભરતક્ષેત્ર તથા પાંચ ઐરાવત ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો.

**પ્રશ્ન ૩૧૪.** સાત હાથની કાયાવાળા જીવો કેટલા છે ?

**ઉત્તર :** સાત હાથની કાયાવાળા જીવો ૬૪ હોય છે. તે આ પ્રમાણે ૧૦ ભવનંપતિના દેવો, ૮ વ્યંતરના દેવો, ૮ વાણવ્યંતરના દેવો, ૧૦ તિર્યગજાંભકના દેવો, ૧૦ જ્યોતિષીનાં દેવો, ૨ વૈમાનિકના દેવો તથા ૧ કીલ્બિષિયાના દેવના તથા ૧૫ પરમાધામી દેવો થઈને ૬૪ થાય છે.

**પ્રશ્ન ૩૧૫.** છ હાથની કાયાવાળા જીવો કેટલા છે ?

**ઉત્તર :** છ હાથની કાયાવાળા ત્રણ જીવો હોય છે. વૈમાનિકના ત્રીજા તથા ચોથા દેવલોકના દેવો તથા બીજો કીલ્બિષીક.

**પ્રશ્ન ૩૧૬.** પાંચ હાથની કાયાવાળા જીવો કેટલા છે ?

**ઉત્તર :** પાંચ હાથની કાયાવાળા ૧૨ જીવો છે. નવ લોકાન્તિકના દેવો, પાંચમા તથા છઠ્ઠા દેવલોકના દેવો અને ત્રીજા કીલ્બિષિયાના દેવોની પાંચ હાથની કાયા હોય છે.

**પ્રશ્ન ૩૧૭.** ચાર હાથની કાયાવાળા જીવો કેટલા છે ?

**ઉત્તર :** ચાર હાથની કાયાવાળા પાંચસો ત્રેસઠમાંથી બે જીવો છે. સાતમા તથા આઠમા દેવલોકના દેવો.

**પ્રશ્ન ૩૧૮.** ત્રણ હાથની કાયાવાળા જીવો કેટલા છે ?

**ઉત્તર :** ત્રણ હાથની કાયાવાળા ચાર પ્રકારના જીવો હોય છે. વૈમાનિકના નવમા દેવલોકથી બારમા દેવલોક સુધીના ચાર દેવો.

**પ્રશ્ન ૩૧૯.** બે હાથની કાયાવાળા જીવો કેટલા છે ?

**ઉત્તર :** બે હાથની કાયાવાળા જીવોના નવ ભેદ છે. નવ ગ્રૈવેયકના વિમાનોમાં રહેલા દેવો.

**પ્રશ્ન ૩૨૦.** એક હાથની કાયાવાળા જીવો કેટલા છે ?

**ઉત્તર :** એક હાથની કાયાવાળા પાંચ જીવો હોય છે. પાંચ અનુત્તરના વિમાનમાં રહેલા દેવો.

**પ્રશ્ન ૩૨૧.** આઠસો ધનુષની કાયાવાળા જીવો કેટલા છે ?

**ઉત્તર :** આઠસો ધનુષની કાયાવાળા ૫૬ જીવો હોય છે.-

છપ્પન અંતરદ્વિપના મનુષ્યો

**બાવીસા પુઢવીએ સત્તય આઉસ્સ તિન્નિ વાઉસ્સ ।**

**વાસ સહસ્સા દસ તરૂ ગણાણ તેઉ તિસ્તિાઉ ॥ ૩૪ ॥**

**ભાવાર્થ :** પૃથ્વીકાયનું ૨૨ હજાર વર્ષ, અપકાયનું ૭ હજાર વર્ષ, વાયુકાયનું ૩ હજાર વર્ષ, પ્રત્યેક વનસ્પતિકાયનું ૧૦ હજાર વર્ષ તથા અગ્નિકાય જીવોનું ૩ અહોરાત્રિનું આયુષ્ય ઉત્કૃષ્ટ કહેલું છે. ॥ ૩૪ ॥

**પ્રશ્ન ૩૨૨.** આયુષ્ય કર્મ કોને કહેવાય ?

**ઉત્તર :** ભવથી ભવાંતરમાં જતા જીવોને જે અવશ્ય ઉદયમાં આવે તે આયુષ્ય કર્મ કહેવાય છે. તે કર્મ આખા ભવમા એક જ વાર બંધાય છે.

**પ્રશ્ન ૩૨૩.** સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ ૧૦ જીવભેદોનું કેટલું આયુષ્ય છે ?

**ઉત્તર :** સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ પાંચ અપર્યાપ્તા તથા પાંચ પર્યાપ્તા એમ દશ પ્રકારનાં જીવોનું જઘન્ય આયુષ્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય એક અંતર્મુહૂર્તનું છે.

**પ્રશ્ન ૩૨૪.** બાદર પૃથ્વી અપ્-તેઉ-વાઉ-સાધારણ વનસ્પતિકાય અને અપર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાય જીવોનું આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** બાદર પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, સાધારણ વનસ્પતિકાય અને અપર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાય આ ૬ જીવભેદોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય એક અંતર્મુહૂર્ત જ છે.

**પ્રશ્ન ૩૨૫.** બાદર પર્યાપ્તા સાધારણ વનસ્પતિકાયનું આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** બાદર પર્યાપ્તા સાધારણ વનસ્પતિકાયનું આયુષ્ય જઘન્ય તથા ઉત્કૃષ્ટ એક અંતર્મુહૂર્તનું જ છે. અહીંયા અપર્યાપ્તાના આયુષ્ય કરતાં મોટું સમજવું.

**પ્રશ્ન ૩૨૬.** બાદર પર્યાપ્તા પૃથ્વી-અપ્-તેઉ-વાઉ અને પ્રત્યેક વનસ્પતિકાયનું જઘન્ય આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** બાદર પર્યાપ્તા પૃથ્વી-અપ્-તેઉ-વાઉ અને પ્રત્યેક વનસ્પતિકાયનું જઘન્ય આયુષ્ય એક અંતર્મુહૂર્ત છે.

**પ્રશ્ન ૩૨૭.** બાદર પર્યાપ્તા પૃથ્વીકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** બાદર પર્યાપ્તા પૃથ્વીકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીસ હજાર વર્ષનું છે.

**પ્રશ્ન ૩૨૮.** પૃથ્વીકાયમાં પાંચ વર્ણવાળી માટી હોય છે. તે દરેક માટીનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** કાળી માટીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૦૦૦ વર્ષનું છે.
લીલી માટીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૦૦૦વર્ષનું છે.
લાલ માટીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૯૦૦ વર્ષનું છે.
પીળી માટીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૬૦૦ વર્ષનું છે.
ધોળી માટીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૭૦૦ વર્ષનું છે.

**પ્રશ્ન ૩૨૯.** ખારાની તથા શુદ્ધ માટીનાં જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** ખારાની તથા શુદ્ધ માટીનાં જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૧૦૦૦ વર્ષનું છે.

**પ્રશ્ન ૩૩૦.** લુણની માટી તથા ક્ષેત્રની માટીના જીવોનું વધારેમાં વધારે આયુષ્ય કેટલું છે?

**ઉત્તર :** લુણની માટી તથા ક્ષેત્રની માટીના જીવોનું વધારેમાં વધારે આયુષ્ય ૧૨૦૦૦ વર્ષનું છે

**પ્રશ્ન ૩૩૧.** તાંબાની માટી તથા કાંકરીના જીવોનું આયુષ્ય વધારેમાં વધારે કેટલું છે?

**ઉત્તર :** તાંબાની માટી તથા કાંકરીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય તેર હજાર વર્ષનું છે.

**પ્રશ્ન ૩૩૨.** ખાણની માટી, લોઢાની માટી, શીશાની માટી તથા રેતીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** ખાણની માટી, લોઢાની માટી, શીશાની માટી તથા સચિત રેતી એવા પૃથ્વીકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચૌદ હજાર (૧૪૦૦૦) વર્ષનું છે.

**પ્રશ્ન ૩૩૩:** રૂપાની માટીના જીવોનું ઉત્કૃષ્ટથી આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** રૂપાની માટીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંદર હજાર વર્ષનું છે.

**પ્રશ્ન ૩૩૪.** સોનાની માટી, હરિયાળની માટી (હડતાલની માટી) તથા

મણશીલની માટીના જીવોનું ઉત્કૃષ્ટથી આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** સોનાની માટી, હરિયાળની માટી તથા મણશીલ પૃથ્વીકાય જીવોનું વધારેમાં વધારે સોળ હજાર વર્ષનું આયુષ્ય છે
**પ્રશ્ન ૩૩૫.** હિંગળોક માટીના જીવોનું ઉત્કૃષ્ટથી આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** હિંગળોકની માટીના જીવોનું ઉત્કૃષ્ટથી આયુષ્ય સત્તર હજાર વર્ષનું છે.
**પ્રશ્ન ૩૩૬.** કાંકરા પૃથ્વીકાયના જીવોનું ઉત્કૃષ્ટથી આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** કાંકરા પૃથ્વીકાયના જીવોનું ઉત્કૃષ્ટથી આયુષ્ય અઢાર હજાર વર્ષનું છે.
**પ્રશ્ન ૩૩૭.** ભુખરાં પથ્થરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** ભુખરાં પથ્થરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણીસ હજાર વર્ષનું છે.
**પ્રશ્ન ૩૩૮.** કાળમીંઢ પથ્થરોનું આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** કાળમીંઢ પથ્થરોનું આયુષ્ય વીસ હજાર વર્ષનું છે.
**પ્રશ્ન ૩૩૯.** આરસપહાણ પથ્થરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** આરસપહાણ પથ્થરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકવીસ હજાર વર્ષનું છે.
**પ્રશ્ન ૩૪૦.** કઠણ, હીરા, માણેક, મોતી વગેરે પથ્થરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** કઠણ હીરા, માણેક, મોતી વગેરે પથ્થરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીસ હજાર વર્ષનું છે.
**પ્રશ્ન ૩૪૧.** કોમળ માટીવાળા પૃથ્વીકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** કોમળ માટીવાળા પૃથ્વીકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્યએક હજાર વર્ષનું છે.
**પ્રશ્ન ૩૪૨.** બાદર પર્યાપ્તા અપ્કાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** બાદર પર્યાપ્તા અપ્કાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત હજાર વર્ષનું છે.
**પ્રશ્ન ૩૪૩.** બાદર પર્યાપ્તા તેઉકાય (અગ્નિકાય) જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** બાદર પર્યાપ્તા તેઉકાય (અગ્નિકાય) જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ અહોરાત્ર (ત્રણ રાત્રી-દિવસ)નું છે.
**પ્રશ્ન ૩૪૪.** બાદર પર્યાપ્તા વાયુકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** બાદર પર્યાપ્તા વાયુકાય (પવનકાય) જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ હજાર વર્ષનું છે.

**પ્રશ્ન ૩૪૫.** બાદર પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** બાદર પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાય જીવોનું વધારેમાં વધારે આયુષ્ય દશ હજાર વર્ષનું છે.

## વિકલેન્દ્રિય જીવોનાં આયુષ્યનું વર્ણન :

**- વાસાણિ બારસાઉ બેઈંદિયાણં તેઈંદિયાણં તુ ।**
**અઉણા પન્નદિણાઈ ચઉરિંદિણં તુ છમ્માસા ॥ ૩૫ ॥**

**ભાવાર્થ :** બેઈન્દ્રિય જીવોનું બાર વર્ષ, તેઇન્દ્રિય જીવોનું ઓગણ પચાસ (૪૯) દિવસ તથા ચઉરિન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ માસનું છે. ॥ ૩૫॥

**પ્રશ્ન ૩૪૬.** અપર્યાપ્તા વિકલેન્દ્રિય જીવોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** અપર્યાપ્તા વિકલેન્દ્રિય (એટલે કે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય) જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે. જઘન્ય કરતાં ઉત્કૃષ્ટમાં અંતર્મુહૂર્ત મોટું સમજવું.

**પ્રશ્ન ૩૪૭.** પર્યાપ્તા બેઇન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** પર્યાપ્તા બેઇન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર વર્ષનું છે.

**પ્રશ્ન ૩૪૮.** પર્યાપ્તા તેઇન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** પર્યાપ્તા તેઇન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણપચાસ દિવસનું છે.

**પ્રશ્ન ૩૪૯.** પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ માસનું છે.

## પંચેન્દ્રિય જીવોના આયુષ્યનું વર્ણન :-

**સુરનેરઈયાણ ઠિઈ ઉક્કોસા સાગરાણિ તિત્તીસં ।**
**ચઉપય તિરિય મણુસ્સા તિન્નિય પલિઓવમાહુંતિ ॥ ૩૬ ॥**

**ભાવાર્થ :** દેવતા નારકીની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ, ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યોની ઉત્કૃષ્ટ આયુષ્યની સ્થિતિ ત્રણ પલ્યોપમની છે. ॥૩૬ ॥

**પ્રશ્ન ૩૫૦.** દેવતા તથા નારકીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સામાન્યથી કેટલું છે?
**ઉત્તર :** દેવતા તથા નારકીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સામાન્યથી તેત્રીસ (૩૩) સાગરોપમનું હોય છે.
**પ્રશ્ન ૩૫૧.** મનુષ્ય તથા ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્યકેટલું છે?
**ઉત્તર :** મનુષ્ય તથા ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ (૩) પલ્યોપમનું છે. હવે વિશેષથી પંચેન્દ્રિયના જીવોનું આયુષ્ય કહેવાય છે
**પ્રશ્ન ૩૫૨.** અપર્યાપ્તા સાત નારકીના જીવોનું આયુષ્ય કેટલુ છે?
ઉત્તર : અપર્યાપ્તા સાત નારકીના જીવોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય એક અંતર્મુહૂર્તનું છે.
**પ્રશ્ન ૩૫૩.** પર્યાપ્તા પહેલી નારકીના જીવોનું જઘન્ય આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** પર્યાપ્તા પહેલી નારકીના જીવોનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું છે.
**પ્રશ્ન ૩૫૪.** પર્યાપ્તા પહેલી નારકીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** પર્યાપ્તા પહેલી નારકીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમનું છે.
**પ્રશ્ન ૩૫૫.** પર્યાપ્તા બીજી નારકીના જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** પર્યાપ્તા બીજી નારકીના જીવોનું જઘન્ય આયુષ્ય ૧ સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ સાગરોપમનું છે.
**પ્રશ્ન ૩૫૬.** પર્યાપ્તા ત્રીજી નારકીના જીવોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** પર્યાપ્તા ત્રીજી નારકીના જીવોનું જઘન્ય આયુષ્ય ૩ સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૭ સાગરોપમનું છે.
**પ્રશ્ન ૩૫૭** **પર્યાપ્તા** ચોથી નારકીના જીવોનુંજઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** પર્યાપ્તા ચોથી નારકીના જીવોનું જઘન્ય આયુષ્ય ૭ સાગરોપમ તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૦ સાગરોપમનું છે.
**પ્રશ્ન ૩૫૮.** પર્યાપ્તા પાંચમી નારકીના જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** પર્યાપ્તા પાંચમી નારકીના જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય

અનુક્રમે ૧૦ સાગરોપમનું તથા ૧૭ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૫૯.** પર્યાપ્તા છઠ્ઠી નારકીના જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?

**ઉત્તર :** પર્યાપ્તા છઠ્ઠી નારકીના જીવોનું જઘન્ય આયુષ્ય ૧૭ સાગરોપમનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૨ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૬૦.** પર્યાપ્તા સાતમી નારકીના જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?

**ઉત્તર :** પર્યાપ્તા સાતમી નારકીના જીવોનું જઘન્ય આયુષ્ય ૨૨ સાગરોપમનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૬૧.** અપર્યાપ્તા નવ્વાણુ દેવોનાં જીવોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલુ છે?

**ઉત્તર :** અપર્યાપ્તા નવ્વાણુ દેવોના જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્તનું છે.

**પ્રશ્ન ૩૬૨.** ભવનપતિના અસુરકુમાર દેવનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?

**ઉત્તર :** ભવનપતિના અસુરકુમાર દેવનું જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ સાગરોપમથી અધિક છે.

**પ્રશ્ન ૩૬૩.** ભવનપતિના નાગકુમારાદિ નવ દેવોનું તથા પંદર પરમાધામી દેવોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?

ઉત્તર : ભવનપતિના નાગકુમારાદિ નવ દેવોનું તથા પંદર પરમાધામી દેવોનું જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષનું હોય છે તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૨ પલ્યોપમમાં કાંઈ ન્યૂન હોય છે.

**પ્રશ્ન ૩૬૪.** આઠ વ્યંતર, આઠ વાણવ્યંતર, દશ તિર્યગજાંભક દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?

**ઉત્તર :** આઠ વ્યંતર, આઠ વાણવ્યંતર તથા (૧૦) દશ તિર્યંગજાંભક દેવોનું જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષનું છે. ઉત્કૃષ્ટ આયુષ્ય સામાન્યથી ૧ પલ્યોપમનું છે.

**પ્રશ્ન ૩૬૫.** જયોતિષી દેવોનું જઘન્ય- ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?

**ઉત્તર :** જયોતિષી દેવોનું જઘન્ય આયુષ્ય ૧ પલ્યોપમનાં આઠમા ભાગ જેટલું હોય છે.

ઉત્કૃષ્ટ આયુષ્ય સામાન્યથી ૧ પલ્યોપમ + ૧ લાખ વર્ષ અધિક હોય છે.

**પ્રશ્ન** ૩૬૬. સૌધર્મ દેવલોકમાં રહેલા દેવનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** સૌધર્મ દેવલોકમાં રહેલા દેવોનું જઘન્ય આયુષ્ય ૧પલ્યોપમનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૬૭.** ઈશાન દેવલોકના દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** ઈશાન દેવલોકના દેવોનું જઘન્ય આયુષ્ય ૧ પલ્યોપમથી અધિક હોય છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨ સાગરોપમથી કાંઈક અધિક છે.

**પ્રશ્ન ૩૬૮.** વૈમાનિકના ત્રીજા દેવલોકના દેવોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** વૈમાનિકના ત્રીજા દેવલોકના દેવોનું જઘન્ય આયુષ્ય ૨સાગરોપમનું હોય છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય[illegible]ગરોપમનું છે.

**પ્રશ્ન ૩૬૯.** ચોથા દેવલોકના દેવોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** ચોથા દેવલોકના દેવોનું જઘન્ય આયુષ્ય અધિક૨ સાગરોપમનું હોય છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય અધિક ૭ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૭૦.** પાંચમાં દેવલોકના દેવોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** પાંચમા દેવલોકના દેવોનું જઘન્ય આયુષ્ય ૭ સાગરોપમનું હોય છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૦ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૭૧.** છઠ્ઠા દેવલોકના દેવોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** છઠ્ઠા દેવલોકના દેવોનું જઘન્ય આયુષ્ય ૧૦ સાગરોપમનું તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૪ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૭૨.** સાતમા દેવલોકના દેવોનું જઘન્ય ઊત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** સાતમા દેવલોકના દેવોનું જઘન્ય આયુષ્ય ૧૪ સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૭ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૭૩.** આઠમા દેવલોકના દેવોનું જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** આઠમા દેવલોકના દેવોનું જઘન્ય આયુષ્ય ૧૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૮ સાગરોપમનું છે.

**પ્રશ્ન** ૩૭૪. નવમા દેવલોકના દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર** : નવમા દેવલોકના દેવોનું જઘન્ય આયુષ્ય અઢાર સાગરોપમ તથા આયુષ્ય ૧૯ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૭૫.** દસમા દેવલોકના દેવોનું જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર** : દસમા દેવલોકના દેવોનું જઘન્ય આયુષ્ય ૧૯ સાગરોપમનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૦ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૭૬.** અગ્યારમા દેવલોકના દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર** : અગ્યારમા દેવલોકનાં દેવોનું જઘન્ય આયુષ્ય ૨૦ સાગરોપમનું હોય છે તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૧ એકવીશ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૭૭.** બારમા દેવલોકના દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર** : બારમા દેવલોકનાં દેવોનું જઘન્ય આયુષ્ય ૨૧ સાગરોપમનું હોય છે તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૨ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૭૮.** પહેલા ગ્રૈવેયકના દેવોનું આયુષ્ય જઘન્ય તથા ઉત્કૃષ્ટથી કેટલું છે ?

**ઉત્તર** : પહેલા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય આયુષ્ય ૨૨ સાગરોપમનું હોય છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૩ સાગરોપમની છે.

**પ્રશ્ન ૩૭૯.** બીજા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર** : બીજા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય આયુષ્ય ૨૩ સાગરોપમનું છે તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૪ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૮૦.** ત્રીજા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર** : ત્રીજા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય આયુષ્ય ૨૪ સાગરોપમ તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૫ સાગરોપમનું છે.

પ્રશ્ન ૩૮૧. ચોથા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય આયુષ્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર** : ચોથા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય આયુષ્ય ૨૫ સાગરોપમનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૬ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૮૨.** પાંચમા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?

**ઉત્તર** : પાંચમા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય આયુષ્ય ૨૬ સાગરોપમનું છે અને

ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૭ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૮૩.** છઠ્ઠા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** છઠ્ઠા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય આયુષ્ય ૨૭ સાગરોપમનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય૨૮ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૮૪.** સાતમા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?

**ઉત્તર :** સાતમા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય આયુષ્ય ૨૮ સાગરોપમનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય૨૯ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૮૫.** આઠમા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્યકેટલું છે ?

**ઉત્તર :** આઠમા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય આયુષ્ય ૨૯ સાગરોપમનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૦ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૮૬.** નવમા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** નવમા ગ્રૈવેયકના દેવોનું જઘન્ય આયુષ્ય ૩૦ સાગરોપમનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૧ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૮૭.** ચાર અનુત્તરનાં દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** ચાર અનુત્તરના દેવોનું જઘન્ય આયુષ્ય ૩૧ સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૮૮.** અનુત્તરના પાંચમા સર્વાર્થસિદ્ધના દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** અનુત્તરના પાંચમા સર્વાર્થસિદ્ધના દેવોનું જઘન્ય આયુષ્ય નથી તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમનું છે.

**પ્રશ્ન ૩૮૯.** મતાંતરે સર્વાર્થ સિદ્ધના દેવોનું જઘન્ય આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** મતાંતરે સર્વાર્થ સિદ્ધના દેવોનું જઘન્ય આયુષ્ય ૩૨ સાગરોપમનું છે.

## મનુષ્યોના આયુષ્યનું વર્ણન :-

**પ્રશ્ન ૩૯૦.** ૧૦૧અપર્યાપ્તા સમૂર્ચ્છિમ મનુષ્યોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** ૧૦૧ અપર્યાપ્તા સમૂર્ચ્છિમ મનુષ્યોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય એક અંતર્મુહુર્ત છે.

**પ્રશ્ન ૩૯૧.** ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા મનુષ્યોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા મનુષ્યોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય એક અંતર્મુહૂર્ત છે.

**પ્રશ્ન ૩૯૨.** પાંચ હિમવંત તથા પાંચ હૈરણ્યવંત ક્ષેત્રનાં પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** પાંચ હિમવંત તથા પાંચ હૈરણ્યવંત ક્ષેત્રનાં પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોનું જઘન્ય આયુષ્ય ૧ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમનું છે.

**પ્રશ્ન ૩૯૩.** પાંચ હરિવર્ષ તથા પાચ રમ્યક્ ક્ષેત્રના મનુષ્યોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** પાંચ હરિવર્ષ તથા પાંચ રમ્યક્ ક્ષેત્રનાં મનુષ્યોનું જઘન્ય આયુષ્ય ૧ અંતર્મુહૂર્તનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય બે પલ્યોપમનું છે.

પ્રશ્ન ૩૯૪. પાંચ દેવકુરુ તથા પાંચ ઉત્તરકુરૂ ક્ષેત્રના મનુષ્યોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** પાંચ દેવકુરૂ તથા પાંચ ઉત્તરકુરૂ ક્ષેત્રના મનુષ્યોનું જઘન્ય આયુષ્ય ૧ અંતર્મુહૂર્તનું હોય છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમનુ છે.

**પ્રશ્ન ૩૯૫.** છપ્પન અંતરદ્વિપમાં રહેલા મનુષ્યોનું જઘન્ય તથા ઉત્કષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** છપ્પન અંતરદ્વિપમાં રહેલા મનુષ્યોનું જઘન્ય આયુષ્ય૧ અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું છે.

**પ્રશ્ન ૩૯૬.** પાંચ મહાવિદેહ ક્ષેત્રોના પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** પાંચ મહાવિદેહ ક્ષેત્રોના પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોનું જઘન્ય આયુષ્ય ૧ અંતર્મુહૂર્તનું હોય છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વ ક્રોડ વર્ષનું હોય છે. આથી વધારે હોતું નથી.

**પ્રશ્ન ૩૯૭.** પાંચ ભરત તથા પાંચ ઐરાવત ક્ષેત્રોના મનુષ્યનું આયુષ્ય કેટલું હોય છે ?

**ઉત્તર :** પાંચ ભરત તથા પાંચ ઐરાવતના ક્ષેત્રાના મનુષ્યનું જઘન્ય આયુષ્ય ૧ અંતર્મુહૂર્તનું હોય છે. અને ઉત્કૃષ્ટ આયુષ્ય અનિયત રૂપે હોય છે. તે આ પ્રમાણે અવસરપીણીના પહેલા આરામાં ૩ પલ્યોપમ. અવસરપીણીના બીજા આરામાં ૨ પલ્યોપમ. અવસર પીણીના ત્રીજા આરામાં ૧ પલ્યોપમ. અવસરપીણીના ચોથા આરામાં એક પલ્યોપમથી ઓછું થતું યથાવત્ સંખ્યાતા વર્ષનું આયુષ્ય હોય છે. પાંચમા આરામાં ઉત્પન્ન થયેલા મનુષ્યોનું બસો, ત્રણસો વર્ષનું હોય છે. તેમાંથી ઓછું ઓછું થતાં થતાં યથાવત્ છેલ્લે વીશ વર્ષનું આયુષ્ય હોય છે. અવસરપીણીના છઠ્ઠા આરામાં વીશ વર્ષનું આયુષ્ય ઉત્કૃષ્ટ હોય છે. જઘન્યથી ક્રમસર ઓછું ઓછું થતું હોય છે. આનાથી ઉલટા ક્રમે ઉત્સરપીણીના આરાના મનુષ્યોનું આયુષ્ય કહેલું છે.

**પ્રશ્ન ૩૯૮.** પાંચ ભરત તથા પાંચ ઐરાવત ક્ષેત્રાના વર્તમાન કાળનાં મનુષ્યોનું આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** પાંચ ભરત તથા પાંચ ઐરાવત ક્ષેત્રોના વર્તમાનકાળના મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક હસ્તલિખિત ગ્રંથોના આધારે ૧૨૫ વરસનું હોઈ શકે છે.

**પ્રશ્ન ૩૯૯.** જલચર આદિ પાંચે પ્રકારનાં અપર્યાપ્તા સમૂર્ચ્છિમ જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?

**ઉત્તર :** જલચર આદિ પાંચે પ્રકારના અપર્યાપ્તા સમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ અંતર્મુહૂર્તનુ છે.

**પ્રશ્ન : ૪૦૦.** જલચર આદિ પાંચે પ્રકારનાં અપર્યાપ્તા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય જીવોનું જઘન્ય આયુષ્ય કેટલું?

**ઉત્તર :** જલચર આદિ પાંચે પ્રકારનાં અપર્યાપ્તા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ અંતર્મુહર્ત જ છે.

**પ્રશ્ન : ૪૦૧.** પર્યાપ્તા ગર્ભજ જલચર તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?

**ઉત્તર :** પર્યાપ્તા ગર્ભજ જલચર તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય આયુષ્ય ૧ અંતર્મુહૂર્તનું છે. ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વ ક્રોડ વરસનું હોય છે.

**પ્રશ્ન : ૪૦૨.** પર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય તથા

ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** પર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય આયુષ્ય એક અંતર્મુહૂર્તનું છે જ્યારે ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વ ક્રોડ વરસનું છે.
**પ્રશ્ન :** ૪૦૩. પર્યાપ્તા ગર્ભજ ભુજપરિસર્પ તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** પર્યાપ્તા ગર્ભજ ભુજપરિસર્પ તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય આયુષ્ય ૧ અંતર્મુહૂર્તનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય એક ક્રોડ પૂર્વ વરસનું છે.
**પ્રશ્ન :** ૪૦૪. પર્યાપ્તા ગર્ભજ ખેચર તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** પર્યાપ્તા ગર્ભજ ખેચર તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય આયુષ્ય ૧ અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતા ભાગ જેટલા વરસોનું હોય છે એટલે કે અસંખ્યાતા વરસનું છે.
**પ્રશ્ન :** ૪૦૫. પર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** પર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિયનુ જઘન્ય આયુષ્ય છે અને અંતર્મુહૂર્ત છે ઊત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમનું છે.
**પ્રશ્ન :**૪૦૬. પર્યાપ્તા સમૂર્ચ્છિમ જલચર જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલુ છે?
**ઉત્તર :** પર્યાપ્તા સમૂર્ચ્છિમ જલચર જીવોનું જઘન્ય આયુષ્ય ૧ અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વ ક્રોડ વર્ષનું છે.
**પ્રશ્ન :** ૪૦૭.સમૂર્ચ્છિમ ચતુષ્પદ જીવોનુજઘન્ય તથા ઉત્કૃષ્ટઆયુષ્ય કેટલુંછે?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ ચતુષ્પદ જીવોનું જઘન્ય આયુષ્ય એક (૧) અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૮૪૦૦૦ વર્ષનું છે.
**પ્રશ્ન :** ૪૦૮. સમૂર્ચ્છિમ ઉરપરિસર્પ જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ ઉરપરિસર્પ જીવોનું જઘન્ય આયુષ્ય ૧ અંતર્મુહૂર્તનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૫૩૦૦૦ વર્ષનું છે.

પ્રશ્ન : ૪૦૯. પર્યાપ્તા સમૂર્ચ્છિમ ભુજપરિસર્પ જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
ઉત્તર : પર્યાપ્તા સમૂર્ચ્છિમ ભુજપરિસર્પ જીવોનું જઘન્ય આયુષ્ય ૪૨૦૦૦ વર્ષનું છે.
પ્રશ્ન : ૪૧૦. પર્યાપ્તા સમૂર્ચ્છિમ ખેચર જીવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે?
ઉત્તર : પર્યાપ્તા સમૂર્ચ્છિમ ખેચર જીવોનું જઘન્ય આયુષ્ય ૧ અંતર્મુહૂર્તનું હોય છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૭૨૦૦૦ વર્ષનું છે.
પ્રશ્ન : ૪૧૧. કેટલા વર્ષનું એક પૂર્વ થાય?
ઉત્તર : ચોરાશી લાખને ચોરાશી લાખ વડે ગુણાકાર કરવાથી જે સંખ્યા થાય તે સંખ્યાને એક પૂર્વ કહેવાય છે.
પ્રશ્ન : ૪૧૨. પલ્યોપમ કોને કહેવાય?
ઉત્તર : પલ્ય-પાલો (પ્યાલો) તેની ઉપમાથી જે માપ કરાય તે પલ્યોપમ કહેવાય છે.
પ્રશ્ન : ૪૧૩. પલ્યોપમ કેટલા પ્રકારે છે? કયા કયા?
ઉત્તર : પલ્યોપમ ત્રણ પ્રકારના છે તે આ પ્રમાણે : (૧) ઉદ્ધાર પલ્યોપમ (૨) અદ્ધા પલ્યોપમ (૩) ક્ષેત્ર પલ્યોપમ.
પ્રશ્ન : ૪૧૪. ઉદ્ધાર પલ્યોપમના કેટલા ભેદો છે?
ઉત્તર : ઉદ્ધાર પલ્યોપમના ૨ ભેદો છે : (૧) બાદર ઉદ્ધાર પલ્યોપમ (૨) સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ.
પ્રશ્ન : ૪૧૫. બાદર ઉદ્ધાર પલ્યોપમ કોને કહેવાય?
ઉત્તર : ઉત્સેધ અંગુલ પ્રમાણ એક યોજન લાંબો પહોળો અને ઉંડો એવો પ્યાલો લેવો તેમાં સાત દિવસનાં જન્મેલાં-દેવકુરૂ ઉત્તરકુરૂનાં મનુષ્યના એક વાળનાં સાત વખત આઠ આઠ ટુકડા કરવા તે ટુકડા વીસ લાખ સત્તાણું હજાર ને એકસો બાવન (૨૦૯૭૧૫૨) થાય છે આવા એક ટુકડાને વાલાગ્ર કહેવાય છે. દેવકુરૂ ઉત્તરકુરૂનાં તરતનાં જન્મેલાં મનુષ્યને માથું મુંડાયા પછી સાત દિવસે જે વાળ ઉગે તે એક વાલાગ્ર કહોવાય છે. તેવા વાલાગ્ર એક આંગળ લાંબા પહોળા ક્ષેત્રમાં

૨૦૯૭૧૫૨ સમાઇ શકે છે. આવા વાલાગ્રથી પ્યાલો પૂરો ઠાંસી ઠાંસીને, ભરવો. તે વાળના ટુકડા ઉપર ચક્રવર્તીનું સૈન્ય ચલાવી દેવાય તો પણ જરાય જગ્યા ન રહે જે અગ્નિથી બળે નહિ, વાયુથી ઉડે નહિ, અને પાણીથી ભીંજાય નહિ તે વાળના ટુકડા ને એક એક સમયે બહાર કાઢતાં જેટલા કાળે પ્યાલો ખાલી થાય તે બાદર ઉદ્ધાર પલ્યોપમ કહેવાય છે તે પ્યાલામાં સંખ્યાતા જ ટુકડા સમાઈ શકતા હોવાથી આ પલ્યોપમ સંખ્યાતા સમયનું જ હોય છે. આવા સંખ્યાતા સમયના કાળ પ્રમાણ એક બાદર ઉદ્ધાર પલ્યોપમ થાય છે.

**પ્રશ્ન :** ૪૧૬. બાદર ઉદ્ધાર પલ્યોપમને ખાલી કરતાં કેટલો કાળ લાગે છે?

**ઉત્તર :** બાદર ઉધ્ધાર પલ્યોપમને ખાલી કરતાં સંખ્યાતા સમયો લાગે છે.

**પ્રશ્ન :** ૪૧૭. એક બાદર ઉદ્ધાર સાગરોપમનો કાળ કેટલો?

**ઉત્તર :** એક પલ્યોપમનો જેટલો કાળ થયો છે એવા દશ કોટા-કોટી પલ્યોપમે એક બાદર ઉદ્ધાર સાગરોપમ થાય છે.

**પ્રશ્ન :** ૪૧૮. કોટા-કોટીની સંખ્યા કોને કહોવાય?

**ઉત્તર :** ક્રોડને ક્રોડ વડે ગુણવાથી જે સંખ્યા પ્રાપ્ત થાય તેને એક કોટા-કોટીની સંખ્યા કહેવાય.

**પ્રશ્ન :** ૪૧૯. બાદર ઉદ્ધાર પલ્યોપમનું તથા સાગરોપમનું શું કાર્ય છે ?

**ઉત્તર:** બાદર ઉદ્ધાર પલ્યોપમ તથા સાગરોપમનું કાર્ય કાંઈ હોતુંનથી. તેથી આ પલ્યોપમ તથા સાગરોપમને સ્થૂલ પણ કહેવાય છે. માત્ર આ જાણવાથી સૂક્ષ્મ પલ્યોપમ તથા સાગરોપમ સહેલાઈથી જાણી શકાય તે માટે કહેવામાં આવે છે.

**પ્રશ્ન :** ૪૨૦. સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ તથા સાગરોપમ કોને કહેવાય?

**ઉત્તર :** બાદર ઉદ્ધાર પલ્યોપમમાં જે વાલાગ્રો ભર્યા હતા તે એક એક વાલાગ્રનાં અસંખ્યાતા કલ્પેલાં ટુકડાથી પ્યાલો ભરીને સમયે સમયે એક એક વાળનો ટુકડો એક એક સમયે બહાર કાઢતાં જેટલા કાળે પ્યાલો ખાલી થાય તેટલા કાળને એક સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહેવાય છે અને તેવા દશ કોટા-કોટી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે.

**પ્રશ્નઃ ૪૨૧.** સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ તથા સાગરોપમનાં કેટલા વર્ષો થાય?

**ઉત્તર :** સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમમાં સંખ્યાતા કોટી વર્ષો જેટલો કાળ થાય છે અને તેનાથી દશ કોટી-કોટી સંખ્યાતા કોટી વર્ષો અધિક કાળ એક સાગરોપમને થાય છે.

**પ્રશ્ન : ૪૨૨.** આ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ તથા સાગરોપમનું કાર્ય શું હોય છે?

**ઉત્તર :** આ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ તથા સાગરોપમથી તિર્ચ્છાલોકમાં રહેલા દ્વીપો તથા સમુદ્રો કેટલા પ્રમાણમાં છે તેનું માપ કઢાય છે અર્થાત્ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ તથા સાગરોપમથી દ્વીપો તથા સમુદ્રોની સંખ્યા મપાય છે. (જણાય છે)

**પ્રશ્નઃ ૪૨૩.** એક વાળનાં અસંખ્યાતા ટુકડા જે કર્યાતે ટુકડો દ્રવ્યનેઆશ્રયીને કેટલો નાનો થાય છે?

**ઉત્તર :** જે વાળના અસંખ્યાતા ટુકડા કરેલાં છે તેમાંનો જે એક નાનામાં નાનો વાળનો ટુકડો અતિ સૂક્ષ્મ પુદ્ગલ કરતાં અસંખ્યાતમા ભાગનો થાય છે એમ દ્રવ્યથી જાણવુ

**પ્રશ્ન : ૪૨૪** ક્ષેત્રની અપેક્ષાએ તે નાનામાં નાનો ટુકડો કેટલા ક્ષેત્રમાં અવગાહીને રહેલો હોય છે?

**ઉત્તર :** ક્ષેત્રની અપેક્ષાએ તે અસંખ્યાતમા ભાગ જેટલો નાનામાં નાનો ટુકડો સૂક્ષ્મ વનસ્પતિકાય જીવોનું શરીર જેટલા ક્ષેત્રને અવગાહીને રહેલું હોય છે તેનાથી અસંખ્યાત ગુણો માટો હોય છે અને પર્યાપ્તા બાદર પૃથ્વીકાય જીવના શરીરની અવગાહના જેટલી અવગાહનાવાળો તે ટુકડો હોય છે એટલે બાદર પૃથ્વીકાય જીવના શરીર જેટલો નાનો એક વાળનો ટુકડો હોય છે.

**પ્રશ્ન : ૪૨૫.** અદ્ધા પલ્યોપમ તથા સાગરોપમના કેટલા પ્રકાર છે? કયા કયા?

**ઉત્તર :** અદ્ધા પલ્યોપમના બે પ્રકાર છે અને સાગરોપમના પણ બે પ્રકાર છે. (૧) બાદર અદ્ધા પલ્યોપમ (૨) સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ (૧) બાદર અદ્ધા સાગરોપમ (૨) સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ.

**પ્રશ્ન : ૪૨૬.** બાદર અદ્ધા પલ્યોપમ તથા સાગરોપમ કોને કહેવાય છે?

**ઉત્તર :** જે બાદર ઉદ્ધાર પલ્યોપમ માટે પ્યાલામાં જે વાળનાં ટુકડા રહેલા હતા (સંખ્યાતા વાળના ટુકડાવાળો પ્યાલો) તે ટુકડાને સો સો વર્ષે એક એક

ટુકડાને બહાર કાઢતાં જેટલા કાળે તે પ્યાલો ખાલી થાય તેટલા કાળને એક બાદર અદ્ધા પલ્યોપમ કહેવાય છે. એવા દશ (૧૦) કોટાકોટી પલ્યોપમ જેટલા કાળને એક બાદર અદ્ધા સાગરોપમ કહેવાય છે.

**પ્રશ્ન : ૪૨૭.** આ બાદર અદ્ધા પલ્યોપમ તથા સાગરોપમનું શું કાર્ય છે?

**ઉત્તર :** આ બાદર અદ્ધા પલ્યોપમ તથા સાગરોપમનું કાંઈ કાર્ય હોતું નથી. સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ વગેરેને સારી રીતે સમજી શકાય તે માટે કહેવામાં આવે છે.

**પ્રશ્ન : ૪૨૮.** સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ તથા સાગરોપમ કોને કહેવાય?

**ઉત્તર :** જે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનાં પ્યાલામાં રહેલા અસંખ્યાતાવાળના ટુકડામાંથી સો સો વર્ષે એક એક ટુકડો બહાર કાઢતાં જેટલા કાળે તે પ્યાલો ખાલી થાય તેટલા કાળને એક સુક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહેવાય છે. અને એવા દશ કોટાકોટી સુક્ષ્મ અદ્ધા પલ્યોપમ કાળને એક સુક્ષ્મ અદ્ધા સાગરોપમ કહેવાય છે. આ પલ્યોપમમાં અસંખ્યાતા વર્ષો પસાર થાય છે.

**પ્રશ્ન ૪૨૯.** એક અવસરપીણીનો કેટલો કાળ થાય?

**ઉત્તર :** દશ કોટીકોટી સૂક્ષ્મ અદ્ધા સાગરોપમે એક અવસરપીણી કહેવાય.

**પ્રશ્ન : ૪૩૦.** એક ઉત્સરપીણીનો કેટલો કાળ થાય?

**ઉત્તર :** દશ કોટાકોટી સૂક્ષ્મ સાગરોપમે એક ઉત્સરપીણી કહેવાય.

**પ્રશ્ન : ૪૩૧.** એક પુદ્ગલ પરાવર્તનનો કાળ કેટલો થાય?

**ઉત્તર :** અનંતી ઉત્સરપીણી અને અનંતી અવસરપીણીએ એક પુદ્ગલ પરાવર્ત કાળ થાય

**પ્રશ્ન : ૪૩૨.** સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ તથા સાગરોપમનું શું પ્રયોજન (કાર્ય) હોય છે?

**ઉત્તર :** સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ તથા સાગરોપમથી જગતામાં રહેલા ચારે ગતિના જીવોની કર્મની સ્થિતિ મપાય છે અને ભવ સ્થિતિનું એટલે આયુષ્યનાં પ્રમાણનું માપ (કાઢવામાં) ઉપયોગી થાય છે.

**પ્રશ્ન : ૪૩૩.** ક્ષેત્ર પલ્યોપમનાં કેટલા ભેદો છે? કયા કયા ? તથા ક્ષેત્ર સાગરોપમનાં કેટલા ભેદો થાય છે?

**ઉત્તર :** ક્ષેત્ર પલ્યોપમનાં બે ભેદો કહેલાં છે. (૧) બાદર ક્ષેત્ર પલ્યોપમ

(૨) સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ ક્ષેત્ર
સાગરોપમના બે ભેદો કહેલાં છે. (૧) બાદર ક્ષેત્ર સાગરોપમ (૨) સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ.

**પ્રશ્ન : ૪૩૪.** બાદર ક્ષેત્ર પલ્યોપમ કોને કહેવાય?

**ઉત્તર :** બાદર ઉદ્ધાર પલ્યોપમના માપ કાઢવા માટે પ્યાલામાં જે સંખ્યાતા ટુકડા રહેલાં છે તે વાળના ટુકડાઓને સ્પર્શેલા આકાશ પ્રદેશને સમયે સમયે બહાર કાઢવાથી જેટલો કાળ થાય તેટલા કાળને એક બાદર ક્ષેત્ર પલ્યોપમ કહેવાય છે.

**પ્રશ્ન ૪૩૫.** સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોયમ કોને કહેવાય ?

**ઉત્તર :** સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમના માપમાં જે પ્યાલો છે તે પ્યાલામાં જે ટૂકડા રહેલા છે તે વાળનાં ટૂકડાને સ્પર્શેલા આકાશ પ્રદેશો અને નહીં સ્પર્શેલા આકાશ પ્રદેશોને સમયે સમયે બહાર કાઢીએ અને જેટલા કાળે તે પ્યાલો ખાલી થાય ત્યારે તે કાળને એક સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કહેવાય છે.

**પ્રશ્ન ૪૩૬.** બાદર ક્ષેત્ર સાગરોપમ તથા સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ કોનેકહેવાય?

**ઉત્તર :** બાદર ક્ષેત્ર પલયોપમનાં કાળને દશ કોટા કોટી સંખ્યાથી ગુણવા વડે જેટલી સંખ્યા પ્રાપ્ત થાય તેટલો એક બાદર ક્ષેત્ર સાગરોપમનો કાળ થાય છે. અને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના કાળને દશ કેટાકોટીની સંખ્યાથી ગુણવા વડે જે સંખ્યા પ્રાપ્ત થાય તેને એક સૂક્ષ્મક્ષેત્ર સાગરોપમ કહેવાય છે.

**પ્રશ્ન૪૩૭.** સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમ તથા સાગરોપમનું કાર્ય શું છે ?

**ઉત્તર :** સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ તથા સાગરોપમથી પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય તથા ત્રસકાય જીવોનું પ્રમાણ કેટલું હોય છે તે દ્રષ્ટિવાદ નામના બારમા અંગમાં દ્રવ્યના પ્રમાણની વિચારણામાં આ ક્ષેત્ર પલ્યોપમ તથા સાગરોપમનું કાર્ય હોય છે.

**જલયર ઉર ભુયગાણં પરમાઉ હોઈ પુવ્વ કોડીઓ ।**
**પક્ખીણં પુણ ભણીઓ અસંખભાગો ય પલિયસ્સ ॥ ૩૭ ॥**
**સવ્વે સુહુમા સાહારણાય સમુચ્છિમાં મણુસ્સાય ।**
**ઉક્કોસ જહન્નેણં અંતમુહુત્તં ચિય જયંતિ ॥ ૩૮ ॥**

**ઓ ગાહણાઉ માણં એવં સંખેવઓ સમકખાયં ।**
**જે પુણ ઈત્થ વિસેસા વિસેસ સુત્તાઉ તે નેયા ॥ ૩૯ ॥**

**ભાવાર્થ :-**જલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વ ક્રોડ વર્ષનું તથા પક્ષીઓનું પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું આયુષ્ય હોય છે. ॥૩૭॥

સઘળાંય સૂક્ષ્મ જીવો અને સાધારણ વનસ્પતિકાય જીવો તથા સમૂર્ચ્છિમ મનુષ્યો જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્ત સુધી જીવે છે. ॥૩૮॥

આ પ્રમાણે સંક્ષેપથી અવગાહના આયુષ્ય દ્વારનું વર્ણન કર્યું તેમાં જે કાંઈ વિશેષ છે તે વિશેષ સૂત્રોથી જાણી લેવું. ॥૩૯॥

પર્યાપ્તા સમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયનાં આયુષ્યનું વર્ણન આગળ આવી ગયેલ છે.

**પ્રશ્ન ૪૩૮.** અજગર જીવોનું આયુષ્ય કેટલું છે ?

**ઉત્તર :** અજગર જીવોનું આયુષ્ય વધારેમાં વધારે ૧૦૦ વર્ષનું છે

**પ્રશ્ન ૪૩૯.** ઊંટનું વધારેમાં વધારે કેટલું આયુષ્ય છે ?

**ઉત્તર :** ઊંટનું વધારેમાં વધારે આયુષ્ય ૨૫ વર્ષનું હોય છે. વર્તમાનમાં વિચારકો ૩૦ વર્ષનું માને છે અને હસ્તલિખિત પ્રતોમાં ૩૫ વર્ષનું પણ હોય એમ કહેલું છે. જ્યારે વૈજ્ઞાનિકોની દ્રષ્ટિથી સો વર્ષ ઉપર પણ જીવી શકે છે એમ મનાય છે.

**પ્રશ્ન ૪૪૦.** ઉંદર તિર્યંચોનું આયુષ્ય કેટલું હોય ?

**ઉત્તર :** સામાન્ય રીતે ઉંદરનું આયુષ્ય બે વર્ષનું હોય છે. વર્તમાન વિચારકોની અપેક્ષાએ દોઢ વર્ષનું હોય છે. જ્યારે હસ્તલિખિત પ્રતોમાં વીશ વર્ષનું પણ હોય છે એમ જણાવેલ છે.

**પ્રશ્ન ૪૪૧.** કબૂતરનું વધારેમાં વધારે આયુષ્ય કેટલું હોય ?

**ઉત્તર :** કબૂતરનુ વધારેમાં વધારે આયુષ્ય ત્રણ વર્ષનું હોય છે. મતાંતરે ચાલીસ વર્ષનું પણ હોઈ શકે છે.

**પ્રશ્ન ૪૪૨.** કાચબાનું આયુષ્ય કેટલું હોય ?

**ઉત્તર :** કાચબાનું આયુષ્ય ૧૦૦ વર્ષથી ૧૦૦૦ વર્ષનું હોય છે અથવા ૬૦ વર્ષનું હોય છે.

**પ્રશ્ન ૪૪૩.** કાચંડાનું આયુષ્ય કેટલું હોય ?
**ઉત્તર :** કાચંડાનું આયુષ્ય ૧ વર્ષનું હોય છે.
**પ્રશ્ન ૪૪૪.** કાગડાઓનું આયુષ્ય કેટલું હોય ?
**ઉત્તર :** કાગડાઓનું આયુષ્ય વધારેમાં વધારે ૧૦૦ વર્ષનું હોય છે
**પ્રશ્ન ૪૪૫.** કીડીઓનું આયુષ્ય કેટલું હોય ?
**ઉત્તર :** કીડીઓનું આયુષ્ય ત્રણ મહિના અથવા એક વર્ષનું હોય છે. આ વાત જીવવિચાર પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે વિરોધ આવે છે. સામાન્ય રીતે ૪૯ દિવસનું આયુષ્ય હોય પણ હસ્તલિખિત પ્રતમાં લખેલ હોવાથી જણાવેલ છે. (વિચારવા જેવું લાગે છે.)
**પ્રશ્ન ૪૪૬.** કાનકરંડીયા વાગોળ જીવોનું આયુષ્ય કેટલું હોય ?
**ઉત્તર :** કાન કરંડીયા વાગોળ જીવોનું આયુષ્ય ૫૦ વર્ષનું હોય છે.
**પ્રશ્ન ૪૪૭.** કુકડાનું આયુષ્ય કેટલું હોય ?
**ઉત્તર :** કુકડાનું આયુષ્ય વધારેમાં વધારે ૪૦ વર્ષ અથવા ૬૦ વર્ષનુંહોય છે.
**પ્રશ્ન ૪૪૮.** કુતરાનું આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** કુતરાનું આયુષ્ય વધારેમાં વધારે ૧૨ થી ૧૩ વર્ષ અથવા ૨૬ વર્ષનું હોય છે.
**પ્રશ્ન ૪૪૯.** કોયલનું આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** કોયલનું આયુષ્ય ૯૦ વર્ષનું હોઈ શકે છે.
**પ્રશ્ન ૪૫૦.** કોહરૂં તથા ક્રૌંચ પક્ષીનું આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :**કોહરૂં તથા ક્રૌંચ પક્ષીનું આયુષ્ય અનુક્રમે ૧૪ થી ૧૬ વર્ષ અને (ક્રૌંચ પક્ષીનું) ૬૦ વર્ષનું હોય છે.
**પ્રશ્ન ૪૫૧.** કેળના ઝાડનું આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** કેળના ઝાડનું આયુષ્ય વધારેમાં વધારે ૩ વર્ષનું હોય છે.
**પ્રશ્ન ૪૫૨.** ખજુરનાં ઝાડનું આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : ખજુરનાં ઝાડનું આયુષ્ય વધારેમાં વધારે ૧૦૦૦ એકહજારવર્ષનું છે.
**પ્રશ્ન ૪૫૩.** ગરોલીનું આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** ગરોલીનું આયુષ્ય ઉત્કૃષ્ટથી ૧ વર્ષનું હોય છે.

**પ્રશ્ન ૪૫૪.** ગરૂડ તથા ખલીર પક્ષીનું આયુષ્ય કેટલું હોય છે ?
**ઉત્તર :** ગરૂડ તથા ખલીર પક્ષીઓ ૧૦૦ વર્ષ ઉપરનાં આયુષ્યવાળા હોયછે.
**પ્રશ્ન ૪૫૫.** ગધેડાનું આયુષ્ય કેટલું હોય છે ?
**ઉત્તર :** ગધેડાનું આયુષ્ય હાલ ૧૨ વર્ષનું અથવા ૨૦ વર્ષનું અથવા ૨૪ વર્ષનું હોય છે.
**પ્રશ્ન ૪૫૬.** ગેંડાનું આયુષ્ય કેટલું હોય છે ?
**ઉત્તર :** ગેંડાનું આયુષ્ય ૨૦ વર્ષનું અથવા ૨૨ વર્ષનું અથવા ૧૦૦ વર્ષનું હોઈ શકે છે.
**પ્રશ્ન ૪૫૭.** ગાયનું આયુષ્ય કેટલું હોય છે ?
**ઉત્તર :** ગાયનું આયુષ્ય હાલ ૨૫ વર્ષનું અથવા ૩૫ વર્ષનું હોય છે.
**પ્રશ્ન ૪૫૮.** ગીધ જીવોનું આયુષ્ય કેટલું હોય છે ?
**ઉત્તર :** ગીધ જીવોનું ઉત્કૃષ્ટથી આયુષ્ય ૧૦૦ અથવા ૧૫૦ વર્ષનું હોઈ શકે છે.
**પ્રશ્ન ૪૫૯.** ઘોડાનું આયુષ્ય કેટલું હોય છે ?
**ઉત્તર :** ઘોડાનું આયુષ્ય ઉત્કૃષ્ટથી ૨૫ વર્ષ અથવા ૪૮ વર્ષ અથવા ૬૦ વર્ષનું હોય છે. મતાંતરે ૩૨, ૩૮, ૬૪ વર્ષનું પણ હોઈ શકે છે.
**પ્રશ્ન ૪૬૦.** ઘેટા તથા ઘુવડનું આયુષ્ય કેટલું હોય છે ?
**ઉત્તર :** ઘેટાનું આયુષ્ય ૧૬ વર્ષનું અને ઘુવડનું ૫૦ વર્ષનું હોય છે.
**પ્રશ્ન ૪૬૧.** ચિત્તાનું આયુષ્ય કેટલું હોય છે ?
**ઉત્તર :** ચિત્તાનું આયુષ્ય ૧૬ વર્ષનું અથવા ૮૦ વર્ષનું હોય છે.
**પ્રશ્ન ૪૬૨.** ચકોર, ચીલરી, ઝરખ, ડુક્કર વગેરેનું આયુષ્ય કેટલું હોય છે ?
**ઉત્તર :** ચકોરનું આયુષ્ય ૫૦ વર્ષનું, ચીલરીનું આયુષ્ય ૫૦ વર્ષનું, ઝરખનું આયુષ્ય ૧૦૦ વર્ષનું અને ડુક્કરનું આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે.
**પ્રશ્ન ૪૬૩.** તીતર વગેરે જીવોનું કેટલું આયુષ્ય હોય છે ?
**ઉત્તર :** તીતર વગેરે જીવોનું આયુષ્ય નીચે કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે હોય છે.

| ક્રમ | નામ | વર્ષ | ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|---|---|---|
| ૧ | તીતર પક્ષી | ૨૦ | ૨ | દેડકાઓનું | ૧૦૦ |
| ૩ | પોપટનું | ૫૦ | ૪ | બપૈયાનું | ૩૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | બિલાડીનું | ૧૨/૧૫ | ૬ | બકરીનું | ૧૬ |
| ૭ | ખજૂરી સિવાયના ઝાડોનું | ૫૦ | ૮ | બાજ પક્ષી | ૧૦૦ |
| ૯ | બતકનું | ૨૪ | ૧૦ | બકરાનું | ૯ |
| ૧૧ | બગલાનું | ૬૦ | ૧૨ | બળદનું | ૩૫ |
| ૧૩ | ભેંસનું | ૨૫ | ૧૪ | મગરમચ્છ | ૧૦ |
| ૧૫ | મગર | ૧૦૦ | ૧૬ | મચ્છર ડાસ | ૪ માસ |
| ૧૭ | મંકોડા | ૧૨ માસ | ૧૮ | માછલી | ૧૦૦ |
| ૧૯ | માછલાં | ૧૦૦ થી ૧૦૦૦ | ૨૦ | મેઢાં | ૨૫ |
| ૨૧ | મેના | ૧૬ | ૨૨ | મોર | ૬/૫૦ |
| ૨૩ | રીંછ | ૨૦/૪૦ | ૨૪ | રૂપારેલ ચબ્બી | ૩૦ |
| ૨૫ | વરૂ | ૨૦ | ૨૬ | વાગોળ | ૧૬ |
| ૨૭ | વાંદરા | ૧૦/૭૫ | ૨૮ | શિયાળ | ૧૩/૨૦ |
| ૨૯ | શામળ-હરણ વિશેષ | ૨૫ | ૩૦ | સિંહ | ૨૦/૭૦/૧૦૦/૧૨૦ |
| ૩૧ | સસલા | ૭/૧૦ થી ૧૪/૨૪ | ૩૨ | સૂવર | ૫૦ |
| ૩૩ | સમળી | ૫૦/૧૫૦ | ૩૪ | સર્પ | ૧૨૦ થી ૧૦૦૦ |
| ૩૫ | સારસ | ૨૪/૫૦/૬૦ | ૩૬ | સામન્ય વનસ્પતિ | ૨૦૧ |
| ૩૭ | સાબર | સદી ઉપરાંત | ૩૮ | સૂડા જીવનનું | ૧૨ |
| ૩૯ | હાથી | ૧૦૦/૧૨૦/૧૨૫/૪૦૦ | ૪૦ | હંસ | ૧/૧૦૦/૩૦૦ |
| ૪૧ | હરણનું | ૨૪ | | | |

આ રીતે આયુષ્ય દ્વાર પૂર્ણ થાય છે.

## સ્વકાય સ્થિતિનું વર્ણન

**એગિંદિયા ય સવ્વે અસંખ ઉસ્સપ્પિણી સકાયંમિ ।**
**ઉવવજ્જંતિ ચયંતિ ય અણંતકાયા અણંતાઓ ॥ ૪૦ ॥**

**ભાવાર્થ :** સઘળાય એકેન્દ્રિય જીવોની સ્વકાય સ્થિતિ અસંખ્યાતી ઉત્સર્પિણી તથા અવસર્પિણી કહેલ છે. અને અનંતકાય જીવો અનંતીવાર જન્મે છે અને મરે છે, તેથી અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ કહેલ છે. ॥ ૪૦ ॥

**પ્રશ્ન ૪૬૪.** સ્વકાય સ્થિતિ કોને કહેવાય છે ?

**ઉત્તર :** જે જીવો જ્યાં ઉત્પન્ન થયાં હોય પાછા ફરીથી ત્યાંને ત્યાં અર્થાત્ તે રૂપે જે ઉત્પન્ન થયા કરવું તે કેટલા કાળ સુધી થયા કરે તેનું વર્ણન તે સ્વકાય સ્થિતિ કહેવાય છે.

**પ્રશ્ન ૪૬૫.** પૃથ્વીકાય જીવો મરીને પૃથ્વીકાય રૂપે ઉત્પન્ન થયા કરે તો વધારેમાં વધારે કેટલા કાળ સુધી થયા કરે ?

**ઉત્તર :** પૃથ્વીકાય જીવો મરીને પૃથ્વીકાયરૂપે વધારેમાં વધારે અસંખ્યાતી ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળ સુધી ઉત્પન્ન થયા કરે છે.

**પ્રશ્ન ૪૬૬.** અપકાય જીવો મરીને અપકાય રૂપે કેટલા કાળ સુધી ઉત્પન્ન થયા કરે ?

**ઉત્તર :** અપકાય જીવો મરીને અપકાય રૂપે વધારેમાં વધારે અસંખ્યાતી ઉત્સર્પિણી તથા અવસર્પિણી સુધી ઉત્પન્ન થયા કરે છે.

**પ્રશ્ન ૪૬૭.** તેઉકાય-વાઉકાય અને પ્રત્યેક વનસ્પતિકાય જીવો તેઉકાય, વાઉકાય તથા પ્રત્યેક વનસ્પતિકાય રૂપે કેટલા કાળ સુધી ઉત્પન્ન થયા કરે ?

**ઉત્તર :** તેઉકાય-વાઉકાય, પ્રત્યેક વનસ્પતિકાય જીવો તેઉકાય-વાઉકાય પ્રત્યેક-વનસ્પતિકાય રૂપે અસંખ્યાતી ઉત્સર્પિણી તથા અસંખ્યાતી અવસર્પિણી સુધી ઉત્પન્ન થયા કરે.

**પ્રશ્ન ૪૬૮.** સાધારણ વનસ્પતિકાય, સાધારણ વનસ્પતિકાય રૂપે ઉત્પન્ન થયા કરે તો કેટલા કાળ સુધી ઉત્પન્ન થયા કરે ?

**ઉત્તર :** સાધારણ વનસ્પતિકાય જીવો સાધારણ વનસ્પતિકાય રૂપે અનંતી ઉત્સર્પિણી તથા અનંતી અવસર્પિણી સુધી ઉત્પન્ન થયા કરે છે.

**સંખિજ્જ સમા વિગલા સત્તટ્ઠભવા પણિંદિ તિરિ મણુઆ ।**
**ઉવવજ્જંતિ સકાયે નારયદેવાય નો ચેવ ॥ ૪૧ ॥**

**ભાવાર્થ :** વિકલેન્દ્રિય જીવોની સ્વકાય સ્થિતિ સંખ્યાતા ભવો પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યોની સ્વકાય સ્થિતિ સાત અથવા આઠ ભવો હોય છે. નારકી તથા દેવતાઓની સ્વકાય સ્થિતિ હોતી નથી.

**પ્રશ્ન ૪૬૯.** વિકલેન્દ્રિય જીવો મરીને પોતાની કાયામાં કેટલા કાળ સુધી ઉત્પન્ન થયા કરે ?

**ઉત્તર :** વિકલેન્દ્રિય જીવો મરીને પોતાની એટલે કે વિકલેન્દ્રિય રૂપે વંધારેમાં વધારે સંખ્યાતા હજાર વર્ષો સુધી ઉત્પન્ન થયા કરે છે.

**વિગલાઈએ વાસ સહસ્સ સંખેજ્જતિ"**

**પંચ સંગ્રહ વચનાત્ વિકલા સ્વકાયે ઉત્પદ્યન્તે ।**

**પ્રશ્ન ૪૭૦.** પંચેન્દ્રિય તિર્યંચ મરીને તથા મનુષ્યો મરીને તિર્યંચ યા મનુષ્ય રૂપે કેટલા કાળ સુધી ઉત્પન્ન થયા કરે ?

**ઉત્તર :** પંચેન્દ્રિય તિર્યંચ મરીને પંચેન્દ્રિય તિર્યંચ રૂપે વધારેમાં વધારે આઠ યા સાત ભવ સુધી ઉત્પન્ન થયા કરે એ જ રીતે મનુષ્ય રૂપે વધારેમાં વધારે સાત અથવા આઠ ભવ સુધી જ ઉત્પન્ન થયા કરે છે.

**પ્રશ્ન ૪૭૧.** દેવતાઓ મરીને દેવ રૂપે અને નારકી મરીને નારકી રૂપે કેટલા ભવો કરે ?

**ઉત્તર :** દેવતાઓ મરીને દેવ રૂપે અને નારકી મરીને નારકી રૂપે કોઈ કાળે ઉત્પન્ન થતાં નથી તે જીવોની સ્વકાય સ્થિતિ નથી.

**પ્રશ્ન ૪૭૨.** સઘળાં જીવોની જઘન્ય કાયસ્થિતિ કેટલી હોય છે ?

**ઉત્તર :** સઘળાં જીવોની જઘન્ય કાયસ્થિતિ એક અંતર્મુહૂર્તની હોય છે એટલે કે એક ભવ કરીને પછી બીજા ભવે ઉત્પન્ન થવું હોય તો થઈ શકે છે.

**પ્રશ્ન ૪૭૩.** ૫૬૩ જીવ ભેદોમાંથી એક અંતર્મુહૂર્તનું આયુષ્ય હોય તેવા જીવોના ભેદો કેટલા છે ?

**ઉત્તર :** પાંચસો ત્રેસઠ જીવ ભેદોમાંથી ૩૩૮ જીવ ભેદોનું આયુષ્ય એક અંતર્મુહૂર્તનું હોય છે. તે આ પ્રમાણે. સૂક્ષ્મ પર્યાપ્તા-અપર્યાપ્તા પૃથ્વીકાય, અપર્યાપ્તા બાદર પૃથ્વીકાય એમ ૩ ભેદ એ જ પ્રમાણે અપકાયનાં ૩ ભેદ, તેઉકાયના ૩ ભેદ, વાયુકાયનાં ૩ ભેદ, સાધારણ વનસ્પતિકાયના ૪, અપર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાયના ૧ ભેદ, કુલ ૧૭ ભેદ સ્થાવર જીવોનાં અપર્યાપ્તા વિકલેન્દ્રિયના ૩ ભેદ અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિયના ૧૦ જીવભેદો. અપર્યાપ્તા મનુષ્યોનાં ૨૦૨ ભેદો અપર્યાપ્તા દેવતાના ૯૯ અને અપર્યાપ્તા

નારકીના સાત (૭) જીવભેદો સાથે ૩૩૮ જીવભેદો થાય છે.

**પ્રશ્ન ૪૭૪.** પાંચસો ત્રેસઠ જીવભેદોમાંથી કેટલા જીવભેદોમાં કાયસ્થિતિ હોતી નથી ?

**ઉત્તર :** પાંચસો ત્રેસઠ જીવભેદોમાંથી ૩૮૪ (ત્રણસો ચોર્યાસી) જીવભેદોમાં સ્વકાય સ્થિતિ હોતી નથી. તે આ પ્રમાણે દેવતાનાં ૧૯૮ ભેદો, નારકીના ૧૪ ભેદો, મનુષ્યોનાં ૧૭૨ ભેદો (૫૬ અંતર્દ્વિપનાં પર્યાપ્તા-અપર્યાપ્તા સાથે ૧૧૨ ભેદો, ૩૦ અકર્મભૂમિના પર્યાપ્તા-અપર્યાપ્તા સાથે ૬૦ ભેદો) થઈને ૩૮૪ જીવભેદો થાય છે.

**પ્રશ્ન ૪૭૫.** અસંખ્યાતી ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળ સુધી કાય સ્થિતિ હોઈ શકે એવા જીવ ભેદો કેટલા ?

**ઉત્તર :** અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી કાળ સુધી કાયસ્થિતિ હોઈ શકે એવા જીવ ભેદો સામાન્ય રીતે ૧૮ હોય છે. તે આ પ્રમાણે પૃથ્વીકાયનાં ૪ ભેદ, અપકાયના ૪ ભેદ, તેઉકાયનાં ૪ ભેદ, વાયુકાયનાં ૪ ભેદ અને પ્રત્યેક વનસ્પતિકાયનાં બે ભેદ મળી ૧૮ ભેદો થાય છે.

**પ્રશ્ન ૪૭૬.** અનંતી ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાય સ્થિતિ હોય તેવા જીવ ભેદો કેટલા હોય છે ?

**ઉત્તર :** અનંતી ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાયસ્થિતિ હોય તેવા જીવ ભેદો ચાર હોય છે. તે આ પ્રમાણે સાધારણ વનસ્પતિકાયનાં ૪ ભેદો.

**પ્રશ્ન ૪૭૭.** સંખ્યાતા ભવો સુધીની કાયસ્થિતિ હોય તેવા જીવભેદો કેટલા ?

**ઉત્તર :** સંખ્યાતા ભવો સુધીની કાયસ્થિતિવાળા જીવભેદો છ હોય છે.
વિકલેન્દ્રિયનાં ૬ ભેદો (પર્યાપ્તા-અપર્યાપ્તા થઈને) બેઈન્દ્રિયના ૨, તેઈન્દ્રિયના ૨ અને ચઉરીન્દ્રિયનાં ૨.

**પ્રશ્ન ૪૭૮.** સાત અથવા આઠ ભવ કાયસ્થિતિ હોય તેવા જીવોના ભેદો કેટલા હોય છે ?

**ઉત્તર :** સાત અથવા આઠ ભવ કાયસ્થિતિ ૧૫૧ જીવ ભેદોની હોય છે. તે આ પ્રમાણે, તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦ ભેદો (સમૂર્ચ્છિમનાં ૧૦, ગર્ભજના ૧૦) મનુષ્યોનાં ૧૩૧ જીવ ભેદો. અપર્યાપ્તા સમૂર્ચ્છિમના ૧૦૧ ભેદો.

કર્મભૂમિના ૧૫ ભેદો, પર્યાપ્તા-અપર્યાપ્તા સાથે ૩૦ ભેદો થઈને ૧૩૧ ભેદો થાય એમ ૧૫૧ જીવ ભેદો થાય છે. સ્વકાયસ્થિતિનું વર્ણન પુરૂં થયું.

## ચોથું પ્રાણ દ્વારનું વર્ણન

**દસહા જિયાણ પાણા ઈંદિય ઉસાસ આઉબલ રૂવા ।**
**એગિંદિએસુ ચઉરો વિગલેસુ છ-સત્ત અટ્ઠેવ ॥ ૪૨ ॥**

**ભાવાર્થ :** જીવોને દસ પ્રકારના પ્રાણો હોય છે. પાંચ ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય અને ત્રણ બલ એમ દશ પ્રાણો થાય છે. તેમાં એકેન્દ્રિયોને ચાર પ્રાણ, વિકલેન્દ્રિયોને છ, સાત અને આઠ પ્રાણો હોય છે. ॥ ૪૨ ॥

**અસન્નિ સન્નિ પંચિંદિએસુ નવ દસ કમેણ બોધવ્વા ।**
**તેહિં સહ વિપ્પઓગો જીવાણં ભન્નએ મરણં ॥ ૪૩ ॥**

**ભાવાર્થ :** અસન્ની પંચેન્દ્રિય જીવોને નવ પ્રાણ તથા સન્ની પંચેન્દ્રિયને દશ પ્રાણ હોય છે. તે પ્રાણોનો જીવને વિયોગ થવો તેનું નામ મરણ કહેવાય છે. ॥ ૪૩ ॥

**પ્રશ્ન ૪૭૯.** પ્રાણ કોને કહેવાય ?

**ઉત્તર :** સંસારમાં રહેવા માટે (જીવવા માટે) જીવ જેને ધારણ કરે (ગ્રહણ કરે) તે પ્રાણ કહેવાય છે. (દ્રવ્ય પ્રાણ છે.)

**પ્રશ્ન ૪૮૦.** દ્રવ્ય પ્રાણ કેટલા હોય છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** દ્રવ્ય પ્રાણ (૧૦) હોય છે. તે આ પ્રમાણે (૧) સ્પર્શેન્દ્રિય પ્રાણ (૨) રસેન્દ્રિય પ્રાણ (૩) ઘ્રાણેન્દ્રિય પ્રાણ (૪) ચક્ષુરિન્દ્રિય પ્રાણ (૫) શ્રોતેન્દ્રિય પ્રાણ (૬) આયુષ્ય પ્રાણ (૭) કાયબળ પ્રાણ (૮) વચનબળ પ્રાણ (૯) મનબળ પ્રાણ (૧૦) શ્વાસોશ્વાસ પ્રાણ.

**પ્રશ્ન ૪૮૧.** સ્થાવરનાં ૨૨ જીવભેદોને દશ પ્રાણોમાંથી કેટલા પ્રાણો હોય છે.

**ઉત્તર :** સ્થાવરના ૨૨ જીવભેદોને ૧૦ પ્રાણોમાંથી સામાન્ય રીતે ૪ (પ્રાણો) હોય છે. (૧) સ્પર્શેન્દ્રિય (૨) કાયબળ (૩) આયુષ્ય (૪) શ્વાસોશ્વાસ.

**પ્રશ્ન ૪૮૨.** પર્યાપ્તા અપર્યાપ્તા બેઇન્દ્રિય જીવોને દશ પ્રાણોમાંથી કેટલા પ્રાણો હોય છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** પર્યાપ્તા તથા અપર્યાપ્તા બેઇન્દ્રિય જીવોને ૧૦ પ્રાણોમાંથી ૬ પ્રાણો

હોય છે તે આ પ્રમાણે (૧) સ્પર્શેન્દ્રિય (૨) રસનેન્દ્રિય (૩) કાયબળ (૪) વચનબળ (૫) આયુષ્ય (૬) શ્વાસોશ્વાસ.

**પ્રશ્ન ૪૮૩.** પર્યાપ્તા તથા અપર્યાપ્તા તેઇન્દ્રિય જીવોને કેટલા પ્રાણો હોય છે? ક્યા ક્યા?

**ઉત્તર :** પર્યાપ્તા તથા અપર્યાપ્તા તેઇન્દ્રિય જીવોને દશ પ્રાણોમાંથી સાત પ્રાણો સામાન્યથી હોઈ શકે છે તે આ પ્રમાણે (૧) સ્પર્શેન્દ્રિય (૨) રસનેન્દ્રિય (૩) ઘ્રાણેન્દ્રિય (૪) કાયબળ (૫) વચનબળ (૬) આયુષ્યબળ અને (૭) શ્વાસોશ્વાસ.

**પ્રશ્ન ૪૮૪.** પર્યાપ્તા -અપર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવભેદોને કેટલા પ્રાણો હોઈ શકે છે? ક્યા ક્યા?

**ઉત્તર :** પર્યાપ્તા - અપર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવભેદોને દશ પ્રાણોમાંથી સામાન્ય રીતે ૮ પ્રાણો હોઈ શકે છે તે આ પ્રમાણે (૧) સ્પર્શેન્દ્રિય (૨) રસનેન્દ્રિય (૩) ઘ્રાણેન્દ્રિય (૪) ચક્ષુરિન્દ્રિય (૫) કાયબળ (૬) વચનબળ (૭) આયુષ્ય (૮) શ્વાસોશ્વાસ.

**પ્રશ્ન ૪૮૫.** પર્યાપ્તા-અપર્યાપ્તા અસન્નિ પંચેન્દ્રિય જીવોને કેટલા પ્રાણો હોય છે? ક્યા ક્યા?

**ઉત્તર :** પર્યાપ્તા-અપર્યાપ્તા અસન્નિ પંચેન્દ્રિય જીવોને દશ પ્રાણોમાંથી સામાન્યથી નવ પ્રાણો હોય છે તે આ પ્રમાણે (૧) સ્પર્શેન્દ્રિય (૨) રસનેન્દ્રિય (૩) ઘ્રાણેન્દ્રિય (૪) ચક્ષુરિન્દ્રિય (૫) શ્રોતેન્દ્રિય (૬) કાયબળ (૭) વચનબળ (૮) આયુષ્ય (૯) શ્વાસોશ્વાસ.

## વિશેષથી પ્રાણોનું વર્ણન

**પ્રશ્ન ૪૮૬.** આયુષ્ય નામના એક પ્રાણવાળા જીવો હોઇ શકે છે? અને હોય તો ક્યાં રહેલા હોય?

**ઉત્તર :** આયુષ્ય નામનો એક પ્રાણ હોય એવા જીવો હોઇ શકે છે અને એવા જીવો વિગ્રહ ગતિથી માંડીને શરીર પર્યાપ્તી પૂર્ણ ન કરે ત્યાં સુધીમાં જીવોને એક જ પ્રાણ હોઇ શકે છે.

**પ્રશ્ન ૪૮૭.** જીવ મરણ પામી જ્યાં ઉત્પન્ન થાય ત્યાં પહેલા સમયે જે આહાર પર્યાપ્તિ કરતી વખતે આહાર ગ્રહણ કરે છે. તે વખતે કાયબળ હોય કે નહી?

**ઉત્તર :** જીવ મરણ પામ્યા પછી જ્યાં ઉત્પન્ન થાય ત્યાં ઉત્પત્તિના પહેલા સમયે આહાર પર્યાપ્તિ કરતી વખતે આહાર ગ્રહણ કરે છે. તે વખતે કાયબળ પેદા કરવાની શરૂઆત કરે છે. દરેક જીવોને કાયબળની શરૂઆત સંપૂર્ણ શરીર પર્યાપ્તિ પૂર્ણ થાય ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે. તે કારણથી કાયબળ ન હોય તેમ કહી શકાય.

**પ્રશ્ન ૪૮૮.** આયુષ્ય અને કાયબળ જીવને ક્યારથી શરૂઆત થાય અને ક્યાં સુધી બે જ પ્રાણો રહી શકે ?

**ઉત્તર :** આયુષ્ય અને કાયબળ એ બે જ પ્રાણો જીવને શરીર પર્યાપ્તિ પૂર્ણ થાય એટલે પ્રાપ્ત થાય છે. તે બે જ પ્રાણો જ્યાં સુધી જીવો ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી જ રહે છે. (હોય છે.)

**પ્રશ્ન ૪૮૯.** આયુષ્ય, કાયબળ અને સ્પર્શેન્દ્રિય આ ત્રણ પ્રાણો ક્યા જીવોને હોય ? અને કેટલા કાળ સુધી આ ત્રણ જ પ્રાણો રહી શકે ?

**ઉત્તર :** આયુષ્ય, કાયબળ અને સ્પર્શેન્દ્રિય આ ત્રણ પ્રાણો એકેન્દ્રિય જીવોને જ હોઈ શકે છે. અને તે પણ ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ ન કરે એટલા કાળ સુધી જ રહે છે.

**પ્રશ્ન ૪૯૦.** આયુષ્ય, કાયબળ, સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય આ ચાર પ્રાણો ક્યા જીવોને હોઈ શકે ? અને કેટલા કાળ સુધી રહી શકે ?

**ઉત્તર :** આયુષ્ય, કાયબળ, સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય એ ચાર પ્રાણો બેઇન્દ્રિય જીવોને જ હોય છે. અને બેઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી રહે છે.

**પ્રશ્ન ૪૯૧.** પહેલી ત્રણ ઇન્દ્રિયો, (સ્પર્શનાંરસનાંઘ્રાણ) આયુષ્ય તથા કાયબળ એ પાંચ પ્રાણો ક્યા જીવોને હોઈ શકે છે ? અને કેટલા કાળ સુધી હોઈ શકે ?

**ઉત્તર :** પહેલી ત્રણ ઇન્દ્રિયો આયુષ્ય તથા કાયબળ આ પાંચ પ્રાણો તેઇન્દ્રિય જીવોને જ હોઈ શકે છે. અને તેઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી જ રહી શકે છે.

**પ્રશ્ન ૪૯૨.** પહેલી ચાર ઇન્દ્રિયો, આયુષ્ય અને કાયબળ આ છ પ્રાણો ક્યા જીવોને હોય ? અને કેટલા કાળ સુધી પ્રાણ ઘટી શકે ?

**ઉત્તર** : પહેલી ચાર ઇન્દ્રિયો, આયુષ્ય અને કાયબળ આ છ પ્રાણ ચઉરિન્દ્રિય જીવોને હોય છે. અને ચઉરિન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી જ ઘટી શકે છે.

**પ્રશ્ન ૪૯૩.** પાંચ ઇન્દ્રિયો,આયુષ્ય તથા કાયબળ આ સાત પ્રાણો ક્યા જીવોને હોય ? અને કેટલા કાળ સુધી આ સાત પ્રાણો ઘટી શકે ?

**ઉત્તર** : પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય તથા કાયબળ આ સાત પ્રાણો ઘટી શકે તેવા પંચેન્દ્રિય જીવને હોય છે. અને તેઓ પંચેન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી શ્વાસોશ્વાસ પૂર્ણ ન કરે ત્યાં સુધીના કાળમાં ઘટી શકે છે.

**પ્રશ્ન ૪૯૪.** સ્પર્શેન્દ્રિય, આયુષ્ય, કાયબળ અને શ્વાસોશ્વાસ આ ચાર પ્રાણો ક્યા જીવોને હોય છે ? અને કેટલા કાળ સુધી ટકી શકે ?

**ઉત્તર** : સ્પર્શેન્દ્રિય, આયુષ્ય, કાયબળ અને શ્વાસોશ્વાસ આ ચાર પ્રાણો એકેન્દ્રિય જીવોને હોય છે. તે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ ઘટી શકે છે. તેમાં જે જીવોનું જેટલું આયુષ્ય હોય તેટલા કાળ સુધી તે પ્રાણો રહે,

**પ્રશ્ન ૪૯૫.** પહેલી બે ઇન્દ્રિયો, આયુષ્ય, કાયબળ તથા શ્વાસોશ્વાસ આ પાંચ પ્રાણો ક્યા જીવોને કેટલા કાળ સુધી ઘટી શકે છે ?

**ઉત્તર** : પહેલી બે ઇન્દ્રિયો, આયુષ્ય, કાયબળ તથા શ્વાસોશ્વાસ આ પાંચ પ્રાણો બે ઇન્દ્રિય જીવોને શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી ભાષા પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધીનાં કાળમાં હોય છે.

**પ્રશ્ન ૪૯૬.** પહેલી ત્રણ ઇન્દ્રિયો, આયુષ્ય, કાયબળ તથા શ્વાસોશ્વાસ એ છ પ્રાણો જ ક્યા જીવોને કેટલા કાળ સુધી ઘટી શકે છે ?

**ઉત્તર** : ઉપર જણાવેલા છ પ્રાણો તેઇન્દ્રિય જીવોને જ હોય છે. તે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી ભાષા પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધીના કાળમાં હોય છે.

**પ્રશ્ન ૪૯૭.** પહેલી ચાર ઇન્દ્રિયો, આયુષ્ય, કાયબળ તથા શ્વાસોશ્વાસ એ સાત પ્રાણવાળા ક્યા જીવો હોય અને કેટલા કાળ સુધી હોઈ શકે ?

**ઉત્તર** : ઉપર જણાવેલા સાત પ્રાણો ચઉરિન્દ્રિય જીવોને હોય છે અને તે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી ભાષા પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી ઘટી શકે છે.

**પ્રશ્ન ૪૯૮.** પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય, કાયબળ, શ્વાસોશ્વાસ એ આઠ પ્રાણો ક્યા જીવોને કેટલા કાળ સુધી હોઈ શકે છે ?

ઉત્તર : પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય, કાયબળ અને શ્વાસોશ્વાસ એ આઠ પ્રાણો પંચેન્દ્રિય જીવોને શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા બાદ ભાષા પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી ઘટી શકે છે.

**પ્રશ્ન ૪૯૯.** ભાષાપર્યાપ્તિ પૂર્ણથાયપછી બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અસન્ની પંચેન્દ્રિય તથા સન્ની પંચેન્દ્રિય જીવોને કેટલા કેટલા પ્રાણો ઘટી શકે છે?

**ઉત્તર :** ભાષા પર્યાપ્તિ પૂર્ણ થાય પછી બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રય અસન્ની પંચેન્દ્રિય તથા સન્ની પંચેન્દ્રિયને અનુક્રમે છ પ્રાણો, સાત પ્રાણો, આઠ પ્રાણો, નવ પ્રાણો હોય છે. સન્ની પંચેન્દ્રિય અને અસન્ની પંચેન્દ્રિયને નવ પ્રાણ હોય છે.

**પ્રશ્ન ૫૦૦.** મનઃ પ્રર્યાપ્તિ પૂર્ણ થયા પછી સન્ની પંચેન્દ્રિય જીવોને કેટલા પ્રાણો હોય છે ?

**ઉત્તર :** મનઃપ્રર્યાપ્તિ પૂર્ણ થયા પછી સન્ની પંચેન્દ્રિય જીવોને દશ પ્રાણો હોય છે.

**પ્રશ્ન ૫૦૧.** એક આયુષ્ય નામનો જ પ્રાણ હોય (અર્થાત આયુષ્ય નામના એક જ પ્રાણમાં વર્તમાન) એવા જીવો કેટલા હોય છે ?

**ઉત્તર :** એક આયુષ્ય નામના જ પ્રાણમાં વર્તમાન જીવો ત્રણસો બત્રીસ હોય છે. અથવા લબ્ધિ પર્યાપ્તાની વિવક્ષાથી વિચારીએ તો પાંચસો ત્રેસઠ જીવ ભેદો હોઈ શકે. જ્યારે સ્વયોગ્ય પર્યાપ્તિ કરતા હોય તે વખતે શરીર પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધીમાં આ જીવોની વિવક્ષા સમજવી

| | |
|---|---|
| સ્થાવર જીવોના અગ્યાર અપર્યાપ્તા જીવો = | ૧૧ |
| પંચેન્દ્રિય તિર્યંચના દશ અપર્યાપ્તા જીવો = | ૧૦ |
| મનુષ્યના બસો બે અપર્યાપ્તા જીવો = | ૨૦૨ |
| દેવતાનાં નવ્વાણું અપર્યાપ્તા જીવો = | ૯૯ |
| નારકીનાં સાત અપર્યાપ્તા જીવો = | ૦૭ |
| વિકલેન્દ્રિયના ત્રણ અપર્યાપ્તા જીવો = | ૦૩ |
| કુલ અપર્યાપ્તા જીવો | ૩૩૨ |

પર્યાપ્તા નામકર્મના ઉદયથી વિગ્રહ ગતિથી લબ્ધિ પર્યાપ્તા જીવોની માન્યતા લઈએ તો બધા જ જીવો હોઈ શકે છે.

**પ્રશ્ન ૫૦૨.** આયુષ્ય તથા કાયબળ આ બે પ્રાણોમાં વર્તમાન કેટલા જીવો હોઈ શકે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** આયુષ્ય તથા કાયબળ એ બે પ્રાણોમાં વર્તમાન જીવો અપર્યાપ્તાની વિવક્ષાથી વિચારીએ તો સઘળા જીવભેદો ઘટી શકે છે.

**પ્રશ્ન ૫૦૩.** આયુષ્ય-કાયબળ અને સ્પર્શેન્દ્રિય આ ત્રણ જ પ્રાણોમાં વર્તમાન હોય તેવા જીવભેદો કેટલા અને ક્યા ક્યા ?

**ઉત્તર :** આયુષ્ય-કાયબળ અને સ્પર્શેન્દ્રિય આ ત્રણ જ પ્રાણોમાં વર્તમાન હોય તેવા સ્થાવરના ૧૧ અપર્યાપ્તા જીવો હોય અને લબ્ધિ પર્યાપ્તાની વિવક્ષા કરીએ તો ૧૧ પર્યાપ્તા સાથે બાવીસ ભેદો હોય છે.

**પ્રશ્ન ૫૦૪.** આયુષ્ય-કાયબળ-સ્પર્શેન્દ્રિય તથા રસનેન્દ્રિય એમ ચાર જ પ્રાણોમાં વર્તમાન કેટલા જીવભેદો હોઈ શકે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ઉપર જણાવેલા ચાર પ્રાણોમાં માત્ર એક અપર્યાપ્તા બેઇન્દ્રિય જીવ ઘટી શકે છે. અથવા વિવક્ષાથી બેઇન્દ્રિયના બે જીવ ભેદો ઘટી શકે છે.

**પ્રશ્ન ૫૦૫.** આયુષ્ય-કાયબળ, સ્પર્શેન્દ્રિય- રસનેન્દ્રિય- ઘ્રાણેન્દ્રિય એ પાંચ જ પ્રાણો હોય તેવા જીવો કેટલા હોઈ શકે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ઉપર જણાવેલ પાંચ પ્રાણોમાં એક જ અપર્યાપ્તા તેઇન્દ્રિય જીવ હોય છે અથવા વિવક્ષાથી તેઇન્દ્રિય જીવોના બે ભેદો ઘટી શકે છે.

**પ્રશ્ન ૫૦૬.** આયુષ્ય, કાયબળ, સ્પર્શના, રસના, ઘ્રાણ અને ચક્ષુ આ છ જ પ્રાણોમાં વર્તમાન જીવો કેટલા હોઈ શકે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ઉપર જણાવેલ છ પ્રાણોમાં એક અપર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવ વર્તમાન હોય છે. અથવા વિવક્ષાથી ચઉરિન્દ્રિય જીવોના બે ભેદો ઘટી શકે છે.

**પ્રશ્ન ૫૦૭.** પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય તથા કાયબળ આ ૭ પ્રાણોમાં વર્તમાન જીવો કેટલા હોઈ શકે છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ઉપર જણાવેલ સાત પ્રાણોમાં ૩૧૮ જીવ ભેદો હોય છે. અપર્યાપ્તા નારકીના સાત જીવો. અપર્યાપ્તા દેવતાના ૯૯ જીવો, અપર્યાપ્તા મનુષ્યના

૨૦૨ જીવો, અને અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિયના ૧૦ જીવો હોઈ શકે છે.

**પ્રશ્ન ૫૦૮.** સ્પર્શના, કાયબળ, આયુષ્ય અને શ્વાસોશ્વાસ એ ચાર પ્રાણવાળા જીવો કેટલા હોય ? ક્યા ક્યા ?

**ઉત્તર :** સ્પર્શના, કાયબળ, આયુષ્ય અને શ્વાસોશ્વાસ એ ચાર પ્રાણવાળા પર્યાપ્તા સ્થાવરના ૧૧ જીવ ભેદો હોઈ શકે છે.

**પ્રશ્ન ૫૦૯.** આયુષ્ય, કાયબળ, શ્વાસોશ્વાસ, સ્પર્શના અને રસના એ પાંચ પ્રાણોવાળા જીવો કેટલા હોઇ શકે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ઉપર જણાવેલા પાંચ પ્રાણોવાળો એક જ જીવ હોઈ શકે છે. તે અપર્યાપ્તા બેઇન્દ્રિય જીવ.

**પ્રશ્ન ૫૧૦.** આયુષ્ય, કાયબળ, શ્વાસોશ્વાસ, સ્પર્શના, રસના અને ઘ્રાણ એ છ પ્રાણોમાં વર્તમાન કેટલા જીવો હોય ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ઉપર જણાવેલ છ પ્રાણોમાં વર્તમાન એક જ જીવભેદ હોય છે. અપર્યાપ્તા તેઇન્દ્રિય જીવ.

**પ્રશ્ન ૫૧૧.** આયુષ્ય, કાયબળ, શ્વાસોશ્વાસ તથા પહેલી ચાર ઇન્દ્રિયો એમ સાત પ્રાણોવાળા કેટલા જીવભેદ હોય ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ઉપર જણાવેલા સાત પ્રાણોવાળો એક જ જીવભેદ હોય છે. તે અપર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવ.

**પ્રશ્ન ૫૧૨.** આયુષ્ય, કાયબળ, શ્વાસોશ્વાસ તથા પાંચ ઇન્દ્રિયો એમ આઠ પ્રાણોમાં વર્તમાન કેટલા જીવો હોઇ શકે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ઉપર જણાવેલા આઠ પ્રાણોમાં ૩૧૮ જીવ ભેદો હોય છે. તે આ પ્રમાણે અપર્યાપ્તા નારકીના ૭ જીવો, અપર્યાપ્તા દેવતાના ૯૯ જીવો, અપર્યાપ્તા મનુષ્યના ૨૦૨ જીવો તથા તિર્યંચ પંચેન્દ્રિયના ૧૦ જીવો હોઈ શકે છે.

**પ્રશ્ન ૫૧૩.** આયુષ્ય, કાયબળ, શ્વાસોશ્વાસ, વચનબળ તથા બે ઇન્દ્રિયો સહિત છ પ્રાણવાળા કેટલા જીવભેદો હોય છે ?

**ઉત્તર :** ઉપર જણાવેલ છ પ્રાણવાળો એક જ જીવભેદ હોય છે. પર્યાપ્તા બેઇન્દ્રિય જીવ.

**પ્રશ્ન ૫૧૪.** આયુષ્ય, કાયબળ, શ્વાસોશ્વાસ, વચનબળ તથા સ્પર્શના,

રસના, ઘ્રાણ એ સાત પ્રાણો હોય તેવા જીવભેદ કેટલા અને ક્યા ક્યા ?
**ઉત્તર :** ઉપર જણાવેલા સાત પ્રાણવાળો એક જ જીવભેદ હોય છે. પર્યાપ્તા તેઇન્દ્રિય જીવ.
**પ્રશ્ન ૫૧૫.** આયુષ્ય, કાયબળ, શ્વાસોશ્વાસ, વચનબળ તથા પહેલી ચાર ઇન્દ્રિયો સહિત આઠ પ્રાણવાળા કેટલા જીવભેદો હોય છે ?
**ઉત્તર :** ઉપર જણાવેલ આઠ પ્રાણવાળો એક જ જીવભેદ હોય છે. તે પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવ.
**પ્રશ્ન ૫૧૬.** આયુષ્ય, કાયબળ, શ્વાસોશ્વાસ, વચનબળ તથા પાંચ ઇન્દ્રિયો એ નવ પ્રાણવાળા જીવો કેટલા હોય ? ક્યા ક્યા ?
**ઉત્તર :** ઉપરજણાવેલ નવ પ્રાણવાળા જીવભેદો ૩૧૮ હોય છે. તે આ પ્રમાણે અપર્યાપ્તા નારકીના ૭, અપર્યાપ્તા દેવતાના ૯૯, અપર્યાપ્તા મનુષ્યના ૨૦૨, તિર્યંચ પંચેન્દ્રિયના ૧૦ મળીને કુલ ૩૧૮ થાય છે.
**પ્રશ્ન ૫૧૭.** દશેય પ્રાણો હોય તેવા જીવભેદો કેટલા હોય છે ?
**ઉત્તર :** દશેય પ્રાણો હોય તેવા જીવો ૨૧૨ હોય છે. તે આ પ્રમાણે પર્યાપ્તા નારકીના ૭ જીવો, પર્યાપ્તા દેવતાના ૯૯ જીવો, પર્યાપ્તા મનુષ્યોના ૧૦૧ જીવો, પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિયના ૫ જીવો મળીને કુલ ૨૧૨ જીવભેદો થાય છે.
**પ્રશ્ન ૫૧૮.** એકેન્દ્રિય જીવોને સામાન્યથી કેટલા પ્રાણો હોઈ શકે છે ?
**ઉત્તર :** એકેન્દ્રિય જીવોને નીચે પ્રમાણે પ્રાણો હોય છે :- એકેન્દ્રિય જીવો એક પ્રાણવાળા હોય છે અને તે યથાવત્ ચાર પ્રાણવાળા પણ હોઈ શકે છે.
**પ્રશ્ન ૫૧૯.** બેઇન્દ્રિય જીવોને કેટલા પ્રાણ હોઈ શકે છે ?
**ઉત્તર :** બેઇન્દ્રિય જીવોને એક પ્રાણ, બે પ્રાણ, પાંચ પ્રાણ તથા છ પ્રાણો હોઈ શકે છે.
**પ્રશ્ન ૫૨૦.** તેઇન્દ્રિય જીવોને કેટલા પ્રાણો હોઈ શકે છે ?
**ઉત્તર :** તેઇન્દ્રિય જીવોને એક પ્રાણ, બે પ્રાણ, પાંચ પ્રાણ છ પ્રાણ, તથા સાત પ્રાણ હોઈ શકે છે.
**પ્રશ્ન ૫૨૧.** ચઉરિન્દ્રિય જીવોને કેટલા પ્રાણો હોઈ શકે છે ?

**ઉત્તર :** ચઉરિન્દ્રિય જીવોને એક પ્રાણ, બે પ્રાણ, છ પ્રાણ, સાત પ્રાણ તથા આઠ પ્રાણ હોઈ શકે છે.

**પ્રશ્ન ૫૨૨.** અસન્ની પંચેન્દ્રિય જીવોને કેટલા પ્રાણો હોઈ શકે છે ?

**ઉત્તર :** અસન્ની પંચેન્દ્રિય જીવો એક પ્રાણવાળા, બે પ્રાણવાળા, સાત પ્રાણ વાળા, આઠ પ્રાણવાળા અને નવ પ્રાણવાળા હોય છે.

**પ્રશ્ન ૫૨૩.** સન્ની પંચેન્દ્રિય જીવોને કેટલા કેટલા પ્રાણો ઘટી શકે છે ?

**ઉત્તર :** સન્ની પંચેન્દ્રિય જીવોને એક પ્રાણ, બે પ્રાણ, સાત પ્રાણ, આઠ પ્રાણ, નવ પ્રાણ અને દશ પ્રાણ હોઈ શકે છે.

**પ્રશ્ન ૫૨૪.** પાંચસો ત્રેસઠ જીવભેદમાંથી આયુષ્ય પ્રાણવાળા કેટલા જીવભેદો હોય છે ?

**ઉત્તર :** ૫૬૩ જીવભેદોમાંથી આયુષ્ય નામનો પ્રાણ હોય તેવા જીવો ૫૬૩ હોય છે અર્થાત સઘળા જીવો હોય છે.

**પ્રશ્ન ૫૨૫.** કાયબળ પ્રાણ હોય તેવા જીવભેદો કેટલા હોય છે ?

**ઉત્તર :** કાયબળ પ્રાણ હોય તેવા જીવો પાંચસો ત્રેસઠ (૫૬૩) જીવભેદો હોય છે.

**પ્રશ્ન ૫૨૬.** વચનબળ પ્રાણ હોય તેવા જીવભેદો કેટલા ?

**ઉત્તર :** વચનબળ પ્રાણ હોય તેવા ૪૩૨ જીવભેદો હોય છે તે આ પ્રમાણે : પર્યાપ્તા વિકલેન્દ્રિયનાં ૩ જીવો, પર્યાપ્તા અસન્ની પંચેન્દ્રિયનાં ૫ જીવો, નારકીનાં ૧૪ જીવો, દેવતાનાં ૧૯૮ જીવો, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયનાં ૧૦ ભેદ, મનુષ્યનાં ૨૦૨ ભેદો એમ કુલ ૪૩૨ થાય છે. અહીંયા અપર્યાપ્તાવસ્થામાં વચન યોગ કહેલો છે તે કરણ અપર્યાપ્તા (લબ્ધિ પર્યાપ્તા) જીવોને આશ્રયીને કહેલો છે, જો કરણ પર્યાપ્તાની વિવક્ષા કરીએ તો ૨૨૦ જીવભેદ થાય છે તે આ પ્રમાણે : પર્યાપ્તા વિકલેન્દ્રિયનાં ૩, પર્યાપ્તા અસન્ની પંચેન્દ્રિય ૫, પર્યાપ્તા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયનાં ૫, પર્યાપ્તા નારકીનાં ૭, પર્યાપ્તા દેવતાનાં ૯૯, મનુષ્યોનાં ૧૦૧ કુલ ૨૨૦ ભેદ થાય છે.

**પ્રશ્ન ૫૨૭.** મનબળ પ્રાણમાં કેટલા જીવભેદો ઘટી શકે ?

**ઉત્તર :** મનબળ પ્રાણમાં ૫૬૩માંથી ૨૧૨ ઘટે છે તે આ પ્રમાણે : પર્યાપ્તા નારકીનાં ૭, પર્યાપ્તા દેવતાનાં ૯૯, પર્યાપ્તા મનુષ્યોનાં ૧૦૧, પર્યાપ્તા

ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયના ૫ એમ કુલ ૨૧૨ જીવભેદો થાય છે.

**પ્રશ્ન ૫૨૮.** શ્વાસોશ્વાસ પ્રાણમાં કેટલા જીવભેદો ઘટી શકે છે ?

**ઉત્તર :** શ્વાસોશ્વાસ પ્રાણવાળા જીવભેદો ૫૬૩માંથી ૫૫૨ ભેદો ઘટી શકે છે તે આ પ્રમાણે : પર્યાપ્તા સ્થાવર જીવોનાં ૧૧, વિકલેન્દ્રિય જીવોનાં ૬, તિર્યંચ પંચેન્દ્રિય જીવોનાં ૨૦, મનુષ્ય જીવોનાં ૩૦૩, દેવતા જીવોનાં ૧૯૮, નારકી જીવોનાં ૧૪ કુલ મળીને ૫૫૨ ઘટી શકે છે. અપર્યાપ્તા એકેન્દ્રિય (સ્થાવર) જીવો ચોથી શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના મરણ પામતા હોવાથી અત્રે તેની વિવક્ષા કરેલ નથી.

**પ્રશ્ન ૫૨૯.** સ્પર્શેન્દ્રિય પ્રાણવાળા કેટલા જીવભેદો હોય છે ?

**ઉત્તર :** સ્પર્શેન્દ્રિય પ્રાણવાળા જીવો ૫૬૩ હોય છે.

**પ્રશ્ન ૫૩૦.** રસનેન્દ્રિય પ્રાણવાળા કેટલા જીવભેદો હોય છે ?

**ઉત્તર :** રસનેન્દ્રિય પ્રાણવાળા જીવો અર્થાત્ જે જીવોને રસનેન્દ્રિય હોય તેવા ૫૪૧ જીવભેદો હોય છે તે ૫૬૩માંથી સ્થાવરના ૨૨ ભેદો બાદ કરીને બાકીનાં દરેક જીવભેદો સમજવા.

**પ્રશ્ન ૫૩૧.** ઘ્રાણેન્દ્રિય પ્રાણવાળા જીવો કેટલા હોઈ શકે છે ?

**ઉત્તર :** ઘ્રાણેન્દ્રિય પ્રાણવાળા જીવો ૫૩૯ હોઈ શકે છે તે આ પ્રમાણે : તેઈન્દ્રિયનાં ૨ ભેદ, ચઉરિન્દ્રિયનાં ૨ ભેદ, તિર્યંચ પંચેન્દ્રિયનાં ૨૦ ભેદ, મનુષ્યનાં ૩૦૩ ભેદ, દેવતાનાં ૧૯૮ અને નારકીનાં ૧૪ ભેદ મળી ૫૩૯ થાય છે.

**પ્રશ્ન ૫૩૨.** ચક્ષુરિન્દ્રિય પ્રાણવાળા જીવભેદો કેટલા હોય છે ?

**ઉત્તર :** ચક્ષુરિન્દ્રિય પ્રાણવાળા જીવભેદો ૫૩૭ હોય છે તે આ પ્રમાણે : ચઉરિન્દ્રિયનાં ૨ ભેદો, તિર્યંચ પંચેન્દ્રિયનાં ૨૦ ભેદો, મનુષ્યનાં ૩૦૩ ભેદો, દેવતાનાં ૧૯૮ ભેદો અને નારકીનાં ૧૪ ભેદો મળીને ૫૩૭ ભેદો થાય છે.

**પ્રશ્ન ૫૩૩** શ્રોતેન્દ્રિય પ્રાણવાળા જીવો કેટલા હોય છે ?

**ઉત્તર :** શ્રોતેન્દ્રિય પ્રાણવાળા જીવો ૫૩૫ હોય છે તે આ પ્રમાણે : તિર્યંચ પંચેન્દ્રિયનાં૨૦ મનુષ્યનાં ૩૦૩ ભેદો, દેવતાનાં ૧૯૮ ભેદો, નારકીનાં ૧૪ ભેદો મળીને ૫૩૫ ભેદો થાય છે. અહીંયા ઈન્દ્રિય પ્રાણોમાં ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયે બધી ઈન્દ્રિયોનો ક્ષયોપશમ ભાવ પેદા થઈ જાય છે. આ રીતે વિવક્ષા કરેલ

છે.

**પ્રશ્ન ૫૩૪.** જીવ મરણ પામ્યો એમ ક્યારે કહેવાય ?

**ઉત્તર :** ઉપર જણાવેલ દશ પ્રાણોમાંથી જે જીવોને જેટલા જેટલા પ્રાણો કહેલાં છે તે સઘળાં દ્રવ્ય પ્રાણોનો વિયોગ થવો (નાશ થવો) તેનું નામ મરણ કહેવાય છે. આવા મરણ જીવે અનંતીવાર કર્યા છે. તે જ વાતને હવે જણાવે છે.

**એવં અણોરપારે સંસારે સાયરંમિ ભીમંમિ ।**
**પત્તો અણંતખુત્તો જીવેહિ અપત્ત ધમ્મેહિં ॥ ૪૪ ॥**

**ભાવાર્થ :** આ રીતે જેનો પાર પામી ન શકાય એવા ભયંકર સંસારરૂપી સમુદ્રમાં ધર્મને નહિ પામેલા જીવો અનંતીવાર પડયા રહ્યા છે ॥ ૪૪ ॥

**પ્રશ્ન ૫૩૫.** ઉપર જણાવેલ મરણના દુઃખો જીવ કેવી રીતે પ્રાપ્ત કરે છે ?

**ઉત્તર :** આ જીવ અનાદિકાળથી અવ્યવહાર રાશિમાં રહેલો હતો. જ્યારે એક જીવ મોક્ષમાં ગયેલો ત્યારે તે અવ્યવહાર રાશીમાંથી બહાર નીકળેલ એટલે વ્યવહાર રાશિમાં એકેન્દ્રિયપણાને પ્રાપ્ત થયેલ છતાં ત્યાં અકામ-નિર્જરા થવાથી કોઈ સારા અધ્યવસાય પ્રાપ્ત થવાથી બેઇન્દ્રિયપણાને પામ્યો પરંતુ તે જીવને સમજણ ન હોવાથી જેમ ઇન્દ્રિયો વધારે મળી, પ્રાણ વધારે મળ્યા, તેમ તેનો ઉપયોગ સંસારના સુખ વધારે મેળવવામાં કર્યો એટલે રસનામાં લોલુપપણાવાળો થયો અને તેથી ત્યાંથી પાછો એકેન્દ્રિય-બેઇન્દ્રિયપણામાં ઘણાં જન્મ મરણ ધારણ કરીને ભમ્યો ત્યાર પછી સારા અધ્યવસાયથી કર્મોની ઘણી નિર્જરા થવાથી તે જીવ તેઇન્દ્રિયપણાને પામ્યો. ત્યાં સુખમાં લીન થયો, અને કર્મો બાંધી સંસાર એટલે કે એકેન્દ્રિયપણામાં ભટકવા ચાલ્યો ગયો. આ રીતે ઘણો કાળ રખડીને પછી સારા અધ્યવસાયથી કર્મોની નિર્જરા કરીને ચઉરિન્દ્રિયપણાને પામ્યો. ત્યાં પણ લાલ, પીળા, લીલા, રાતા પુદ્ગલો દેખાવાથી તેમાં ફસાયો અને ત્યાં કર્મો બાંધી એકેન્દ્રિયાદિકમાં ભટકવા ચાલ્યો ગયો. નિર્જરા કરીને મનુષ્યપણાને પામ્યો ત્યાં પણ ઘણાં પાપો કરીને નરકાદિ દુર્ગતિમાં દુઃખ ભોગવવા ગયો ત્યાંથી નિર્જરા કરીને મનુષ્યપણું પામીને દેવગતિને પામ્યો ત્યાં સુખમાં લીન થઈ પાછો એકેન્દ્રિયાદિકમાં ભટકવા ચાલ્યો ગયો. આ રીતે જીવ જિનધર્મને પામ્યા વિના (અનાદિકાળ) અનંતકાળ ભમ્યો અનંત જન્મ મરણના દુઃખોને આ રીતે

ભોગવતા ભોગવતા આત્મા અહીંયા આવ્યો છે તો હે જીવ ! હવે મનુષ્ય જન્મ અને જિનેશ્વર ભગવંતનું શાસન મળ્યું છે અને તે શાસનને સમજવા માટે સારામાં સારા સદ્‌ગુરૂનો યોગ મળ્યો છે. આમ ધર્મ પામવા માટે સારામાં સારો માર્ગ હાથમાં આવી ગયો છે. માટે અહીંથી પાછા અનંત જન્મ મરણ ન કરવા પડે તેની કાળજી રાખજે અને સંસારનો અંત કરવાનો પુરૂષાર્થ કરજે કે જેથી અનતા જન્મ મરણના દુઃખો નાશ પામે.

## યોનિદ્વારનું વર્ણન

**તહ ચઉરાશી લક્ખા સંખા જોણીણ હોઈ જીવાણં ।**
**પુઢવાઈણં ચઉણ્હં પત્તેયં સત્ત સત્તેવ ॥ ૪૫ ॥**

**ભાવાર્થ :** જગતમાં જીવોને ભમવા લાયક સ્થાનો ૮૪ લાખ જીવા યોનિનાં કહેલા છે. તેમાં પૃથ્વીકાયાદિ ૪ એટલે કે પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એ દરેકની સાત લાખ જીવા યોનિ કહેલ છે ॥ ૪૫ ॥

**પ્રશ્ન ૫૩૬.** યોનિ કોને કહેવાય ?

**ઉત્તર :** જગતમાં ઉત્પન્ન થવાનાં સ્થાનોને યોનિ કહેવાય છે. અર્થાત્ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન એટલે આકૃતિ આ પાંચ જેનાં જેનાં એકસરખા હોય તે એક ઉત્પત્તિ સ્થાન કહેવાય છે. તે ઉત્પત્તિ સ્થાનને યોનિ કહેવાય છે. અથવા તેજસ કાર્મણ શરીરવાળા જીવો ઔદારિક આદિ પુદ્‌ગલ સ્કંધની સાથે જે મિશ્રણતા કરે તે યોનિ કહેવાય છે. આ ઉત્પત્તિ સ્થાન વિશેષ છે.

**પ્રશ્ન ૫૩૭.** પૃથ્વીકાય વિગેરે જીવોની યોની સ્થાનો કેટલા હોય છે ?

**ઉત્તર :** પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય જીવોની યોની સ્થાનો સાત સાત લાખ છે.

**પ્રશ્ન ૫૩૮.** સાત લાખ યોની સ્થાનો કેવી રીતે થાય ?

**ઉત્તર :** પૃથ્વીકાય, અપકાય, તેઉકાય વાયુકાય જીવોનાં એક એકના જગતમાં ૩૫૦ પ્રકારો હોય છે. તેણે બે હજારથી ગુણવાથી સાત લાખ થાય છે. બે હજાર સ્થાનો ઉત્પત્તિના હોય છે. તે આ પ્રમાણે - પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, પાંચ સંસ્થાનનો ગુણાકાર કુલ બે હજાર થાય છે. એક એક પ્રકારમાં બબ્બે હજાર સ્થાન ગણતા સાડા ત્રણસો બે હજાર કરવાથી સાત લાખ સ્થાનો થાય છે.

તેથી સાત લાખ યોનિ કહેવાય છે.

**દસ પત્તેય તરૂણં ચઉદ્દસ લક્ખા હવંતી ઈયરેસુ ।**
**વિગલેંદિએસુ દો દો ચઉરો પંચિંદિતિરિયાણં ॥ ૪૬ ॥**
**ચઉરો ચઉરો નારય સુરેસુ મણુઆણ ચઉદસ હવંતિ ।**
**સંપિડિયા ય સવ્વે ચુલસી લક્ખાઉ જોણીણં ॥ ૪૭ ॥**

**ભાવાર્થ :** પ્રત્યેક વનસ્પતિકાયની દશ લાખ, સાધારણ વનસ્પતિકાયની ચૌદ લાખ, બેઈન્દ્રિયની બે લાખ, તેઈન્દ્રિયની બે લાખ, ચઉરિન્દ્રયની બે લાખ, તિર્યંચ પંચેન્દ્રિયની ચાર લાખ જીવા યોનિ હોય છે. ॥ ૪૬ ॥ નારકીની ચાર લાખ, દેવોની ચાર લાખ, મનુષ્યોની ચૌદ લાખ જીવા યોની હોય છે. સઘળીયે યોનિ ભેગી કરતાં કુલ ચોરાશી લાખ (૮૪ લાખ) જીવા યોનિ થાય છે. ॥ ૪૭ ॥

**પ્રશ્ન ૫૩૯.** પ્રત્યેક વનસ્પતિકાય જીવોની યોનિ કેટલી હોય છે ? કઈ રીતે ?

**ઉત્તર :** પ્રત્યેક વનસ્પતિકાય જીવોનાં પાંચસો પ્રકાર (જાત) હોય છે. એ પાંચસોને બે હજાર સ્થાનોથી ગુણવાથી દસ લાખ યોનિ સ્થાનો પ્રત્યેક વનસ્પતિકાયનાં હોય છે.

**પ્રશ્ન ૫૪૦.** સાધારણ વનસ્પતિકાય જીવોના યોનિ સ્થાનો કેટલા છે ?

**ઉત્તર :** સાધારણ વનસ્પતિકાય જીવોનાં યોનિ સ્થાનો ચૌદ લાખ હોય છે. તે આ પ્રમાણે સાધારણ વનસ્પતિકાયમાં સાતસો પ્રકાર હોય છે તેને બે હજાર સ્થાનોથી ગુણતા ચૌદ લાખ થાય છે.

**પ્રશ્ન ૫૪૧.** તેઈન્દ્રિય જીવોનાં યોનિસ્થાનો કેટલાં છે ?

**ઉત્તર :** તેઈન્દ્રિય જીવોનાં યોનિસ્થાનો બે લાખ હોય છે. તેઈન્દ્રિય જીવોના સો પ્રકાર હોય છે તેને બે હજાર સ્થાનોથી ગુણતા બે લાખ થાય છે.

**પ્રશ્ન ૫૪૨.** બેઈન્દ્રિય જીવોના કેટલા યોનિ સ્થાનો છે ?

**ઉત્તર :** બેઈન્દ્રિય જીવોનાં યોનિ સ્થાન બે લાખ હોય છે. બેઈન્દ્રિય જીવો સો પ્રકારનાં હોય છે. તેને બે હજાર સ્થાનોથી ગુણતા બે લાખ થાય છે.

**પ્રશ્ન ૫૪૩.** ચઉરિન્દ્રિય જીવોનાં યોનિ સ્થાનો કેટલા છે ?

**ઉત્તર :** ચઉરિન્દ્રિય જીવોનાં યોનિ સ્થાનો બે લાખ હોય છે. ચઉરિન્દ્રિય જીવો સો પ્રકારનાં છે. તેને બે હજાર સ્થાનોથી ગુણતા બે લાખ થાય છે.

**પ્રશ્ન ૫૪૪.** તિર્યંચ પંચેન્દ્રિય જીવોનાં યોનિ સ્થાનો કેટલા ?

**ઉત્તર :** તિર્યંચ પંચેન્દ્રિય જીવોનાં યોનિ સ્થાનો ચાર લાખ હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયનાં બસો પ્રકાર છે. તેને બે હજારથી ગુણતાં ચાર લાખ થાય છે.

**પ્રશ્ન ૫૪૫.** દેવતાનાં યોનિ સ્થાનો કેટલાં છે ?

**ઉત્તર :** દેવતાનાં યોની સ્થાનો ચાર લાખ છે. દેવતાના પ્રકાર બસો બે હજાર કરવાથી ચાર લાખ થાય છે.

**પ્રશ્ન ૫૪૬.** નારકીનાં યોનિ સ્થાનો કેટલા છે ?

**ઉત્તર :** નારકીનાં યોનિ સ્થાનો ચાર લાખ છે. નારકીનાં બસો પ્રકાર બે હજાર સ્થાનો કરવાથી ચાર લાખ થાય છે.

**પ્રશ્ન ૫૪૭.** મનુષ્યોનાં યોનિ સ્થાનો કેટલાં હોય છે ?

**ઉત્તર :** મનુષ્યોનાં યોનિ સ્થાનો ચૌદ લાખ હોય છે. મનુષ્યોના કુલ સાતસો પ્રકાર છે તેને બે હજાર સાથે ગુણતા ચૌદ લાખ યોનિ સ્થાનો થાય છે.

**પ્રશ્ન ૫૪૮.** કુલ યોનિ સ્થાનો કેટલા છે ?

**ઉત્તર :** કુલ યોનિ સ્થાનો ચોરાસી લાખ (૮૪ લાખ) છે તે આ પ્રમાણે પૃથ્વીકાય જીવોના સાત લાખ યોનિ સ્થાનો, અપકાય જીવોના સાત લાખ યોનિ સ્થાનો, તેઉકાય જીવોનાં સાત લાખ યોનિ સ્થાનો, વાયુકાય જીવોનાં સાત લાખ યોનિ સ્થાનો, પ્રત્યેક વનસ્પતિકાય જીવોનાં દશ લાખ યોનિ સ્થાનો, સાધારણ વનસ્પતિકાય જીવોનાં ચૌદ લાખ યોનિ સ્થાનો, તિર્યંચ પંચેન્દ્રિય જીવોનાં ચાર લાખ યોનિ સ્થાનો, વિકલેન્દ્રિય જીવોનાં છ લાખ યોનિ સ્થાનો, મનુષ્ય જીવોનાં ચૌદ લાખ યોનિ સ્થાનો, દેવતા જીવોનાં ચાર લાખ યોનિ સ્થાનો તથા નારકીનાં ૪ લાખ. આ રીતે ચોરાશી લાખ (૮૪ લાખ) યોનિ સ્થાનો થાય છે. આ રીતે યોનિદ્વાર પૂર્ણ થયું હવે સિદ્ધના જીવોને શું શું હોતું નથી તે જણાવે છે.

**સિદ્ધના જીવોનું વર્ણન**

**સિદ્ધાણં નત્થિ દેહો ન આઉ કમ્મં ન પાણ જાણિઓ ।**
**સાઈ અણંતા તેસિ ઠિઈ જિણિંદાગમે ભણિયા ॥ ૪૮ ॥**

**ભાવાર્થ :** સિદ્ધ ભગવંતોના જીવોને શરીર નથી. આયુષ્ય નથી. કર્મ નથી. પ્રાણો નથી. યોનિ પણ નથી. તેઓની સ્થિતિ શ્રી જિનેશ્વર ભગવંતોના

આગમને વિષે આદિ અનંતકાળની કહેલી છે. ॥ ૪૮ ॥

**પ્રશ્ન ૫૪૯.** સિદ્ધનાં જીવોને શું શું હોતું નથી ?

**ઉત્તર :** સિદ્ધના જીવોને શરીર ન હોય. આયુષ્ય ન હોય. પ્રાણો ન હોય. યોનિ ન હોય અને તેઓની સ્થિતિ આદિ અનંતકાળની શાસ્ત્રોમાં કહેલી છે.

**પ્રશ્ન ૫૫૦.** સિદ્ધનાં જીવોને શરીર વિગેરે શા માટે હોતું નથી ?

**ઉત્તર :** સિદ્ધનાં જીવોને આશ્રય-આશ્રયી અથવા સ્થાન અને સ્થાનીનો અભેદ હોય છે. તેથી શરીર હોતું નથી. શરીર ન હોય તેથી આયુષ્ય પણ હોતું નથી કારણ કે આયુષ્ય શરીરી જીવોને જ હોય છે. દ્રવ્ય પ્રાણ પણ સિદ્ધનાં જીવો કર્મ રહિત થયેલ હોવાથી હોતા નથી. જે જીવો કર્મ સહિત હોય તે જીવોને જ દ્રવ્ય પ્રાણો હોય છે અને દ્રવ્ય પ્રાણવાળા જીવોને ઉત્પત્તિ સ્થાનો રૂપ યોનિ સ્થાનો હોય છે. તે કારણથી સિદ્ધી ગતિમાં ઉત્પન્ન થયા પછી ત્યાં મરણનો અભાવ હોય છે. તેના કારણે સાદિ (આદિ) અનંત કાળની સ્થિતિ હોય છે.

**પ્રશ્ન ૫૫૧.** સિદ્ધના જીવોને ભાવ પ્રાણો કેટલા હોય છે ? ~~ક્યાં~~ ક્યા ?

**ઉત્તર :** સિદ્ધના જીવોને અનંતા ગુણો પેદા થયેલા હોય છે. માટે અનંતા ભાવ પ્રાણો હોય છે. પણ સામાન્યથી તે અનંત ગુણોનો સમાવેશ આઠ ગુણોમાં મહાપુરુષોએ કરેલા છે તે આ પ્રમાણે છે. (૧) અનંત જ્ઞાન (કેવળ જ્ઞાન) (૨) અનંત દર્શન (કેવલ દર્શન) (૩) અવ્યાબાધ સુખ (૪) ક્ષાયિક ચારિત્ર (૫) અક્ષય સ્થિતિ (૬) અગુરુલઘુપણુ (૭) અરૂપીપણું (૮) અનંતવીર્ય.

**પ્રશ્ન ૫૫૨.** સિદ્ધના જીવોને બીજા ગ્રંથોમાં કેટલા ગુણો કહેલા છે ?

**ઉત્તર :** બીજી રીતે સિદ્ધનાં જીવોને ૩૧ ગુણો હોય છે. એમ આચારાંગ સૂત્રમાં કહેલ છે. તે આ પ્રમાણે :- સિદ્ધનાં જીવો (૧) દીર્ઘ ન હોય (૨) હ્રસ્વ ન હોય (૩) વૃત્ત નથી (૪) ત્રિકોણ નથી (૫) ચોરસ નથી (૬) પરિમંડલ નથી (૭) લાલ નથી (૮) પીળા નથી (૯) શુકલ નથી (૧૦) કાળા નથી (૧૧) લીલા રંગવાળા નથી (૧૨) દુર્ગંધવાળા નથી (૧૩) સુગંધવાળા નથી (૧૪) તિક્ખા રસવાળા નથી (૧૫) કડવા રસવાળા નથી (૧૬) તુરા નથી (૧૭) ખાટા નથી (૧૮) મધુર નથી (૧૯) ખરબચડા નથી (૨૦) કોમલ નથી (૨૧) ભારે સ્પર્શવાળા નથી (૨૨) હલકા સ્પર્શવાળા નથી (૨૩) સ્નિગ્ધ સ્પર્શવાળા નથી (૨૪) રૂક્ષ સ્પર્શવાળા

નથી (૨૫) શીત સ્પર્શવાળા નથી (૨૬) ઉષ્ણ સ્પર્શવાળા નથી (૨૭) સ્ત્રીવેદી નથી (૨૮) પુરુષવેદી નથી (૨૯) નપુંસકવેદી નથી ઇત્યાદિ ચીજોથી રહિત હોવાથી ૩૧ ગુણોવાળા કહેલાં છે.

**કાલે અણાઈ નિહણે જોણિ ગહણંમિ ભીસણે ઇત્થ ।**

**ભમિયા ભમિહિંતિ ચિરં જીવા જિણવયણમલહંતા ॥ ૪૯ ॥**

**ભાવાર્થ :** જે જીવોને જિનેશ્વર ભગવંતોના વચનો સાંભળવા મળ્યા નથી તે જીવો અનાદિ કાળથી જીવાયોનિમાં ભમ્યા હતા. વર્તમાનમાં ભમે છે અને ભવિષ્યમાં પણ ભમશે એમ કહેલું છે. ॥ ૪૯ ॥

**પ્રશ્ન ૫૫૩.** જીવો ક્યા કારણે યોનિઓમાં ભમ્યા હતા, ભમે છે અને ભમશે ?

**ઉત્તર :** જે જીવોને જિનેશ્વર ભગવંતોના વચનો સાંભળવા મળ્યા નથી. સાંભળ્યા પછી હિતાહિતનો વિચાર કરીને પણ હિતનો સ્વીકાર અને અહિતનો ત્યાગ કરતા નથી એવા કારણથી જીવો યોનિઓમાં ભમ્યા હતાં. વર્તમાનકાળમાં ભમે છે અને ભવિષ્યકાળમાં પણ જ્યાં સુધી તેનો સ્વીકાર નહીં કરે ત્યાં સુધી ભમ્યા કરશે એમ કહેવાય છે.

**તા સંપઈ સમ્પતે મણુઅત્તે દુલ્લહે વિ સમ્મત્તે ।**

**સિરિ સંતિ સૂરિ સિટ્ઠે કરેહ ભો ઉજ્જમં ધમ્મે ॥ ૫૦ ॥**

**ભાવાર્થ :** દુર્લભ મનુષ્ય જન્મમાં સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતાં હે ભવ્ય જીવો શ્રી શાંતિસૂરિ મહારાજે તીર્થંકર તથા ગણધરોએ કહેલા ધર્મમાંઉદ્યમ કર્યો.॥૫૦॥

**પ્રશ્ન ૫૫૪.** ન ભમવું હોય તો જીવે શું કરવું જોઈએ.

**ઉત્તર :** દશ દ્રષ્ટાંતે દુર્લભ એવા મનુષ્ય ભવને પામીને સમ્યગ્ દર્શનરૂપી ચિંતામણી રત્નને પામીને (મેળવીને) ધર્મને વિષે સારી રીતે ઉદ્યમ કરવોજોઈએ.

**પ્રશ્ન ૫૫૫.** કેવા પ્રકારના ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ ?

**ઉત્તર :** કેવલજ્ઞાનરૂપી લક્ષ્મી પેદા થાય એવા ધર્મમાં હંમેશા ઉદ્યમ કરવોજોઈએ.

**પ્રશ્ન ૫૫૬.** કેવલજ્ઞાનરૂપી લક્ષ્મી કેવી રીતે પેદા થાય છે ?

**ઉત્તર :** રાગ, દ્વેષ, કષાય, મોહ, અજ્ઞાન આદિ દોષોનો નાશ થાય ત્યારે કેવલજ્ઞાન રૂપી લક્ષ્મી પેદા થાય છે.

**પ્રશ્ન ૫૫૭.** કેવલજ્ઞાન રૂપી લક્ષ્મી પેદા કરવાનો માર્ગ કોણે બતાવ્યો છે ?
**ઉત્તર :** કેવલજ્ઞાન રૂપી લક્ષ્મી પેદા કરવાનો માર્ગ તીર્થંકર ભગવંતોએ અને ગણધર ભગવંતોએ બતાવ્યો છે.

**એસો જીવ વિયારો સંખેવરૂઈણ જાણણા હેઉ ।**
**સંખિત્તો ઉદ્ધરિઓ રૂદ્દાઓ સુય સમુદ્દાઓ ॥ ૫૧ ॥**

**ભાવાર્થ :** એ પ્રમાણે જાણવાના હેતુથી જીવવિચાર પ્રકરણ શ્રુતરૂપી સમુદ્રોમાંથી ઉદ્ધાર કરીને સંક્ષેપથી કહેલો છે. ॥ ૫૧ ॥

**પ્રશ્ન ૫૫૮.** આ જીવોનો વિચાર ક્યાંથી કહેલો છે ?
**ઉત્તર :** આ જીવોનો વિચાર મોટાં શ્રુતરૂપી સમુદ્રોમાંથી ઉદ્ધાર કરીને મહાપુરુષોએ સંક્ષેપમાં સાર કહેલો છે. શ્રુતરૂપી મહાસાગરમાંથી સંક્ષેપ સારરૂપી બિંદુને મહાપુરૂષોએ ઓછી બુદ્ધિવાળા જીવોનાં ઉપકારને માટે આ ગ્રંથની રચના કરેલ છે કે જે જાણીને જીવો પરંપરાએ વહેલામાં વહેલા પરમપદને પામે એ હેતુથી રચના કરેલ છે.

**પ્રશ્ન ૫૫૯.** આ જીવ વિચાર જાણવાનું ફળ શું ?
**ઉત્તર :** આ જીવવિચાર જાણવાથી જગતમાં કેટલા પ્રકારનાં જીવો ક્યાં ક્યાં રહેલા છે તેનું જ્ઞાન થાય છે. અને જાણ્યા પછી થતી એવી હિંસાથી બચવાનો પ્રયત્ન કરાય છે અને શક્ય એટલી દયા (જયણા) પાળી શકાય છે અને પરંપરાએ વહેલામાં વહેલા સિદ્ધપદને જીવો પામે છે.

આ રીતે જીવ-વિચાર પ્રકરણ સમાપ્ત થયું.


જીવના ભેદ
મુક્ત (૧૫)
સંસારી (૫૬૩)
સ્થાવર (૨૨)
ત્રસ (૫૪૧)
પૃથ્વીકાય (૪)
અપકાય (૪)
તેઉકાય (૪)
વાયુકાય (૪)
વનસ્પતિકાય
સાધારણ (૪)
પ્રત્યેક (૨)
વિકલેન્દ્રિય (૬)
તિર્યંચ પંચેન્દ્રિય (૨૦)
નારક (૧૪)
દેવ (૧૯૮)
મનુષ્ય (૩૦૩)
બેઇન્દ્રિય (૨)
તેઇન્દ્રિય (૨)
ચઉરિન્દ્રિય (૨)
રત્નપ્રભા (૨)
શર્કરાપ્રભા (૨)
વાલુકાપ્રભા (૨)
પંકપ્રભા (૨)
ધુમપ્રભા (૨)
તમ:પ્રભા (૨)
તમસ્તમ:પ્રભા (૨)
કર્મભૂમિ (૪૫)
અકર્મભૂમિ (૯૦)
અંતરદ્વિપ (૧૬૮)
જળચર (૪)
ખેચર (૪)
સ્થળચર (૧૨)
ઉરપરિસર્પ (૪)
ભુજપરિસર્પ (૪)
ચતુષ્પદ (૪)
ભવનપતિ (પરમાધામી) (૫૦)
વ્યંતર વાણવ્યંતર તિર્યગજૃંભક (૫૨)
જ્યોતિષી (૨૦)
વૈમાનિક (૭૬)

## પરિશિષ્ટ : ૧

દેવલોકના નામ :

ભવનપતિ - ૧૦ (૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુતકુમાર (૫) અગ્નિકુમાર (૬) દ્વીપકુમાર (૭) ઉદધિકુમાર (૮) દિશિકુમાર (૯) પવનકુમાર (૧૦) સ્વનિતકુમાર.

પરમાધામી-૧૫

(૧) અંબ (૨) અંબરીષ (૩) શ્યામ (૪) શબસ (૫) રૂદ્ર (૬) ઉપરુદ્ર (૭) કાળ (૮) મહાકાળ (૯) અસીપમ (૧૦) વન (૧૧) કુંભી (૧૨) વાલુકા (૧૩) વૈતરણી (૧૪) ખરસ્વર (૧૫) મહાઘોસ.

વ્યંતર - ૮

(૧) પીશાચ (૨) ભૂત (૩) યક્ષ (૪) રાક્ષસ (૫) કિન્નર (૬) કિંપુરૂપ (૭) મહોરગ (૮) ગધર્વ.

વાણવ્યંતર -૮

(૧) અણપન્ની (૨) પણન્ની (૩) ઈસિવાદી (૪) ભૂતવાદી (૫) કંદિત (૬) મહાકંદિત (૭) કોહંડ (૮) પતંગ.

તિર્યંગજૃંભક - ૧૦

(૧) અન્નજૃંભગા (૨) પાનજૃંભગા (૩) વસ્ત્રજૃંભગા (૪) ઘરજૃંભગા (લેણ) (૫) પુષ્પજૃંભગા (૬) ફુળજૃંભગા (૭) પુષ્પફળજૃંભગા (૮) શયનજૃંભગા (૯) વિદ્યાજૃંભગા (૧૦) અવિયત જૃંભગા

જયોતિષી - ૫ + ૫ સ્થિર - ચર

(૧) સૂર્ય (૨) ચંદ્ર (૩) ગ્રહ (૪) નક્ષત્ર (૫) તારા.

વૈમાનિક - ૧૨

(૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનતકુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મલોક (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્ત્રાર (૯) આનત (૧૦) પ્રાણત (૧૧) આરણ (૧૨) અત્યુત.

લોકાંતિક - ૯

(૧) સારસ્વત (૨) આદિત્ય (૩) વન્હિ (૪) અરૂણ (૫) ગર્દતોય (૬) તુષિત

(૭) અવ્યાબાધ (૮) મરૂન (૯) અરિષ્ટ.
કિલ્બિષિયા - ૩
(૧) ૧લા કિલ્બિષિયા ૧લા બીજા દેવલોક નીચે
(૨)બીજા કિલ્બિષિયા ત્રીજા દેવલોક નીચે
(૩) ત્રીજા કિલ્બિષિયા છઠ્ઠા દેવલોક નીચે.કિલ્બિષિયા એટલે ચંડાલ જાતિનાં દેવો.
ગ્રૈવેયક - ૯
(૧) સુદર્શન (૨) સુપ્રતિબદ્ધ (૩) મનોરમ (૪) સર્વતોભદ્ર (૫) સુવિશાસ
(૬) સુમનસ (૭) સૌમનસ (૮) પ્રીયંકર (૯) નંદીકર.
અનુત્તર - ૫
(૧) વિજય (૨) વૈજયંત (૩) જયંત (૪) અપરાજિત (૫) સર્વાર્થ સિધ્ધ

## પરિશિષ્ટ:૨

| અવગાહના કેટલી | કેટલા જીવ ભેદમાં |
|---|---|
| **અંગુલના અસંખ્યાતમા ભાગની** | ૩૪૨ |
| સ્થાવર ૨૧, વિકલેન્દ્રિય ૩, તિર્યંચ પંચેન્દ્રિય ૧૦ | |
| નારક ૭, દેવલોક ૯૯, મનુષ્ય ૨૦૨ | |
| **એક હજાર યોજનથી કાંઈક અધિક** | ૧ |
| પ્રત્યેક વનસ્પતિ પર્યાપ્તા | |
| **બાર યોજન** | ૧ |
| બેઈન્દ્રિય પર્યાપ્તા | |
| **ત્રણ ગાઉ** | ૧૧ |
| દેવકૂરુ પર્યાપ્તા ૫ - ઉત્તરકુરૂ પર્યાપ્તા ૫ - તેઈન્દ્રિય પર્યાપ્તા ૧ | |
| **એક યોજન** | ૧ |
| ચઉરિન્દ્રિય પર્યાપ્તા | |
| **એક હજાર યોજન** | ૩ |
| ઉરપરિસર્પ ગર્ભજ પર્યાપ્તા ૧<br>જલચર ગર્ભજ પર્યાપ્તા ૧<br>જલચર સંમૂર્ચ્છિમ પર્યાપ્તા ૧ | |
| **બે થી નવ ગાઉ** | ૨ |
| ચતુષ્પદ સંમૂર્ચ્છિમ પર્યાપ્તા ૧<br>ભુજપરિસર્પ ગર્ભજ પર્યાપ્તા ૧ | |
| **બે થી નવ ધનુષ્ય** | ૨ |
| ખેચર સંમૂર્ચ્છિમ તથા ગર્ભજ પર્યાપ્તા | |

| | |
|---|---|
| **બે થી નવ યોજન** | ૨ |
| ભુજપરિસર્પ સંમૂર્ચ્છિમ પર્યાપ્તા ૧ | |
| ઉરપરિસર્પ સંમૂર્ચ્છિમ પર્યાપ્તા ૧ | |
| **છ ગાઉ** | ૧ |
| ચતુષ્પદ ગર્ભજ પર્યાપ્તા | |
| **પાંચસો મનુષ્ય** | ૬ |
| પાંચ મહાવિદેહ ૫ | |
| સાતમી નારકી ૧ | |
| **અઢીસો ધનુષ** | ૧ |
| છઠ્ઠી નારક પર્યાપ્તા | |
| **સવાસો ધનુષ** | ૧ |
| પાંચમી નારક પર્યાપ્તા | |
| **સાડી બાસઠ ધનુષ** | ૧ |
| ચોથી નારક પર્યાપ્તા | |
| **સવા એકત્રીસ ધનુષ** | ૧ |
| ત્રીજી નારક પર્યાપ્તા | |
| **સાડા પંદર ધનુષ બાર આંગળ** | ૧ |
| બીજી નારક પર્યાપ્તા | |
| **પોણા આઠ ધનુષ અને છ આંગળ** | ૧ |
| પહેલી નારક પર્યાપ્તા | |
| **સાત હાથ** | ૬૪ |

| | |
|---|---|
| ભવનપતિ પરમાધામી પર્યાપ્તા | વ્યંતર પર્યાપ્તા |
| ૨૫ | ૮ |
| વાણ વ્યંતર પર્યાપ્તા | તિર્યંગ જૂંભક પર્યાપ્તા |
| ૮ | ૧૦ |

જ્યોતિષીચરપર્યાપ્તા જ્યોતિષીસ્થિર પર્યાપ્તા
૫ ૫
૧-૨દેવલોક પર્યાપ્તા પહેલા કિલ્બિષિક પર્યાપ્તા
૨ ૧

**છ હાથ** ૩

૩-૪ દેવલોક પર્યાપ્તા ૨
બીજો કિલ્બિષિક પર્યાપ્તા ૧

**પાંચ હાથ**

૫-૬ દેવલોક પર્યાપ્તા, ત્રીજો કિલ્બિષિક પર્યાપ્તા ૧૨
૨ ૧
લોકાંતિક પર્યાપ્તા
૯

**ચાર હાથ** ૨

૭-૮ દેવલોક પર્યાપ્તા

**ત્રણ હાથ** ૪

૯ થી ૧૨ દેવલોક પર્યાપ્તા

**બે હાથ**

નવ ગ્રૈવેયક પર્યાપ્તા ૯

**એક હાથ**

પાંચ અનુત્તર પર્યાપ્તા ૫

**બે ગાઉ** ૧૦

રમ્યક ક્ષેત્ર ગર્ભજ પર્યાપ્તા -૫,
હરિવર્ષક્ષેત્ર ગર્ભજ પર્યાપ્તા -૫

**એક ગાઉ** ૧૦

હિમંવત ક્ષેત્ર ગર્ભજ પર્યાપ્તા -૫,
હિરણ્યવંત ક્ષેત્ર ગર્ભજ પર્યાપ્તા -૫

| | |
|---|---|
| **આઠસો ધનુષ** | ૫૬ |
| અંતરદ્વિપ પર્યાપ્તા ગર્ભજ | |
| **અનિયત** | ૧૦ |
| ભરતક્ષેત્ર ગર્ભજ પર્યાપ્તા -૫ | |
| ઐરવતક્ષેત્ર ગર્ભજ પર્યાપ્તા -૫ | |
| | ૫૬૩ |

ઉપર જણાવેલ અવગાહના (શરીરની ઉંચાઈ) ઉત્કૃષ્ટિ છે.

| **આયુષ્ય કેટલું** | **કેટલા જીવ ભેદમાં** |
|---|---|
| **ઉત્કૃષ્ટ એક અંતરમૂહૂર્ત :** | ૩૩૮ |

| સ્થાવર | વિકલેન્દ્રિય | તિર્યંચ પંચેન્દ્રિય |
|---|---|---|
| ૧૭ | ૩ | ૧૦ |
| દેવલોક | નારક | મનુષ્ય અપર્યાપ્તા |
| ૯૯ | ૭ | ૨૦૨ |

| | |
|---|---|
| **૨૨ હજાર વર્ષ** | ૧ |
| બાદર પૃથ્વીકાય પર્યાપ્તા | |
| **૭ હજાર વર્ષ** | ૧ |
| બાદર અપકાય પર્યાપ્તા | |
| **૩ હજાર વર્ષ** | ૧ |
| બાદર વાયુકાય પર્યાપ્તા | |
| **૩ અહોરાત્ર** | ૧ |
| બાદર તેઉકાય પર્યાપ્તા | |
| **૧૦ હજાર વર્ષ** | |
| પ્રત્યેક વનસ્પતિકાય પર્યાપ્તા ઉત્કૃષ્ટ | ૧ |
| પરમાધામી-ભવનપતિ પર્યાપ્તાજઘન્ય | ૨૫ |
| વ્યંતર વાણવ્યંતર તિર્યંકજૂંભક પર્યાપ્તાજઘન્ય | ૨૬ |
| પહેલી નારક જઘન્ય | ૧ |

| | |
|---|---|
| **૧૨ વર્ષ** | |
| બેઇન્દ્રિય પર્યાપ્તા | ૧ |
| **૪૯ દિવસ** | |
| તેઇન્દ્રિય પર્યાપ્તા | ૧ |
| **૬ માસ** | |
| ચઉરિન્દ્રિય પર્યાપ્તા | ૧ |
| **પૂર્વ ક્રોડ વર્ષ** | ૯ |
| જળચર સંમૂર્ચ્છિમ ગર્ભજ પર્યાપ્તા (૨) | |
| ઉરપરિસર્પ ગર્ભજ પર્યાપ્તા (૧) | |
| ભૂજપરિસર્પ ગર્ભજપર્યાપ્તા(૧) | |
| મહાવિદેહ ગર્ભજ પર્યાપ્તા (૫) | |
| **૫૩ હજાર વર્ષ** | |
| ઉરપરિસર્પ સંમૂર્ચ્છિમ પર્યાપ્તા | ૧ |
| **૪૨ હજાર વર્ષ** | |
| ભૂજપરિસર્પ સંમૂર્ચ્છિમ પર્યાપ્તા | ૧ |
| **૮૪ હજાર વર્ષ** | |
| ચતુષ્પદ સંમૂર્ચ્છિમ પર્યાપ્તા ૧ | ૧૧ |
| દેવકુરૂ-ગર્ભજ પર્યાપ્તા ૫ | |
| ઉત્તરકુરૂ ગર્ભજ પર્યાપ્તા ૫ | |
| **પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ** | ૫૭ |
| ખેચર ગર્ભજ પર્યાપ્તા (૧) | |
| અંતરદ્વિપ ગર્ભજ પર્યાપ્તા (૫૬) | |
| **૭૨ હજાર વર્ષ** | |
| ખેચર સંમૂર્ચ્છિમ પર્યાપ્તા | ૧ |

**એક સાગરોપમથી અધિક**

અસુરકુમાર,ભવનપતિ, પરમાધામી પર્યાપ્તા ૧૬

**દેશઉણું ૨ પલ્યોપમ**

ભવનપતિના નવ પર્યાપ્તા ૯

**૧ પલ્યોપમ** ૨૯

વ્યંતર પર્યાપ્તા ૧૬

ગ્રહ પર્યાપ્તા ૨

હિમવંત - હિરણ્યવંત પર્યાપ્તા ૧૦

સૌધર્મ દેવ પર્યાપ્તા ૧

**ાા પલ્યોપમ** ૧૦

વાણવ્યંતર પર્યાપ્તા ૮

નક્ષત્ર પર્યાપ્તા ૨

**૧પલ્યોપમ ને ૧ લાખ વર્ષ**

ચંદ્ર પર્યાપ્તા ૨

**૧પલ્યોપમ ને ૧ હજાર વર્ષ**

સૂર્ય પર્યાપ્તા ૨

**ાપલ્યોપમ** ૬

ગ્રહ જઘન્ય પર્યાપ્તા - ૨

નક્ષત્ર જઘન્ય પર્યાપ્તા - ૨

તારા ઉત્કૃષ્ટ પર્યાપ્તા - ૨

**૧/૮ પલ્યોપમ** ૨

તારા જઘન્ય પર્યાપ્તા

**૨ સાગરોપમ** ૨

સૌધર્મ ઉત્કૃષ્ટ પર્યાપ્તા ૧

સનતકુમાર જઘન્ય પર્યાપ્તા ૧

| | | |
|---|---|---|
| **૧ પલ્યોપમથી અધિક** | | |
| ઈશાન જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૨ સાગરોપમથી અધિક** | | ૨ |
| ઈશાન ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| માહેન્દ્ર જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૭ સાગરોપમ** | | ૩ |
| સનતકુમાર ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| વાલુકાપ્રભા ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| પંકપ્રભા જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૭.સાગરોપમથી અધિક** | | ૨ |
| મહેન્દ્ર ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| બ્રહ્મલોક જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૧૦ સાગરોપમ** | | ૪ |
| બ્રહ્મલોક ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| લાંતક જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| પંકપ્રભા ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| ધૂમપ્રભા જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૧૪ સાગરોપમ** | | ૨ |
| લાંતક ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| મહાશુક્ર જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૧૭ સાગરોપમ** | | ૪ |
| મહાશુક્ર ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| સહસ્ત્રાર જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| ધુમપ્રભા ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| તમ:પ્રભા જઘન્ય પર્યાપ્તા | ૧ | |

| | | |
|---|---|---|
| **૧૮ સાગરોપમ** | | ૨ |
| સહસ્ત્રાર ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| આનત જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૧૯ સાગરોપમ** | | ૨ |
| આનત ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| પ્રાણત જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૨૦ સાગરોપમ** | | ૨ |
| પ્રાણત ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| આરણ જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૨૧ સાગરોપમ** | | ૨ |
| આરણ ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| અચ્યુત જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૨૨ સાગરોપમ** | | ૪ |
| અચ્યુત ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| સુદર્શન જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| તમઃ પ્રભા ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| તમસ્તમઃપ્રભા જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૨૩ સાગરોપમ** | | ૨ |
| સુદર્શન ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| સુપ્રતિબધ્ધ જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૨૪ સાગરોપમ** | | ૨ |
| સુપ્રતિબધ્ધ ઉત્કૃષ્ટપર્યાપ્તા | ૧ | |
| મનોરમ જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૨૫ સાગરોપમ** | | ૨ |
| મનોરમ ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| સર્વતોભદ્ર જઘન્ય પર્યાપ્તા | ૧ | |

| | | |
|---|---|---|
| **૨૬ સાગરોપમ** | | ૨ |
| સર્વતોભદ્ર ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| સુવિશાળ જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૨૭ સાગરોપમ** | | ૨ |
| સુવિશાળ ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| સુમનસ જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૨૮ સાગરોપમ** | | ૨ |
| સુમનસ ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| સૌમનસ જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૨૯ સાગરોપમ** | | ૨ |
| સૌમનસ ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| પ્રિયંકર જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૩૦ સાગરોપમ** | | ૨ |
| પ્રિયંકર ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| નંદીકર જઘન્ય પર્યાપ્તા | ૧ | |
| **૩૧ સાગરોપમ** | | ૫ |
| નંદીકર ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| વિજય-વિજયંત-જયંત-અપરાજિત જઘન્ય પર્યાપ્તા | ૪ | |
| **૩૩ સાગરોપમ** | | ૬ |
| (વિજય-વિજયંત-જયંત અપરાજિત)ઉત્કૃષ્ટપર્યાપ્તા | ૪ | |
| સર્વાર્થસિધ્ધ -જઘન્ય તથા ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| તમસ્તમઃપ્રભા ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૧ | |
| **૨ પલ્યોપમ** | | ૧૦ |
| રમ્યક ગર્ભજ ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૫ | |
| હરિવર્ષ ગર્ભજ ઉત્કૃષ્ટ પર્યાપ્તા | ૫ | |

**અનિયત** ૧૦

ભરત ગર્ભજ ઉત્કૃષ્ટ પર્યાપ્તા ૫

ઐરવત ગર્ભજ પર્યાપ્તા ૫

**સ્વકાય સ્થિતિ**

જે જીવો મરીને ફરી પોતાનીકાયામાં જન્મ લેતા નથી ૩૮૪

| દેવો, | નરક | અંતરદ્વિપ, | અકર્મભૂમિ |
|---|---|---|---|
| ૧૯૮ | ૧૪ | ૧૧૨ | ૬૦ |

અનંતી ઉત્સર્પિણી - અવસર્પિણી સુધીપોતાની કાયામાં જન્મે છે

સાધારણ વનસ્પતિ કાય અપર્યાપ્તા - પર્યાપ્તા ૪

અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી સધી પોતાની કાયામાં જન્મે છે

બાકીના સર્વે એકેન્દ્રિય અપર્યાપ્તા ૯

સિત્તેર કોટાકોટી સાગરોપમ સુધી પોતાની કાયામાં જન્મે છે

બાકીના સર્વે એકેન્દ્રિય પર્યાપ્તા ૯

સંખ્યાતા વર્ષ સુધી પોતાની કાયામાં જન્મે છે

વિકલેન્દ્રિય અપર્યાપ્તા- પર્યાપ્તા ૬

સાત કે આઠ ભવ પોતાની કાયામાં જન્મે છે ૧૫૧

કર્મભૂમિના પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો અપર્યાપ્તા તથા પર્યાપ્તા ૫૦

સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા મનુષ્યો ૧૦૧

૫૬૩

**પ્રાણ**

| **ક્યા પ્રાણો** | **કેટલા જીવ ભેદમાં** |
|---|---|
| સ્પર્શેન્દ્રિય - કાયબળ- આયુષ્ય | ૫૬૩ |
| સ્પર્શેન્દ્રિય - કાયબળ-આયુષ્ય રસનેન્દ્રિય (એકેન્દ્રિય સિવાય) | ૫૪૧ |
| સ્પર્શેન્દ્રિય - કાયબળ-આયુષ્ય રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય (એકેન્દ્રિય બે ઇન્દ્રિય સિવાય) | ૫૩૯ |

| | |
|---|---|
| સ્પર્શેન્દ્રિય -કાયબળ આયુષ્ય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-ચક્ષુરિંદ્રિય (એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય સિવાય) | ૫૩૭ |
| સ્પર્શેન્દ્રિય-કાયબળ-આયુષ્ય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય ચક્ષુરિંદ્રિય શ્રોતેન્દ્રિય(એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય સિવાય) | ૫૩૫ |
| **શ્વાસોશ્વાસ પ્રાણ** (એકેન્દ્રિય સૂક્ષ્મ અપર્યાપ્તા સિવાય) | ૫૫૨ |

**વચનબળ :**

| | |
|---|---|
| વિકલેન્દ્રિય અપર્યાપ્તા | ૩ |
| સંમૂર્ચ્છિમ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૫ |
| સ્થાવર | ૨૨ |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૧૦૧ |
| | ૧૩૧ સિવાય ૪૩૨ |

**મનબળ :-**

| | |
|---|---|
| સ્થાવર | ૨૨ |
| વિકલેન્દ્રિય | ૬ |
| તિર્યંચ પંચેન્દ્રિય સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા-પર્યાપ્તા | ૧૦ |
| તિર્યંચ પંચેન્દ્રિય ગર્ભજ અપર્યાપ્તા | ૫ |
| નારક અપર્યાપ્તા | ૭ |
| દેવ અપર્યાપ્તા | ૯૯ |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૧૦૧ |
| ગર્ભજ અપર્યાપ્તા મનુષ્ય | ૧૦૧ |
| | ૩૫૧ સિવાય ૨૧૨ |

**યોનિ દ્વાર**

| કેટલી યોનિ | | કેટલા જીવ ભેદમાં |
|---|---|---|
| સાત લાખ | પૃથ્વીકાય અપકાય તેઉકાય વાયુકાય<br>૪ ૪ ૪ ૪ | ૧૬ |
| દસ લાખ | પ્રત્યેક વનસ્પતિકાય | ૨ |
| બે લાખ | વિકલેન્દ્રિય(બેઇ તેઇ ચઉ)<br>૨ ૨ ૨ | ૬ |
| ચાર લાખ | નારકી દેવો તિર્યંચ પંચેન્દ્રિય<br>૧૪ ૧૯૮ ૨૦ | ૨૩૨ |
| ચૌદલાખ | મનુષ્ય સાધારણવનસ્પતિકાય<br>૩૦૩ ૪ | ૩૦૭ |
| | | ૫૬૩ |

**અધુરૂ આયુષ્ય દ્વાર અહીંથી જોવુ**

**૮૪ હજારવર્ષ પછી**

**૩ પલ્યોપમ** ૧૧

દેવકૂરૂ ગર્ભજ પર્યાપ્તા-૫
ઉત્તરકૂરૂ ગર્ભજ પર્યાપ્તા-૫
ચતુષ્પ ગર્ભજ પર્યાપ્તા-૧

**૭૨ હજાર વર્ષ પછી**

**૧ સાગરોપમ** ૨

રત્નપ્રભા ઉત્કૃષ્ટ પર્યાપ્તા-૧
શર્કરાપ્રભા જઘન્ય પર્યાપ્તા-૧

# ఎరక

# દંડક પ્રશ્નોતરી

**નમિઉ ચઉવીસ જિણે, તસ્સુત્ત-વિયાર-લેસ-દેસણઓ।**
**દડંગ-પએહિં તેચ્ચિય, થોસામિ સુણેહ ભો ભવ્વાઃ ॥૧॥**

ભાવાર્થ : ચોવીસ તીર્થંકર ભગવતોને નમસ્કાર કરીને દંડક પદો દ્વારા તેઓનાં સુત્રોમાંના વિચારના લેશ ભાગને બતાવતો બતાવતો તેઓની જ હું સ્તુતિ કરીશ, તો હે ભવ્ય જીવો તમે સાંભળો. ॥૧॥

**પ્રશ્ન : ૧.** આ ગાથામાં મંગલાચરણ પદો ક્યા કયા છે?

**ઉત્તર :** આ ગાથામાં મંગલાચરણના પહેલાં પદો છે. નમિઉં ચઉવીસ જિણે અર્થાત્ ચોવીસે તિર્થંકર ભગવંતોને (જિનેશ્વરોને) નમસ્કાર કરીને, એ મંગલાચરણ પદોનો અર્થ છે.

**પ્રશ્ન : ૨** આ ગાથામાં વિષય શું બતાવ્યો છે?

**ઉત્તર :** દંડક પદો ઉપર જિનેશ્વર ભગવંતના આગમોમાં બતાવેલો જે વિચાર છે તે ટૂંકમાં અહીં જણાવવાનો છે, તે વિષય છે.

**પ્રશ્ન : ૩.** સંબંધ કઈ રીતે જાણવો?

**ઉત્તર :** આ દંડક પદો ઉપર વિચાર કહેવાશે તે પોતાની મતિ કલ્પનાથી કહેવાનો નથી પરંતુ જિનેશ્વર ભગવંતોના આગમોમાં જે રીતે કહેલા છે તે રીતે કહીશ એના ઉપરથી સંબંધ જણાય છે.

**પ્રશ્ન : ૪.** આ ગ્રંથ બનાવનાનું શું પ્રયોજન છે?

**ઉત્તર :** આ ગ્રંથને ભવ્ય જીવો સાંભળે, સાંભળીને જાણે અને જે રીતે સંસારમાં વિટંબના ભોગવી છે તે વિટંબનાથી છૂટવાનું મન થાય અને મુક્તિની ઈચ્છા જાગે અને તે માટેનો પુરૂશાર્થ કરીને મુક્તિને પરંપરાએ સાધે તે આ ગ્રંથ બનાવવાનું પ્રયોજન છે.

**પ્રશ્ન : ૫.** સામાન્યથી પ્રયોજનો કેટલા પ્રકારના છે?

**ઉત્તર :** સામાન્યથી પ્રયોજનો અહીંયા ત્રણ પ્રકારના કહેલા છે. તે આ પ્રમાણે (૧) સંક્ષેપમાં પદાર્થનો બોધ કરાવવો તે, (૨) પદાર્થનો બોધ કરાવ્યા પછી મોક્ષની ઈચ્છા પેદા કરાવવી તે, (૩) મોક્ષની અભિલાષા પેદા કરાવ્યા પછી અરિહંત ભગવંતોનું શરણ સ્વીકારવાની ભલામણ પોતાના દાખલાથી કરવી તે છે.

**પ્રશ્ન : ૬.** મંગલાચરણમાં ચોવીસ તીર્થંકર ભગવંતોને નમસ્કાર શા માટે કર્યો છે?
**ઉત્તર :** અહીંયા આ ગ્રંથમાં ચોવીશે તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરવાનું એ પ્રયોજન લાગે છે કે આ પ્રસ્તુત ગ્રંથમાં ચોવીશ દંડક કહેલા છે તે ચોવીશે દંડકોમાં ચોવીશ દ્વારોનું વર્ણન કરવું છે તે કારણથી ચોવીશે તિર્થંકરોને નમસ્કાર કર્યો હોય એમ લાગે છે. અથવા ચોવીશે તીર્થંકરોને નમસ્કાર કરવાનું પ્રયોજન જણાય છે?
**પ્રશ્ન : ૭.** દંડક પદનો અર્થ શું થાય છે?
**ઉત્તર :** મુખ્ય અને અતિ મહત્વના વારંવાર ઉપયોગમાં આવતા આગમના સૂત્રપાઠો દંડક અને તેમાંના જે વાક્યો તે પદો એટલે દંડક પદો કહેવાય છે. અથવા **दण्डयन्ते जीव यस्मिन् स दण्डकः ॥** એટલે કે અનંત જ્ઞાનાદિમય એવા જે પદો તે દંડક પદો કહેવાય છે અર્થાત્ આત્મા જે કારણથી સંસારમાં દંડાય છે તે દંડક કહેવાય છે.

**નેરઈઆ અસુરાઈ, પુઢવાઈ-બેઈંદિયાદઓ ચેવ ।**
**ગબ્ભય-તિરિ ય-મણુસ્સા, વંતર જોઈ સિય વેમાણી ॥૨॥**

**ભાવાર્થ :** નારકો, અસુરકુમારો વગેરે ૧૦, પૃથ્વીકાય વગેરે પાંચ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્યો વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક એ રીતે ચોવીશે દંડકો કહેવાય છે.॥૨॥
**પ્રશ્ન : ૮.** દંડક કેટલા પ્રકારના છે? ક્યા ક્યા ?
**ઉત્તર :** દંડકો ચોવીશ પ્રકારના છે. તે આ પ્રમાણે :-(૧) નારકી, (૨) અસુરકુમાર, (૩) નાગકુમાર, (૪) સુવર્ણકુમાર, (૫) વિદ્યુતકુમાર, (૬) અગ્નિકુમાર, (૭) દ્વિપકુમાર, (૮) ઉદધિકુમાર, (૯)દિશિકુમાર, (૧૦) પવનકુમાર, (૧૧) સ્તનિતકુમાર, (૧૨) પૃથ્વીકાય, (૧૩) અપકાય, (૧૪) તેઉકાય, (૧૫) વાયુકાય, (૧૬) વનસ્પતિકાય, (૧૭) બેઈન્દ્રિય, (૧૮) તેઈન્દ્રિય, (૧૯) ચઉરિન્દ્રિય,(૨૦)ગર્ભજ તિર્યંચ,(૨૧)ગર્ભજ મનુષ્ય,(૨૨)વ્યંતર,(૨૩)જ્યોતિષ,(૨૪)વૈમાનિક.
**પ્રશ્ન :૯.** દશ ભવનપતિના દશ દંડક અને નારકી, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક વગેરેના એક એક દંડક શા માટે ગણાય છે ?
**ઉત્તર :** આગમોમાં પણ પૂર્વ પુરૂષોએ એ રીતે વિવક્ષા કરેલ હોવાથી અહીંયા

પણ તે રીતે જ કહેવાય છે. માટે અહીંયા પણ તે રીતે જ સંખ્યા રાખેલ છે.
**પ્રશ્ન :૧૦.**ચોવીશ દંડકોમાં નરક ગતિરૂપે કેટલા દંડકો છે? ક્યા ક્યા ?
**ઉત્તર :ચોવીશ** દંડકોમાંથી સાત નારકીરૂપે નારકીનો એક જ દંડક ગણાય છે.
**પ્રશ્ન : ૧૧.** ચોવીશ દંડકોમાં તિર્યંચ ગતિરૂપે કેટલા દેડકો છે? કયા કયા?
**ઉત્તર :** ચોવીશ દંડકોમાં તિર્યંચ ગતિરૂપે નવ દંડક છે. તે આ પ્રમાણે :- (૧) પૃથ્વીકાય, (૨) અપકાય, (૩) તેઉકાય, (૪) વાઉકાય, (૫) વનસ્પતિકાય, (૬) બેઈન્દ્રિય, (૭) તેઈન્દ્રિય, (૮) ચઉરિન્દ્રિય અને (૯) ગર્ભજ તિર્યંચો.
પ્રશ્ન : ૧૨. ચોવીશે દંડકરૂપે મનુષ્ય ગતિમાં કેટલા દંડકો ગણાય છે? ક્યા ક્યા ?
**ઉત્તર :** ચોવીશ દંડકોમાં મનુષ્ય ગતિ રૂપે એકજ દંડક છે ગર્ભજ મનુષ્યનો દંડક.
**પ્રશ્ન :** ૧૩. ચોવીશ દંડકોમાં દેવ ગતિરૂપે કેટલા દંડક છે?
**ઉત્તર :** ચોવીશ દંડકોમાં દેવ ગતિરૂપે તેર દંડકો છે.
તે આ પ્રમાણેઃ- ૧ થી ૧૦ અસુર કુમારાદિ ભવપતિના દશ દંડકો (૧૧) વ્યંતર, (૧૨) જ્યોતિષી અને (૧૩) વૈમાનિકો.
**પ્રશ્ન : ૧૪.** એકેન્દ્રિયપણે કેટલા દંડકો છે? ક્યા ક્યા ?
**ઉત્તર :** એકેન્દ્રિયપણે પાંચ દંડકો છેઃ- (૧) પૃથ્વીકાય, (૨) અપકાય, (૩) તેઉકાય, (૪) વાઉકાય, (૫) વનસ્પતિકાય.
**પ્રશ્ન :૧૫.** બેઇન્દ્રિયપણાએ કેટલા દંડકો છે? ક્યા ક્યા ?
**ઉત્તર :** બેઇન્દ્રિયપણાએ એકજ દંડક છેઃ- બેઇન્દ્રિયપણાનો.
**પ્રશ્ન :૧૬.** તેઇન્દ્રિયપણાએ કેટલા દંડકો છે?
**ઉત્તર :** તેઇન્દ્રિયપણાએ એકજ દંડક છે. તેઇન્દ્રિયપણાનો.
**પ્રશ્ન :** ૧૭.ચઉરિન્દ્રિયપણાએ કેટલા દંડકો છે?
**ઉત્તરઃ** ચઉરિન્દ્રિયપણાએ એક ચઉરિન્દ્રિયનો દંડક છે
**પ્રશ્ન :** ૧૮ પંચેન્દ્રિયપણાએ કેટલા દંડકો છે? ક્યા ક્યા ?
**ઉત્તર :** પંચેન્દ્રિયપણાએ ૧૬ દંડકો છે
તે આ પ્રમાણે :- ૧ થી ૧૦ અસુર કુમારાદિ દશ દંડકો, (૧૧) વ્યંતર, (૧૨) જ્યોતિષી, (૧૩) વૈમાનિક (૧૪) નારકી, (૧૫) ગર્ભજ તિર્યંચ અને (૧૬) ગર્ભજ મનુષ્ય.

**પ્રશ્ન : ૧૯.** પૃથ્વીકાયરૂપે કેટલા દંડક છે?

**ઉત્તર :** પૃથ્વીકાયરૂપે એક પૃથ્વીકાયનો દંડક છે.

**પ્રશ્ન : ૨૦.** અપ્કાયરૂપે કેટલા દંડક છે?

**ઉત્તર :** અપ્કાયરૂપે એક અપકાયનો દંડક છે.

**પ્રશ્ન : ૨૧.** તેઉકાયરૂપે કેટલા દંડક છે?

**ઉત્તર :** તેઉકાયરૂપે એક તેઉકાયનો દંડક છે.

**પ્રશ્ન : ૨૨.** વાઉકાયરૂપે કેટલા દંડક છે?

**ઉત્તર :** વાઉકાયરૂપે એક વાઉકાયનો દંડક છે.

**પ્રશ્ન : ૨૩.** વનસ્પતિકાયપણાએ કેટલા દંડક છે?

**ઉત્તર:**વનસ્પતિકાયરૂપે એક વનસ્પતિકાયનો દંડક છે.

**પ્રશ્ન :૨૪.** ત્રસકાયરૂપે કેટલા દંડકો છે ? ક્યા ક્યા?

**ઉત્તર :** ત્રસકાયરૂપે એટલે ત્રસકાયપણાએ ૧૯ દંડકો છેઃ- (૧)નારકી, (૨) બેઇન્દ્રિય , (૩) તેઇન્દ્રિય , (૪) ચઉરિન્દ્રિય, (૫) ગર્ભજ તિર્યંચ, (૬) ગર્ભજ મનુષ્ય, (૭) વ્યંતર, (૮) જ્યોતિષી, (૯) વૈમાનિક અને અસુરકુમારાદિ દશ ના દશ મળીને ૧૯ દંડકો થાય છે.

**પ્રશ્ન : ૨૫.** સ્થાવરપણાએ કટેલા દંડકો છે.?ક્યા ક્યા ?

**ઉત્તર :** સ્થાવરપણાએ પાંચ દંડકો છે:-(૧)પૃત્વીકાય (૨) અપકાય (૩)તેઉકાય (૪) વાઉકાય (૫)વનસ્પતિકાય.

**સંખિત્તયરી ઉ ઈમા, સરીર-મોગાહણા ય સંઘયણા,**
**સન્ના સંઠાણ કસાય, લેસિન્દિય દુસમુગ્ઘાયા ॥૩॥**
**દિટઠી દંસણ નાણે, જોગુ-વઓગો-વવાય ચવણ ઠિઈ,**
**પજ્જત્તિ કિમાહારે, સન્નિ ગઈ આગઈ વેએ ॥૪॥**

**ભાવાર્થ :** અતિ સંક્ષિપ્તથી ચોવીશ દ્વાર કહેવાના છે તે ચોવીશ દ્વારોનાનામો આ પ્રમાણે છે :- (૧) શરીર,(૨) અવગાહના,(૩) સંઘયણ,(૪)સંજ્ઞા,(૫) સંસ્થાન,(૬) કષાય,(૭) લેશ્યા,(૮) ઇન્દ્રિય,(૯) બે સમુદ્ઘાત,(૧૦) દષ્ટિ,(૧૧) દર્શન,(૧૨) જ્ઞાન,(૧૩) અજ્ઞાન,(૧૪) યોગ,(૧૫)ઉપયોગ, (૧૬) ઉપપાત,(૧૭) ચ્યવન,(૧૮) સ્થિતિ,(૧૯) પર્યાપ્તિ,(૨૦) કિમાહાર, (૨૧) સંજ્ઞિ, (૨૨) ગતિ, (૨૩) આગતિ, (૨૪) વેદ. ॥૩-૪॥

**પ્રશ્ન : ૨૬. ચોવીશ દંડકમાં કેટલા દ્વારોનું વર્ણન કરવાનું છે? કયા કયા?**

**ઉત્તર : ચોવીસ દંડકમાં ચોવીશ દ્વારોનું વર્ણન કરવાનું છે. તે ચોવીશ દ્વારોના નામ આ પ્રમાણે છે. (૧) શરીર, (૨) અવગાહના, (૩) સંઘયણ, (૪) સંજ્ઞા, (૫) સંસ્થાન, (૬) કષાય, (૭) લેશ્યા, (૮) ઈન્દ્રિય, (૯) બે સમુદ્‌ઘાત, (૧૦) દષ્ટિ, (૧૧) દર્શન, (૧૨) જ્ઞાન, (૧૩) અજ્ઞાન, (૧૪) યોગ, (૧૫) ઉપયોગ, (૧૬) ઉપપાત, (૧૭) ચ્યવન, (૧૮) સ્થિતિ, (૧૯) પર્યાપ્તિ, (૨૦) કિમાહાર, (૨૧) સંજ્ઞિ, (૨૨) ગતિ, (૨૩) આગતિ, (૨૪) વેદ. આ ચોવીસ દ્વારોનું વર્ણન કરાશે.**

**પ્રશ્ન :** ૨૭. શરીર કેટલા પ્રકારે છે? કયા કયા?

**ઉત્તર :** શરીર પાંચ પ્રકારે છે:- (૧) ઔદારિક શરીર, (૨) વૈક્રિય શરીર, (૩) આહારક શરીર, (૪) તૈજસ શરીર, (૫) કાર્મણ શરીર.

**પ્રશ્ન :** ૨૮. અવગાહના કોને કહેવાય છે. ?

ઉત્તર શરીરની નાનામાં નાની તથા મોટામા મોટી જે ઊંચાઈનું માપ તે અવગાહના કહેવાય છે.

**પ્રશ્ન :** ૨૯. કેટલા શરીરને અવગાહના હોય છે?

**ઉત્તર :** ઔદારિક, વૈક્રિય અને આહારક આ ત્રણ શરીરને જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના હોય છે.

**પ્રશ્ન :** ૩૦. સંઘયણ કોને કહેવાય?

**ઉત્તર :** હાડકાનો બાંધો એટલે કે શરીરમાં હાડકાની જે મજબુતાઈ તે સંઘયણ કહેવાય છે.

**પ્રશ્ન :** ૩૧. સંઘયણ કેટલા પ્રકારે છે? કયા કયા?

**ઉત્તર :** સંઘયણ છ પ્રકારે છે :- (૧) વજ્રઋષભનારાચ સંઘયણ, (૨) ઋષભનારાચ સંઘયણ, (૩) નારાચ સંઘયણ, (૪) અર્ધનારાચ સંઘયણ, (૫) કિલિકા સંઘયણ, (૬) છેવટ્ઠુ સંઘયણ અથવા સેવાર્ત સંઘયણ. આ છ પ્રકારે સંઘયણ છે:

**પ્રશ્ન :** ૩૨. સંજ્ઞા કોને કેહવાય છે ?

**ઉત્તર:** સંજ્ઞા એટલે અભિલાષ જીવની ચેતના જેના વડે જાણી શકાય તે સંજ્ઞા કહેવાય છે.

**પ્રશ્ન :** ૩૩. સંજ્ઞા કેટલા પ્રકારની છે ?

**ઉત્તર :** સંજ્ઞા ૪ પ્રકારની છે, છ પ્રકારની, દશ પ્રકારની અથવા સોળ પ્રકારની પણ કહેલી છે.

**પ્રશ્ન :** ૩૪. ચાર પ્રકારની સંજ્ઞા કઈ કઈ છે?

**ઉત્તર :** ચાર પ્રકારની સંજ્ઞા આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, અને પરિગ્રહ સંજ્ઞા, એમ ચાર પ્રકારની છે.

**પ્રશ્ન :** ૩૫. છ પ્રકારની સંજ્ઞા કઈ કઈ છે?

**ઉત્તર :** છ પ્રકારની સંજ્ઞા આ પ્રમાણે છેઃ- (૧) આહાર સંજ્ઞા, (૨) ભય સંજ્ઞા, (૩) મૈથુન સંજ્ઞા, (૪) પરિગ્રહ સંજ્ઞા, (૫) ઓઘ સંજ્ઞા, (૬) લોક સંજ્ઞા.

**પ્રશ્ન :** ૩૬. દશ પ્રકારની સંજ્ઞા કઈ કઈ છે?

**ઉત્તર :** ઉપર પ્રમાણે છ સંજ્ઞા તથા ક્રોધ સંજ્ઞા, માન સંજ્ઞા, માયા સંજ્ઞા અને લોભ સંજ્ઞા સાથે ગણતા દશ સંજ્ઞાઓ થાય છે.

**પ્રશ્ન :** ૩૭. સોળ પ્રકારની સંજ્ઞા કઈ કઈ છે?

**ઉત્તર :** ઉપર પ્રમાણેની દશ પ્રકારની સંજ્ઞા તથા (૧૧) મોહ સંજ્ઞા, (૧૨) ધર્મ સંજ્ઞા, (૧૩) સુખ સંજ્ઞા, (૧૪) દુઃખ સંજ્ઞા, (૧૫) જુગુપ્સા સંજ્ઞા, (૧૬) શોક સંજ્ઞા સાથે ગણતા સોળ સંજ્ઞાઓ થાય છે.

**પ્રશ્ન :** ૩૮. ઓઘ સંજ્ઞા કોને કહેવાય?

**ઉત્તર :** પૂર્વ ભવના જે સંસ્કાર સાથે આવે છે તે સંસ્કારને ઓઘ સંજ્ઞા કહેવાય છે. જેમ વેલડીઓ સપાટ જમીનને છોડીને ભીંત ઉપર,વૃક્ષ ઉપર, વંડા ઉપર ચઢે છે તે તથા જન્મતાની સાથેજ બાળક સ્તનપાન કરે છે તે, ઇત્યાદિ ઓઘ સંજ્ઞા કહેવાયછે.

**પ્રશ્ન :** ૩૯. લોક સંજ્ઞા કોને કહેવાય છે?

ઉત્તર : લોક વ્યવહારને અનુસરવાની જે વૃત્તિ તે લોક સંજ્ઞા કહેવાય છે. જેમ કર્ણ કાનમાંથી થયો. અગસ્ત ઋષી સમુદ્ર પી ગયા ઇત્યાદિ લૌકિક કલ્પનાઓને લોક સંજ્ઞા કહેવાય છે.

**પ્રશ્ન :** ૪૦. સંસ્થાન કેટલા પ્રકારે છે ? કયા કયા ?

**ઉત્તર :** સંસ્થાન છ પ્રકારે છે તે આ પ્રમાણે છે :- (૧) સમચતુરસ્ત્ર સંસ્થાન, (૨) ન્યગ્રોધ સંસ્થાન, (૩) સાદિ સંસ્થાન, (૪) કૂબ્જ સંસ્થાન, (૫) વામન

સંસ્થાન, (૬) હુંડક સંસ્થાન.
**પ્રશ્ન :** ૪૧. કષાય કેટલા પ્રકારે છે? કયા કયા?
**ઉત્તર :** કષાય ચાર પ્રકારે છે. ક્રોધ, માન, માયા, લોભ.
**પ્રશ્ન :** ૪૨. લેશ્યા કેટલા પ્રકારે છે? કઈ કઈ ?
**ઉત્તર :** લેશ્યા છ પ્રકારે છે તે આ પ્રમાણે છેઃ- (૧) કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કાપોત લેશ્યા, (૪) તેજો લેશ્યા, (૫) પદ્મ લેશ્યા, (૬) શુકલ લેશ્યા.
**પ્રશ્ન :** ૪૩. ઇન્દ્રિયો કેટલા પ્રકારની છે? કઈ કઈ ?
**ઉત્તર :** ઇન્દ્રિયો પાંચ પ્રકારની છે તે આ પ્રમાણે છેઃ- (૧) સ્પર્શેન્દ્રિય, (૨) **રસનેન્દ્રિય**. (૩) ઘ્રાણેન્દ્રિય. (૪) ચક્ષુરિન્દ્રિય, (૫) શ્રોતેન્દ્રિય.
**પ્રશ્ન :** ૪૪. સમુદ્ઘાત કોને કહેવાય?
**ઉત્તર :** સમુદ્ઘાત એટલે બળાત્કારે એકાએક આત્મપ્રદેશો શરીરની બહાર નીકળી પડે ત્યારે વધારે જુના કર્મોની ઉદીરણા કરીને નાશ કરવાનો પ્રયત્ન જેમાં થાય તે સમુદ્ઘાત કહેવાય છે. સમ એટલે એકી સાથે. ઉત્ એટલે જોરથી (પ્રબળતાથી) ઘાત એટલે કર્મોનો નાશ જેમાં થાય તે સમુદ્ઘાત કહેવાય છે.
**પ્રશ્ન :** ૪૫/૧. સમુદ્ઘાત કેટલા પ્રકારે છે? કયા કયા?
**ઉત્તર :** સમુદ્ઘાત બે પ્રકારે છે. જીવ સમુદ્ઘાત , અજીવસમુદ્ઘાત
**પ્રશ્ન :** ૪૫/૨. જીવ સમુદ્ઘાત કેટલા પ્રકારે છે? કયા કયા ?
**ઉત્તર :** જીવ સમુદ્ઘાત સાત પ્રકારે છે. તે આ પ્રમાણે છેઃ- (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત , (૩) મરણ સમુદ્ઘાત , (૪) વૈક્રિય સમુદ્ઘાત (૫) તૈજસ સમુદ્ઘાત , (૬) આહારક સમુદ્ઘાત , (૭) કેવલી સમુદ્ઘાત
**પ્રશ્ન :** ૪૬. વેદના સમુદ્ઘાત કોને કહેવાય છે?
**ઉત્તર :** જોરદાર અશાતા વેદનીય કર્મના ઉદય વડે વ્યાકુળ થયેલો આત્મા આત્મપ્રદેશોને બહાર કાઢીને શરીરના પોલાણ ભાગોને પુરે છે. તે વખતે જીવના ઘણા અશાતા વેદનીય કર્મના પુદ્ગલો નાશ પામે છે તે વેદના સમુદ્ઘાત કહેવાય છે.
**પ્રશ્ન :** ૪૭. કષાય સમુદ્ઘાત કોને કહેવાય છે?
**ઉત્તર :** પ્રબળ કષાયના ઉદય વડે જીવ એટલો વ્યાકુળ થઈ જાય છે. તેને લઈને આત્માનો દંડ કરે છે. અને તે કારણથી શરીરમાં રહેલા આત્મપ્રદેશો શરીરની

બહાર નીકળે છે તે વખતે ઘણા કર્મો કષાય મોહનીયના ખપી જાય છે પરંતુ આત્મા જાગૃત ન હોય તો એવા અનુબંધ સાથે નવા કર્મો બાંધે છે કે વારંવાર તેને તે ભોગવવા પડે છે. આ જે ક્રિયા થાય છે તે કષાય **સમુદ્ઘાત** કહેવાય છે.

**પ્રશ્ન :** ૪૮. મરણ સમુદ્ઘાત કોને કહેવાય છે?

**ઉત્તર :** મરણનું છેલ્લું અંતરમુહૂર્ત બાકી રહે છે ત્યારે જીવ પોતાના આત્મપ્રદેશોને જ્યાં ઉત્પન્ન થવાનો હોય ત્યાં સુધી લંબાવે છે અને ત્યાંથી પાછા આવી જાય કે તરત જ મરણ પામે છે. તે મરણ સમુદ્ઘાત કહેવાય છે.

**પ્રશ્ન :** ૪૯. દૃષ્ટિ કેટલા પ્રકારની છે? કઈ કઈ ?

**ઉત્તર :** દૃષ્ટિ ત્રણ પ્રકારની છેઃ- (૧) મિથ્યા દૃષ્ટિ, (૨) મિશ્રદૃષ્ટિ, (૩) સમ્યગ્ દૃષ્ટિ.

**પ્રશ્ન :** ૫૦. મિથ્યા દૃષ્ટિ કોને કહેવાય?

**ઉત્તર :** સંસારની બધી ચીજો હે ય છે તેને ઉપાદેય મનાવે અને આત્મિક ગુણ પેદા કરવાવાળી ચીજો ઉપાદેય છે. તેને હેય મનાવે તેને મિથ્યા દૃષ્ટિ કહેવાય છે.

**પ્રશ્ન :** ૫૧. મિશ્ર દૃષ્ટિ કોને કહેવાય છે?

**ઉત્તર :** જે હેય એટલે છોડવા લાયક ચીજો છે તે હેય ન લાગે તથા ઉપાદેય એટલે ગ્રહણ કરવા લાયક પણ ન માને અને ઉપાદેય ચીજોને હેય ન માને તથા ઉપાદેય ન માને એવો જે આત્મિક પરિણામ તે મિશ્ર દૃષ્ટિ કહેવાય છે.

**પ્રશ્ન :** ૫૨. સમ્યગ્ દૃષ્ટિ કોને કહેવાય છે?

**ઉત્તર :** જે ચીજો આત્માને હાનિકારક હોય અને સંસાર **વધારનારી** હોય તે બધી ચીજો હેય એટલે છોડવા જેવીજ લાગે અને જે આત્માને લાભદાયી ચીજો હોય તે બધી ચીજો તેને ઉપાદેય લાગે એવો જે સુંદર આત્મિક પરિણામ તે સમ્યગ્ દૃષ્ટિ કહેવાય છે.

**પ્રશ્ન :** ૫૩. દર્શન કેટલા પ્રકારે છે? કયા કયા?

**ઉત્તર :** દર્શન ચાર પ્રકારે છેઃ- (૧) ચક્ષુદર્શન, (૨) અચક્ષુદર્શન, (૩) અવધિદર્શન (૪) કેવલ દર્શન.

**પ્રશ્ન :** ૫૪. જ્ઞાન કેટલા પ્રકારના છે? કયા કયા?

**ઉત્તર :** જ્ઞાન પાંચ પ્રકારના છે તે આ પ્રમાણે :- (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન,

(૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન, (૫)કેવલજ્ઞાન

**પ્રશ્ન : ૫૫.** અજ્ઞાન કેટલા પ્રકારે છે? કયા કયા?

**ઉત્તર :** અજ્ઞાન ત્રણ પ્રકારે તે આ પ્રમાણે :- (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩)વિભંગજ્ઞાન.

**પ્રશ્ન : ૫૬.** યોગ કેટલા પ્રકારના છે? કયા કયા?

**ઉત્તર :** યોગ પંદર પ્રકારના છે તે આ પ્રમાણે :- ચાર મનના યોગ આ પ્રમાણે છે:- (૧) સત્ય મનોયોગ, (૨) અસત્ય મનોયોગ, (૩) સત્યાસત્ય મનોયોગ, (૪) અસત્યાસત્ય મનોયોગ.

ચાર વચનના યોગ આ પ્રમાણે છે :- (૧) સત્ય વચનયોગ, (૨) અસત્ય વચનયોગ, (૩) સત્યાસત્ય વચનયોગ, (૪) અસત્યાસત્ય વચનયોગ. કાયાના સાત યોગ આ પ્રમાણે છેઃ- (૧) ઔદારિક કાય યોગ, (૨) ઔદારિકમિશ્ર કાયયોગ, (૩) વૈક્રિય કાયયોગ, (૪) વૈક્રિયમિશ્ર કાયયોગ, (૫) આહારક કાયયોગ, (૬) આહારકમિશ્ર કાયયોગ, (૭) કાર્મણ કાયયોગ.

**પ્રશ્ન : ૫૭.** ઉપયોગ કેટલા પ્રકારે છે? કયા કયા?

**ઉત્તર :** ઉપયોગ બે પ્રકારના છે તે આ પ્રમાણે :- (૧) સાકાર ઉપયોગ (૨) નિરાકાર ઉપયોગ.

**પ્રશ્ન : ૫૮.** સાકાર ઉપયોગ કોને કહેવાય છે? અને તે કેટલા પ્રકારે છે?

**ઉત્તર :** કોઈપણ ચીજનું જ્ઞાન વિશેષે કરીને કરવું અર્થાત્ વિશેષે કરીને જણાય છે. તે સાકાર ઉપયોગ કહેવાય છે. તે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનરૂપ આઠ પ્રકારનો કહેવાય છે.

**પ્રશ્ન :૫૯.** નિરાકાર ઉપયોગ કોને કહેવાય છે? તે કેટલા પ્રકારનો છે?

**ઉત્તર :** કોઈપણ ચીજનું જ્ઞાન કરતાં પહેલાં સામાન્યથી જે જણાય છે. તે નિરાકાર ઉપયોગ કહેવાય છે. તે દર્શનના ચાર ભેદવાળો ચાર પ્રકારે છે.

**પ્રશ્ન : ૬૦.** ઉપપાત કોને કહેવાય છે?

**ઉત્તર :** એક સમયમાં અથવા અનેક સમયમાં કયા દંડકમાં કેટલા જીવો ઉત્પન્ન થાય તેનો વિચાર કરવો તે ઉપપાત કહેવાય છે.

**પ્રશ્ન : ૬૧.** ચ્યવન કોને કહેવાય છે?

**ઉત્તર :** કયા દંડકમાંથી જીવો એક સમયમાં કેટલા મરણ પામે છે તેનો વિચાર

કરવો તે ચ્યવન દ્વાર કહેવાય છે.

**પ્રશ્ન : ૬૨.** સ્થિતિ કોને કહેવાય છે?

**ઉત્તર :** ચોવીશ દંડકમાં રહેલા જીવોની સ્થિતિ (આયુષ્ય) કેટલી છે. તેનો વિચાર કરવો તે સ્થિતિદ્વાર કહેવાય છે.

**પ્રશ્ન ૬૩.** પર્યાપ્તિ કેટલા પ્રકારની છે ? કઈ કઈ ?

**ઉત્તર :** પર્યાપ્તિઓ છ પ્રકારની છે તે આ પ્રમાણે :- (૧) આહાર પર્યાપ્તિ (૨) શરીર પર્યાપ્તિ (૩) ઇન્દ્રિય પર્યાપ્તિ (૪) શ્વાસોશ્વાસ પર્યાપ્તિ (૫) ભાષા પર્યાપ્તિ (૬) મનઃ પર્યાપ્તિ.

**પ્રશ્ન ૬૪.** કિમાહારદ્વાર કોને કહેવાય છે ?

**ઉત્તર :** ચૌદ રાજલોકમાં રહેલા જીવો કેટલી કેટલી દિશાઓમાંથી આહાર કરે છે. **તેનું વર્ણન** કરવું તે કિમાહારદ્વાર કહેવાય છે. એટલે કે
ત્રણ દિશિનો આહાર કેટલા દંડકવાળા જીવો કરે છે ?
ચાર દિશિનો આહાર કેટલા દંડકવાળા જીવો કરે છે ?
પાંચ દિશિનો આહાર કેટલા દંડકવાળા જીવો કરે છે ?
છ દિશિનો આહાર કેટલા દંડકવાળા જીવો કરે છે ?
તેનો વિચાર કરવો તે કિમાહારદ્વાર કહેવાય છે.

**પ્રશ્ન ૬૫.** સંજ્ઞાઓ કેટલા પ્રકારની છે? કઇ કઇ?

**ઉત્તર:**સંજ્ઞાઓ ત્રણ પ્રકારની છે.તે આ પ્રમાણે :- (૧) હેતુવાદોપદેશિકી સંજ્ઞા (૨) દીર્ઘકાલિકી સંજ્ઞા (૩) દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા.

**પ્રશ્ન ૬૬.** હેતુ વાદોપદેશિકી સંજ્ઞા કોને કહેવાય છે ?

**ઉત્તર :** જેમાં ભૂત અને ભાવિના વિચાર રહિત વર્તમાનકાળનું જે જ્ઞાન હોય છે તે હેતુવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય છે.

**પ્રશ્ન ૬૭.** દીર્ઘકાલિકી સંજ્ઞા કોને કહેવાય છે ?

**ઉત્તર :** જેમાં જીવ ભૂત, ભવિષ્ય, વર્તમાનકાળનું જ્ઞાન એટલે કે વિચાર કરી શકે તે દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવાય છે.

**પ્રશ્ન ૬૮.** દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કોને કહેવાય છે ?

**ઉત્તર :** સાચાને સાચું જાણે અને ખોટાને ખોટું જાણે એવી જે આત્માના વિકાસરૂપ

દ્રષ્ટિ જેને પેદા થઈ હોય તે દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય છે. આ સંજ્ઞા સમ્યગ્ દ્રષ્ટિ જીવોને જ હોય છે.

**પ્રશ્ન ૬૯.** ગતિદ્વાર કોને કહેવાય છે ?

**ઉત્તર :** ક્યા દંડકવાળો જીવ મરણ પામીને ક્યા ક્યા દંડકમાં ઉત્પન્ન થાય છે તેનો વિચાર કરવો તે ગતિદ્વાર કહેવાય છે.

**પ્રશ્ન ૭૦.** આગતિદ્વાર કોને કહેવાય છે ?

**ઉત્તર :** ક્યા દંડકમાં ક્યા ક્યા દંડકવાળા જીવો આવીને ઉત્પન્ન થાય છે તેનો વિચાર કરવો તે આગતિદ્વાર કહેવાય છે.

**પ્રશ્ન ૭૧.** વેદકેટલા પ્રકારના છે ક્યા ક્યા ?

**ઉત્તર :** વેદ ત્રણ પ્રકારના છે :- (૧) સ્ત્રીવેદ, (૨) પુરૂષવેદ, (૩) નપુંસકવેદ. આ ચોવીશે દ્વારોને ક્રમસર ચોવીશે દંડકોમાં ઉતારવાના છે. તેનું વર્ણન શરૂ થાય છે.

**ચઉ ગબ્ભ-તિરિય-વાઉસુ, મણુઆણં પંચસેસ તિસરીરા।**
**થાવરચઉગે દુહઓ,અંગુલ અસંખ ભાગ તણુ ।।૫।।**

**ભાવાર્થ :** ગર્ભજ તિર્યંચ અને વાયુકાયને ચાર શરીર, મનુષ્યોને પાંચ શરીર અને બાકીના દંડકને ત્રણ શરીર છે. ચાર સ્થાવરને જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને પ્રકારની શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.।। ૫ ।।

**પ્રશ્ન ૭૨.** ચાર શરીર કેટલા દંડકમાં છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ચાર શરીર બે દંડકમાં છે. તે આ પ્રમાણે :- (૧) તિર્યંચ પંચેન્દ્રિય, (૨) વાયુકાય.

**પ્રશ્ન ૭૩.** ચાર શરીર ક્યા ક્યા છે ?

**ઉત્તર :** ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ.

**પ્રશ્ન ૩૪.** પાંચેય શરીર કેટલા દંડકોમાં છે ?

**ઉત્તર :** પાંચેય શરીર એક મનુષ્યના દંડકમાં છે.

**પ્રશ્ન ૭૫.** ત્રણ શરીર કેટલા દંડકમાં છે ?

**ઉત્તર :** ત્રણ શરીર એકવીસ દંડકમાં છે. તે આ પ્રમાણે :- પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, નારકી, વ્યંતર,

જ્યોતિષ, વૈમાનિક, અસુરકુમારાદિ-૧૦

**પ્રશ્ન ૭૬.** ઔદારિક, તૈજસ અને કાર્મણ આ ત્રણ જ શરીર જેને છે તેવા દંડકો કેટલા છે?

**ઉત્તર :** ઉપરના ત્રણ જ શરીર જેને છે તેવા દંડકો સાત છે. તે આ પ્રમાણે :- (૧) પૃથ્વીકાય (૨) અપકાય. (૩) તેઉકાય, (૪) વનસ્પતિકાય, (૫) બેઇન્દ્રિય, (૬) તેઇન્દ્રિય (૭) ચઉરિન્દ્રિય.

**પ્રશ્ન ૭૭.** વૈક્રિય, તૈજસ, અને કાર્મણ આ ત્રણ જ શરીર જેને છે તેવા દંડકો કેટલા છે?

**ઉત્તર :** ઉપરના ત્રણ શરીર જેને છે તેવા દંડકો ચૌદ છે. તે આ પ્રમાણે :- નારકીનો-૧, દેવતાના-૧૩ (ભવનપતિના-૧૦, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક).

**પ્રશ્ન ૭૮.** ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ. આ ચાર શરીર જેને છે તેવા દંડકો કેટલા છે?

**ઉત્તર :** આ ચાર શરીર જેને છે તેવા દંડકો ત્રણ છે. તે આ પ્રમાણે :- (૧) તિર્યંચ પંચેન્દ્રિય, (૨) મનુષ્ય અને (૩) વાયુકાય.

**પ્રશ્ન ૭૯.** ઔદારિક, આહારક, તૈજસ અને કાર્મણ આ ચાર શરીર જેને છે તેવા દંડકો કેટલા છે?

**ઉત્તર :** આ ચાર શરીર જેને છે તેવો એક દંડક છે. તે આ પ્રમાણે :- (૧) મનુષ્ય.

**પ્રશ્ન ૮૦.** ઔદારિક શરીર જેને છે તેવા દંડકો કેટલા છે? ક્યા ક્યા?

**ઉત્તર :** ઔદારિક શરીર જેને છે તેવા દંડકો ૧૦ છે.તે આ પ્રમાણે :- પૃથ્વીકાયાદિ ૫, બેઇન્દ્રિય આદિ ૩, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય.

**પ્રશ્ન ૮૧.** વૈક્રિય શરીર જેને છે તેવા દંડકો કેટલા છે?

**ઉત્તર :** વૈક્રિય શરીર જેને છે તેવા દંડકો ૧૭ છે. તે આ પ્રમાણે :- નારકીનો ૧, દેવતાના ૧૩, (ભવનપતિ ૧૦, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક) ગર્ભજ તિર્યંચ, મનુષ્ય અને વાયુકાય.

**પ્રશ્ન ૮૨.** આહારક શરીર જેને છે તેવા દંડક કેટલા છે?

**ઉત્તર :** આહારક શરીર જેને છે તેવો મનુષ્યનો એક દંડક છે.

**પ્રશ્ન ૮૩.** તૈજસ અને કાર્મણ શરીર જેને છે તેવા દંડકો કેટલા છે ?
**ઉત્તર :** ચોવીશે ચોવીશ દંડકોને આ બન્ને શરીરો છે.
**પ્રશ્ન ૮૪.** ચોવીશે દંડકવાળા જીવોનાં શરીરની જઘન્ય અવગાહના કેટલી છે?
**ઉત્તર :** ચોવીશે દંડકવાળા જીવોનાં શરીરની અવગાહના જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.
**પ્રશ્ન ૮૫.** પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, આ ચારેય દંડકવાળા જીવોની શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?
**ઉત્તર :** આ ચારેય દંડકવાળા જીવોના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

**સવ્વેસિંપિ જહન્ના, સાહાવિય અંગુલસ્સ અસંખંસો ।**
**ઉક્કોસ પણસયધણુ, નેરઈયા સત્તહત્થ સુરા ॥ ૬ ॥**

**ભાવાર્થ :** સઘળાય દંડકોમાં સ્વાભાવિક શરીરની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે. નારકીઓની ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્યની છે, અને દેવતાઓની ઉત્કૃષ્ટ અવગાહના સાત હાથની છે. ॥ ૬ ॥
**પ્રશ્ન ૮૬.** નારકીના દંડકમાં ઉત્કૃષ્ટ શરીરની અવગાહના કેટલી છે ?
**ઉત્તર :** નારકીના દંડકમાં શરીરની ઉત્કૃષ્ટ અવગાહના પાંચસો ધનુષ્ય છે.
**પ્રશ્ન ૮૭.** કેટલા હાથનો એક ધનુષ્ય થાય છ ?
**ઉત્તર :** ચાર હાથનો એક ધનુષ્ય થાય છે.
**પ્રશ્ન ૮૮.** દેવતાના તેર દંડકમાં શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?
**ઉત્તર :** ૧૦ ભવનપતિ, વ્યંતર, જયોતિષ અને વૈમાનિક આ દેવતાના ૧૩

દંડકમાં શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સાત હાથની છે. આ અવગાહના વૈમાનિકના પહેલા-બીજા દેવલોક સુધીની જાણવી.
**પ્રશ્ન ૮૯.** વૈમાનિક ત્રીજા દેવલોકથી માંડી બાકીના દેવલોકમાં શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?
**ઉત્તર :** વૈમાનિકના ઉપરના દેવલોકમાં શરીરની ઉત્કૃષ્ટ અવગાહના આ પ્રમાણે છે :- ત્રીજા, ચોથા દેવલોકમાં રહેલા દેવોની છ હાથની, પાંચમા, છઠ્ઠા

દેવલોકમાં રહેલા દેવોની ૫ હાથની, સાતમા, આઠમા દેવલોકમાં રહેલા દેવોની ચાર હાથની, ૯, ૧૦, ૧૧, ૧૨, આ ચાર દેવલોકમાં રહેલા દેવોની ત્રણ હાથની, નવગ્રૈવેયકમાં રહેલા દેવોની ૨ હાથની અને પાંચ અનુત્તરમાં રહેલા દેવોની અવગાહના ૧ હાથની છે.

**ગબ્ભતિરિ સહસ જોયણ, વણસ્સઈ અહિયજોયણ સહસ્સં,**
**નર તેઈંદિ તિગાઊ, બેઈંદિય જોયણે બાર ॥ ૭ ॥**

**ભાવાર્થ :** ગર્ભજ તિર્યંચોની શરીરની ઉંચાઈ એક હજાર યોજન છે. વનસ્પતિકાયની હજાર યોજનથી કંઈક અધિક છે. મનુષ્ય અને તેઈન્દ્રિય જીવોની ૩ ગાઉની ઉંચાઈ હોય છે. અને બેઈન્દ્રિય જીવોની શરીરની ઉંચાઈ બાર યોજનની છે. ॥ ૭ ॥

**પ્રશ્ન ૯૦.** ગર્ભજ તિર્યંચોના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?
**ઉત્તર :** ગર્ભજ તિર્યંચોના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજનની છે. (ગર્ભજ માછલાં વગેરેની)
**પ્રશ્ન ૯૧.** વનસ્પતિકાયના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?
**ઉત્તર :** વનસ્પતિકાયના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજનથી કંઈક અધિક છે.
**પ્રશ્ન ૯૨.** વનસ્પતિકાયની અવગાહના કઈ રીતે જાણવી ?
**ઉત્તર :** હજાર યોજન ઉંડા જળાશયોમાં જે કમળો ઉત્પન્ન થાય છે તે કમળોની ઉંચાઈની અપેક્ષાએ આ વનસ્પતિકાયની અવગાહના જાણવી.
**પ્રશ્ન ૯૩.** મનુષ્યના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?
**ઉત્તર :** મનુષ્યોના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ ગાઉની છે.
**પ્રશ્ન ૯૪.** તેઈન્દ્રિય જીવોના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?
**ઉત્તર :** તેઈન્દ્રિય જીવોના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ ગાઉની છે.
**પ્રશ્ન ૯૫.** બેઈન્દ્રિય જીવોના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?
**ઉત્તર :** બેઈન્દ્રિય જીવોના શરીરની ઉત્કૃષ્ટ અવગાહના બાર યોજનની છે.

**જોયણ-મેગં ચઉરિંદિ, દેહ મુચ્ચત્તણં સુએ ભણિઅં,**
**વેઉવ્વિય-દેહં પુણ, અંગુલ - સંખંસ - મારંભે ॥ ૮ ॥**

**દેવ નર અહિય લક્ખં, તિરિયાણં નવ ય જોયણ**
**સયાઈ દુગુણં તુ નારયાણં ભણિયં વેઉવ્વિય સરીરં ॥ ૯॥**
**અંતમુહુ ત્તં નિરએ, મુહુત્ત ચત્તારિ તિરિય**
**મણુએસુ, દેવેસુ અદ્ધમાસો, ઉક્કોસ વિઉવ્વણા - કાલો ॥૧૦॥**

**ભાવાર્થ :** ચઉરિન્દ્રિય જીવોનું શરીર એક યોજન છે. આ અવગાહના સિદ્ધાંતમાં કહી છે. તે રીતે કહેલી છે. વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અંગુલના સંખ્યાતમા ભાગ જેટલી છે. ॥ ૮ ॥

દેવતાઓનું વૈક્રિય શરીર લાખ યોજન છે. મનુષ્યોનું એક લાખ યોજનથી અધિક છે. તિર્યંચોની વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના ૯૦૦ યોજનની છે. નારકીઓની વૈક્રિય શરીરની અવગાહના પોતાના શરીરથી ડબલ છે. ॥ ૯ ॥

નારકીઓની ઉત્કૃષ્ટ વિર્કુવાનો કાળ અંતર્મુહૂર્ત છે. તિર્યંચો અને મનુષ્યોને વિર્કુવાનો કાળ ચાર મુહૂર્તનો કહ્યો છે. દેવોને વિર્કુવાનો કાળ ૧૫ દિવસનો કહેલો છે. ॥ ૧૦ ॥

**પ્રશ્ન ૯૬.** ચઉરિન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** ચઉરિન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના એક યોજનની છે

**પ્રશ્ન ૯૭.** જે જીવો વૈક્રિય શરીર બનાવે છે તેઓની જઘન્ય અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** જે જીવો વૈક્રિય શરીર બનાવે છે તેઓની જઘન્ય અવગાહના અંગુલના સંખ્યાતમા ભાગ જેટલી છે.

**પ્રશ્ન ૯૮.** દેવતાઓની ઉત્તર વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** દેવતાઓની ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના ઉત્કૃષ્ટથી એક લાખ યોજનની છે.

**પ્રશ્ન ૯૯.** મનુષ્યના દંડકમાં ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે. તે શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?

**ઉત્તર :** મનુષ્યના દંડકમાં ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના એક લાખ યોજનથી કાંઈક અધિક છે.

**પ્રશ્ન ૧૦૦.** દેવતાઓના ઉત્તર વૈક્રિય શરીર કરતાં મનુષ્યોના ઉત્તર વૈક્રિય

શરીરની અવગાહના વધારે કેમ છે?
**ઉત્તર :** દેવતાઓ ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે ત્યારે તેઓ જમીનથી ચાર આંગળ અદ્ધર રહે છે. જ્યારે મનુષ્યો જમીનની સાથે રહીને શરીરની રચના કરતા હોવાથી ચાર આંગળ અધિક હોય છે તે કારણથી અધિક કહેલી છે.
**પ્રશ્ન ૧૦૧.** તિર્યંચોમાં ઉત્તર વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે?
**ઉત્તર :** તિર્યંચોમાં ઉત્તર વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના ૯૦૦ યોજનની છે.
**પ્રશ્ન ૧૦૨.** નારકીઓમાં ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના કેટલી છે?
**ઉત્તર :** સાતેય નારકીઓમાં રહેલા જેટલા જીવો છે તે બધાયની જે કાય એટલે શરીર છે તેનાથી ઉત્તર વૈક્રિય શરીર બનાવે ત્યારે ડબ્બલ અવગાહનાવાળું શરીર થાય છે. જેમ કે સાતમી નારકીમાં રહેલા નારકીઓની ૫૦૦ ધનુષ્યની કાયા હોય છે. જ્યારે તેઓ ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે ત્યારે ૧ હજાર ધનુષ્યની થાય છે.
**પ્રશ્ન ૧૦૩.** વાઉકાય જીવો વૈક્રિય શરીર બનાવે છે. ત્યારે તેઓના શરીરની જઘન્ય તથા ઉત્કૃષ્ટ અવગાહના કેટલી હોય છે?
**ઉત્તર :** વાઉકાય જીવો વૈક્રિય શરીર બનાવે છે ત્યારે તેઓના શરીરની જઘન્ય તથા ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી હોય છે.
**પ્રશ્ન ૧૦૪.** બીજા જીવોની વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના જે કહી છે અને વાઉકાયની વૈક્રિય શરીરની જઘન્ય અવગાહનામાં ફેર શો છે?
**ઉત્તર :** બીજા જીવો ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે ત્યારે તેઓની કાયા મોટી હોય છે. તેથી તેઓના શરીરની જઘન્ય અવગાહનાઅંગુલનાસંખ્યાતમાભાગ જેટલીજ થાય છે. તેથી ન્યૂન થતી નથી. જ્યારે વાઉકાય જીવોનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું જ થાય છે. તેથી વૈક્રિય શરીરની અવગાહના પણ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જ બને છે પણ મોટી બનતી નથી.
**પ્રશ્ન ૧૦૫.** નારકીઓનું ઉત્તર વૈક્રિય શરીર કેટલા કાળે નાશ પામે છે?
**ઉત્તર :** નારકીઓનું ઉત્તર વૈક્રિય શરીર એક અંતર્મુહૂર્ત પછી અવશ્ય નાશ પામી જાય છે.
**પ્રશ્ન ૧૦૬.** તિર્યંચોનું વૈક્રિય શરીર બનાવ્યા પછી કેટલા કાળે નાશ પામે છે?

ઉત્તર : તિર્યંચોનું વૈક્રિય શરીર બનાવ્યા પછી ચાર મુહૂર્ત સુધી રહે છે. પછી અવશ્ય નાશ પામે છે.

પ્રશ્ન ૧૦૭. મનુષ્યનું વૈક્રિય શરીર બન્યા પછી કેટલા કાળ સુધી રહી શકે છે ?

ઉત્તર : મનુષ્યનું વૈક્રિય શરીર બન્યા પછી ચાર મુહૂર્ત સુધી રહે છે. પછી અવશ્ય નાશ પામે છે.

પ્રશ્ન ૧૦૮. દેવતાઓ ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે. ત્યારે તે વધારેમાં વધારે કેટલા વખત સુધી રહે છે ?

ઉત્તર : દેવતાઓ ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે. તે ૧૫ દિવસ સુધી રહે છે. પછી તે શરીર અવશ્ય નાશ પામે છે.

પ્રશ્ન ૧૦૯. ચોવીશ દંડકમાંથી કેટલા દંડકવાળા જીવો ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે ? ક્યા ક્યા ?

ઉત્તર : ચોવીશ દંડકમાં ૧૭ દંડકવાળા જીવો ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે. (૧) વાઉકાયના જીવો વૈક્રીય શરીર બનાવે છે. તે સ્વાભાવિક થઈ જાય છે. કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. (૨) ગર્ભજ તિર્યંચ (૩) મનુષ્ય (૪) નારકી અને દેવતાના (૧૩) દંડકના (૧૩) એમ કુલ (૧૭) દંડકો થાય છે.

પ્રશ્ન ૧૧૦. ત્રણ ગાઉનું શરીર જેને છે તેવા દંડકો કેટલા છે ?

ઉત્તર : ત્રણ ગાઉનું શરીર જેને છે તેવા દંડકો બે છે. (૧) મનુષ્ય (૨) તેઈન્દ્રિય.

પ્રશ્ન ૧૧૧. એક હજાર યોજનની કાયાવાળા દંડકો કેટલા છે ?

ઉત્તર : એક હજાર યોજનની કાયાવાળો એક જ દંડક છે. ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય

પ્રશ્ન ૧૧૨. સાત હાથની કાયાવાળા દંડકો કેટલા છે ?

ઉત્તર : સાત હાથની કાયાવાળા ૧૩ દંડકો છે. ભવનપતિના ૧૦, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક (વૈમાનિકમાં ૧-૨ દેવલોક સુધીના જાણવા.)

પ્રશ્ન ૧૧૩. એક હજાર યોજનથી અધિક કાયાવાળા દંડકો કેટલા છે ?

ઉત્તર : એક હજાર યોજનથી અધિક કાયાવાળા દંડક એક જ છે :વનસ્પતિકાય.

પ્રશ્ન ૧૧૪. એક યોજનની કાયાવાળા દંડકો કેટલા છે ?

ઉત્તર : એક યોજનની કાયાવાળો દંડક એક જ છે : ચઉરિન્દ્રિય.

**પ્રશ્ન ૧૧૫.** બાર યોજનની કાયાવાળા દંડક કેટલા છે ?

**ઉત્તર :** બાર યોજનની કાયાવાળો એક જ દંડક છે : બેઇન્દ્રિય.

**પ્રશ્ન ૧૧૬.** પાચંસો ધનુષ્યની કાયાવાળા કેટલા દંડક છે ?

**ઉત્તર :** પાચંસો ધનુષ્યની કાયાવાળો એક દંડક છે :

**સાતમી નારકીનો.**

**થાવર-સુર-નેરઈઆઅસ્સંઘયણા ય વિગલ છેવટ્ઠા ।**
**સંઘયણ છગ્ગં ગબ્ભય, નર-તિરિએસુ વિ મુણેયવ્વં ॥ ૧૧ ॥**

ભાવાર્થ : સ્થાવર, દેવતા, નારકીઓ અસંઘયણી છે. વિકલેન્દ્રિયો છેવટ્ઠા સંઘયણવાળા છે તથા ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોને છએ સંઘયણ હોય છે. ॥ ૧૧ ॥

**પ્રશ્ન ૧૧૭.** કેટલા દંડકમાં સંઘયણ હોતા નથી ?

**ઉત્તર :** ૧૯ દંડકમાં એક પણ સંઘયણ હોતું નથી. તે આ પ્રમાણે :- નારકનો ૧, દેવતાના ૧૩ (૧૦ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક) સ્થાવરના પાંચ દંડક, પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય.

**પ્રશ્ન ૧૧૮.** એક સંઘયણવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** એક સંઘયણવાળા દંડકો ૩ છે : બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય આ ત્રણ દંડકમાં એક છેવટ્ઠું સંઘયણ હોય છે.

**પ્રશ્ન ૧૧૯.** છ એ સંઘયણવાળા દંડક કેટલા છે ?

**ઉત્તર :** છ એ સંઘયણવાળા દંડકો બે છે : (૧) ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, (૨) મનુષ્ય.

**પ્રશ્ન ૧૨૦.** વજ્રઋષભનારાચ સંઘયણવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** વજ્રઋષભનારાચ સંઘયણવાળા દંડકો બે છે. (૧) ગર્ભજ તિર્યંચ (૨) મનુષ્ય.

**પ્રશ્ન ૧૨૧.** ઋષભ નારાચ સંઘયણ કેટલા દંડકોમાં છે ?

**ઉત્તર :** ઋષભ નારાચ સંઘયણ બે દંડકોમાં છે : (૧) ગર્ભજ તિર્યંચ, (૨) મનુષ્ય.

**પ્રશ્ન ૧૨૨.** નારાચ સંઘયણ કેટલા દંડકમાં છે ?

**ઉત્તર :** નારાચ સંઘયણ બે દંડકમાં છે : (૧) ગર્ભજ તિર્યંચ, (૨) મનુષ્ય.

**પ્રશ્ન ૧૨૩.** અર્ધ નારાચ સંઘયણ કેટલા દંડકોમાં છે ?

**ઉત્તર :** અર્ધ નારાચ સંઘયણ બે દંડકોમાં છે : (૧) ગર્ભજ તિર્યંચ, (૨) મનુષ્ય.

**પ્રશ્ન ૧૨૪.** કિલિકા સંઘયણ કેટલા દંડકોમાં છે ?

**ઉત્તર :** કિલિકા સંઘયણ બે દંડકોમાં છે : (૧) ગર્ભજ તિર્યંચ, (૨) મનુષ્ય.

**પ્રશ્ન ૧૨૫.** છેવટ્ઠુ સંઘયણ કેટલા દંડકોમાં છે ?

**ઉત્તર :** છેવટ્ઠુ સંઘયણ પાંચ દંડકોમાં છે : (૧) બેઇન્દ્રિય, (૨) તેઇન્દ્રિય, (૩) ચઉરિન્દ્રિય, (૪) તિર્યંચ પંચેન્દ્રિય અને (૫) મનુષ્ય.

**સવ્વેસિં ચઉ દહ વા, સન્ના સવ્વે સુરા ય ચઉરંસા ।**
**નર તિરિચ છ સંઠાણા, હુંડા વિગલિંદિ-નેરઇયા ॥ ૧૨ ॥**

ભાવાર્થ : સઘળાય દંડકોમાં ચાર સંજ્ઞાઓ હોય છે અથવા દશ સંજ્ઞા, અથવા ૧૬ સંજ્ઞાઓ છે. બધાજ દેવતાઓ સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા છે. મનુષ્યો અને તિર્યંચ પંચેન્દ્રિયને છ સંસ્થાનો છે. નારકી અને વિકલેન્દ્રિયોને હુંડક સંસ્થાન છે. ॥ ૧૨ ॥

**પ્રશ્ન ૧૨૬.** સમૂર્ચ્છિમ મનુષ્યને કેટલા સંઘયણ છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** સમૂર્ચ્છિમ મનુષ્યોને એક છેવટ્ઠુ સંઘયણ છે.

**પ્રશ્ન ૧૨૭.** સમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયને કેટલા સંઘયણો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** સમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયને એકમતે એકજ છેવટ્ઠુ સંઘયણ છે જ્યારે મતાંતરે છ એ છ સંઘયણ છે.

**પ્રશ્ન ૧૨૮.** ચોવીશે દંડકોમાં કેટલી સંજ્ઞાઓ છે ?

**ઉત્તર :** ચોવીશે દંડકોમાં ચાર સંજ્ઞા, દશ સંજ્ઞા અથવા સોળ સંજ્ઞા એમ બધીય સંજ્ઞાઓ છે.

**પ્રશ્ન ૧૨૯.** છ એ છ સંસ્થાનોમાં કેટલા દંડકો છે ?

**ઉત્તર :** છ એ છ સંસ્થાનો બે દંડકોમાં છે. ૧ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય ૨ મનુષ્ય

**પ્રશ્ન ૧૩૦.** એક સંસ્થાન કેટલા દંડકમાં છે ?

**ઉત્તર :** એક સંસ્થાન સત્તર દંડકોમાં છે. દેવતાના ૧૩ દંડકો, નારકીનો ૧, બે-ઈ, તે-ઈ. ચઉ. એમ સત્તર દંડકો છે. સ્થાવરમાં એક સંસ્થાન છે. પણ ત્યાં જુદા જુદા આકારના સંસ્થાનો હોવાથી તેને જુદા ગણ્યા છે.

**પ્રશ્ન ૧૩૧.** એક સમ-સંસ્થાન કેટલા દંડકોમાં હોય છે ?

**ઉત્તર :** એક સમ-સંસ્થાન તેર દંડકોમાં હોય છે. દેવતાના ૧૩ દંડકો છે. ૧૦ ભવનપતિ, વ્યંતર, જયોતિષ અને વૈમાનિક.

**પ્રશ્ન ૧૩૨.** એક હુંડક સંસ્થાન જ કેટલા દંડકોમાં છે ?

**ઉત્તર :** એક હુંડક સંસ્થાન ચાર અથવા નવ દંડકોમાં છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને નારકી એ ચાર અને સ્થાવરના પાંચ દંડકો ભેગા ગણતા નવ દંડકો થાય છે. તેમાં એક હુંડક નામનું સંસ્થાન છે.

**પ્રશ્ન ૧૩૩.** સમ-સંસ્થાનવાળા દંડકો કેટલા છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** સમ-સંસ્થાનવાળા દંડકો ૧૫ છે. ૧૦ ભવનપતિ, વ્યંતર, જયોતિષ, વૈમાનિક, ગર્ભજ તિર્યંચ તથા મનુષ્યમાં સમ-સંસ્થાન હોય છે.

**પ્રશ્ન ૧૩૪.** ન્યગ્રોધ સંસ્થાનવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** ન્યગ્રોધ સંસ્થાનવાળા દંડકો બે છે. ગર્ભજ તિર્યંચ, મનુષ્ય.

**પ્રશ્ન ૧૩૫.** સાદિ સંસ્થાનવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** સાદિ સંસ્થાનવાળા દંડકો બે છે :- ગર્ભજતિર્યંચ, મનુષ્ય.

**પ્રશ્ન ૧૩૬.** વામન સંસ્થાનવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** વામન સંસ્થાનવાળા દંડકો બે છે :- ગર્ભજતિર્યંચ, મનુષ્ય.

**પ્રશ્ન ૧૩૭.** કુબ્જ સંસ્થાનવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** કુબ્જ સંસ્થાનવાળા દંડકો બે છે :- ગર્ભજતિર્યંચ, મનુષ્ય.

**પ્રશ્ન ૧૩૮.** હુંડક સંસ્થાનવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** ૧૧ દંડકો છે :- સ્થાવરના ૫, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને નારકી, ગર્ભજ તિર્યંચ, મનુષ્ય.

**નાણાવિહ ધય સૂઈ, બુબ્બુય વણ વાઉ તેઉ અપકાયા ।**
**પુઢવી મસૂર ચંદા-કારા સંઠાણઓ ભણિયા ॥ ૧૩ ॥**

**ભાવાર્થ :** પ્રત્યેક વનસ્પતિકાયનું જુદા જુદા આકારવાળું શરીર છે. વાયુકાયનું ધ્વજાના આકારનું છે. અગ્નિકાય જીવોનું શરીર સોય આકારનું છે. અપકાય જીવોનું શરીર પરપોટાના આકારનું છે. પૃથ્વીકાય જીવોનું શરીર મસુરની દાળ અથવા અર્ધચંદ્રાકાર જેવું છે. ॥ ૧૩ ॥

**પ્રશ્ન ૧૩૯.** પ્રત્યેક વનસ્પતિકાય જીવોને જે શરીરો હોય છે. તે કેવા આકારના હોય છે ?

**ઉત્તર :** પ્રત્યેક વનસ્પતિકાય જીવોને જે શરીર હોય છે તે અનેક પ્રકારના જુદા જુદા આકારવાળા હોય છે.

**પ્રશ્ન ૧૪૦.** વાયુકાય જીવોના શરીર કેવા આકારના હોય છે ?

**ઉત્તર :** વાયુકાય જીવોના શરીરો ધ્વજાના આકારવાળા હોય છે.

**પ્રશ્ન ૧૪૧.** તેઉકાય જીવોના શરીરનો આકાર કેવો હોય છે ?

**ઉત્તર :** તેઉકાય જીવોના શરીરો સોય જેવા આકારના હોય છે.

**પ્રશ્ન ૧૪૨.** અપકાય એટલે પાણીના જીવોના શરીરનો આકાર કેવાપ્રકારનો હોય છે ?

**ઉત્તર :** અપકાય જીવોના શરીર પરપોટાના આકાર જેવા હોય છે

**પ્રશ્ન ૧૪૩.** પૃથ્વીકાય જીવોના શરીર કેવા આકારના હોય છે ?

**ઉત્તર :** પૃથ્વીકાય જીવોના શરીરો મસુરની દાળના આકારવાળા હોય છે અથવા અર્ધચંદ્રાકાર જેવા આકારવાળા હોય છે.

**પ્રશ્ન ૧૪૪.** આ પૃથ્વીકાયાદિ પાંચેયના શરીરની આકૃતિઓ જુદી જુદી હોય છે. તો તેઓને સંસ્થાન ક્યું હોય છે ?

**ઉત્તર :** પૃથ્વીકાય આદિ પાંચેયના શરીરની આકૃતિઓ જુદી જુદી હોય છે. છતાં તે બધાયને હુંડક સંસ્થાન એક જ હોય છે. તે સિવાય કોઈ સંસ્થાન હોતા જ નથી.

*** આ રીતે સંસ્થાન દ્વાર પૂર્ણ થયું ***

**સવ્વે વિ ચઉ કસાયા, લેસ છગ્ગં ગબ્ભતિરિયમણુએસુ,**
**નારય તેઊ વાઉ, વિગલા વેમાણિય તિ લેસા ॥ ૧૪ ॥**

**ભાવાર્થ :** સઘળાય દંડકોમાં ચાર કષાયો છે. ગર્ભજતિર્યંચ અને મનુષ્યોને છએ લેશ્યાઓ છે. નારકી, તેઉકાય, વાઉકાય, વિકલેન્દ્રિય અને વૈમાનિકના દેવોના દંડકમાં ત્રણ લેશ્યાઓ છે. ॥ ૧૪ ॥

**જોઈ સિય તેઉલેસા, સેસા સવ્વેવિ હુંતિ ચઉલેસા,**
**ઈંદિય દારં સુગમં, મણુઆણં સત્ત સમુગ્ઘાયા ॥ ૧૫ ॥**

**ભાવાર્થ :** જયોતિષી દેવોમાં એક તેજો લેશ્યા છે. બાકીના દંડકોમાં ચાર લેશ્યાઓ છે. ઈંદ્રિય દ્વાર સુગમ છે. મનુષ્યોમાં સાતેય પ્રકારના સમુદ્‌ઘાત છે. ॥ ૧૫ ॥

**પ્રશ્ન ૧૪૫.** ચોવીશે દંડકોમાં કેટલા કષાયો છે ?

**ઉત્તર :** ચોવીશે દંડકોમાં ચારે ચાર કષાયો છે.

**પ્રશ્ન ૧૪૬.** ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોમાં લેશ્યાઓ કેટલી છે ?

**ઉત્તર :** ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોમાં છએ છ લેશ્યાઓ છે.

**પ્રશ્ન ૧૪૭.** નારકીના દંડકોમાં કેટલી લેશ્યાઓ છે ?

**ઉત્તર :** નારકીના દંડકમાં ત્રણ લેશ્યાઓ છે તે આ પ્રમાણે(૧) કૃષ્ણલેશ્યા (૨)નીલ લેશ્યા (૩) કાપોત લેશ્યા.

**પ્રશ્ન ૧૪૮.** પહેલી અને બીજી નારકીમાં કેટલી લેશ્યાઓ છે ? કઈ કઈ ?

**ઉત્તર :** પહેલી અને બીજી નારકીમાં એક કાપોત લેશ્યા છે.

**પ્રશ્ન ૧૪૯.** વાલુકા નામની ત્રીજી નારકીમાં કેટલી લેશ્યા છે ? કઈ કઈ ?

**ઉત્તર :** ત્રીજી નારકીમાં બે લેશ્યાઓ છે. તે આ પ્રમાણે :- જે નારકીના જીવોનું આયુષ્ય ત્રણસાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક છે. ત્યાં સુધીના જીવોને એક કાપોત લેશ્યા છે. અને તે આયુષ્ય કરતાં અધિક આયુષ્યવાળા જે નારકીના જીવો છે તે બધાને નીલ લેશ્યા છે. તે કારણથી બે લેશ્યા છે એમ કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૦.** ચોથી નારકીના જીવોને કેટલી લેશ્યા છે ?

**ઉત્તર :** ચોથી નારકીના જીવોને એક નીલ લેશ્યા છે.

**પ્રશ્ન ૧૫૧.** પાંચમી નારકીના જીવોને કેટલી લેશ્યા છે ?

**ઉત્તર :** પાંચમી નારકીના જીવોને બે લેશ્યા છે તે આ પ્રમાણે :- દશ સાગરોપમથી અધિક, અધિક એટલે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક એટલા આયુષ્યવાળા હોય. ત્યાં સુધીના જીવોને એક નીલ લેશ્યા છે. તેથી વધારે આયુષ્યવાળા જીવોને કૃષ્ણ લેશ્યા છે. માટે બે લેશ્યા કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૨.** છઠ્ઠી નારકીના જીવોને કેટલી લેશ્યા છે ?

**ઉત્તર :** છઠ્ઠી નારકીના જીવોને એક કૃષ્ણ લેશ્યા છે.

**પ્રશ્ન ૧૫૩.** સાતમી નારકીના જીવોને કેટલી લેશ્યા છે ?

ઉત્તર : સાતમી નારકીના જીવોને ભંયકર કોટીની કૃષ્ણ લેશ્યા છે.
**પ્રશ્ન ૧૫૪.** તેઉકાયના જીવોને કેટલી લેશ્યાઓ છે ?
**ઉત્તર :** તેઉકાયના જીવોને ત્રણ લેશ્યા છે તે આ પ્રમાણે :- (૧) કૃષ્ણ લેશ્યા (૨) નીલ લેશ્યા (૩) કાપોત લેશ્યા.
**પ્રશ્ન ૧૫૫.** વાઉકાયના જીવોને કેટલી લેશ્યા છે ?
**ઉત્તર :** વાઉકાયના જીવોને ત્રણ લેશ્યા છે તે આ પ્રમાણે :- (૧) કૃષ્ણ લેશ્યા (૨) નીલ લેશ્યા (૩) કાપોત લેશ્યા.
**પ્રશ્ન ૧૫૬.** બેઇન્દ્રિય જીવોને કેટલી લેશ્યા છે ?
**ઉત્તર :** બેઇન્દ્રિય જીવોને ત્રણ લેશ્યાઓ છે તે આ પ્રમાણે :- (૧) કૃષ્ણ લેશ્યા (૨) નીલ લેશ્યા (૩) કાપોત લેશ્યા.
**પ્રશ્ન ૧૫૭.** તેઇન્દ્રિય જીવોને કેટલી લેશ્યા છે ?
**ઉત્તર :** તેઇન્દ્રિય જીવોને કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, એમ ત્રણ લેશ્યા છે.
**પ્રશ્ન ૧૫૮.** ચઉરિન્દ્રિય જીવોને કેટલી લેશ્યાઓ છે ?
**ઉત્તર :** ચઉરિન્દ્રિય જીવોને કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, એમ ત્રણ લેશ્યાઓ છે.
**પ્રશ્ન ૧૫૯.** વૈમાનિક દેવતાઓને કેટલી લેશ્યાઓ છે ? કઈ કઈ ?
**ઉત્તર :** વૈમાનિક દેવતાઓને ત્રણ લેશ્યાઓ છે તે આ પ્રમાણે :- (૧) તેજો લેશ્યા, (૨) પદ્મ લેશ્યા, (૩) શુકલ લેશ્યા.
**પ્રશ્ન ૧૬૦. વૈમાનિકના પહેલા બીજા દેવલોકના દેવોને કેટલી લેશ્યા છે ? કઈ કઈ ?**
**ઉત્તર : પહેલા બીજા દેવલોકના દેવોને તેજોલેશ્યા એક જ છે.**
**પ્રશ્ન ૧૬૧. વૈમાનિકના ત્રીજાથી છઠ્ઠા દેવલોકના દેવોને કેટલી લેશ્યા છે ?**
**ઉત્તર : વૈમાનિકના ત્રીજાથી છઠ્ઠા દેવલોકના દેવોને એક પદ્મલેશ્યા છે.**
**પ્રશ્ન ૧૬૨. છઠ્ઠા દેવલોકથી અનુત્તર સુધીના દેવોને કેટલી લેશ્યા છે ? કઈ કઈ ?**
**ઉત્તર : છઠ્ઠા દેવલોકથી અનુત્તર સુધીના દેવોને એક જ લેશ્યા છે. શુકલ**

લેશ્યા એ દરેકની શુકલ લેશ્યામાં આગળ આગળ તીવ્ર જાણવી.

**પ્રશ્ન ૧૬૩.** જયોતિષી વિમાનમાં રહેલા દેવોને કેટલી લેશ્યા છે ? કઇ કઇ ?

**ઉત્તર :** જયોતિષી વિમાનમાં રહેલા સર્વ દેવતાઓને એક તેજોલેશ્યા છે

**પ્રશ્ન ૧૬૪.** પૃથ્વીકાય જીવોમાં કેટલી લેશ્યા છે ?

**ઉત્તર :** પૃથ્વીકાય જીવોમાં ચાર લેશ્યા છે તે આ પ્રમાણે :- (૧) કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કાપોત લેશ્યા, (૪) તેજો લેશ્યા.

**પ્રશ્ન ૧૬૫.** અપ્કાય જીવોમાં કેટલી લેશ્યા છે ?

**ઉત્તર :** અપ્કાય જીવોમાં ચાર લેશ્યા છે તે આ પ્રમાણે :- (૧) કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કાપોત લેશ્યા, (૪) તેજો લેશ્યા.

**પ્રશ્ન ૧૬૬.** વનસ્પતિકાય જીવોમાં કેટલી લેશ્યા છે ?

**ઉત્તર :** વનસ્પતિકાય જીવોમાં કૃષ્ણ, નીલ, કાપોત, તેજો એમ ચાર લેશ્યા છે.

**પ્રશ્ન ૧૬૭.** પૃથ્વીકાય અપ્કાય અને વનસ્પતિકાય જીવોમાં તેજો લેશ્યા કઈ રીતે હોય છે ?

**ઉત્તર :** પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય જીવોમાં તેજો લેશ્યા હોય છે તે આ પ્રમાણે :- કોઈ પણ દેવતા તેજો લેશ્યાવાળો મરીને પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્તાવસ્થામાં તેજો લેશ્યા હોય છે. માટે તેજો લેશ્યા કહી છે. બાકીના જીવોને હોતી નથી .

**પ્રશ્ન ૧૬૮.** સાધારણ વનસ્પતિકાય જીવોને કેટલી લેશ્યા છે ?કઈ કઈ ?

**ઉત્તર :** સાધારણ વનસ્પતિકાય જીવોને કૃષ્ણ, નીલ, કાપોત ત્રણ લેશ્યા છે.

**પ્રશ્ન ૧૬૯.** દશભવનપતિના દેવતાઓને કેટલી લેશ્યા છે ? કઈ કઈ ?

**ઉત્તર :** દશભવનપતિના દેવતાઓને ચાર લેશ્યા છે. તે આ પ્રમાણે :- (૧) કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કાપોત લેશ્યા, (૪) તેજો લેશ્યા.

**પ્રશ્ન ૧૭૦.** વ્યંતર દેવોને કેટલી લેશ્યા છે ? કઈ કઈ ?

**ઉત્તર :** વ્યંતર દેવોને ચાર લેશ્યાઓ છે. તે આ પ્રમાણે :- (૧) કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કાપોત લેશ્યા, (૪) તેજો લેશ્યા.

**પ્રશ્ન ૧૭૧.** એક જ લેશ્યાવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** એક જ લેશ્યાવાળા દંડકો મુખ્ય રીતે ગણીએ તો એક જ છે. પણ વિશેષ

વિચારથી કહીએ તો ત્રણ દંડક છે. તે આ પ્રમાણે :- જ્યોતિષી દેવોમાં એક તેજો લેશ્યા હોય છે. વિશેષથી વિચારીએ તો વૈમાનિક દેવોમાં પણ એક એક લેશ્યા હોય છે. નારકીઓમાં પણ એક એક લેશ્યા હોય છે. વૈમાનિકના ૧-૨, દેવલોકમાં તેજો લેશ્યા એક હોય છે. ત્રીજાથી પાંચમાં સુધીના દેવલોકમાં પદ્મલેશ્યા એક હોય છે. છઠ્ઠાથી અનુત્તર સુધીના દેવલોકમાં શુકલ લેશ્યા એક હોય છે. પહેલી બીજી નારકીમાં કાપોત લેશ્યા એક હોય છે. ચોથી નારકીમાં નીલ લેશ્યા એક હોય છે. છઠ્ઠી નારકીમાં કૃષ્ણ લેશ્યા એક હોય છે. સાતમી નારકીમાં કૃષ્ણ લેશ્યા એક હોય છે.

**પ્રશ્ન ૧૭૨.** કોઈપણ બે જ લેશ્યાવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** બે જ લેશ્યાવાળા દંડક નારકીનો એક જ છે. તે આ પ્રમાણે :- નારકીના દંડકોમાં વિશેષ વિચાર કરીએ તો - ત્રીજી અને પાંચમી નારકીમાં રહેલા જીવોને બે જ લેશ્યા હોય છે. ત્રીજી નારકીમાં કાપોત અને નીલ લેશ્યા હોય છે. પાંચમી નારકીમાં નીલ અને કૃષ્ણ લેશ્યા હોય છે.

**પ્રશ્ન ૧૭૩.** ત્રણ લેશ્યાવાળા દંડક કેટલા છે ?

**ઉત્તર :** ત્રણ લેશ્યાવાળા દંડક ૭ છે. તે આ પ્રમાણે :- (૧) નારકી, (૨) તેઉકાય, (૩) બેઈન્દ્રિય, (૪) તેઈન્દ્રિય, (૪) ચઉરિન્દ્રિય, (૬) વાઉકાય, (૭) વૈમાનિક. વિશેષથી કહીએ તો પાંચ દંડકમાં ત્રણ લેશ્યા હોય છે. નારકી, વૈમાનિક સિવાય.

**પ્રશ્ન ૧૭૪.** ચાર લેશ્યાવાળા દંડકો કેટલા છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ચાર લેશ્યાવાળા દંડકો ૧૪ છે. તે આ પ્રમાણે :- દશ ભવનપતિના ૧૦ દંડકો, (૧૧) વ્યંતર, (૧૨) પૃથ્વીકાય, (૧૩) અપકાય, (૧૪) વનસ્પતિકાય.

**પ્રશ્ન ૧૭૫.** કૃષ્ણ લેશ્યાવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** કૃષ્ણ લેશ્યાવાળા દંડકો બાવીસ છે. તે આ પ્રમાણે :- જ્યોતિષ અને વૈમાનિક સિવાયના દશ ભવનપતિના ૧૦, વ્યંતર, પૃથ્વીકાયાદિ ૫, બેઈન્દ્રિયાદિ ૩, તિર્યંચ અને મનુષ્ય તથા નારકી.

**પ્રશ્ન ૧૭૬.** નીલ લેશ્યાવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** નીલ લેશ્યાવાળા દંડકો બાવીસ છે. જ્યોતિષ અને વૈમાનિક સિવાયના

સમજવા.

**પ્રશ્ન ૧૭૭.** કાપોત લેશ્યા કેટલા દંડકોમાં છે ?

**ઉત્તર :** કાપોત લેશ્યા બાવીસ દંડકોમાં છે. જ્યોતિષ અને વૈમાનિક સિવાયના જાણવા.

**પ્રશ્ન ૧૭૮.** તેજો લેશ્યા કેટલા દંડકોમાં છે ?

**ઉત્તર :** તેજો લેશ્યા ૧૮ દંડકોમાં છે. તે આ પ્રમાણે :- (૧૦) ભવનપતિના ૧૦, (૧૧) વ્યંતર, (૧૨) જ્યોતિષ, (૧૩) વૈમાનિક, (૧૪) પૃથ્વીકાય, (૧૫) અપકાય (૧૬) વનસ્પતિકાય, (૧૭) તિર્યંચ પંચેન્દ્રિય અને (૧૮) મનુષ્ય. આટલા દંડકોમાં તેજો લેશ્યા છે.

**પ્રશ્ન ૧૭૯.** પદ્મ લેશ્યા કેટલા દંડકોમાં છે ?

**ઉત્તર :** પદ્મ લેશ્યા ત્રણ દંડકોમાં છે. તે આ પ્રમાણે :- (૧) ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, (૨) મનુષ્ય અને (૩) વૈમાનિક.

**પ્રશ્ન ૧૮૦.** શુકલ લેશ્યા કેટલા દંડકમાં છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** શુકલ લેશ્યા ત્રણ દંડકમાં છે. તે આ પ્રમાણે :- (૧) ગર્ભજ તિર્યંચ, (૨) મનુષ્ય, (૩) વૈમાનિક.

**પ્રશ્ન ૧૮૧.** એક ઇન્દ્રિયવાળા કેટલા દંડકો છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** એક ઇન્દ્રિયવાળા દંડકો પાંચ છે. પૃથ્વીકાય આદિ-૫.

**પ્રશ્ન ૧૮૨.** બે ઇન્દ્રિયવાળા કેટલા દંડકો છે ?

**ઉત્તર :** બે ઇન્દ્રિયવાળા દંડકો એક છે. બેઇન્દ્રિય.

**પ્રશ્ન ૧૮૩.** ત્રણ ઇન્દ્રિયવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** ત્રણ ઇન્દ્રિયવાળા દંડક એક છે. તેઇન્દ્રિય

**પ્રશ્ન ૧૮૪.** ચાર ઇન્દ્રિયવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** ચાર ઇન્દ્રિયવાળો એક દંડક છે. ચઉરિન્દ્રિય.

**પ્રશ્ન ૧૮૫.** પાંચ ઇન્દ્રિયવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** પાંચ ઇન્દ્રિયવાળા દંડકો ૧૬ છે. તે આ પ્રમાણે :- (૧) ભવનપતિના દસ, (૧૧), વ્યંતર, (૧૨) જ્યોતિષ, (૧૩) વૈમાનિક, (૧૪) નારકી, (૧૫)તિર્યંચ પંચેન્દ્રિય, (૧૬) મનુષ્ય.

**પ્રશ્ન ૧૮૬.** સ્પર્શેન્દ્રિય કેટલા દંડકોમાં છે ?
**ઉત્તર :** સ્પર્શેન્દ્રિય ચોવીશે ચોવીશ દંડકોમાં છે.
**પ્રશ્ન ૧૮૭.** રસનેન્દ્રિય કેટલા દંડકોમાં છે ?
**ઉત્તર :** રસનેન્દ્રિય ૧૯ દંડકોમાં છે, તે આ પ્રમાણે :- (૧) બેઇન્દ્રિય, (૨) તેઇન્દ્રિય, (૩) ચઉરિન્દ્રિય, ભવનપતિ (૧૦), વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક, તિર્યંચ પંચેન્દ્રિય, અને મનુષ્ય = ૧૯.
**પ્રશ્ન ૧૮૮.** ઘ્રાણેન્દ્રિય કેટલા દંડકોમાં છે ?
**ઉત્તર :** ઘ્રાણેન્દ્રિય ૧૮ દંડકોમાં છે. તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને નારકી = ૧૮.
**પ્રશ્ન ૧૮૯.** ચક્ષુરિન્દ્રિયવાળા દંડકો કેટલા છે ?
**ઉત્તર :** ચક્ષુરિન્દ્રિયવાળા દંડકો ૧૭ છે. ચઉરિન્દ્રિય દસભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક, નારકી, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય = ૧૭.
**પ્રશ્ન ૧૯૦.** શ્રોતેન્દ્રિય કેટલા દંડકોમાં છે ?
**ઉત્તર :** શ્રોતેન્દ્રિય ૧૬ દંડકોમાં છે. દસ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક, નારકી, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય = ૧૬

**વેયણ કસાય મરણે, વેઉવ્વિય તેયએ ય આહારે,**
**કેવલિ ય સમુગ્ઘાયા, સત્ત ઇમે હુંતિ સન્નીણં ॥ ૧૬ ॥**

ભાવાર્થ : વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલી સમુદ્ઘાત આ સાત સમુદ્ઘાત છે. અને સાતે સમુદ્ઘાત સન્ની જીવોમાં હોય છે. ॥ ૧૬ ॥
**પ્રશ્ન ૧૯૧.** મનુષ્યના દંડકમાં કેટલા સમુદ્ઘાત છે ?
**ઉત્તર :** મનુષ્યના દંડકમાં સાતેય સમુદ્ઘાત છે.

**એગિંદિયાણ કેવલ તેઉ-આહારગ વિણાઉ ચત્તારિ,**
**તે વેઉવ્વિયવજ્જા, વિગલા સન્નીણ તે ચૈવ ॥ ૧૭ ॥**
**પણ ગબ્ભતિરિસુરેસુ, નારય વાઊસુ ચઉર તિય સેસે**
**વિગલ દુ દિટ્ઠી થાવર મિચ્છત્તિ સેસ તિય દિટ્ઠી ॥ ૧૮ ॥**

**ભાવાર્થ :** એકેન્દ્રિય જીવોને કેવલી, તૈજસ અને આહારક સમુદ્ઘાત વિના ચાર, વિકલેન્દ્રિય જીવોને વૈક્રિય સમુદ્ઘાત વિના ત્રણ, સન્ની જીવોને સાતેય

સમુદ્ઘાત હોય. ॥ ૧૭ ॥
ગર્ભજ તિર્યંચ અને દેવોને પાંચ સમુદ્ઘાત , નારકી અને વાયુકાયને ચાર સમુદ્ઘાત હોય બાકીનાં દંડકવાળા જીવોને ત્રણ સમુદ્ઘાત હોય છે. વિકલેન્દ્રિય જીવોને બે દ્રષ્ટિ, સ્થાવર જીવોને એક (મિથ્યા દ્રષ્ટિ) હોય. બાકીના દંડકમાં રહેલા જીવોને ત્રણેય દ્રષ્ટિ હોય છે. ॥ ૧૮ ॥

**પ્રશ્ન ૧૯૨.** પૃથ્વીકાયમાં કેટલા સમુદ્ઘાત છે ?

**ઉત્તર :** પૃથ્વીકાયમાં ત્રણ સમુદ્ઘાત છે. તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મરણ સમુદ્ઘાત

**પ્રશ્ન ૧૯૩.** અપ્કાય દંડકમાં કેટલા સમુદ્ઘાત છે ?

**ઉત્તર :** અપ્કાય જીવોમાં ત્રણ સમુદ્ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મરણ સમુદ્ઘાત

**પ્રશ્ન ૧૯૪.** તેઉકાય જીવોમાં કેટલા સમુદ્ઘાત છે ?

**ઉત્તર :** તેઉકાય જીવોમાં ત્રણ સમુદ્ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મરણ સમુદ્ઘાત

**પ્રશ્ન ૧૯૫.** વાયુકાય જીવોમાં કેટલા સમુદ્ઘાત છે ?

**ઉત્તર :** વાયુકાય જીવોમાં ચાર સમુદ્ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મરણ સમુદ્ઘાત (૪) વૈક્રિય સમુદ્ઘાત

**પ્રશ્ન ૧૯૬.** વનસ્પતિકાયમાં કેટલા સમુદ્ઘાત છે?

**ઉત્તર :**વનસ્પતિકાયમાં ત્રણ સમુદ્ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મરણ સમુદ્ઘાત

**પ્રશ્ન ૧૯૭.** બેઇન્દ્રિય જીવોમાં કેટલા સમુદ્ઘાત છે ?

**ઉત્તર :** બેઇન્દ્રિય જીવોમાં ત્રણ સમુદ્ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મરણ સમુદ્ઘાત .

**પ્રશ્ન ૧૯૮.** તેઇન્દ્રિય જીવોમાં કેટલા સમુદ્ઘાત છે ?

**ઉત્તર :** તેઇન્દ્રિય જીવોમાં ત્રણ સમુદ્ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) મરણ સમુદ્ઘાત

**પ્રશ્ન ૧૯૯.** ચઉરિન્દ્રિય જીવોમાં કેટલા સમુદ્ઘાત છે ?

**ઉત્તર :** ચઉરિન્દ્રિય જીવોમાં ત્રણ સમુદ્ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના

સમુદ્‌ઘાત (૨) કષાય સમુદ્‌ઘાત (૩) મરણ સમુદ્‌ઘાત .
**પ્રશ્ન ૨૦૦.** ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય જીવોમાં કેટલા સમુદ્‌ઘાત છે ?
**ઉત્તર :** ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય જીવોમાં પાંચ સમુદ્‌ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદનાસમુદ્‌ઘાત (૩) મરણસમુદ્‌ઘાત . (૪) વૈક્રિય સમુદ્‌ઘાત (૫) તૈજસ સમુદ્‌ઘાત .
**પ્રશ્ન ૨૦૧.** નારકી જીવોમાં કેટલા સમુદ્‌ઘાત છે ?
**ઉત્તર :** નારકી જીવોમાં ચાર સમુદ્‌ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્‌ઘાત (૨) કષાય સમુદ્‌ઘાત (૩) મરણ સમુદ્‌ઘાત (૪) વૈક્રિય સમુદ્‌ઘાત .
**પ્રશ્ન ૨૦૨.** દશ ભવનપતિના દંડકમાં કેટલા સમુદ્‌ઘાત છે ? ક્યા ક્યા ?
**ઉત્તર :** દશ ભવનપતિના દંડકમાં પાંચ સમુદ્‌ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્‌ઘાત (૨) કષાય સમુદ્‌ઘાત (૩) મરણ સમુદ્‌ઘાત (૪) વૈક્રિય સમુદ્‌ઘાત (૫) તૈજસ સમુદ્‌ઘાત .
**પ્રશ્ન ૨૦૩.** વ્યંતરના દંડકમાં કેટલા સમુદ્‌ઘાત છે ?
**ઉત્તર :** વ્યંતરના દંડકમાં પાંચ સમુદ્‌ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્‌ઘાત (૨) કષાય સમુદ્‌ઘાત (૩) મરણ સમુદ્‌ઘાત (૪) વૈક્રિય સમુદ્‌ઘાત (૫) તૈજસ સમુદ્‌ઘાત
**પ્રશ્ન ૨૦૪.** જ્યોતિષી દેવોમાં કેટલા સમુદ્‌ઘાત છે ?
**ઉત્તર :** જ્યોતિષી દેવોમાં પાંચ સમુદ્‌ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્‌ઘાત (૨) કષાય સમુદ્‌ઘાત (૩) મરણ સમુદ્‌ઘાત (૪) વૈક્રિય સમુદ્‌ઘાત (૫) તૈજસ સમુદ્‌ઘાત .
**પ્રશ્ન ૨૦૫.** વૈમાનિક દેવોમાં કેટલા સમુદ્‌ઘાત છે ?
**ઉત્તર :** વૈમાનિક દેવોમાં પાંચ સમુદ્‌ઘાત છે તે આ પ્રમાણે :- (૧) વેદના સમુદ્‌ઘાત (૨) કષાય સમુદ્‌ઘાત (૩) મરણ સમુદ્‌ઘાત (૪) વૈક્રિયસમુદ્‌ઘાત (૫) તૈજસ સમુદ્‌ઘાત
**પ્રશ્ન ૨૦૬.** વેદના સમુદ્‌ઘાતમાં કેટલા દંડકો છે ?
**ઉત્તર :** વેદના સમુદ્‌ઘાત વાળા દંડકો ચોવીશે ચોવીસ છે.
**પ્રશ્ન ૨૦૭.** કષાય સમુદ્‌ઘાત માં કેટલા દંડકો છે ?

ઉત્તર : કષાય સમુદ્‌ઘાતમાં ચોવીશે ચોવીશ દંડકો છે.
**પ્રશ્ન ૨૦૮.** મરણ સમુદ્‌ઘાત માં કેટલા દંડકો છે ?
ઉત્તર : મરણ સમુદ્‌ઘાત માં ચોવીશે ચોવીશ દંડકો છે.
**પ્રશ્ન ૨૦૯.** વૈક્રિય સમુદ્‌ઘાત માં કેટલા દંડકો છે ?
ઉત્તર : વૈક્રિય સમુદ્‌ઘાત માં સત્તર દંડકો હોય છે તે આ પ્રમાણે :- દેવતાના ૧૩, નારકી, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને વાઉકાય છે.
**પ્રશ્ન ૨૧૦.** તૈજસ સમુદ્‌ઘાત માં કેટલા દંડકો છે ?
ઉત્તર : તૈજસ સમુદ્‌ઘાત માં ૧૫ દંડકો છે તે આ પ્રમાણે :- દેવતાના ૧૩, ગર્ભજ તિર્યંચો અને મનુષ્ય = ૧૫
**પ્રશ્ન ૨૧૧.** આહારક અને કેવલી સમુદ્‌ઘાત કેટલા દંડકોમાં છે ?
ઉત્તર : આહારક અને કેવલી સમુદ્‌ઘાત મનુષ્યના એક દંડકમાં છે.
**પ્રશ્ન ૨૧૨.** ત્રણ સમુદ્‌ઘાત કેટલા દંડકમાં છે ?
ઉત્તર : ત્રણ સમુદ્‌ઘાત-૭દંડકમાં છે. તે આ પ્રમાણે :- (૧) પૃથ્વીકાય, (૨) અપકાય, (૩) તેઉકાય, (૪) વનસ્પતિકાય, (૫) બેઇન્દ્રિય, (૬) તેઇન્દ્રિય, (૭) ચઉરિન્દ્રિય... સાત દંડક.
**પ્રશ્ન ૨૧૩.** ચાર સમુદ્‌ઘાત વાળા દંડકો કેટલા છે ?
ઉત્તર : ચાર સમુદ્‌ઘાત વાળા દંડકો બે છે. તે આ પ્રમાણે :- (૧) નારકી, (૨) વાયુકાય.
**પ્રશ્ન ૨૧૪.** પાંચ સમુદ્‌ઘાત વાળા દંડકો કેટલા છે ?
ઉત્તર : પાંચ સમુદ્‌ઘાત વાળા દંડકો ૧૪ છે. તે આ પ્રમાણે :- દેવતાના ૧૩, ગર્ભજ તિર્યંચ.
**પ્રશ્ન ૨૧૫.** સાતેય સમુદ્‌ઘાત વાળા દંડકો કેટલા છે ?
ઉત્તર : સાતેય સમુદ્‌ઘાતવાળો દંડક એક જ છે. (૧) મનુષ્ય.
**પ્રશ્ન ૨૧૬.** વિકલેન્દ્રિયોના ત્રણ દંડકમાં કેટલી દ્રષ્ટિ છે ?
ઉત્તર : વિકલેન્દ્રિયોના દંડકમાં બે દ્રષ્ટિ છે :- (૧) મિથ્યાદ્રષ્ટિ, (૨) સમ્યગ્‌દ્રષ્ટિ.
**પ્રશ્ન ૨૧૭.** સમ્યગ્‌દ્રષ્ટિ કઇ રીતે ઘટે શકે છે ?

ઉત્તર : વિકલેન્દ્રિયપણામાં જતા મનુષ્યો અને તિર્યંચો સાસ્વાદન ગુણ સ્થાનક લઈને જાય છે. તે વખતે અપર્યાપ્તાવસ્થામાં ગુણસ્થાન હોય છે. તે સાસ્વાદન ગુણસ્થાનકની અપેક્ષાએ સમ્યગદ્રષ્ટિ કહેવાય છે.

**પ્રશ્ન ૨૧૮.** પૃથ્વીકાય દંડકમાં કેટલી દ્રષ્ટિ હોય છે ?

**ઉત્તર :** પૃથ્વીકાય જીવોમાં એક મિથ્યાદ્રષ્ટિ છે.

**પ્રશ્ન ૨૧૯.** અપ્કાય તથા વનસ્પતિકાય જીવોમાં કેટલી દ્રષ્ટિ છે ?

**ઉત્તર :** અપ્કાય તથા વનસ્પતિકાય જીવોમાં એક જ મિથ્યા દ્રષ્ટિ છે.

**પ્રશ્ન ૨૨૦.** પૃથ્વીકાય, અપ્કાય અન વનસ્પતિકાય જીવોમાં મતાંતરે કેટલી દ્રષ્ટિઓ છે ?

**ઉત્તર :** પૃથ્વીકાય, અપ્કાય તથા વનસ્પતિકાયમાં કર્મગ્રંથના મતે બે દ્રષ્ટિઓ હોય છે :- મિથ્યા દ્રષ્ટિ અને સમ્યગ્ દ્રષ્ટિ

**પ્રશ્ન ૨૨૧.** પૃથ્વી આદિત્રણ દંડકમાં સમ્યગ્દ્રષ્ટિ કઈ રીતે છે ?

**ઉત્તર :** વૈમાનિકના પહેલા અને બીજા દેવલોકના દેવો સુધીના દેવતાઓ મરીને પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. તે વખતે સાસ્વાદન ગુણસ્થાનક લઈને જતા હોય ત્યારે અપર્યાપ્તાકાળમાં પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય જીવોને સાસ્વાદન ગુણસ્થાનક હોય છે. તેથી સમ્યગ્ દ્રષ્ટિ કહેવાય.

**પ્રશ્ન ૨૨૨.** તેઉકાય અને વાયુકાય જીવોમાં કેટલી દ્રષ્ટિઓ છે ?

**ઉત્તર :** તેઉકાય અને વાયુકાય જીવોમાં એક મિથ્યાદ્રષ્ટિ છે.

**પ્રશ્ન ૨૨૩.** નારકીના જીવોમાં કેટલી દ્રષ્ટિ છે ?

**ઉત્તર :** નારકીના જીવોમાં ત્રણેય દ્રષ્ટિ છે. તે આ પ્રમાણે :- (૧) મિથ્યા દ્રષ્ટિ, (૨) મિશ્ર દ્રષ્ટિ, (૩) સમ્યગ્ દ્રષ્ટિ.

**પ્રશ્ન ૨૨૪.** દેવતાના ૧૩ દંડકોમાં કેટલી દ્રષ્ટિ છે ?

**ઉત્તર :** દેવતાના ૧૩ દંડકોમાં ત્રણેય દ્રષ્ટિ છે. તે આ પ્રમાણે : (૧) મિથ્યા દ્રષ્ટિ (૨) મિશ્ર દ્રષ્ટિ, (૩) સમ્યગ્ દ્રષ્ટિ.

**પ્રશ્ન ૨૨૫.** ગર્ભજ તિર્યંચ અને મનુષ્યમાં કેટલી દ્રષ્ટિ છે ?

**ઉત્તર :** ગર્ભજ તિર્યંચ અને મનુષ્યમાં ત્રણેય દ્રષ્ટિ છે. તે આ પ્રમાણે :- (૧) મિથ્યા

દ્રષ્ટિ, (૨) મિશ્રદ્રષ્ટિ, (૩) સમ્યગ્દ્રષ્ટિ.

**પ્રશ્ન ૨૨૬.** મિથ્યા દ્રષ્ટિ કેટલા દંડકમાં છે?

**ઉત્તર :** મિથ્યા દ્રષ્ટિવાળા ચોવીશે ચોવીશ દંડકમાં છે.

**પ્રશ્ન ૨૨૭.** સમ્યગ્દ્રષ્ટિવાળા કેટલા દંડકો છે?

**ઉત્તર :** સમ્યગ્દ્રષ્ટિવાળા ૧૯ દંડકો છે. તે આ પ્રમાણે :- દેવતાના ૧૩ દંડક, નારકી, મનુષ્ય, તિર્યંચ, વિકલેન્દ્રિયના ૩ દંડક, ૧૯ દંડક મતાંતરે ૨૨ દંડકો હોય છે. કર્મગ્રંથના અભિપ્રાયે પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય ત્રણ દંડકો અધિક જાણવા.

**પ્રશ્ન ૨૨૮.** મિશ્રદ્રષ્ટિવાળા દંડકો કેટલા છે?

**ઉત્તર :** મિશ્ર દ્રષ્ટિમાં ૧૬ દંડકો છે. તે આ પ્રમાણે :- દેવતાના ૧૩ દંડક, નારકી, તિર્યંચ અને મનુષ્ય.

**થાવર બિતિસુ અચક્ખૂ, ચઉરિંદિસુ તદદુગંસુએ ભણિઅં,**
**મણુઆ ચઉ દંસણિણો સેસેસુ તિગં તિગં ભણિયં ॥ ૧૯ ॥**

**ભાવાર્થ :** સિદ્ધાંતમાં સ્થાવર, બેઇન્દ્રિય અને તેઇન્દ્રિયના જીવોમાં એક અચક્ષુદર્શન હોય છે. ચઉરિન્દ્રિયમાં બે દર્શન હોય છે. અને મનુષ્યમાં ચાર દર્શન હોય છે. બાકીના દંડકમાં ત્રણ ત્રણ દર્શન હોય છે. ॥ ૧૯ ॥

**પ્રશ્ન ૨૨૯.** પાંચ સ્થાવરના દંડકોમાં કેટલા દર્શન છે?

**ઉત્તર :** પાંચ સ્થાવરના જીવોમાં એક અચક્ષુદર્શન છે.

**પ્રશ્ન ૨૩૦.** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય જીવોમાં કેટલા દર્શન છે?

**ઉત્તર :** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય જીવોમાં એક અચક્ષુ દર્શન છે.

**પ્રશ્ન ૨૩૧.** ચઉરિન્દ્રિય જીવોમાં કેટલા દર્શન છે?

**ઉત્તર:** ચઉરિન્દ્રિય જીવોમાં બે દર્શન છે. તે આ પ્રમાણે :- (૧) અચક્ષુદર્શન (૨) ચક્ષુદર્શન.

**પ્રશ્ન ૨૩૨.** દેવતાના ૧૩ દંડકમાં કેટલા દર્શન છે?

ઉત્તર : દેવતાના ૧૩ દંડકમાં ત્રણ દર્શન છે. તે આ પ્રમાણે :- (૧) અચક્ષુદર્શન (૨) ચક્ષુદર્શન (૩) અવધિદર્શન.

**પ્રશ્ન ૨૩૩.** નારકી અને તિર્યંચના દંડકમાં કેટલા દર્શન છે ?
**ઉત્તર :** નારકી અને તિર્યંચના દંડકમાં ત્રણ દર્શન છે. તે આ પ્રમાણે :- (૧) અચક્ષુદર્શન (૨) ચક્ષુદર્શન (૩) અવધિદર્શન.
**પ્રશ્ન ૨૩૪.** મનુષ્યના દંડકમાં કેટલા દર્શન છે ?
**ઉત્તર :** મનુષ્યના દંડકમાં ચાર દર્શન છે.
**પ્રશ્ન ૨૩૫.** અચક્ષુદર્શનવાળા કેટલા દંડકોમાં છે ?
**ઉત્તર :** અચક્ષુદર્શન બધાય દંડકમાં છે.
**પ્રશ્ન ૨૩૬.** ચક્ષુદર્શન કેટલા દંડકોમાં છે ?
**ઉત્તર :** ચક્ષુદર્શન સત્તર દંડકમાં છે :-દેવતાના ૧૩ દંડક, નારકી, તિર્યંચ, મનુષ્ય અને ચઉરિન્દ્રિય.
**પ્રશ્ન ૨૩૭.** અવધિદર્શનવાળા દંડકો કેટલા છે ?
**ઉત્તર :** અવધિદર્શન ૧૬ દંડકોમાં છે :- દેવતાના ૧૩ દંડક, નારકી, તિર્યંચ અને મનુષ્ય.
**પ્રશ્ન ૨૩૮.** કેવલ દર્શનવાળા દંડકો કેટલા છે ?
**ઉત્તર :** કેવલ દર્શનવાળો એક દંડક છે. મનુષ્ય

**મનુષ્ય. અન્નાણ નાણ તિય તિય, સુર તિરિનિરએ થિરે અનાણદુગં,**
**નાણાન્નાણ દુ વિગલે, મણુએ પણ નાણ તિ અન્નાણા ॥ ૨૦ ॥**

**ભાવાર્થ :-** દેવ, તિર્યંચ અને નારકીઓને ત્રણ અજ્ઞાન અને ત્રણ જ્ઞાન એમ છ હોય છે. પાંચ સ્થાવરોને બે અજ્ઞાન હોય છે. વિકલેન્દ્રિયોને બે જ્ઞાન અને બે અજ્ઞાન હોય છે. એમ ચાર હોય છે. મનુષ્યોને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. ॥ ૨૦ ॥

**પ્રશ્ન ૨૩૯.** દેવતાના ૧૩ દંડકમાં કેટલા જ્ઞાન તથા અજ્ઞાન છે ?
**ઉત્તર :** દેવતાના ૧૩ દંડકમાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન છે :- (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન. (૧) મતિઅજ્ઞાન, (૨) શ્રુતઅજ્ઞાન (૩) વિભંગજ્ઞાન.
**પ્રશ્ન ૨૪૦.** તિર્યંચ અને નારકીમાં જ્ઞાન તથા અજ્ઞાન કેટલા છે ?
**ઉત્તર :** તિર્યંચ અને નારકીમાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન છે :- (૧) મતિજ્ઞાન

(૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન. (૧) મતિઅજ્ઞાન, (૨) શ્રુતઅજ્ઞાન (૩) વિભંગજ્ઞાન.

**પ્રશ્ન ૨૪૧.** સ્થાવરના પાંચ દંડકોમાં કેટલા જ્ઞાન તથા અજ્ઞાન છે ?

**ઉત્તર :** પાંચ સ્થાવરોમાં એક પણ જ્ઞાન હોતું નથી. બે અજ્ઞાન છે :- મતિઅજ્ઞાન તથા શ્રુતઅજ્ઞાન.

**પ્રશ્ન ૨૪૨.** ત્રણ વિકલેન્દ્રિયોમાં કેટલા જ્ઞાન તથા અજ્ઞાન છે ?

**ઉત્તર :** ત્રણ વિકલેન્દ્રિયોમાં સાસ્વાદન ગુણ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી બે જ્ઞાન છે. જ્યારે ૧લું ગુણ હોય ત્યારે બે અજ્ઞાન છે :- (૧) મતિઅજ્ઞાન, (૨) શ્રુતઅજ્ઞાન.

**પ્રશ્ન ૨૪૩.** મનુષ્યમાં જ્ઞાન તથા અજ્ઞાન કેટલા છે ?

**ઉત્તર :** મનુષ્યમાં પાંચ જ્ઞાન તથા ત્રણ અજ્ઞાન છે.

**પ્રશ્ન ૨૪૪.** મતિઅજ્ઞાન કેટલા દંડકોમાં છે ?

**ઉત્તર :** મતિઅજ્ઞાન ૨૪ દંડકમાં છે.

**પ્રશ્ન ૨૪૫.** શ્રુતઅજ્ઞાન કેટલા દંડકમાં છે ?

**ઉત્તર :** શ્રુતઅજ્ઞાન પણ ૨૪ દંડકમાં છે.

**પ્રશ્ન ૨૪૬.** વિભંગજ્ઞાનવાળા કેટલા દંડકો છે ?

**ઉત્તર :** વિભંગજ્ઞાનવાળા ૧૬ દંડકો છે. દેવતાના ૧૩, નારકી, મનુષ્ય અને તિર્યંચ.

**પ્રશ્ન ૨૪૭.** મતિજ્ઞાન કેટલા દંડકમાં છે ?

**ઉત્તર :** મતિજ્ઞાન ૧૯ દંડકમાં છે. દેવતાના ૧૩, વિકલે ૩, મનુષ્ય, તિર્યંચ અને નારકી.

**પ્રશ્ન ૨૪૮.** શ્રુતજ્ઞાન કેટલા દંડકમાં છે ?

**ઉત્તર :** શ્રુતજ્ઞાનમાં ૧૯ દંડકો છે. તે આ પ્રમાણે :- દેવતાના ૧૩, મનુષ્ય, તિર્યંચ, નારકી અને વિકલેન્દ્રિયના ૩.

**પ્રશ્ન ૨૪૯.** અવધિજ્ઞાનમાં કેટલા દંડક છે ?

**ઉત્તર :** અવધિજ્ઞાનમાં ૧૬ દંડકો છે. તે આ પ્રમાણે :- દેવતાના ૧૩, મનુષ્ય, તિર્યંચ અને નારકી.

**પ્રશ્ન ૨૫૦.** મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનમાં કેટલા દંડકો છે ?
**ઉત્તર :** મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનમાં એક મનુષ્યનો દંડક છે.

## હવે યોગનું વર્ણન કરે છે

**ઈક્કારસ સુર-નિરએ, તિરિએસુ તેર પન્નર મણુએસુ,**
**વિગલે ચઉ પણ વાએ, જોગ તિગં થાવરે હોઈ ॥ ૨૧ ॥**

**ભાવાર્થ:-** દેવતા અને નારકીઓને ૧૧ યોગ છે. તિર્યંચોને ૧૩ યોગ છે. મનુષ્યોને ૧૫ યોગ છે. વિકલેન્દ્રિયને ચાર યોગ છે. વાયુકાય જીવોને પાંચ યોગ છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વનસ્પતિકાય જીવોને ત્રણ યોગ છે. ॥ ૨૧ ॥

**પ્રશ્ન ૨૫૧.** દેવતાના ૧૩ દંડકમાં કેટલા યોગ છે ?
**ઉત્તર :** દેવતાના ૧૩ દંડકમાં ૧૧ યોગ તે આ પ્રમાણે :- (૧) સત્યમનયોગ, (૨) સત્યવચનયોગ, (૩) અસત્યમનયોગ, (૪) સત્યાસત્યવચનયોગ, (૫) અસત્યવચનયોગ, (૬) અસત્યાસત્યવચનયોગ, (૭) અસત્યાસત્યમનયોગ, (૮) સત્યાસત્યમનયોગ, (૯) વૈક્રિયકાયયોગ, (૧૦) વૈક્રિય મિશ્રકાયયોગ (૧૧) કાર્મણકાયયોગ.

**પ્રશ્ન ૨૫૨.** નારકીના જીવોને કેટલા યોગ છે?
**ઉત્તર :** નારકીના જીવોને ૧૧ યોગ છે. તે આ પ્રમાણે :- ચાર મનયોગ, ચાર વચનયોગ, ત્રણ કાયયોગ, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, અને કાર્મણ.

**પ્રશ્ન ૨૫૩.** તિર્યંચ ગતિમાં કેટલા યોગ છે ?
**ઉત્તર :** તિર્યંચ ગતિમાં ૧૩ યોગ છે. તે આ પ્રમાણે :- મનના ૪, વચનના ૪, ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર અને કાર્મણ કાયયોગ.

**પ્રશ્ન ૨૫૪.** મનુષ્યમાં કેટલા યોગ છે ?
**ઉત્તર :** મનુષ્યમાં ૧૫ યોગ છે.

**પ્રશ્ન ૨૫૫.** વિકલેન્દ્રિયોમાં કેટલા યોગ છે ?
**ઉત્તર :** વિકલેન્દ્રિયોમાં ચાર યોગ છે તે આ પ્રમાણે :- (૧) ઔદારિક કાયયોગ, (૨) ઔદારિક મિશ્રકાયયોગ, (૩) કાર્મણ કાયયોગ, (૪) અસત્યાસત્યવચનયોગ.

**પ્રશ્ન ૨૫૬.** વાયુકાય જીવોમાં કેટલા યોગ હોય છે ?

ઉત્તર : વાયુકાય જીવોમાં પાંચ યોગ હોય છે તે આ પ્રમાણે :- (૧) ઔદારિક કાયયોગ, (૨) ઔદારિક મિશ્રકાયયોગ, (૩) વૈક્રિય કાયયોગ, (૪) વૈક્રિય મિશ્રકાયયોગ, (૫) કાર્મણ કાયયોગ.

**પ્રશ્ન ૨૫૭.** પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વનસ્પતિકાય જીવોમાં કેટલા યોગ હોય છે ?

**ઉત્તર :** પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વનસ્પતિકાય જીવોમાં ત્રણ યોગ હોયછે તે આ પ્રમાણે :- (૧) ઔદારિક કાયયોગ, (૨) ઔદારિક મિશ્રકાયયોગ, (૩) કાર્મણ કાયયોગ.

**પ્રશ્ન ૨૫૮.** સત્યમનયોગ, અસત્યમનયોગ, સત્યાસત્યમનયોગ અને ત્રણ વચનયોગવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** ત્રણ મનયોગ, અને ત્રણ વચનયોગવાળા દંડકો ૧૬ છે. તે આ પ્રમાણે :- દેવતાના ૧૩ દંડક, મનુષ્ય, તિર્યંચ અને નારકી.

**પ્રશ્ન ૨૫૯.** અસત્યાસત્ય મનયોગવાળા કેટલા દંડક છે ?

**ઉત્તર :** અસત્યાસત્ય મનયોગવાળા ૧૬ દંડકો છે તે આ પ્રમાણે :- દેવતાના ૧૩ દંડક, મનુષ્ય, તિર્યંચ, નારકી.

**પ્રશ્ન ૨૬૦.** અસત્યાસત્ય વચનયોગમાં કેટલા દંડક છે ?

**ઉત્તર :** અસત્યાસત્ય વચનયોગમાં ૧૯ દંડકો છે તે આ પ્રમાણે :- દેવતાના ૧૩, તિર્યંચ, મનુષ્ય, નારકી, વિકલેન્દ્રિયના ૩.

**પ્રશ્ન ૨૬૧.** કાર્મણ કાયયોગમાં કેટલા દંડક છે ?

**ઉત્તર :** કાર્મણ કાયયોગમાં ચોવીશે ચોવીશ દંડક છે.

**પ્રશ્ન ૨૬૨.** ઔદારિક કાયયોગમાં કેટલા દંડક છે ?

**ઉત્તર :** ઔદારિક કાયયોગવાળા દશ દંડક છે તે આ પ્રમાણે :- સ્થાવરના ૫, વિકલેન્દ્રિયના ૩, મનુષ્ય, તિર્યંચ.

**પ્રશ્ન ૨૬૩.** ઔદારિક મિશ્ર કાયયોગમાં કેટલા દંડક છે ?

**ઉત્તર :** ઔદારિક મિશ્ર કાયયોગવાળા દશ દંડક છે તે આ પ્રમાણે :- સ્થાવરના ૫, વિકલેન્દ્રિયના ૩, તિર્યંચ અને મનુષ્ય.

**પ્રશ્ન ૨૬૪.** વૈક્રિય અને વૈક્રિય મિશ્ર કાયયોગમાં કેટલા દંડક છે ?

**ઉત્તર :** વૈક્રિય અને વૈક્રિય મિશ્ર કાયયોગવાળા ૧૭ દંડકો છે. તે આ પ્રમાણે :- દેવતાના ૧૩, નારકી, મનુષ્ય, તિર્યંચ અને વાયુકાય.

**પ્રશ્ન ૨૬૫.** આહારક અનેઆહારક મિશ્ર કાયયોગમાં કેટલા દંડકો છ ?

**ઉત્તર :** આહારક અને આહારક મિશ્ર કાયયોગવાળો એક મનુષ્યનો દંડક છે.

**હવે ઉપયોગનું વર્ણન કરાય છે.**

**ઉવઓગા મણુએસુ બારસ નવ નિરય તિરિય દેવેસુ,**
**વિગલદુગે પણ છક્કં, ચઉરિંદિસુ થાવરે તિયગં ॥ ૨૨ ॥**

**ભાવાર્થ** :- મનુષ્યોને ઉપયોગ બાર હોય છે, નારકી, દેવો અને તિર્યંચોને નવ ઉપયોગ હોય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિયને પાંચ ઉપયોગ હોય છે. ચઉરિન્દ્રિયને છ ઉપયોગ હોય છે. સ્થાવર જીવોને ત્રણ ઉપોયગ હોય છે. ॥ ૨૨ ॥

**પ્રશ્ન ૨૬૬.** મનુષ્યોને કેટલા ઉપયોગ છે ?

**ઉત્તર :** મનુષ્યોને બારે બાર ઉપયોગ છે.

**પ્રશ્ન ૨૬૭.** દેવતાના ૧૩ દંડકોમાં કેટલા ઉપયોગ હોય છે ?

**ઉત્તર :** દેવતાના ૧૩ દંડકમાં નવ ઉપયોગ હોય છે તે આ પ્રમાણે :- (૧) મતિઅજ્ઞાન, (૨) શ્રુતઅજ્ઞાન, (૩) વિભંગજ્ઞાન, (૪) મતિજ્ઞાન, (૫) શ્રુતજ્ઞાન, (૬) અવધિજ્ઞાન, (૭) ચક્ષુદર્શન, (૮) અચક્ષુદર્શન, (૯) અવધિદર્શન.

**પ્રશ્ન ૨૬૮.** પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા ઉપયોગ હોય છે ?

**ઉત્તર :** પંચેન્દ્રિય તિર્યંચને નવ ઉપયોગ હોય છે :- (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મતિઅજ્ઞાન, (૫) શ્રુતઅજ્ઞાન, (૬) વિભંગજ્ઞાન, (૭) અચક્ષુદર્શન, (૮) અવધિદર્શન, (૯) ચક્ષુદર્શન,

**પ્રશ્ન ૨૬૯.** બેઇન્દ્રિય જીવોમાં કેટલા ઉપયોગ હોય છે ?

**ઉત્તર :** બેઇન્દ્રિય જીવોમાં પાંચ ઉપયોગ હોય છે તે આ પ્રમાણે :- (૧) મતિઅજ્ઞાન, (૨) શ્રુતઅજ્ઞાન, (૩) અચક્ષુદર્શન, (૪) મતિજ્ઞાન, (૫) શ્રુતજ્ઞાન.

**પ્રશ્ન ૨૭૦.** તેઇન્દ્રિય જીવોમાં કેટલા ઉપયોગ હોય છે ?

ઉત્તર : તેઈન્દ્રિય જીવોમાં પાંચ ઉપયોગ હોય છે. તે આ પ્રમાણે :- (૧) મતિઅજ્ઞાન, (૨) શ્રુતઅજ્ઞાન, (૩) અચક્ષુદર્શન, (૪) મતિજ્ઞાન, (૫) શ્રુતજ્ઞાન.

**પ્રશ્ન ૨૭૧.** પાંચ સ્થાવરમાં કેટલા ઉપયોગ છે ?

**ઉત્તર :** પાંચ સ્થાવરમાં સિદ્ધાંતના મતે બે અજ્ઞાન છે. તેથી ત્રણ ઉપયોગ હોય છે. તે આ પ્રમાણે :- (૧) મતિઅજ્ઞાન, (૨) શ્રુતઅજ્ઞાન, (૩) અચક્ષુદર્શન, કર્મગ્રંથના અભિપ્રાયે જ્ઞાન પણ હોય છે. તેથી પાંચ ઉપયોગ પણ હોય છે. (૧) મતિઅજ્ઞાન, (૨) શ્રુતઅજ્ઞાન, (૩) અચક્ષુદર્શન, (૪) મતિજ્ઞાન, (૫) શ્રુતજ્ઞાન.

**પ્રશ્ન ૨૭૨.** નવ ઉપયોગવાળા દંડક કેટલા છે ?

**ઉત્તર :** નવ ઉપયોગવાળા દંડક ૧૫ છે. દેવતાના ૧૩, નારકી અને તિર્યંચ.

**પ્રશ્ન ૨૭૩.** પાંચ ઉપયોગવાળા દંડકો કેટલા છે ?

**ઉત્તર :** પાંચ ઉપયોગ બે દંડકમાં છે :- (૧) બેઈન્દ્રિય, (૨) તેઈન્દ્રિય.

**સંખમસંખા સમયે, ગબ્ભય તિરિ વિગલ નારય સુરાય,**
**મણુઆ નિયમા સંખા, વણ-ણંતા થાવર અસંખા ॥ ૨૩ ॥**

**ભાવાર્થ :-** ગર્ભજ તિર્યંચ, વિકલેન્દ્રિયો, નારકીઓ અને દેવતાઓ એક સમયમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે. મનુષ્યો નિયમા સંખ્યાતા જ ઉત્પન્ન થાય છે વનસ્પતિકાયના જીવો એક સમયમાં અનંતા ઉત્પન્ન થાય છે અને સ્થાવરો એક સમયમાં અસંખ્યાતા ઉત્પન્ન થાય છે.॥ ૨૩ ॥

**પ્રશ્ન ૨૭૪.** દેવતાના ૧૩ દંડકોમાં એક સમયમાં કેટલા જીવો ઉત્પન્ન થાય છે?

**ઉત્તર :** દેવતાના ૧૩ દંડકોમાં એક સમયમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૨૭૫.** એક સમયમાં વિકલેન્દ્રિયમાં કેટલા જીવો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** એક સમયમાં વિકલેન્દ્રિયમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૨૭૬.** એક સમયમાં નારકીમાં કેટલા જીવો ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : એક સમયમાં નારકીમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૨૭૭.** એક સમયમાં મનુષ્યો કેટલા ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** એક સમયમાં મનુષ્યો નિયમા સંખ્યાતા ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૨૭૮.** એક સમયમાં વનસ્પતિમાં કેટલા જીવો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** એક સમયમાં વનસ્પતિમાં અનંતા જીવો ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૨૭૯.** એક સમયમાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાયમાં કેટલા જીવો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** એક સમયમાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાયમાં નિયમા અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે.

**અસન્નિ નર અસંખા, જહ ઉવવાએ તહેવ ચવણે વિ,**
**બાવીસ સગ તિ દસવાસ, સહસ્સ ઉક્કિટ્ઠ પુઢવાઈ ॥ ૨૪ ॥**
**તિદિણગ્ગિતિ પલ્લાઊ, નર તિરિસુરનિરય સાગર તિત્તીસા,**
**વંતર પલ્લં જોઈસ, વરિસલક્ખા-હિયં પલિયં ॥ ૨૫ ॥**
**અસુરાણ અહિય અયંર, દેસૂણદુપલ્લયં નવ નિકાયે,**
**બારસવાસુણ પણદિણ, છમ્માસુકિકટ્ઠ વિગલાઊ ॥ ૨૬ ॥**

**ભાવાર્થ :-** અસન્નિ મનુષ્યો એક સમયમાં અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. જે રીતે ઉપપાત છે. તે જ રીતે ચ્યવન દ્વાર જાણવું. પૃથ્વીકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાવીસ હજાર વરસ, અપ્કાયની સાત હજાર વરસ, વાયુકાયની ત્રણ હજાર વરસ, અને વનસ્પતિકાયની દશ હજાર વરસ છે. અગ્નિકાયની ત્રણ દિવસની એટલે ત્રણ અહોરાત્રિ, મનુષ્ય અને તિર્યંચની ત્રણ પલ્યોપમની, દેવતા અને નારકીઓની ૩૩ સાગરોપમની, વ્યંતર દેવોની એક પ્લયોપમ,જ્યોતિષી દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક લાખ અધિક એક પલ્યોપમની છે. અસુરકુમારનું ઉત્કૃષ્ટ આયુષ્ય કાંઈક અધિક એક સાગરોપમનું છે. બાકીના ભવનપતિના નવનિકાયના દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કાંઈક ન્યૂન બે પલ્યોપમનું છે. બેઇન્દ્રિયનું બાર વરસનું, તેઇન્દ્રિયનું ૪૯ દિવસનું, ચઉરિન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ માસનું છે. આ રીતે ઉત્કૃષ્ટ સ્થિત કહી ॥ ૨૪-૨૫-૨૬ ॥

**પ્રશ્ન ૨૮૦.** અસન્નિ મનુષ્યો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** અસન્નિ મનુષ્યો એક સમયમાં અસંખ્યાતા ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૨૮૧.** દેવતાના ૧૩ દંડકોમાંથી એક સમયમાં કેટલા જીવો ચ્યવે છે ? (ચ્યવન એટલે મરવું. એ અર્થ થાય છે.)

**ઉત્તર :** દેવતાના ૧૩ દંડકોમાંથી એક સમયમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા જીવો ચ્યવે છે.

**પ્રશ્ન ૨૮૨.** વિકલેન્દ્રિય જીવોમાંથી એક સમયમાં કેટલા જીવો ચ્યવે છે ?

**ઉત્તર :** વિકલેન્દ્રિય જીવોમાંથી એક સમયમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા જીવો ચ્યવે છે.

**પ્રશ્ન ૨૮૩.** નારકીના જીવો એક સમયમાં કેટલા ચ્યવે છે ?

**ઉત્તર :** નારકીના જીવો એક સમયમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા ચ્યવે છે.

**પ્રશ્ન ૨૮૪.** મનુષ્યો એક સમયમાં કેટલા ચ્યવે છે ?

**ઉત્તર :** મનુષ્યો એક સમયમાં નિયમા સંખ્યાતા જ ચ્યવે છે.

**પ્રશ્ન ૨૮૫.** વનસ્પતિકાયના જીવો એક સમયમાં કેટલા ચ્યવે છે ?

**ઉત્તર :** વનસ્પતિકાયના જીવો એક સમયમાં નિયમા અનંતા ચ્યવે છે.

**પ્રશ્ન ૨૮૬.** પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાયમાં એક સમયમાં કેટલા જીવો આવે છે ?

**ઉત્તર :** પૃથ્વીકાય, અપ્કાય તેઉકાય અને વાયુકાયમાં સમયે સમયે અસંખ્યાતા જીવો આવે છે.

**પ્રશ્ન ૨૮૭.** અસન્નિ મનુષ્યોમાં એક સમયમાં કેટલા જીવો આવે છે ?

**ઉત્તર :** અસન્નિ મનુષ્યોમાં એક સમયમાં અસંખ્યાતા આવે છે.

**પ્રશ્ન ૨૮૮.** નારકીના દંડકમાં જીવો કેટલા કાળ સુધી ઉત્પન્ન ન થાય તેમ મરણ પણ ન પામે ?

**ઉત્તર :** નારકીના દંડકમાં ઓઘથી એટલે સામાન્યથી બાર મુહૂર્ત સુધી જીવો ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પણ પામતા નથી. આને વિરહ કહેવાય છે.

**પ્રશ્ન ૨૮૯.** પહેલી નારકીમાં જીવો કેટલા કાળ સુધી ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી.

**ઉત્તર :** પહેલી નારકીમાં જીવો ચોવીશ મુહૂર્ત સુધી ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી.

**પ્રશ્ન ૨૯૦.** બીજી નારકીમાં કેટલા કાળ સુધી જીવો ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી ?

**ઉત્તર :** બીજી નારકીમાં જીવો સાત દિવસ સુધી ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી.

**પ્રશ્ન ૨૯૧.** ત્રીજી નારકીમાં કેટલા કાળ સુધી જીવો ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી ?

**ઉત્તર :** ત્રીજી નારકીમાં જીવો પાંચ દિવસ સુધી ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી.

**પ્રશ્ન ૨૯૨.** ચોથી નારકીમાં કેટલા કાળ સુધી જીવો ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી ?

**ઉત્તર :** ચોથી નારકીમાં જીવો એક મહિના સુધી ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી.

**પ્રશ્ન ૨૯૩.** પાંચમી નારકીમાં કેટલા કાળ સુધી જીવો ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી ?

**ઉત્તર :** પાંચમી નારકીમાં જીવો બે મહિના સુધી ઉત્પન્ન થતા નથી. તેમજ મરણ પામતા નથી.

**પ્રશ્ન ૨૯૪.** છઠ્ઠી નારકીમાં કેટલા કાળ સુધી જીવો ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી ?

**ઉત્તર :** છઠ્ઠી નારકીમાં જીવો ચાર મહિના સુધી ઉત્પન્ન થતા નથી. તેમજ મરણ પામતા નથી.

**પ્રશ્ન ૨૯૫.** સાતમી નારકીમોં કેટલા કાળ સુધી જીવો ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી ?

**ઉત્તર :** સાતમી નારકીના જીવો છ મહિના સુધી ઉત્પન્ન થતા નથી તેમજ મરણ પામતા નથી.

**પ્રશ્ન ૨૯૬.** ચારે પ્રકારના નિકાયના એટલે કે (ભવનપતિ-વ્યંતર- જ્યોતિષ વૈમાનિક) દેવોમાં સામાન્યથી ઉપપાત તથા ચ્યવન ઉત્કૃષ્ટથી કેટલા કાળે થાય છે ?

**ઉત્તર :** ચારે પ્રકારના નિકાયવાળા દેવોમાં સામાન્યથી ઉપપાત તથા ચ્યવન

ઉત્કૃષ્ટથી બાર મુહૂર્તનો હોય છે. અર્થાત બાર મુહૂર્તથી કોઈને કોઈ નિકાયમાં જીવ દેવરૂપે ઉત્પન્ન થાય છે. તેમજ ચ્યવે છે.

**પ્રશ્ન ૨૯૭.** ભવનપતિ, વ્યંતર અને જયોતિષના ઉપપાત તથા ચ્યવનનો કાળ ઉત્કૃષ્ટથી કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** ભવનપતિ, વ્યંતર, અને જયોતિષનાં દેવોમાં ઉપપાત તથા ચ્યવનનો કાળ ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્તનો કહ્યો છે.

**પ્રશ્ન ૨૯૮.** વૈમાનિકના પહેલા, બીજા દેવલોકમાં ઉપપાત ચ્યવનનો કાળ ઉત્કૃષ્ટથી કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** વૈમાનિકના ૧-૨ દેવલોકનો ઉપપાત તથા ચ્યવનનો કાળ ઉત્કૃષ્ટથી બે જ મુહૂર્તનો હોય છે.

**પ્રશ્ન ૨૯૯.** વૈમાનિકના ત્રીજા દેવલોકમાં ઉપપાત તથા ચ્યવનનો કાળ ઉત્કૃષ્ટથી કેટલો હોય છે ?

**ઉત્તર :** વૈમાનિકના ત્રીજા દેવલોકમાં ઉપપાત તથા ચ્યવનનો કાળ ઉત્કૃષ્ટથી નવ દિવસ અને વીસ મુહૂર્તનો હોય છે અર્થાત એટલા કાળ પછી અવશ્ય ત્યાં કોઈ દેવ ઉત્પન્ન થાય અને ચ્યવે છે. આ રીતે દરેકમાં સમજવું.

**પ્રશ્ન ૩૦૦.** ચોથા દેવલોકમાં ઉપપાત તથા ચ્યવનનો કાળ ઉત્કૃષ્ટથી કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** વૈમાનિકના ચોથા દેવલોકમાં ઉપપાત તથા ચ્યવનનો કાળ ઉત્કૃષ્ટથી બાર દિવસ અને વીસ મુહૂર્તનો હોય છે.

**પ્રશ્ન ૩૦૧.** વૈમાનિકના પાંચમા દેવલોકમાં ઉપપાત તથા ચ્યવનનો કાળ કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** વૈમાનિકના પાંચમા દેવલોકમાં ઉપપાત તથા ચ્યવનનો કાળ ઉત્કૃષ્ટથી સાડી બાવીસ દિવસનો હોય છે

**પ્રશ્ન ૩૦૨.** વૈમાનિકના છઠ્ઠા દેવલોકમાં ઉપપાત તથા ચ્યવનનો કાળ ઉત્કૃષ્ટથી કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** વૈમાનિકના છઠ્ઠા દેવલોકનો ઉપપાત તથા ચ્યવનનો કાળ ઉત્કૃષ્ટથી ૪૫ દિવસનો કહ્યો છે. (વિરહકાળ)

**પ્રશ્ન ૩૦૩.** વૈમાનિકના ૭ મા દેવલોકમાં ઉપપાત તથા ચ્યવનકાળ ઉત્કૃષ્ટથી

કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** વૈમાનિકના ૭ મા દેવલોકમાં - ઉપપાત તથા ચ્યવનકાળ ઉત્કૃષ્ટથી ૮૦ દિવસનો કહ્યો છે.

**પ્રશ્ન ૩૦૪.** વૈમાનિકના આઠમા દેવલોકમાં ઉપપાત વિરહ તથા ચ્યવનકાળ ઉત્કૃષ્ટથી કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** વૈમાનિકના આઠમા દેવલોકમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહ કાળ ઉત્કૃષ્ટથી સો દિવસનો કહ્યો છે.

**પ્રશ્ન ૩૦૫.** વૈમાનિકના નવમા દેવલોકમાં ઉપપાત વિરહ તથા ચ્યવનકાળ ઉત્કૃષ્ટથી કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** વૈમાનિકના નવમા દેવલોકમાં ઉપપાત વિરહ તથા ચ્યવનકાળ ઉત્કૃષ્ટથી ૧૦ મહિનાનો કહ્યો છે.

**પ્રશ્ન ૩૦૬.** વૈમાનિકના દશમા દેવલોકમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહ કાળ ઉત્કૃષ્ટથી કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** વૈમાનિકના દશમા દેવલોકમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહ કાળ ઉત્કૃષ્ટથી ૧૧ મહિનાનો કહેલો છે.

**પ્રશ્ન ૩૦૭.** વૈમાનિકના ૧૧-૧૨મા દેવલોકમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહ કાળ ઉત્કૃષ્ટથી કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** વૈમાનિકના ૧૧-૧૨ દેવલોકમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહ કાળ ઉત્કૃષ્ટથી ૧૦૦ વર્ષનો કહેલો છે.

**પ્રશ્ન ૩૦૮.** પહેલા ત્રણ ગ્રૈવેયકમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહ કાળ કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** પહેલા ત્રણ ગ્રૈવેયકમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ એક હજાર વરસની અંદર કહેલો છે.

**પ્રશ્ન ૩૦૯.** ચોથાથી છઠ્ઠા ગ્રૈવેયકમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** ચોથાથી છઠ્ઠા ગ્રૈવેયકમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ એક લાખ વરસની અંદર કહેલો છે.

**પ્રશ્ન ૩૧૦.** સાતમાથી નવમા ગ્રૈવેયકમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ કેટલો કહેલો છે ?

**ઉત્તર :** સાતમાથી નવમા ગ્રૈવેયકમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ ક્રોડ વરસનો કહેલો છે.

**પ્રશ્ન ૩૧૧.** અનુત્તરના ચાર વિમાનોમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** અનુત્તરના ચાર વિમાનોમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહેલો છે.

**પ્રશ્ન ૩૧૨.** સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉપપાત વિરહ તથા ચ્યવનં વિરહકાળ કેટલો કહ્યો છે ?

**ઉત્તર :-** સર્વાર્થસિદ્ધિ વિમાનમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ કહ્યો છે.

**પ્રશ્ન ૩૧૩.** ગર્ભજ તિર્યંચમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહ કાળ કેટલો કહ્યો છે?

**ઉત્તર :-** ગર્ભજ તિર્યંચનો ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહ કાળ ઉત્કૃષ્ટથી બાર મુહૂર્તનો કહ્યો છે.

**પ્રશ્ન ૩૧૪.** ગર્ભજ મનુષ્યોને ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ કેટલો કહ્યો છે?

**ઉત્તર :-** ગર્ભજ મનુષ્યોનો ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ ઉત્કૃષ્ટથી બાર મુહૂર્તનો છે.

**પ્રશ્ન ૩૧૫.** ત્રણ વિકલેન્દ્રિયોમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ કેટલો કહ્યો છે ?

**ઉત્તર :-** વિકલેન્દ્રિયોમાં ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ ઉત્કૃષ્ટથી એક મુહૂર્તનો કહ્યો છે.

**પ્રશ્ન ૩૧૬.** એકેન્દ્રિયોનો વિરહકાળ કેટલો કહ્યો છે ?

**ઉત્તર :** એકેન્દ્રિયનો ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ હોતો જ નથી. સતત ઉપપાત ચ્યવન થાય છે.

**પ્રશ્ન ૩૧૭.** બધાનો જઘન્ય વિરહકાળ કેટલો છે ?

**ઉત્તર :** બધાયનો ઉપપાત વિરહ તથા ચ્યવન વિરહકાળ એક સમયનો કહેલો છે.

પ્રશ્ન ૩૧૮. પૃથ્વીકાયનું ઉત્કૃષ્ટથી આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : પૃથ્વીકાયનું ઉત્કૃષ્ટથી આયુષ્ય બાવીસ હજાર વર્ષનું છે.
પ્રશ્ન ૩૧૯. અપ્કાયનું ઉત્કૃષ્ટથી આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : અપ્કાયનું ઉત્કૃષ્ટથી આયુષ્ય સાત હજાર વર્ષનું છે.
પ્રશ્ન ૩૨૦. અગ્નિકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : અગ્નિકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ અહોરાત્રિનું હોય છે.
પ્રશ્ન ૩૨૧. વાયુકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : વાયુકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ હજાર વરસનું છે.
પ્રશ્ન ૩૨૨. વનસ્પતિકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : વનસ્પતિકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય દશ હજાર વરસનું છે.
પ્રશ્ન ૩૨૩. મનુષ્ય અને તિર્યંચનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : મનુષ્ય અને તિર્યંચનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમનું છે.
પ્રશ્ન ૩૨૪. દેવતા અને નારકીનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : દેવતા અને નારકીનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમનું છે.
પ્રશ્ન ૩૨૫. વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમનું છે.
પ્રશ્ન ૩૨૬. જ્યોતિષીનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : જ્યોતિષીનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક લાખ અધિક એક પલ્યોપમનું છે.
પ્રશ્ન ૩૨૭. અસુરકુમારનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : અસુરકુમારનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમથી અધિક છે.
પ્રશ્ન ૩૨૮. નવનિકાયના ભવનપતિના દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : ભવનપતિના નવનિકાયના દેવનું ઉત્કૃષ્ટ આયુષ્ય બે પલ્યોપમમાં કાંઇક ન્યૂન છે.
પ્રશ્ન ૩૨૯. બેઇન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : બેઇન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૨ વરસનું છે.
પ્રશ્ન ૩૩૦. તેઇન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
ઉત્તર : તેઇન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૪૯ દિવસનું છે.

**પ્રશ્ન ૩૩૧.** ચઉરિન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** ચઉરિન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ મહિનાનું છે.

**પુઢવાઈ-દસ-પયાણં, અંતમુહુત્તં જહન્ન આઉઠિઈ**
**દસસહસવરિસઠિઈઆ, ભવણાહિવનિરયવંતરિઆ ॥ ૨૭ ॥**

**ભાવાર્થ :-** પૃથ્વીકાય આદિ દશ દંડકોમાં જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. ભવનપતિ નારકી અને વ્યંતરની જઘન્ય સ્થિતિ દશ હજાર વરસની હોય છે. ॥ ૨૭ ॥

**પ્રશ્ન ૩૩૨.** સ્થાવરના પાંચ દંડકોમાં જઘન્ય સ્થિતિ કેટલી છે ?
**ઉત્તર :** સ્થાવરના પાંચ દંડકોમાં જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તના આયુષ્યની હોય છે.
**પ્રશ્ન ૩૩૩.** ત્રણ વિકલેન્દ્રિયમાં જઘન્ય આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** ત્રણ વિકલેન્દ્રિયમાં જઘન્ય આયુષ્યની સ્થિતિ અંતર્મુહૂર્તની કહેલી છે.
**પ્રશ્ન ૩૩૪.** ગર્ભજ તિર્યંચો તથા મનુષ્યોમાં જઘન્ય આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** ગર્ભજ તિર્યંચો તથા મનુષ્યોમાં જઘન્ય આયુષ્ય એક અંતર્મુહૂર્તનું હોય છે.
**પ્રશ્ન ૩૩૫.** ભવનપતિના દશ દંડકમાં આયુષ્યની જઘન્ય સ્થિતિ કેટલી છે ?
**ઉત્તર :** ભવનપતિના દશ દંડકમાં આયુષ્યની જઘન્ય સ્થિતિ દશ હજાર વરસની છે.
**પ્રશ્ન ૩૩૬.** નારકી તથા વ્યંતરમાં જઘન્ય આયુષ્ય કેટલું છે ?
**ઉત્તર :** નારકી તથા વ્યંતરમાં જઘન્ય આયુષ્ય દશ હજાર વરસનું છે.

**વેમાણિય જોઈસિયા, પલ્લતયટ્ઠંસ આઉઆ હુંતિ,**
**સુરનરતિરિનિરએસુ, છ પજ્જત્તી થાવરે ચઉગં ॥ ૨૮ ॥**

**ભાવાર્થ :-** વૈમાનિક તથા જયોતિષી દેવો અનુક્રમે પલ્યોપમ અને પલ્યોપમના આઠમા ભાગના આયુષ્યવાળા હોય છે. દેવ, મનુષ્ય અને તિર્યંચ, નારકીઓ છ પર્યાપ્તિવાળા હોય છે. સ્થાવરને ચાર પર્યાપ્તિઓ હોય છે. ॥ ૨૮ ॥

**પ્રશ્ન ૩૩૭.** વૈમાનિકના દેવોમાં આયુષ્યની જઘન્ય સ્થિતિ કેટલી છે ?
**ઉત્તર :** વૈમાનિકના દેવોમાં આયુષ્યની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની છે.
**પ્રશ્ન ૩૩૮.** જ્યોતિષી દેવોમાં આયુષ્યની જઘન્ય સ્થિતિ કેટલી છે ?
**ઉત્તર :** જ્યોતિષી દેવોમાં આયુષ્યની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમના આઠમા ભાગ જેટલી છે.

**પ્રશ્ન ૩૩૯.** દેવતાના ૧૩ દંડકમાં તથા નારકી મનુષ્ય અને ગર્ભજ તિર્યંચોને કેટલી પર્યાપ્તિઓ હોય છે ?

**ઉત્તર :** દેવતાના ૧૩ દંડકમાં તથા નારકી મનુષ્ય અને ગર્ભજ તિર્યંચોને છ છ પર્યાપ્તિઓ હોય છે :- (૧) આહાર (૨) શરીર (૩) ઇન્દ્રિય (૪) શ્વાસોશ્વાસ (૫) ભાષા (૬) મનઃપર્યાપ્તિ.

**પ્રશ્ન ૩૪૦.** પાંચ સ્થાવરના દંડકોમાં કેટલી પર્યાપ્તિઓ હોય છે ?

**ઉત્તર :** પાંચ સ્થાવરના દંડકમાં ચાર પર્યાપ્તિઓ હોય છે :- (૧) આહાર (૨) શરીર (૩) ઇન્દ્રિય (૪) શ્વાસોશ્વાસ પર્યાપ્તિ.

**વિગલે પંચ પજ્જત્તિ, છદ્દિસિઆહાર હોઇ સવ્વેસિં,**
**પણગાઈ-પયે ભયણા અહ સન્નિતિયં ભણિસ્સામિ ॥ ૨૯ ॥**

**ભાવાર્થ :-** વિકલેન્દ્રિયને પાંચ પર્યાપ્તિઓ હોય છે. સઘળાય દંડકોમાં છએ દિશિનો આહાર હોય છે. સ્થાવરના પાંચ દંડકમાં ભજના એટલે વિકલ્પે હોય છે. હવે ત્રણ સંજ્ઞાઓનું વર્ણન કહીશ. ॥ ૨૯ ॥

**પ્રશ્ન ૩૪૧.** વિકલેન્દ્રિય જીવોને કેટલી પર્યાપ્તિઓ હોય છે ?

**ઉત્તર :** વિકલેન્દ્રિય જીવોને પાંચ પર્યાપ્તિઓ હોય છે :- (૧) આહાર (૨) શરીર (૩) ઇન્દ્રિય (૪) શ્વાસોશ્વાસ (૫) ભાષા પર્યાપ્તિ.

**પ્રશ્ન ૩૪૨.** આહાર પર્યાપ્તિવાળા કેટલા દંડકો છે ?

**ઉત્તર :** આહાર પર્યાપ્તિવાળા ચોવીશે દંડકો છે.

**પ્રશ્ન ૩૪૩.** શરીર પર્યાપ્તિવાળા કેટલા દંડકો છે ?

**ઉત્તર :** શરીર પર્યાપ્તિવાળા ચોવીશે દંડકો છે.

**પ્રશ્ન ૩૪૪.** ઇન્દ્રિય પર્યાપ્તિવાળા કેટલા દંડકો છે ?

**ઉત્તર :** ઇન્દ્રિય પર્યાપ્તિવાળા ચોવીશે દંડકો છે.

**પ્રશ્ન ૩૪૫.** શ્વાસોશ્વાસ પર્યાપ્તિમાં કેટલા દંડકો ઘટી શકે છે ?

**ઉત્તર :** શ્વાંસોશ્વાસ પર્યાપ્તિમાં ચોવીશે ચોવીશ દંડકો ઘટી શકે છે.

**પ્રશ્ન ૩૪૬.** ભાષા પર્યાપ્તિવાળા કેટલા દંડકો છે ?

**ઉત્તર :** ભાષા પર્યાપ્તિવાળા ૧૯ દંડકો છે તે આ પ્રમાણે :- દેવતાના ૧૩, નારકી, તિર્યંચ, મનુષ્ય અને વિકલેન્દ્રિયના ૩.

**પ્રશ્ન ૩૪૭.** મન: પર્યાપ્તિવાળા કેટલા દંડકો છે ?
**ઉત્તર :** મન: પર્યાપ્તિવાળા ૧૬ દંડકો છે તે આ પ્રમાણે :- દેવતાના ૧૩, નારકી, તિર્યંચ અને મનુષ્ય.
**પ્રશ્ન ૩૪૮.** દેવતાના ૧૩ દંડકોમાં,નારકી, તિર્યંચ અને મનુષ્યોના દંડકોમાં કેટલી દિશાઓનો આહાર હોય છે ?
**ઉત્તર :** દેવતાના ૧૩ દંડક, નારકી, તિર્યંચ અને મનુષ્યોના દંડકમાં છએ છ દિશાઓનો આહાર હોય છે.
**પ્રશ્ન ૩૪૯.** વિકલેન્દ્રિય જીવોમાં કેટલી દિશાઓનો આહાર હોય છે ?
**ઉત્તર :** વિકલેન્દ્રિયના ત્રણ દંડકમાં છએ છ દિશાનો નિયમા આહાર હોય છે.
**પ્રશ્ન ૩૫૦.** સ્થાવરના પાંચ દંડકોમાં કેટલી દિશાનો આહાર હોય છે ?
**ઉત્તર :** સ્થાવરના પાંચ દંડકોમાં ૬ દિશાનો, પાંચ દિશાનો, ચાર દિશાનો, ત્રણ દિશાનો આહાર હોય છે.
**પ્રશ્ન ૩૫૧.** સ્થાવરના પાંચ દંઠકોમાં પાંચ દિશાનો, ચાર દિશાનો અને ત્રણ દિશાનો આહર ક્યા ક્યા હોય છે ? કઈ રીતે ?
**ઉત્તર :** સ્થાવરના પાંચ દંડકમાં ત્રણ-ચાર-પાંચ દિશાનો આહાર સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મઅપ્‌કાય, સૂક્ષ્મ તેઉકાય, સૂક્ષ્મ વાયુકાય, બાદર વાયુકાય, સૂક્ષ્મ વનસ્પતિકાય, જીવોને હોય છે. કારણ કે આ જીવો ચૌદરાજલોકમાંથી બધી જગ્યાએ હોય છે. તેથી લોકના કોઈ ખૂણામાં રહેલા હોય તે જીવોને આશ્રયીને આ આહાર ઘટે છે. તે લોકના ખૂણાના ભાગને નિષ્કુટ કહેવામાં આવે છે. (જ્યાં આહાર કરતા હોય તેની આજુબાજુની દિશાઓમાં અલોક આવતો હોય તેથી તે દિશિનો આહાર હોતો નથી.)

**ચઉવિહસુરતિરિએસુ, નિરએસુ અ દીહકાલિગી સન્ના,**
**વિગલે હેઉવએસા સન્નારહિયા થિરા સવ્વે ॥ ૩૦ ॥**

**ભાવાર્થ :-** ચાર પ્રકાર ના દેવો તિર્યંચો અને નારકીઓને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે. વિકલેન્દ્રિયોને હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે. અને સર્વ સ્થાવર જીવો સંજ્ઞા રહિત હોય છે. ॥ ૩૦ ॥
**પ્રશ્ન ૩૫૨.** પાંચ સ્થાવરોને ત્રણ સંજ્ઞાઓમાંથી કેટલી સંજ્ઞા હોય છે ?

ઉત્તર : પાંચ સ્થાવરોને ત્રણ સંજ્ઞામાંથી એક પણ સંજ્ઞા હોતી નથી.

**પ્રશ્ન ૩૫૩.** વિકલેન્દ્રિયોને કેટલી સંજ્ઞા હોય છે ?

ઉત્તર : વિકલેન્દ્રિય જીવોને એક હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે.

**પ્રશ્ન ૩૫૪.** દેવતાના ૧૩ દંડકમાં કેટલી સંજ્ઞાઓ હોય છે ?

ઉત્તર : દેવતાના ૧૩ દંડકોમાં અહીંયા ગ્રંથ પ્રમાણે એક સંજ્ઞા હોય છે. વિશેષ રીતે બે સંજ્ઞાઓ પણ ઘટી શકે છે. એક સંજ્ઞા દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે. જ્યારે બે સંજ્ઞાઓમાં સમકિતિ જીવોને આશ્રયીને દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પણ હોય છે. તેથી બે સંજ્ઞાઓ કહેવાય છે.

**પ્રશ્ન ૩૫૫.** તિર્યંચ અને નારકીના જીવોમાં કેટલી સંજ્ઞાઓ હોય છે.

ઉત્તર : તિર્યંચ તથા નારકીના જીવોમાં એક દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે. સમકિતી જીવોને આશ્રયીને દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા ગણીએ તો બે સંજ્ઞાઓ હોય છે.

**મણુઆણ દીહકાલિય, દિટ્ઠીવાઓ - વએ સિયા કેવિ,**
**પજ્જપણતિરિમણુચ્ચિય, ચઉવિહ દેવેસુ ગચ્છંતિ ॥ ૩૧ ॥**

ભાવાર્થ :- મનુષ્યોને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે. અને કેટલાક મનુષ્યોને દ્રષ્ટિવાદોપદેશીકી સંજ્ઞા પણ હોય છે. પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો ચારેય પ્રકારના દેવોમાં જાય છે. ॥ ૩૧ ॥

**પ્રશ્ન ૩૫૬.** મનુષ્યોમાં કેટલી સંજ્ઞા હોય છે ?

ઉત્તર : મનુષ્યોમાં બે સંજ્ઞાઓ હોય છે :- (૧) દીર્ઘકાલિકી સંજ્ઞા, (૨) દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા. દીર્ઘકાલિકી સંજ્ઞા સઘળાય મનુષ્યોને હોય છે. જ્યારે દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા સમકિતી મનુષ્યનો જ હોય છે.

**પ્રશ્ન ૩૫૭.** ભવનપતિ આદિ ૧૩ દંડકોમાં જ ક્યા જીવો ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : ભવનપતિ આદિ ૧૩ દંડકોમાં (ચારેય પ્રકારના નિકાયમાં) ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યો જ ઉત્પન્ન થાય છે. આ વાત સામાન્યથી કહી છે. વિશેષથી હવે કહેવાશે.

**સંખાઉ પજ્જ પણિંદિ, તિરિય-નરેસુ તહેવ પજ્જત્તે,**
**ભૂ-દગપત્તેયવણે એએસુ ચ્ચિય સુરાગમણં ॥ ૩૨ ॥**

પજ્જત્તસંખગબ્ભય, તિરિયનરા નિરય સત્તગે જંતિ,
નિરય ઉવટ્ટા એએસુ, ઉવવજ્જંતિ ન સેસેસુ ॥ ૩૩ ॥
પુઢવી-આઉ-વણસ્સઈ, મજ્ઝે નારયવિવજ્જિયા જીવા,
સવ્વે ઉવવજ્જંતિ, નિય નિય કમ્માણુમાણેણં ॥ ૩૪ ॥
પુઢવાઈ-દસ-પએસુ, પુઢવી આઊ વણસ્સઈ જંતિ,
પુઢવાઈદસપએહિ ય તેઊ-વાઊસુ ઉવવાઓ ॥ ૩૫ ॥
તેઊવાઊ ગમણં, પુઢવી-પમુહંમિ હોઈ પયનવગે,
પુઢવાઈઠાણદસગા, વિગલાઈ તિયં તહિં, જંતિ ॥ ૩૬ ॥
ગમણા-ગમણં ગબ્ભય, તિરિયાણં સયલજીવઠાણેસુ,
સવ્વત્થ જંતિ મણુઆ, તેઊવાઊહિંનો જંતિ ॥ ૩૭ ॥

**ભાવાર્થ :-** સંખ્યાત વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા તિર્યંચો પંચેન્દ્રિયમાં અને મનુષ્યોમાં તેમજ પર્યાપ્તા બાદર પૃથ્વીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયમાં જ દેવોની આ ગતિ થાય છે. પર્યાપ્તા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચો અને મનુષ્યો સાતેય નરકોમાં ઉત્પન્ન થાય છે, અને નરકમાંથી નીકળેલા એ એમાં જ ઉત્પન્ન થાય છે. બીજે નહિ. ॥ ૩૨-૩૩॥ પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાં નારક સિવાયના સર્વે જીવો પોતપોતાના કર્મના અનુસારે ઉત્પન્ન થાય છે. ॥ ૩૪ ॥ પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય. પૃથ્વીકાય વિગેરે દશ પદોમાં
જાય છે. પૃથ્વીકાય આદિ દશ પદોમાંથી નીકળેલા જીવો અગ્નિકાય, વાયુકાયને વિષે ઉપપાત થાય છે. ॥ ૩૫ ॥ અગ્નિકાય અને વાયુકાય મરીને પૃથ્વીકાય આદિ નવ પદોમાં જાય છે. પૃથ્વીકાય આદિ દશ પદોમાંથી નીકળેલા જીવો વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. ત્રણે વિકલેન્દ્રિયના જીવો પૃથ્વીકાય આદિ દશ પદોમાં જાય છે. ॥ ૩૬ ॥ ગર્ભજ તિર્યંચોનું ગમણાગમણ સર્વે જીવ સ્થાનોમાં થાય છે. મનુષ્યો સર્વમાં જાય છે. અગ્નિકાય અને વાયુકાયમાંથી મનુષ્ય થતા નથી. ॥ ૩૭ ॥

## :- ગતિદ્વાર :-

**પ્રશ્ન ૩૫૮.** પૃથ્વીકાયના જીવો મરીને ક્યા ક્યા દંડકમાં ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર :** પૃથ્વીકાયના જીવો મરીને નીચે પ્રમાણેના દશ દંડકોમાં ઉત્પન્ન થાય છે :- પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૫૯.** અપ્‌કાયના જીવો મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર :** અપ્‌કાયના જીવો મરીને દશ દંડકોમાં ઉત્પન્ન થાય છે :- પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચ અને મનુષ્ય આ દશ દંડકમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૬૦.** તેઉકાયના જીવો મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર :** તેઉકાયના જીવો મરીને નવ દંડકમાં ઉત્પન્ન થાય છે :- પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૬૧.** વાયુકાયના જીવો મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર :** વાયુકાયના જીવો મરીને નવ દંડકમાં જાય છે :- પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય છે. (તેઉકાય અને વાયુકાય મરીને મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી.)

**પ્રશ્ન ૩૬૨.** બેઇન્દ્રિયના જીવો મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર :** બેઇન્દ્રિયના જીવો મરીને દશ દંડકમાં જાય છે :- પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને તિર્યંચ પંચેન્દ્રિય, તથા મનુષ્ય આ દશ દંડકમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૬૩.** વનસ્પતિકાયના જીવો મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર:** વનસ્પતિકાયના જીવો મરીને દશ દંડકમાં જાય છે.:- પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય,અને તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્ય આ દશ દંડકમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૬૪.** તેઇન્દ્રિયના જીવો મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર :** તેઇન્દ્રિયના જીવો પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય,

વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાંથી કોઈપણ દંડકમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૬૫.** ચઉરીન્દ્રિયના જીવો મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** ચઉરિન્દ્રિયના જીવો મરીને પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય આ દશ દંડકમાંથી કોઈપણ દંડકમાં ઉત્પન્ન થઈ શકે છે.

**પ્રશ્ન ૩૬૬.** ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય મરીને ક્યા ક્યા દંડકોમાં ઉત્પન્ન થાય છે?

**ઉત્તર :** ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય મરીને ચોવીશે ચોવીશ દંડકમાંથી કોઈપણ દંડકમાં જઈ શકે છે.

**પ્રશ્ન ૩૬૭.** મનુષ્યો મરીને કેટલા દંડકમાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** મનુષ્યો મરીને ચોવીશે ચોવીશ દંડકમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૬૮.** દશ ભવનપતિના દેવતાઓ મરીને ક્યા ક્યા દંડકોમાં ઉત્પન્ન થાય છે?

**ઉત્તર :** દશ ભવનપતિના દેવતાઓ મરીને પાંચ દંડકોમાં ઉત્પન્ન થાય છે :- ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, પર્યાપ્તા બાદર પૃથ્વી, પર્યાપ્તા બાદર અપ્કાય, પર્યાપ્તા બાદર વનસ્પતિ આ પાંચ દંડકમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૬૯.** વ્યંતર દેવતાઓ મરીને કઈ કઈ ગતિમાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** વ્યંતર દેવતાઓ મરીને ગર્ભજ તિર્યંચો, મનુષ્યો, પર્યાપ્તા બાદર, પૃથ્વી, પર્યાપ્તા બાદર અપ્કાય, પર્યાપ્તા બાદર વનસ્પતિ આ પાંચ દંડકમાં જાય છે.

**પ્રશ્ન ૩૭૦.** જ્યોતિષી દેવતાઓ મરીને ક્યાં ક્યાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** જ્યોતિષી દેવતાઓ મરીને પાંચ દંડકમાંથી કોઈપણ દંડકમાં જાય છે :- ગર્ભજ પર્યાપ્તા તિર્યંચો, મનુષ્યો, પર્યાપ્તા બાદર પૃથ્વી, અપ્કાય અને વનસ્પતિકાયમાં જાય છે.

**પ્રશ્ન ૩૭૧.** વૈમાનિકના પહેલા બીજા દેવલોકના દેવતાઓ મરીને કેટલા દંડકોમાં જાય છે ?

**ઉત્તર :** વૈમાનિકના પહેલા બીજા દેવલોકના દેવતાઓ મરીને પાંચ દંડકમાંથી કોઈપણ દંડકમાં ઉત્પન્ન થાય છે :- ગર્ભજ તિર્યંચો, મનુષ્યો, પર્યાપ્તા બાદર પૃથ્વી, અપ્કાય અને વનસ્પતિ આ પાંચ દંડકમાંથી કોઈપણ દંડકમાં જાય છે.

**પ્રશ્ન ૩૭૨.** વૈમાનિકના ત્રીજાથી આઠમા દેવલોક સુધીના દેવતાઓ મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** વૈમાનિકના ત્રીજાથી આઠમા દેવલોક સુધીના દેવતાઓ મરીને ગર્ભજ પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યોમાં આ બે દંડકમાંથી કોઈપણ દંડકમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૭૩.** વૈમાનિકના નવમા દેવલોકથી માંડીને અનુત્તર સુધીના દેવતાઓ મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** વૈમાનિકના નવમા દેવલોકથી માંડીને અનુત્તર સુધીના દેવતાઓ મરીને મનુષ્યના એક જ દંડકમાં ઉત્પન્ન થાય છે.

**-: આ રીતે ગતિદ્વાર કહ્યું હવે આગતિ દ્વાર કહેવાય છે :-**

**પ્રશ્ન ૩૭૪.** ક્યા ક્યા દંડકના જીવો મરીને પૃથ્વીકાય રૂપે ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** નારકીના એક દંડક સિવાય બાકીના ૨૩ દંડકના જીવો મરીને પૃથ્વીકાય રૂપે ઉત્પન્ન થઈ શકે છે. એટલે કે પૃથ્વીકાય દંડકમાં જીવો ત્રેવીસ દંડકના આવે છે.

**પ્રશ્ન ૩૭૫.** અપ્કાય દંડકમાં કેટલા દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** અપ્કાયરૂપે એક નારકીના દંડક સિવાય બાકીના ત્રેવીશ દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૭૬.** તેઉકાય રૂપે કેટલા જીવો ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : તેઉકાય રૂપે દશ દંડકના જીવો મરીને થઈ શકે છે તે આ પ્રમાણે :- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, ગર્ભજ તિર્યંચ અને મનુષ્ય.

**પ્રશ્ન ૩૭૭.** વાયુકાય રૂપે કેટલા દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** વાયુકાય રૂપે દશ દંડકના જીવો ઉત્પન્ન થાય છે તે આ પ્રમાણે :- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પિતકાય, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, ગર્ભજ તિર્યંચો અને મનુષ્ય.

**પ્રશ્ન ૩૭૮.** વનસ્પતિકાય રૂપે કેટલા દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** વનસ્પતિકાય રૂપે નારકીનો એક દંડક સિવાય ત્રેવીસ દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૭૯.** બેઇન્દ્રિય રૂપે કેટલા દંડકવાળા જીવો મરીને આવે છે ?
**ઉત્તર :** બેઈન્દ્રિય રૂપે દશ દંડકવાળા જીવો મરીને આવે છે તે આ પ્રમાણે :- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, ગર્ભજ તિર્યંચો, મનુષ્યો.
**પ્રશ્ન ૩૮૦.** તેઇન્દ્રિય રૂપે કેટલા દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર :** તેઇન્દ્રિય રૂપે દશ દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે તે આ પ્રમાણે :- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, ગર્ભજ તિર્યંચો અને મનુષ્યો.
**પ્રશ્ન ૩૮૧.** ચઉરિન્દ્રિય રૂપે કેટલા દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર :** ચઉરિન્દ્રિય રૂપે દશ દંડકના જીવો ઉત્પન્ન થાય છે તે આ પ્રમાણે :- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, ગર્ભજ તિર્યંચો પંચેન્દ્રિય અને મનુષ્યો.
**પ્રશ્ન ૩૮૨.** ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય રૂપે કેટલા દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે?
**ઉત્તર :** ચોવીશે ચોવીશ દંડકવાળા જીવો મરીને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય રૂપે થઈ શકે છે.
**પ્રશ્ન ૩૮૩.** ગર્ભજ મનુષ્યો રૂપે કેટલા દંડકવાળા જીવો થઈ શકે છે ?
ઉત્તર : મનુષ્યપણામાં તેઉકાય અને વાયુકાય આ બે દંડકો સિવાય બાવીસ દંડકવાળા જીવો આવી શકે છે.
**પ્રશ્ન ૩૮૪.** ભવનપતિના દશ દંડકોરૂપે કેટલા દંડકવાળા જીવો આવે છે ?
**ઉત્તર :** ભવનપતિના દશ દંડકોના દેવોરૂપે ગર્ભજ તિર્યંચો અને મનુષ્યો મરીને આવે છે.
**પ્રશ્ન ૩૮૫.** વ્યંતર દેવ તરીકે કેટલા દંડકવાળા જીવો આવે છે ?
**ઉત્તર :** વ્યંતરના દેવ તરીકે ગર્ભજ તિર્યંચો અને મનુષ્યો મરીને આવે છે.
**પ્રશ્ન ૩૮૬.** જ્યોતિષી દેવતાઓ રૂપે કેટલા દંડકવાળા જીવો આવે છે ?
**ઉત્તર :** જ્યોતિષી દેવતાઓ રૂપે ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોના જીવો આવે છે.
**પ્રશ્ન ૩૮૭.** વૈમાનિકના આઠમા દેવલોક સુધીના દેવરૂપે કેટલા દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : વૈમાનિકના આઠમા દેવલોકરૂપે બે દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે :- ગર્ભજ તિર્યંચો અને મનુષ્યો.

**પ્રશ્ન ૩૮૮.** વૈમાનિકના નવમા દેવલોકથી માંડીને અનુત્તર સુધીના દેવપણાએ કેટલા દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** વૈમાનિકના ૯મા દેવલોકથી અનુત્તર સુધીના દેવપણાએ એક મનુષ્યના જીવો જ ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૮૯.** નારકીપણાએ કેટલા દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** નારકીપણાએ ગર્ભજ તિર્યંચો તથા મનુષ્યો એમ બે દંડકવાળા જીવો મરીને ઉત્પન્ન થાય છે.

**-: આ રીતે આ ગતિદ્વાર સંપૂર્ણ થયું :-**

**વેયતિય તિરિ નરેસુ, ઇત્થી પુરિસો ય ચઉવિહ સુરેસુ,**
**થિરવિગલનારએસુ, નપુંસવેઓ હવઈ એગો.... ॥ ૩૮ ॥**

**ભાવાર્થ :-** તિર્યંચો અને મનુષ્યોમાં ત્રણ વેદ હોય છે :- ચારેય પ્રકારના દેવોમાં સ્ત્રી અને પુરૂષ વેદ છે. સ્થાવર વિકલેન્દ્રિય અને નારકોમાં કેવળ એક નપુંસક વેદ હોય છે. ॥ ૩૮ ॥

**પ્રશ્ન ૩૯૦.** પાંચ સ્થાવરોમાં કેટલા વેદ હોય છે ?

**ઉત્તર :** પાંચ સ્થાવરોમાં એક નપુંસક વેદ હોય છે.

**પ્રશ્ન ૩૯૧.** વિકલેન્દ્રિય જીવોમાં કેટલા વેદ હોય છે ?

**ઉત્તર :** વિકલેન્દ્રિય જીવોમાં એક નપુંસક વેદ હોય છે.

**પ્રશ્ન ૩૯૨.** નારકીના જીવોને કેટલા વેદ હોય છે ?

**ઉત્તર :** નારકીના જીવોને એક નપુંસક વેદ હોય છે.

**પ્રશ્ન ૩૯૩.** ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોમાં કેટલા વેદ હોય છે ?

**ઉત્તર :** ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોમાં ત્રણેય વેદ હોય છે.

**પ્રશ્ન ૩૯૪.** દશ ભવનપતિના દંડકોમાં કેટલા વેદ હોય છે ?

**ઉત્તર :** દશ ભવનપતિના દંડકોમાં બે વેદ હોય છે :- (૧) સ્ત્રીવેદ (૨) પુરૂષવેદ.

**પ્રશ્ન ૩૯૫.** વ્યંતર જ્યોતિષીના દેવો કેટલા વેદવાળા હોય છે ?

**ઉત્તર :** વ્યંતર જ્યોતિષીના દેવો બે વેદવાળા હોય છે (૧) સ્ત્રીવેદ, (૨)પુરૂષવેદ

**પ્રશ્ન ૩૯૬.** વૈમાનિકના ૧-૨ દેવલોકમાં કેટલા વેદ હોય છે ?
**ઉત્તર :** વૈમાનિકના ૧-૨જા દેવલોકમાં બે વેદ હોય છે (૧) સ્ત્રીવેદ, (૨) પુરૂષવેદ
**પ્રશ્ન ૩૯૭.** વૈમાનિકના ત્રીજા દેવલોકથી માંડીને અનુત્તર સુધીના દેવોમાં કેટલા વેદ હોય છે ?
**ઉત્તર :** વૈમાનિકના ત્રીજા દેવલોકથી માંડીને અનુત્તર સુધીના દેવલોકમાં દેવોને એક પુરૂષવેદ હોય છે.

**-: સમૂચ્છિંમ તિર્યંચ પંચેન્દ્રિયોમાં ચોવીશ દ્વારોનું વર્ણન કરાય છે :-**

**પ્રશ્ન ૩૯૮.** સમૂચ્છિંમ તિર્યંચોને કેટલા શરીર હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોને ત્રણ શરીર હોય છે :- (૧) ઔદારિક શરીર, (૨) તૈજસ શરીર, (૩) કાર્મણ શરીર.
**પ્રશ્ન ૩૯૯.** સમૂચ્છિંમ તિર્યંચોના શરીરની જઘન્ય અવગાહના કેટલી હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોના શરીરની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે. ઉત્કૃષ્ટ અવગાહના જલચરજીવોની ૧ હજાર યોજન, ચતુષ્પદ જીવોની ગાઉ પૃથક્ત્વ (૨ થી ૯ ગાઉ), ખેચરજીવોની ધનુષ્ય પૃથક્ત્વ (૨ થી ૯ ધનુષ્ય), ઉરપરિસર્પ જીવોની યોજન પૃથક્ત્વ (૨ થી ૯ યોજન), ભુજપરિસર્પોની ધનુષ પૃથક્ત્વ (૨ થી ૯ ધનુષ્ય.)
**પ્રશ્ન ૪૦૦.** સમૂચ્છિંમ તિર્યંચોને સંઘયણ કેટલા હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોને સંઘયણ એક જ હોય છે. ૧ છેવઠ્ઠું સંઘયણ અથવા સેવાર્ત સંઘયણ, મતાંતરે છએ છ સંઘયણ હોય છે.
**પ્રશ્ન ૪૦૧.** સમૂચ્છિંમ તિર્યંચોને સંજ્ઞા કેટલી હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોને સંજ્ઞા ૪ અથવા ૧૦ હોય છે.
**પ્રશ્ન ૪૦૨.** સમૂચ્છિંમ તિર્યંચોને સંસ્થાન કેટલા હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોને એક હુંડક સંસ્થાન હોય છે. મતાંતરે છએ છ સંસ્થાન હોય છે.
**પ્રશ્ન ૪૦૩.** સમૂચ્છિંમ તિર્યંચોને કેટલા કષાયો હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોને ચારેચાર કષાય હોય છે.
**પ્રશ્ન ૪૦૪.** સમૂચ્છિંમ તિર્યંચોને કેટલી લેશ્યા હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોને ત્રણ લેશ્યા હોય છે (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત.

**પ્રશ્ન ૪૦૫.** સમૂચ્છિર્મ તિર્યંચોને કેટલી ઇન્દ્રિયો હોય છે ?
**ઉત્તર :** **સમૂચ્છિર્મ** તિર્યંચોને પાંચ ઇન્દ્રિયો હોય છે.
**પ્રશ્ન ૪૦૬.** સમૂચ્છિર્મ તિર્યંચોને **સમુદ્‌ઘાત** કેટલા હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિર્મ તિર્યંચોને ત્રણ**સમુદ્‌ઘાત**હોય છે :- (૧) વેદના, (૨) મરણ સમુદ્ઘાત, (૩) કષાય સમુદ્ઘાત.
**પ્રશ્ન ૪૦૭.** સમૂચ્છિર્મ તિર્યંચોને દ્રષ્ટિ કેટલી હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિર્મ તિર્યંચોને બે દ્રષ્ટિ હોય છે (૧) મિથ્યા દ્રષ્ટિ, (૨) સમ્યગ્ દ્રષ્ટિ. અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન ગુણસ્થાનક લઈને જાય તેને સમ્યગ્ દ્રષ્ટિ હોય છે.
**પ્રશ્ન ૪૦૮.** સમૂચ્છિર્મ તિર્યંચોને દર્શન કેટલા હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિર્મ તિર્યંચોને બે દર્શન હોય છે (૧) ચક્ષુદર્શન, (૨) અચક્ષુદર્શન.
**પ્રશ્ન ૪૦૯.** સમૂચ્છિર્મ તિર્યંચોને જ્ઞાન કેટલા હોય છે ?
**ઉત્તર :** સંમૂચ્છિર્મ તિર્યંચોને સિદ્ધાંતના અભિપ્રાયે સાસ્વાદન ગુણસ્થાનકમાં જ્ઞાન માન્યું છે. માટે (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન હોય છે.
**પ્રશ્ન ૪૧૦.** સમૂચ્છિર્મ તિર્યંચોને અજ્ઞાન કેટલા હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિર્મ તિર્યંચોને બે અજ્ઞઆન હોય છે :- (૧) મતિઅજ્ઞાન, (૨) શ્રુતઅજ્ઞાન.
**પ્રશ્ન ૪૧૧.** સમૂચ્છિર્મ તિર્યંચોને યોગ કેટલા હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિર્મ તિર્યંચોને ચાર યોગ હોય છે :- (૧) અસત્યામૃષાવચનયોગ, (૨) ઔદારિક કાયયોગ, (૩) ઔદારિક મિશ્રકાયયોગ, (૪) કાર્મણ કાયયોગ.
**પ્રશ્ન ૪૧૨.** સમૂચ્છિર્મ તિર્યંચોને ઉપયોગ કેટલા હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિર્મ તિર્યંચોને છ ઉપયોગ હોય છે :- (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) મતિઅજ્ઞાન, (૪) શ્રુતઅજ્ઞાન, (૫) ચક્ષુદર્શન, (૬) અચક્ષુદર્શન.
**પ્રશ્ન ૪૧૩.** સમૂચ્છિર્મ તિર્યંચોને ઉપપાત કેટલો હોય છે ?
**ઉત્તર :** સમૂચ્છિર્મ તિર્યંચોને જઘન્યથી ૧-૨-૩ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત જીવોનો ઉપપાત હોય છે.
**પ્રશ્ન ૪૧૪.** **સમૂચ્છિર્મ** તિર્યંચોનું ચ્યવન કેટલું થાય છે ?
**ઉત્તર :** સમૂચ્છિર્મ તિર્યંચો ૧-૨-૩ જઘન્યથી ચ્યવે છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા

જીવો ચ્યવે છે.

**પ્રશ્ન ૪૧૫.** સમૂચ્છિંમ તિર્યંચોને ઉપપાત તથા ચ્યવનનો વિરહકાળ કેટલો ?

**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોનો ઉપપાત તથા ચ્યવનનો વિરહકાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્ત હોય છે.

**પ્રશ્ન ૪૧૬. સમૂચ્છિંમ** તિર્યંચોનું આયુષ્ય કેટલું હોય છે ?

**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે.

જલચર જીવોનું આયુષ્ય ૧ પૂર્વ ક્રોડ વરસનું હોય છે.

ચતુષ્પદ જીવોનું આયુષ્ય ૮૪૦૦૦ હજાર વરસનું હોય છે.

ઉરપરિસર્પ જીવોનું આયુષ્ય ૫૩ હજાર વરસનું હોય છે.

ભુજપરિસર્પ જીવોનું આયુષ્ય ૪૩ હજાર વરસનું હોય છે.

ખેચર જીવોનું આયુષ્ય ૭૨ હજાર વરસનું હોય છે.

**પ્રશ્ન ૪૧૭.** સમૂચ્છિંમ તિર્યંચોને કેટલી પર્યાપ્તિઓ છે ?

**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોને પહેલી પાંચ પર્યાપ્તિઓ છે. છઠ્ઠી પર્યાપ્તિ પૂર્ણ કરતા નથી.

**પ્રશ્ન ૪૧૮.** સમૂચ્છિંમ તિર્યંચોને કેટલી દિશાનો આહાર હોય છે ?

**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોને છએ છ દિશાનો આહાર હોય છે. કારણ કે તેઓ ત્રસનાડીમાં રહેલા હોય છે.

**પ્રશ્ન ૪૧૯.** સમૂચ્છિંમ તિર્યંચોને ત્રણ સંજ્ઞામાંથી કેટલી સંજ્ઞાઓ હોય છે ?

**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોને ત્રણ સંજ્ઞામાંથી એક હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે.

**પ્રશ્ન ૪૨૦.** સમૂચ્છિંમ તિર્યંચો મરીને કઈ કઈ ગતિમાં જાય છે ? અને ચોવીશ દંડકમાંથી કેટલા દંડકમાં જાય છે ?

**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચો મરીને ચાર ગતિમાં જાય છે. તથા ચોવીશ દંડકમાંથી જ્યોતિષી તથા વૈમાનિક એ બે દંડક સિવાય બાવીશ દંડકોમાં જાય છે.

**પ્રશ્ન ૪૨૧.** સમૂચ્છિંમ તિર્યંચોમાં કેટલા દંડકવાળા જીવો મરીને આવે છે ?

**ઉત્તર :** સમૂચ્છિંમ તિર્યંચોમાં દશ દંડકવાળા જીવો મરીને ઉત્પન્ન થાય છે :- પૃથ્વીકાયાદિ ૫, વિકલેન્દ્રિય ૩, તિર્યંચ અને મનુષ્ય.

**પ્રશ્ન ૪૨૨.** સમૂચ્છિંમ તિર્યંચોને કેટલા વેદ હોય છે ?

ઉત્તર : સમૂર્ચ્છિમ તિર્યંચોને એક નપુંસક વેદ હોય છે. લિંગાકારે વેદનો વિચાર કરીએ તો ત્રણ વેદ હોય છે.
સમૂર્ચ્છિમ મનુષ્યોમાં ચોવીશ દ્વારોનું વર્ણન કરાય છે :-
**પ્રશ્ન ૪૨૩.** સમૂર્ચ્છિમ મનુષ્યોને કેટલા શરીર હોય છે ?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ મનુષ્યોને ત્રણ શરીર હોય છે :- (૧) ઔદારિક શરીર (૨) તૈજસ શરીર અને (૩) કાર્મણ શરીર.
**પ્રશ્ન ૪૨૪.** સમૂર્ચ્છિમ મનુષ્યોના શરીરની અવગાહના કેટલી હોય છે ?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ મનુષ્યોના શરીરની અવગાહના જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી હોય છે.
**પ્રશ્ન ૪૨૫.** સમૂર્ચ્છિમ મનુષ્યોને સંઘયણ કેટલા હોય છે ?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ મનુષ્યોને એક છેવટ્ઠું સંઘયણ હોય છે.
**પ્રશ્ન ૪૨૬.** સમૂર્ચ્છિમ મનુષ્યોને સંજ્ઞા કેટલી હોય છે ?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ મનુષ્યોને ૪ અથવા ૧૦ સંજ્ઞા હોય છે.
**પ્રશ્ન ૪૨૭.** સમૂર્ચ્છિમ મનુષ્યોને સંસ્થાન કેટલા હોય છે ?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ મનુષ્યોને એક હુંડક સંસ્થાન હોય છે.
**પ્રશ્ન ૪૨૮.** સમૂર્ચ્છિમ મનુષ્યોને કેટલા કષાય હોય છે ?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ મનુષ્યોને ૪ કષાય હોય છે.
**પ્રશ્ન ૪૨૯.** સમૂર્ચ્છિમ મનુષ્યોને કેટલી લેશ્યા હોય છે ?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ મનુષ્યોને ત્રણ લેશ્યા હોય છે. તે આ પ્રમાણે :- (૧) કૃષ્ણ (૨) નીલ (૩) કાપોત.
**પ્રશ્ન ૪૩૦.** સમૂર્ચ્છિમ મનુષ્યોને ઇન્દ્રિયો કેટલી હોય છે ?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ મનુષ્યોને પાંચ ઇન્દ્રિયો હોય છે.
**પ્રશ્ન ૪૩૧.** સમૂર્ચ્છિમ મનુષ્યોને કેટલા સમુદ્‌ઘાત હોય છે ?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ મનુષ્યોને ત્રણ સમુદ્‌ઘાતહોય છે :- (૧) વેદના સમુદ્‌ઘાત (૨) કષાય સમુદ્‌ઘાત (૩) મરણ સમુદ્‌ઘાત.
**પ્રશ્ન ૪૩૨.** સમૂર્ચ્છિમ મનુષ્યોને દ્રષ્ટિ કેટલી હોય છે ?
**ઉત્તર :** સમૂર્ચ્છિમ મનુષ્યોને એક મિથ્યા દ્રષ્ટિ હોય છે.

પ્રશ્ન ૪૩૩. સમૂર્ચ્છિમ મનુષ્યોને કેટલા દર્શન હોય છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોને બે દર્શન હોય છે :- (૧) ચક્ષુદર્શન (૨) અચક્ષુદર્શન.
પ્રશ્ન ૪૩૪. સમૂર્ચ્છિમ મનુષ્યોને કેટલા જ્ઞાન હોય છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોને એક પણ જ્ઞાન હોતું નથી.
પ્રશ્ન ૪૩૫. સમૂર્ચ્છિમ મનુષ્યોને અજ્ઞાન કેટલા હોય છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોને બે અજ્ઞાન હોય છે :- (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન.
પ્રશ્ન ૪૩૬. સમૂર્ચ્છિમ મનુષ્યોને કેટલા યોગ હોય છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોને ત્રણ યોગ હોય છે તે આ પ્રમાણે :- (૧) ઔદારિક કાયયોગ (૨) ઔદારિક મિશ્રયોગ (૩) કાર્મણ કાયયોગ. એક અપેક્ષાએ સમૂર્ચ્છિમ મનુષ્યો ભાષા પર્યાપ્તિ અધુરીએ મરણ પામે છે. તે અપેક્ષાએ ભાષા પર્યાપ્તિની શરૂઆતથી અસત્યામૃષા વચનયોગની શરૂઆત થઈ કહેવાય. તે અપેક્ષાએ ચોથો યોગ માની શકાય છે.
પ્રશ્ન ૪૩૭. સમૂર્ચ્છિમ મનુષ્યોને કેટલા ઉપયોગ હોય છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોને ચાર ઉપયોગ હોય છે : (૧) મતિ અજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) ચક્ષુદર્શન (૪) અચક્ષુદર્શન.
પ્રશ્ન ૪૩૮. સમૂર્ચ્છિમ મનુષ્યોને ઉપપાત કેટલો હોય છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોને જઘન્યથી એક સમયમાં ૧-૨-૩ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા જીવો ઉપપાત પામે છે.
પ્રશ્ન ૪૩૯. સમૂર્ચ્છિમ મનુષ્યો કેટલા ચ્યવન પામે છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યો એક સમયમાં જઘન્યથી ૧-૨-૩ ચ્યવે છે ઉત્કૃષ્ટથી અસંખ્યાતા ચ્યવે છે.
પ્રશ્ન ૪૪૦. સમૂર્ચ્છિમ મનુષ્યોનો વિરહ કાળ કેટલો છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોનો વિરહ કાળ જઘન્યથી એક સમયનો છે. ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્તનો કહેલો છે.
પ્રશ્ન ૪૪૧. સમૂર્ચ્છિમ મનુષ્યોની સ્થિતિ કેટલી હોય છે ?

ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે.
**પ્રશ્ન ૪૪૨. સમૂર્ચ્છિમ** મનુષ્યોને પર્યાપ્તિ કેટલી હોય છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોને મન:પર્યાપ્તિ સિવાય પાંચ પર્યાપ્તિઓ હોય છે.
**પ્રશ્ન ૪૪૩.** સમૂર્ચ્છિમ મનુષ્યોને કેટલી દિશાનો આહાર કરે છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યો છ એ છ દિશાનો આહાર કરે છે.
**પ્રશ્ન ૪૪૪.** સમૂર્ચ્છિમ મનુષ્યોને ત્રણ સંજ્ઞામાંથી કેટલી સંજ્ઞાઓ હોય છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોને ત્રણ સંજ્ઞામાંથી એક હેતુવાદોપદેશિકી સંજ્ઞા જ હોય છે.
**પ્રશ્ન ૪૪૫.** સમૂર્ચ્છિમ મનુષ્યો મરીને કેટલા દંડકમાં ઉત્પન્ન થાય છે ? અને કેટલી ગતિમાં જાય છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યો મરીને દશ દંડકોમાં જાય છે. તે આ પ્રમાણે :- પાંચ સ્થાવર, વિકલેન્દ્રિય-૩, તિર્યંચ અને મનુષ્ય.
**પ્રશ્ન ૪૪૬. સમૂર્ચ્છિમ** મનુષ્યોરૂપે કેટલા દંડકવાળા જીવો ઉત્પન્ન થાય છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોરૂપે આઠ દંડકના જીવો મરીને ઉત્પન્ન થઈ શકે છે. તે આ પ્રમાણે :- પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્ય.
**પ્રશ્ન ૪૪૭.** સમૂર્ચ્છિમ મનુષ્યોને કેટલા વેદ હોય છે ?
ઉત્તર : સમૂર્ચ્છિમ મનુષ્યોને એક નપુંસક વેદ જ હોય છે.
હવે અલ્પબહુત્વ દ્વાર કહેવાય છે.

**પજ્જ મણુ બાયરગ્ગિ, વેમાણિય ભવણ નિરય વંતરિયા,**
**જોઈસ ચઉપણતિરિયા, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય ભૂ આઊ ॥ ૩૯ ॥**
**વાઊ વણસ્સઈ ચ્ચિય, અહિયા અહિયા કમેણિમે હુંતિ,**
**સવ્વેવિ ઈમે ભાવા, જિણા મએ ણંતસો પત્તા ॥ ૪૦ ॥**

**ભાવાર્થ :-** પર્યાપ્તા મનુષ્યો સૌથી થોડા છે. તેથી પર્યાપ્તા-બાદર અગ્નિકાય અસંખ્યાત ગુણા, તેનાથી વૈમાનિક દેવો-અસંખ્યાત ગુણા, તેનાથી ભવનપતિદેવો અસંખ્યાતગુણા, તેનાથી નારકીઓ અસંખ્યાતગુણા, તેનાથી વ્યંતરદેવો અસંખ્યાતગુણા, તેનાથી જ્યોતિષીદેવો અસંખ્યાતગુણા-ચઉરીન્દ્રિય જીવો અસંખ્યાત ગુણા તેનાથી તિર્યંચ પંચેન્દ્રિય વિશેષાધિક તેનાથી બેઇન્દ્રિય જીવો

વિશેષાધિક તેનાથી તેઇન્દ્રિય જીવો વિશેષાધિક તેનાથી પૃથ્વીકાય જીવો અસંખ્યાતગુણા તેનાથી અપ્કાય જીવો-અસંખ્યાતગુણા તેનાથી વાઉકાય જીવો અસંખ્યાતગુણા તેનાથી વનસ્પતિ જીવો અનંત કહેલા છે. હે જિનેશ્વર દેવ એ બધાય ભવો મેં અનંતીવાર પ્રાપ્ત કર્યા છે. ॥ ૩૯-૪૦॥

**પ્રશ્ન ૪૪૮.** પર્યાપ્તા મનુષ્યો કેટલા કહેલા છે ?

**ઉત્તર :** પર્યાપ્તા મનુષ્યો સંખ્યાતા કહેલા છે.

**પ્રશ્ન ૪૪૯.** મનુષ્યો કરતા બાદર અગ્નિકાય જીવો કેટલા ગુણા છે ?

**ઉત્તર :** મનુષ્યો કરતા બાદર અગ્નિકાય જીવો અસંખ્યાત ગુણા છે કારણ કે મનુષ્યો કરતાં તેઓનું ક્ષેત્ર વધારે છે.

**પ્રશ્ન ૪૫૦.** બાદર અગ્નિકાય જીવો કરતાં વૈમાનિકના દેવતાઓ કેટલા ગુણા છે ?

**ઉત્તર :** બાદર અગ્નિકાય જીવો કરતાં વૈમાનિકના દેવતાઓ અસંખ્યાતગુણા હોય છે.

**પ્રશ્ન ૪૫૧.** વૈમાનિક દેવો કરતાં ભવનપતિના દેવતાઓ કેટલા ગુણા છે ?

**ઉત્તર :** વૈમાનિક દેવો કરતાં ભવનપતિના દેવતાઓ અસંખ્યાત ગુણા છે. કારણ કે વિમાનો અધિક છે.

**પ્રશ્ન ૪૫૨.** ભવનપતિ દેવો કરતાં નારકીઓના જીવો કેટલા ગુણા છે ?

**ઉત્તર :** ભવનપતિના દેવો કરતાં નારકીઓના જીવો અસંખ્યાત ગુણા છે. કારણ કે નરકાવાસો અધિક છે.

**પ્રશ્ન ૪૫૩.** નારકીઓ કરતાં વ્યંતર દેવો કેટલા ગુણા છે ?

**ઉત્તર :** નારકીના જીવો કરતાં વ્યંતર દેવો અસંખ્યાત ગુણા છે.

**પ્રશ્ન ૪૫૪.** વ્યંતર દેવો કરતાં જ્યોતિષી દેવો કેટલા છે ?

**ઉત્તર :** વ્યંતર દેવો કરતાં જ્યોતિષીદેવો અસંખ્યાત ગુણા છે.

**પ્રશ્ન ૪૫૫.** જ્યોતિષી દેવો કરતાં ચઉરિન્દ્રિય જીવો કેટલા ગુણા છે ?

**ઉત્તર :** જ્યોતિષી દેવો કરતાં ચઉરિન્દ્રિય જીવો અસંખ્યાત ગુણા છે.

**પ્રશ્ન ૪૫૬.** ચઉરિન્દ્રિય જીવો કરતાં તિર્યંચ પંચેન્દ્રિય કેટલા અધિક છે ?

**ઉત્તર :** ચઉરિન્દ્રિય જીવો કરતાં તિર્યંચ પંચેન્દ્રિય વિશેષાધિક છે.

પ્રશ્ન ૪૫૭. તિર્યંચ પંચેન્દ્રિય કરતાં બેઇન્દ્રિય જીવો કેટલા અધિક છે ?
ઉત્તર : તિર્યંચ પંચેન્દ્રિય કરતાં બેઇન્દ્રિય જીવો વિશેષાધિક છે.
પ્રશ્ન ૪૫૮. બેઇન્દ્રિય જીવો કરતાં તેઇન્દ્રિય જીવો કેટલા અધિક છે ?
ઉત્તર : બેઇન્દ્રિય જીવો કરતાં તેઇન્દ્રિય જીવો વિશેષાધિક છે.
પ્રશ્ન ૪૫૯. તેઇન્દ્રિય જીવો કરતા પૃથ્વીકાય જીવો કેટલા ગુણા છે ?
ઉત્તર : તેઇન્દ્રિય જીવો કરતાં પૃથ્વીકાય જીવો અસંખ્યાત ગુણા છે.
પ્રશ્ન ૪૬૦. પૃથ્વીકાય જીવો કરતાં અપ્કાય જીવો કેટલા ગુણા છે ?
ઉત્તર : પૃથ્વીકાય જીવો કરતાં અપ્કાય જીવો અસંખ્યાત ગુણા છે.
પ્રશ્ન ૪૬૧. અપ્કાય જીવો કરતાં વાયુકાય જીવો કેટલા ગુણા છે ?
ઉત્તર : અપ્કાય જીવો કરતાં વાયુકાય જીવો અસંખ્યાત ગુણા છે.
પ્રશ્ન ૪૬૨. વાયુકાય જીવો કરતાં વનસ્પતિકાય જીવો કેટલા ગુણા છે ?
ઉત્તર : વાયુકાય જીવો કરતાં વનસ્પતિકાય જીવો અનંતગુણા છે.
પ્રશ્ન ૪૬૩. આ ચોવીશે દંડકોમાં જીવો કેટલીવાર ભટક્યા છે ?
ઉત્તર : જે જીવો પોતાનો ધર્મ એટલે આત્મિક ગુણો પેદા કરવાની સન્મુખ થયેલા નથી. તે જીવો આ ચોવીશ દંડકોમાં ભમ્યા હતા. વર્તમાનમાં ભમે છે. અને જ્યાં સુધી આત્મિક ગુણો પેદા કરવાની ઇચ્છા નહિ થાય ત્યાં સુધી ભમ્યા કરશે. આ રીતે જીવોઅનંતીવારચોવીશે દંડકોમાં ભમ્યા છે. એ રીતે મારો જીવ પણ અનંતીવાર ભમ્યો છે. હવે ભમવું નથી તેવી ભગવાનપાસેપ્રાર્થના કરાઇ છે.

**સંપઇ તુમ્હ ભત્તરસ,-દંડગ-પય-ભમણ-ભગ્ગ-હિયયસ્સ,**
**દંડતિય-વિરય-સુલહં, લહુ મમ દિંતુ મુક્ખપયં...॥૪૧॥**

**ભાવાર્થ** :- દંડક પદોમાં ભમવાથી હતાશ હૃદયવાળા તમારા ભક્તને હવે ત્રણ દંડની વિરતિથી સહેલાઈથી મળે તેવું મોક્ષ પદ જલ્દી આપો. ॥ ૪૧ ॥
પ્રશ્ન ૪૬૪. ભગવાનને શું પ્રાર્થના કરાય છે ?
ઉત્તર : આ રીતે અનંતીવાર ભમીને આવ્યો છું એમ આ પ્રકારનું જ્ઞાન થયું છે. માટે હવે આ ભવ મળ્યા પછી મારે ભમવું નથી અને આત્મિક ગુણ પેદા કરવાની ભાવના પ્રગટ થઈ છે, તે કારણથી મારા આત્માને જલ્દીથી મોક્ષમાં મોકલવો છે. એ ભાવનાના કારણે હે ભગવંત તમારા ભકતને તમારી ભક્તિ કરતાં કરતાં મનવચન અને કાયાના

સદંતર વ્યાપારનો ત્યાગ થઈ જાય અને મારો આત્મા જલ્દી મોક્ષ પદ પામે એવો પુરુષાર્થ કરવાની ભાવના રહે તેવી શક્તિ આપો. એ જ પ્રાર્થના.

**સિરિ જિણહંસ મુણીસર, રજ્જે સિરિ ધવલચંદ સીસેણ,**
**ગજસારેણ લિહિયા, એસા વિન્નત્તિ અપ્પહિયા... ॥ ૪૨ ॥**

**ભાવાર્થ** :- આત્માને હિત કરનારી આ વિજ્ઞપ્તિ શ્રી જિનહંસ મુનિશ્વરના રાજયમાં શ્રી ધવલચંદ મુનિના શિષ્ય શ્રી ગજસાર મુનિએ લખી છે. ॥ ૪૧ ॥

**પ્રશ્ન ૪૬૫.** આ દંડકપદની વૃત્તિ અને વિજ્ઞપ્તિ કોને લખેલી છે ?

**ઉત્તર :** આ દંડકપદની વૃત્તિ તથા આત્માને હિત કરનારી એવી વિજ્ઞપ્તિ એટલે વિનંતિ શ્રી જિનહંસ મુનિવરના રાજયમાં શ્રી ધવલચંદ મુનિના શિષ્ય જે ગજસાર મુનિ થયા તેમને આ વિજ્ઞપ્તિ લખેલી છે. તો હે ભવ્ય જીવો તે વિજ્ઞપ્તિવાંચી, સાંભળી જાણીને સૌ કોઈ વહેલામાં વહેલા મુક્તિપદને પામો એવી અભિલાષા છે.

**પ્રશ્ન ૪૬૬.** નરકગતિમાં પહેલીથી છ નરકમાં ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** પહેલીલી છ નરકમાં ત્રણ શરીર હોય છે :- વૈક્રિય, તૈજસ, કાર્મણ. નારકીની અવગાહનાશરીરની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે. ઉત્કૃષ્ટથી ૭ાા ધનુષ ૬ અંગુલ, ૧૫ાા હાથ ૧૨ અંગુલ, ૩૧ ધનુષ, ૬૨ાા ધનુષ, ૧૨૫ધનુષઅને ૨૫૦ધનુષ અનુક્રમે હોયછે. સંઘયણ હોતા નથી. ચાર સંજ્ઞા હોય છે. ચાર કષાય હોય છે. હુંડક સંસ્થાન હોય છે. પહેલી ત્રણ લેશ્યા હોય છે. પાંચ ઈન્દ્રિય હોય છે. વેદના, કષાય, મરણ અને વૈક્રિય આ ચાર સમુદ્ઘાત હોય છે. ત્રણેય દ્રષ્ટિ હોય છે. પહેલા ત્રણ દર્શન હોય છે. પહેલા ત્રણ જ્ઞાન હોય છે. પહેલા ત્રણ અજ્ઞાન હોય છે. ચાર મનના, ચાર વચનના, વૈક્રિય દ્વિક અને કાર્મણ એ ૧૧ યોગ હોય છે. ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન એમ ૯ ઉપયોગ હોય છે. એક સમયમાં એક, બે, સંખ્યાતા, અસંખ્યાતા જીવો ચ્યવે છે, અને ઉત્પન્ન થાય છે. નારકીની સ્થિતિ ૨૨ સાગરોપમની ઉત્કૃષ્ટથી હોય છે. છ પર્યાપ્તિઓ હોય છે. છ દિશિનો આહાર હોય છે. દ્રષ્ટિવાદોપદેશિકી અને દીર્ઘકાલિકી એ બે સંજ્ઞા હોય છે. નારકીના જીવો મરીને સખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય તિર્યંચમાં જાય છે. અને ત્યાંથી મરીને જ નરકમાં આવે છે.

નપુંસક વેદ હોય છે.

**પ્રશ્ન ૪૬૭.** સાતમી નારકીમાં ચોવીશ દ્વારો સમજાવો.

**ઉત્તર :** ત્રણ શરીર હોય છે. ૫૦૦ ધનુષ્યની અવગાહના, સંઘયણ નથી. ચાર સંજ્ઞા, ચાર કષાય હોય છે. હુંડક સંસ્થાન, કૃષ્ણ લેશ્યા, પાંચ ઇન્દ્રિય, વેદના કષાય, મરણ અને વૈક્રિય એ ચાર સમુદ્‌ઘાત હોય છે. ત્રણ દ્રષ્ટિ હોય છે. ત્રણ દર્શન, ત્રણ જ્ઞઆન, ત્રણ જ્ઞાન, ૧૧ યોગ, ૯ ઉપયોગ, એક-બે સંખ્યાત-અસંખ્યાત જીવો એક સમયમાં જન્મે છે. (ચ્યવે છે) અને ઉત્પન્ન થાય છે. ઉત્કૃષ્ટિ સ્થિતિ ૩૩ સાગરોપમની હોય છે. છ પર્યાપ્તિઓ હોય છે. છ દિશિનો આહાર હોય છે. દીર્ઘકાલિકી અને દ્રષ્ટિવાદોપદેશિકી એ બે સંજ્ઞાઓ હોય છે. સાતમી નારકીના જીવો મરીને નિયમા તિર્યચ ગતિમાં જાય છે. સંખ્યાત વરસના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો મરીને આ નરકમાં ઉત્પન્ન થાય છે. સાતમી નારકીમાં નિયમા એક નપુંસક વેદ જ હોય છે.

**પ્રશ્ન ૪૬૮.** એકેન્દ્રિય દંડકમાં ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** ચાર શરીર : ઔદારિક, તૈજસ, કાર્મણ, વૈક્રિય, અવગાહના અંગુલનો અસંખ્યતામો ભાગ હોય છે. સંઘયણ એક પણ હોતું નથી. સંજ્ઞાઓ ચારેય હોય છે. હુંડક સંસ્થાન હોય છે. ચારેય કષાય હોય છે. પહેલી ચાર લેશ્યા હોય છે. એક સ્પર્શના ઇન્દ્રિય હોય છે. વેદના, કષાય, મરણ અને વૈક્રિય ચાર સમુદ્‌ઘાતો હોય છે. મિથ્યા દ્રષ્ટિ અને સમ્યગ્ દ્રષ્ટિ બે દ્રષ્ટિઓ હોય છે. અચક્ષુદર્શન હોય છે એક પણ જ્ઞાન હોતું નથી. મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય છે. ઔદારિક દ્વિક, વૈક્રિય દ્વિક અને કાર્મણ એ પાંચ યોગ હોય છે. સાકાર અને નિરાકાર બે ઉપયોગ હોય છે. અસંખ્યાતા અને અનંતા ચ્યવે છે. અને મરે છે. સ્થિતિ ઉત્કૃષ્ટ ૨૨ હજાર વરસની હોય છે. ચાર પર્યાપ્તિઓ હોય છે. ત્રણ, ચાર, પાંચ અથવા છ દિશિનો આહાર હોય છે. હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે. એકેન્દ્રિય જીવો મરીને દશ દંડકમાં જાય છે. **અને દશ દંડકમાંથી** મરીને એકેન્દ્રિયમાં જાય છે. એક નપુંસક વેદ હોય છે.

**પ્રશ્ન ૪૬૯.** પૃથ્વીકાય દંડકમાં ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** પૃથ્વીકાયમાં ત્રણ શરીર હોય છે : ઔદારિક તૈજસ, કાર્મણ, અંગુલના

અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના હોય છે. સંઘયણ એક પણ હોતું નથી. ચાર સંજ્ઞાઓ હોય છે. ચાર કષાય હોય છે. હુંડક સંસ્થાન હોય છે. પહેલી ચાર લેશ્યા હોય છે. સ્પર્શના ઈન્દ્રિય હોય છે. વેદના, કષાય અને મરણ ત્રણ સમુદ્‌ઘાત હોય છે. મિથ્યા દ્રષ્ટિ અને સમ્યગ્‌ દ્રષ્ટિ બે દ્રષ્ટિ હોય છે. અચક્ષુદર્શન હોય છે. જ્ઞાન એક પણ હોતું નથી. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન બે અજ્ઞાન હોય છે. ઔદારિક દ્વિક અને કાર્મણ ત્રણ યોગ હોય છે. સાકાર, નિરાકાર બે ઉપયોગ હોય છે. સમયે સમયે અસંખ્યાતા ચ્યવે છે. અને ઉત્પન્ન થાય છે. સ્થિતિ ૨૨ હજાર વરસની હોય છે, પહેલી ચાર પર્યાપ્તિઓ હોય છે. ત્રણ, ચાર, પાંચ અને છ દિશિનો આહાર હોય છે. હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે. પૃથ્વીકાયના જીવો મરીને ૧૦ દંડકમાં જાય છે. દશ દંડકના જીવો મરીને પૃથ્વીકાયમાં ઉત્પન્ન થઈ શકે છે. નપુંસક વેદ હોય છે.

**પ્રશ્ન ૪૭૦.** અપ્‌કાય દંડકમાં ૨૪ દ્વારો સમજાવો.

ઉત્તર : ઔદારિક, તૈજસ, કાર્મણ ત્રણ શરીર હોય છે. અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના હોય છે. સંઘયણ હોતું નથી. ચાર સંજ્ઞાઓ હોય છે. હુંડક સંસ્થાન હોય છે. ચાર કષાય હોય છે. પહેલી ચાર લેશ્યા હોય છે. સ્પર્શેન્દ્રિય હોય છે. વેદના, કષાય અને મરણ ત્રણ સમુદ્‌ઘાત હોય છે. મિથ્યા દ્રષ્ટિ અને સમ્યગ દ્રષ્ટિ બે દ્રષ્ટિ હોય છે. અચક્ષુદર્શન હોય છે. જ્ઞાન એક પણ હોતું નથી. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન બે અજ્ઞાન હોય છે. ઔદારિક દ્વિક અને કાર્મણ ત્રણ યોગ હોય છે. સાકાર અને નિરાકાર બે ઉપયોગ હોય છે. એક સમયમાં અસંખ્યાતા ચ્યવે છે. અને ઉત્પન્ન થાય છે. સાત હજાર વરસની સ્થિતિ હોય છે. પહેલી ચાર=આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ પર્યાપ્તિઓ હોય છે. ત્રણ, ચાર, પાંચ, અથવા છ દિશિનો આહાર હોય છે : ત્રણ સંજ્ઞામાંથી એક પણ સંજ્ઞા હોતી નથી. પૃથ્વી આદિ દશ દંડકમાં જીવો મરીને જાય છે. પૃથ્વી આદિ દશ દંડકના જીવો મરીને અપ્‌કાય રૂપે ઉત્પન્ન થાય છે. નિયમા નુપંસક વેદ હોય છે.

**પ્રશ્ન ૪૭૧.** તેઉકાય દંડકમાં ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** ઔદારિક, તૈજસ, કાર્મણ શરીર. અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના. સંઘયણ હોતું નથી. ચાર સંજ્ઞાઓ હોય છે. હુંડક સંસ્થાન હોય છે.

ચાર કષાય હોય છે. પહેલી ત્રણ લેશ્યા હોય છે. સ્પર્શેન્દ્રિય હોય છે. વેદના, કષાય, મરણ ત્રણ સમુદ્‌ઘાત હોય છે. એક મિથ્યા દ્રષ્ટિ હોય છે. અચક્ષુદર્શન હોય છે. એક પણ જ્ઞાન હોતું નથી. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન બે અજ્ઞાન હોય છે. ઔદારિક દ્વિક અને કાર્મણ ત્રણ યોગ હોય છે. સાકાર અને નિરાકાર બે ઉપયોગ હોય છે. અસંખ્યાતા જીવો એક સમયમાં ચ્યવે છે. અને ઉત્પન્ન થાય છે. ત્રણ અહોરાત્રિનું આયુષ્ય હોય છે. પહેલી ચાર પર્યાપ્તિઓ હોય છે. ત્રણ, ચાર, પાંચ અથવા છ દિશિનો આહાર હોય છે. ત્રણ સંજ્ઞામાંથી એક પણ સંજ્ઞા હોતી નથી. પૃથ્વી આદિ તિર્યંચના નવ દંડકમાં જાય છે. પૃથ્વી આદિ દશ દંડકવાળા ઉત્પન્ન થાય છે. નિયમા એક નપુંસક વેદ જ હોય છે.

**પ્રશ્ન ૪૭૨.** વાયુકાય દંડકમાં ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ ચાર શરીર હોય છે. અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના, સંઘયણ હોતું નથી. ચાર સંજ્ઞાઓ હોય, હુંડક સંસ્થાન ચાર કષાય, પહેલી ત્રણ લેશ્યા, સ્પર્શેન્દ્રિય હોય, વેદના, કષાય, મરણ અને વૈક્રિય સમુદ્‌ઘાત-૪ સમુદ્‌ઘાત, મિથ્યાદ્રષ્ટિ હોય.અચક્ષુદર્શનહોય, કોઈપણ જ્ઞાન હોતું નથી. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન બે અજ્ઞાન હોય. ઔદારિક દ્વિક, વૈક્રિય દ્વિક અને કાર્મણ એ પાંચ યોગ હોય. સાકાર અને નિરાકાર બે ઉપયોગ, અસંખ્યાતા જીવો ચ્યવે છે. અને ઉત્પન્ન થાય છે. ત્રણ હજાર વર્ષનું આયુષ્ય હોય. પહેલી ચાર પર્યાપ્તિઓ હોય, ત્રણ-ચાર-પાંચ અથવા છ દિશિનો આહાર હોય, ત્રણ સંજ્ઞામાંથી કોઈ સંજ્ઞા હોતી નથી. પૃથ્વીકાયાદિ નવ દંડકોમાં મરીને જાય છે. પૃથ્વી આદિદશ દંડકોમાંથી વાયુકાય રૂપે ઉત્પન્ન થાય છે. વાયુકાય જીવોને નિયમા નપુંસક વેદ જ હોય છે.

**પ્રશ્ન ૪૭૩.** વનસ્પતિકાય દંડકના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** ઔદારિક, તૈજસ,કાર્મણ ત્રણ શરીર, એક હજાર યોજનથી અધિક અવગાહના, સંઘયણ હોતું નથી.ચાર સંજ્ઞા હોય, હુંડક સંસ્થાન હોય છે. ચાર કષાય હોય, પહેલી ચાર લેશ્યા હોય, સ્પર્શેન્દ્રિય હોય, વેદના કષાય, મરણ ત્રણ સમુદ્‌ઘાત, મિથ્યાદ્રષ્ટિ અને સમ્યગ્ દ્રષ્ટિ હોય, અચક્ષુદર્શન હોય, જ્ઞાન એક પણ હોતું નથી. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન બે. ઔદારિક દ્વિક અને કાર્મણ ત્રણ

યોગ. સાકાર અને નિરાકાર બે ઉપયોગ. એક સમયમાં સંખ્યાતા, અસંખ્યાતા અનંતા ચ્યવે છે. ઉત્પન્ન થાય છે. દશ હજાર વરસનું આયુષ્ય હોય છે. પહેલી ચાર પર્યાપ્તિઓ હોય છે. ત્રણ-ચાર-પાંચ-છ દિશિનો આહાર, હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોતી નથી. પૃથ્વી આદિ દશે દંડકોમાં મરીને જાય છે. પૃથ્વી આદિ દશે દંડકોમાંથી મરીને વનસ્પતિકાય રૂપે ઉત્પન્ન થાય છે. (પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચ અને મનુષ્ય) આ દશ દંડક કહેવાય. નિયમા નપુંસક વેદ જ હોય છે.

**પ્રશ્ન ૪૭૪.** બેઇન્દ્રિય જીવોમાં ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** ઔદારિક, તૈજસ, કાર્મણ ત્રણ શરીર, બાર યોજનની અવગાહના, છેવટ્ઠું સંઘયણ, પહેલી ચાર સંજ્ઞા, હુંડક સંસ્થાન ચાર કષાય, પહેલી ત્રણ લેશ્યા, સ્પર્શના, રસનાબેઇન્દ્રિય, ઔદારિક દ્વિક, કાર્મણ, ત્રણ યોગ, સાકાર-નિરાકાર બે ઉપયોગ, મિથ્યાદ્રષ્ટિ, સમ્યગ્ દ્રષ્ટિ બે દ્રષ્ટિ હોય છે. અચક્ષુદર્શન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન બે અજ્ઞાન, જ્ઞાન એક પણ હોતું નથી. એક સમયમાં સંખ્યાતા અસંખ્યાતા જીવો ચ્યવે છે. અને ઉત્પન્ન થાય છે. બાર વર્ષનું આયુષ્ય હોય છે. પહેલી પાંચ પર્યાપ્તિઓ, નિયમા છ દિશિનો આહાર, હેતુવાદોપદેશિકી સંજ્ઞા, પૃથ્વી આદિ દશ દંડકોમાં મરીને જાય છે. પૃથ્વી આદિ દશ દંડકોમાંથી મરીને બેઇન્દ્રિયપણાએ ઉત્પન્ન થાય છે. બેઇન્દ્રિય જીવો નપુંસક વેદી હોય છે. વેદના, કષાય, મરણ ત્રણ સમુદ્‌ઘાત હોય છે.

**પ્રશ્ન ૪૭૫.** તેઇન્દ્રિયજીવોના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** ઔદારિક, તૈજસ, કાર્મણ ત્રણ શરીર, ત્રણ ગાઉની અવગાહના, છેવટ્ઠુ સંઘયણ, ચાર સંજ્ઞાઓ, હુંડક સંસ્થાન, ચાર કષાય, પહેલી ત્રણ લેશ્યા, સ્પર્શના-રસના અને ઘ્રાણેન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, વેદના-કષાય અને મરણ, ત્રણ સમુદ્‌ઘાત, મિથ્યાદ્રષ્ટિ અને સમ્યગ્ દ્રષ્ટિ, અચક્ષુદર્શન. જ્ઞાન એક પણ હોતું નથી. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન બે અજ્ઞાન, ઔદારિક દ્વિક અને કાર્મણ ત્રણ યોગ, સાકાર-નિરાકાર બે ઉપયોગ, એક સમયમાં સંખ્યાત-અસંખ્યાતા ચ્યવે છે. અને ઉત્પન્ન થાય છે. ૪૯ દિવસનું આયુષ્ય હોય છે. પહેલી પાંચ પર્યાપ્તિઓ હોય છે. નિયમા છ દિશિનો આહાર હોય છે. હેતુવાદોપદેશિકી

સંજ્ઞા હોય છે. પૃથ્વી આદિ દશ દંડકમાં મરીને જાય છે. પૃથ્વી આદિ દશ દંડકમાંથી તેઈન્દ્રિયપણાએ ઉત્પન્ન થઈ શકે છે. નિયમા નપુંસક વેદ હોય છે.

**પ્રશ્ન ૪૭૬.** ચઉરિન્દ્રિય જીવોના ૨૪ દ્વાર સમજાવો.

**ઉત્તર :** ઔદારિક, તૈજસ, કાર્મણ ત્રણ શરીર, એક ગાઉની અવગાહના, છેવઠ્ઠું, સંઘયણ, ચાર સંજ્ઞા, હુંડક સંસ્થાન, ચાર કષાય, કૃષ્ણ-નીલ-કાપોત ત્રણ લેશ્યા, સ્પર્શ, રસના, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુ, ચાર ઈન્દ્રિય, વેદના, કષાય, મરણ, ત્રણ સમુદ્ઘાત, મિથ્યાદ્રષ્ટિ, સમ્યગ્દ્રષ્ટિ, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન બે દર્શન, જ્ઞાન એક પણ નહિ. મતિઅજ્ઞાન- શ્રુતઅજ્ઞાન, બે અજ્ઞાન, ઔદારિક-દ્વિક કાર્મણ, ત્રણ યોગ, સાકાર-નિરાકાર બે ઉપયોગ, એક સમયમાં ૧-૨ સંખ્યાતા અસંખ્યાતા ચ્યવે છે. અને ઉત્પન્ન થાય છે. ઉત્ષ્ટ આયુષ્ય છ માસનું, પહેલી પાંચ પર્યાપ્તિ, છ દિશિનો આહાર નિયમા, હેતુવાદોપદેશિકી સંજ્ઞા, પૃથ્વી આદિ દશ દંડકોમાં જાય છે. પૃથ્વી આદિ દશ દંડકોમાંથી આવે છે. નિયમા નપુંસક વેદ હોય છે.

**પ્રશ્ન ૪૭૭.** તિર્યંચ પંચેન્દ્રિય જીવોના ૨૪ દ્વાર સમજાવો.

**ઉત્તર :** ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ ચાર શરીર, છ ગાઉની અવગાહના, છ સંઘયણ, ચાર સંજ્ઞા, ચાર કષાય, છ લેશ્યા, પાંચ ઈન્દ્રિય વેદના, કષાય, મરણ, વૈક્રીય ચાર સમુદ્ઘાત, ત્રણ દ્રષ્ટિ, ત્રણ દર્શન, મતિ-શ્રુત-અવધિ ત્રણ આન, મતિ-શ્રુત-વિભંગજ્ઞાન, ત્રણ અજ્ઞાન, ઔદારિક દ્વિક, વૈક્રિય દ્વિક, કાર્મણ, ચાર મનના, ચાર વચનના એમ ૧૩ યોગ, સાકાર-નિરાકાર બે ઉપયોગ, એક સમયમાં સંખ્યાતા- અસંખ્યાતા ૧-૨ જીવો ચ્યવે છે. અને ઉત્પન્ન થાય છે. ત્રણ પલ્યોપમનું આયુષ્ય, છ પર્યાપ્તિ, છ દિશિનો આહાર, દીર્ઘકાલિકી, દ્રષ્ટિવાદોપદેશિકી બે સંજ્ઞા ૨૪ દંડકોમાં મરીને જાય છે. ચોવીશ દંડકવાળા જીવો મરીને તિર્યંચ રૂપે ઉત્પન્ન થઈ શકે છે. ત્રણ વેદ હોય છે.

**પ્રશ્ન ૪૭૮.** મનુષ્યોના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** પાંચ શરીર, ત્રણ ગાઉની અવગાહના, છ સંઘયણ, ચાર સંજ્ઞા, છ સંસ્થાન, ચાર કષાય, છ લેશ્યા, પાંચ ઈન્દ્રિય, સાત સમુદ્ઘાત, ત્રણ દ્રષ્ટિ, ચાર દર્શન, પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ૧૫ યોગ, ૧૨ ઉપયોગ, ૧ સમયમાં સંખ્યાતા

જીવો ચ્યવે છે. ૧-૨ યાવત્ સંખ્યાતા ઉત્પન્ન થાય છે. ત્રણ પલ્યોપમનું આયુષ્ય, છ પર્યાપ્તિ, છ દિશિનો આહાર દીર્ઘ કાલિકી-દ્રષ્ટિ વાદોપદેશિકી સંજ્ઞા, મનુષ્યોના જીવો મરીને ૨૪ દંડકોમાં જાય છે. તેઉકાય, વાયુકાય; બે દંડક સિવાયના ૨૨ દંડકના જીવો મરીને ગર્ભજ મનુષ્યો રૂપે ઉત્પન્ન થઈ શકે છે. સ્ત્રી-પુરુષવેદ- નપુંસકવેદ ત્રણ વેદ હોય છે.

**પ્રશ્ન ૪૭૯.** ભવનપતિના અસુરકુમાર દેવોના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર** : વૈક્રિય, તૈજસ, કાર્મણ ત્રણ શરીર, સાત હાથની શરીરની અવગાહના, એક પણ સંઘયણ ન હોય, ચાર સંજ્ઞા, ૧લું સંસ્થાન, ચાર કષાય, ૧લી ચાર લેશ્યા, પાંચ ઇન્દ્રિય, વેદના, કષાય- મરણ- વૈક્રિય- તૈજસ, પાંચ સમુદ્ઘાત, ત્રણ દ્રષ્ટિ, ત્રણ દર્શન, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, વૈક્રિય દ્વિક, કાર્મણ, ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ, સાકાર-નિરાકાર બે ઉપયોગ, એક સમયમાં ૧-૨ સંખ્યાતા અસંખ્યાતા ચ્યવે છે. ઉત્પન્ન થાય છે. સાગરોપમથી અધિક સ્થિતિ હોય છે. છ પર્યાપ્તિ, છ દિશિનો આહાર, દીર્ઘકાલિકી, દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, મનુષ્ય અને તિર્યંચો આ પાંચ દંડકોમાં જાય છે. મનુષ્યો તિર્યંચો મરીને ઉત્પન્ન થાય છે. પુરૂષવેદ સ્ત્રીવેદ એમ બે વેદ હોય છે.

**પ્રશ્ન ૪૮૦.** ભવનપતિના નવ દંડકોના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર** : વૈક્રિય, તૈજસ, કાર્મણ, ત્રણ શરીર સાત હાથની શરીરની અવગાહના, સંઘયણ હોતું નથી. ચાર સંજ્ઞા, પહેલું સંસ્થાન, ચાર કષાયો, પહેલી ચાર લેશ્યા, પાંચ ઇન્દ્રિયો, વેદના-કષાય, મરણ, વૈક્રિય, તૈજસ પાંચ સમુદ્ઘાત, ત્રણ દ્રષ્ટિ, ચક્ષુ-અચક્ષુ, અવધિ, ત્રણ દર્શન ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, સાકાર નિરાકાર ઉપયોગ ૨, વૈક્રિયદ્વિક કાર્મણ, ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ. એક સમયમાં સંખ્યાત અથવા અસંખ્યાત ચ્યવે છે અને ઉત્પન્ન થાય છે. બે પલ્યોપમમાં કાંઈક ન્યૂન સ્થિતિ હોય છે. છ પર્યાપ્તિ, છ દિશિનો આહાર, દીર્ઘકાલિકિ, દ્રષ્ટિવાદોપદેશિકી બે સંજ્ઞા, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, મનુષ્ય અને તિર્યંચ પાંચ દંડકમાં જાય છે. મનુષ્યો અને તિર્યંચો મરીને ઉત્પન્ન થાય છે. પુરુષવેદ-સ્ત્રીવેદ બે વેદ હોય છે.

**પ્રશ્ન ૪૮૧.** વ્યંતર દેવોના ૨૪ દ્વારો સમજાવો.
**ઉત્તર :** વૈક્રિય, તૈજસ, કાર્મણ, ત્રણ શરીર, સાત હાથની શરીરની અવગાહના, સંઘયણ હોતું નથી. ચાર સંજ્ઞા, પહેલું સંસ્થાન, ચાર કષાય, પાંચ ઈન્દ્રિય, પહેલી ચાર લેશ્યાઓ, વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, પાંચ સમુદ્ઘાત, ત્રણ દ્રષ્ટિ, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, એક સમયમાં સંખ્યાતા, અસંખ્યાતા ૧-૨ ચ્યવે છે. ઉત્પન્ન થાય છે. એક પલ્યોપમની સ્થિતિ હોય છે. છ પર્યાપ્તિઓ, છ દિશિનો આહાર, દીર્ઘકાલિકિ, દ્રષ્ટિવાદોપદેશિકી, બે સંજ્ઞાઓ, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, મનુષ્ય અને તિર્યંચ એ પાંચ દંડકમાં ઉત્પન્ન થાય છે. પુરૂષવેદ સ્ત્રીવેદ બે વેદ હોય છે.

**પ્રશ્ન ૪૮૨.** જ્યોતિષી દેવોના ૨૪ દ્વારો સમજાવો.
**ઉત્તર :** વૈક્રિય, તૈજસ, કાર્મણ ત્રણ શરીર, સાત હાથની શરીરની અવગાહના, સંઘયણ હોતું નથી. ચાર સંજ્ઞા, પહેલું સંસ્થાન, ચાર કષાય, પાંચ ઈન્દ્રિય, તેજો લેશ્યા, વેદના-કષાય-મરણ, વૈક્રિય, તૈજસ, પાંચસમુદ્ઘાત, મિથ્યા દ્રષ્ટિ, મિશ્ર દ્રષ્ટિ, સમ્યગ્ દ્રષ્ટિએ ત્રણ દ્રષ્ટિ, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, વૈક્રિયદ્વિક, કાર્મણ, ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ, સાકાર-નિરાકાર બે ઉપયોગ. એક સમયમાં ૧-૨ સંખ્યાતા, અસંખ્યાતા ચ્યવે છે. એક સમયમાં ઉત્પન્ન થાય છે. પલ્યોપમ લાખ વરસ અધિક સ્થિતિ, છ પર્યાપ્તિઓ હોય છે. છ દિશિનો આહાર, દીર્ઘકાલિકિ, દ્રષ્ટિવાદોપદેશિકિ સંજ્ઞા, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, મનુષ્ય, તિર્યંચ એ પાંચ દંડકોમાં જાય છે. મનુષ્યો અને તિર્યંચો મરીને જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થાય છે પુરૂષવેદ સ્ત્રીવેદ બે વેદ હોય છે.

**પ્રશ્ન ૪૮૩.** વૈમાનિકના ૧-૨ દેવલોકના ૨૪ દ્વારો સમજાવો.
**ઉત્તર :** વૈક્રિય, તૈજસ, કાર્મણ ત્રણ શરીર, સાત હાથની શરીરની અવગાહના. સંઘયણ નથી. ચાર સંજ્ઞા, પહેલું સંસ્થાન, ચાર કષાય, તેજો લેશ્યા, પાંચ ઈન્દ્રિય, વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, પાંચ સમુદ્ઘાત, ત્રણ દ્રષ્ટિ, ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન, ત્રણ અજ્ઞાન, વૈક્રિયદ્વિક, કાર્મણ, ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ, સાકાર- નિરાકાર બે ઉપયોગ, એક સમયમાં ૧-૨ સંખ્યાતા, અસંખ્યાતા દેવતાઓ આવે છે. ઉત્પન્ન થાય છે. ૧ સાગરોપમની સ્થિતિ હોય

છે. છ પર્યાપ્તિ છ દિશિનો આહાર દીર્ઘકાલિકી, દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, મનુષ્ય તથા ગર્ભજ તિર્યંચને વિષે આ જીવો મરીને ઉત્પન્ન થાય છે. તથા મનુષ્યો તેમજ ગર્ભજ તિર્યંચ મરીને દેવપણે ઉત્પન્ન થાય છે. પુરૂષવેદ સ્ત્રીવેદ બે વેદ હોય છે.

**પ્રશ્ન ૪૮૪.** વૈમાનિકના ત્રીજા-ચોથા દેવલોકના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય, તૈજસ, કાર્મણ ત્રણ શરીર, શરીરની અવગાહના છ હાથની, સંઘયણ નથી, ચાર સંજ્ઞા, ૧લું સંસ્થાન, ચાર કષાય, પાંચ ઇન્દ્રિય, વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, પાંચ સમુદ્ઘાત, ત્રણ દ્રષ્ટિ, ત્રણ દર્શન, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, વૈક્રિયદ્વિક, કાર્મણ, ચાર મનના, ચાર વચનના એમ ૧૧ યોગ, સાકાર-નિરાકાર બે ઉપયોગ, એક સમયમાં ૧-૨ સંખ્યાતા, અસંખ્યાતા જીવો ચ્યવે છે, અને ઉત્પન્ન થાય છે. છ પર્યાપ્તિ, છ દિશિનો આહાર, દીર્ધકાલિકી, દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા, મનુષ્યો અને તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યો અને તિર્યંચો મરીને ત્રીજા ચોથા દેવલોકમાં ઉત્પન્ન થઈ શકે છે. પુરૂષવેદ એક જ હોય છે. એક પદ્મ લેશ્યા હોય છે.

**પ્રશ્ન ૪૮૫.** પાંચમા અને છઠ્ઠા દેવલોકમાં રહેલા દેવોમાં ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય, તૈજસ, કાર્મણ, ત્રણ શરીર, શરીરની અવગાહના પાંચ હાથની, સંઘયણ નથી, ચાર સંજ્ઞા, ૧લું સંસ્થાન, ચાર કષાય, પાંચ ઇન્દ્રિય, તેજો લેશ્યા, વૈક્રિય વેદના-મરણ-કષાય, તૈજસ, પાંચસમુદ્ઘાત, ત્રણ દ્રષ્ટિ, ત્રણ દર્શન, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, વૈક્રિયદ્વિક, કાર્મણ, ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ, સાકાર-નિરાકાર બે ઉપયોગ. ૧ સમયમાં સંખ્યાતા-અસંખ્યાતા દેવો ચ્યવે છે, અને ઉત્પન્ન થાય છે. છ પર્યાપ્તિ, છ દિશિનો આહાર. દીર્ધકાલિકી, દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા, સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો મરીને પાંચમા છઠ્ઠા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. પુરૂષવેદ એક વેદ છે.

**પ્રશ્ન ૪૮૬.** સાતમા આઠમા દેવલોકમાં ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય, તૈજસ, કાર્મણ, ત્રણ શરીર, શરીરની અવગાહના ચાર હાથની, સંઘયણ નથી. ચાર સંજ્ઞા, ૧લું સંસ્થાન, ચાર કષાય, પાંચ ઇન્દ્રિય, પદ્મ લેશ્યા,

ત્રણ દ્રષ્ટિ, વૈક્રિય વેદના-મરણ-કષાય, તૈજસ, પાંચ સમુદ્ઘાત, ત્રણ દર્શન, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, વૈક્રિયદ્વિક, કાર્મણ, ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ, સાકાર તથા નિરાકાર બે ઉપયોગ. ૧ સમયમાં સંખ્યાતા અસંખ્યાતા દેવો ચ્યવે છે અને ઉત્પન્ન થાય છે. છ પર્યાપ્તિ, છ દિશિનો આહાર, દીર્ઘકાલિકી દ્રષ્ટિવાદાપદેશિકી બે સંજ્ઞા મનુષ્યો તથા ગર્ભજ તિર્યંચોને વિષે દેવતાઓ મરીને ઉત્પન્ન થાય છે. તેમજ દેવો મરીને ત્યાં ઉત્પન્ન થાય છે. પુરૂષવેદ એક વેદ હોય છે.

**પ્રશ્ન ૪૮૭.** નવમાથી બારમા દેવલોકના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય, તૈજસ, કાર્મણ, ત્રણ શરીર, શરીરની અવગાહના, ત્રણ હાથની, સંઘયણ નથી. ચાર સંજ્ઞા, ૧લું સંસ્થાન, ચાર કષાય, પાંચ ઇન્દ્રિય, ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન, ત્રણ અજ્ઞાન, વૈક્રિયદ્વિક, કાર્મણ, ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ સાકાર-નિરાકાર બે ઉપયોગ, ૧ સમયમાં સંખ્યાતા જીવો ચ્યવે છે, ઉત્પન્ન થાય છે. છ પર્યાપ્તિ, છ દિશિનો આહાર, દીર્ઘ દ્રષ્ટિ બે સંજ્ઞા, ચારેય દેવલોકના દેવતાઓ મરીને મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યોના જીવો મરીને ચારેય દેવલોકમાં ઉત્પન્ન થઈ શકે છે. નિયમા એક પુરૂષવેદ જ હોય છે.

**પ્રશ્ન ૪૮૮.** નવગ્રૈવેયકના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય, તૈજસ, કાર્મણ, ત્રણ શરીર, ૨ હાથની અવગાહના, સંઘયણ હોતું નથી, ચાર સંજ્ઞા, ૧લું સંસ્થાન, ચાર કષાય, શુકલ લેશ્યા, ૫ ઇન્દ્રિય, ત્રણ દ્રષ્ટિ, ત્રણ દર્શન, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, વેદના-કષાય-મરણ ત્રણ સમુદ્ઘાત, વૈક્રિય-દ્વિક-કાર્મણ ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ, સાકાર-નિરાકાર બે ઉપયોગ. ૧ સમયમાં સંખ્યાતા ચ્યવે છે. અને ઉત્પન્ન થાય છે. સ્થિતિ સામાન્યથી ૩૧ સાગરોપમની, છ પર્યાપ્તિ, છ દિશિના આહાર, દીર્ઘકાલિકી, દ્રષ્ટિવાદોપદેશિકી બે સંજ્ઞા, નવગ્રૈવેયકમાંથી દેવો મનુષ્યમાં જાય છે. નવગ્રૈયકમાં નિયમા મનુષ્યો જ ઉત્પન્ન થઈ શકે છે. નિયમા એક પુરૂષ વેદ જ હોય છે.

**પ્રશ્ન ૪૮૯.** અનુત્તર દેવોના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય, તૈજસ, કાર્મણ, ત્રણ શરીર, શરીરની અવગાહના એક હાથની, સંઘયણ હોય નહિ. ચાર સંજ્ઞા, પહેલું સંસ્થાન, ચાર કષાય, શુકલ લેશ્યા, પાંચ ઇન્દ્રિયો.

વેદના કષાય અને મરણ ત્રણ સમુદ્ઘાત. નિયમા એક સમ્યગ દ્રષ્ટિ હોય છે. ત્રણ દર્શન, ત્રણ જ્ઞાન હોય છે. એક પણ અજ્ઞાન હોતું નથી. વૈક્રિય-દ્વિક-કાર્મણ ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ હોય છે. સાકાર અને નિરાકાર એમ બે ઉપયોગ હોય છે. એક સમયમાં એક બે યાવત્ સંખ્યાતા આવે છે. એક સમયમાં એક બે યાવત્ સંખ્યાતા ઉત્પન્ન થાય છે. ૩૩ સાગરોપમની સ્થિતિ હોય છે. છ પર્યાપ્તિઓ, છ દિશિનો, આહાર, દીર્ઘકાલિકી દ્રષ્ટિવાદોપદેશિકી બે સંજ્ઞા મરીને નિયમા મનુષ્યમાં જાય છે. મનુષ્યો જ મરીને ત્યાં ઉત્પન્ન થાય છે. એક પુરૂષ વેદ જ નિયમા હોય છે.

**પ્રશ્ન ૪૯૦.** પંદર પરમાધામી દેવોના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય, તૈજસ, કાર્મણ ત્રણ શરીર, સાત હાથની અવગાહના, સંઘયણ ન હોય, ચાર સંજ્ઞાઓ, પહેલું સંસ્થાન, ચાર કષાય, પહેલી ચાર લેશ્યા, પાંચ ઈન્દ્રિય, વેદના-કષાય-મરણ તૈજસ અને વૈક્રિય એ પાંચ સમુદ્ઘાત, દ્રષ્ટિમાં સામાન્ય રીતે મિથ્યા દ્રષ્ટિ હોય એમ લાગે છે. બાકી વિશેષ વિચાર કરતાં સમકિત પામે તો તે અપેક્ષા એ ત્રણેય દ્રષ્ટિ ઘટી શકે. આ વાત વિચારવા યોગ્ય છે. ત્રણ દર્શન, ત્રણ જ્ઞઆન જો સમકીતી હોય તો ત્રણ જ્ઞાન પણ હોય. વૈક્રિય-દ્વિક-કાર્મણ ચાર મનના, ચાર વચનના એમ ૧૧ યોગ. સાકાર-નિરાકાર બે ઉપયોગ, એક સમયમાં સંખ્યાતા અસંખ્યાતા આવે છે. તથા ઉત્પન્ન થાય છે. છપર્યાપ્તિ, છ દિશિનો આહાર દીર્ઘકાલિકી તથા દ્રષ્ટિ વાદોપદેશિકી બે સંજ્ઞા, નિયમા અંડગોલિક રૂપે થાય છે. મનુષ્યો અને તિર્યંચો મરીને ઉત્પન્ન થાય છે. પુરૂષ તથા સ્ત્રી એમ બે વેદ હોય છે.

**પ્રશ્ન ૪૯૧.** પહેલા કીલ્બીષીયા દેવોના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય-તૈજસ-કાર્મણ ત્રણ શરીર, અવગાહના સાત હાથની, સંઘયણ, હોય નહીં. ચાર સંજ્ઞા, પહેલું સંસ્થાન, ચાર કષાય, તેજો લેશ્યા, પાંચ ઈન્દ્રિયો, વેદના-કષાય-મરણ-વૈક્રિય-તૈજસ પાંચ સમુદ્ઘાત, ત્રણ દ્રષ્ટિ, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, સાકાર-નિરાકાર ઉપયોગ વૈક્રિય-દ્વિક-કાર્મણ ચાર મનનાં, ચાર વચનનાં એમ ૧૧ યોગ. એક સમયમાં એક બે સંખ્યાતા અસંખ્યાતા આવે છે. એક સમયમાં એક બે સંખ્યાત્તા અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. એક સાગરોપમ,

છ પુર્યાપ્તિઓ, નિયમા છ દિશિનો આહાર. દીર્ઘકાલિકી, દ્રષ્ટિવાદોપદેશિકી બે સંજ્ઞાઓ, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, મનુષ્ય અને તિર્યંચ એ પાંચ દંડકોમાં જાય છે. મનુષ્યો અને તિર્યંચો મરીને ઉત્પન્ન થઈ શકે છે. પુરૂષવેદ અને સ્ત્રીવેદ એ બે વેદો હોય છે.

**પ્રશ્ન ૪૯૨.** બીજા કીલ્બીષીયા દેવોમાં ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય-તૈજસ- કાર્મણ ત્રણ શરીર, અવગાહના છ હાથની, સંઘયણ ન હોય. ચાર સંજ્ઞાઓ, પહેલું સંસ્થાન, ચાર કષાય, પદ્મ લેશ્યા, પાંચ ઇન્દ્રિય, વેદના-કષાય-મરણ અને તૈજસ તથા વૈક્રિય પાંચ સમુદ્‌ઘાત, ત્રણ દ્રષ્ટિ, ત્રણ અજ્ઞાન, ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન, વૈક્રિય-દ્વિક-કાર્મણ ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ, સાકાર-નિરાકાર બે ઉપયોગ. એક સમયમાં એક બે સંખ્યાતા અસંખ્યાતા ચ્યવે છે. એક સમયમાં એક બે સંખ્યાતા અસંખ્યાતા ઉત્પન્ન થાય. એક સાગરોપમથી અધિક સ્થિતિ, છ પર્યાપ્તિ, છ દિશિનો આહાર, દીર્ઘકાલિકી તથા દ્રષ્ટિવાદોપદેશિકી એ બે સંજ્ઞાઓ, મનુષ્ય અને તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યો અને તિર્યંચો મરીને ત્યાં જઈ શકે છે. પુરૂષવેદ એક જ વેદ હોય છે.

**પ્રશ્ન ૪૯૩.** ત્રીજા કીલ્બીષીયા દેવોના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય -તૈજસ- કાર્મણ ત્રણ શરીર, અવગાહના પાંચ હાથની, સંઘયણ ન હોય. ચાર સંજ્ઞાઓ, પહેલું સંસ્થાન, ચાર કષાય, પદ્મ લેશ્યા, પાંચ ઇન્દ્રિય, વેદના-કષાય-મરણ-વૈક્રિય- તૈજસ પાંચ સમુદ્‌ઘાત, ત્રણ દ્રષ્ટિ, ત્રણ દર્શન, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, વૈક્રિયદ્વિક કાર્મણ ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ, સાકાર અને નિરાકાર એ બે ઉપયોગ. એક સમયમાં સંખ્યાતા અસંખ્યાતા જીવો ચ્યવે છે. એક સમયમાં સંખ્યાતા અસંખ્યાતા દેવો ઉત્પન્ન થાય છે. છ પર્યાપ્તિઓ, નિયમા છ દિશિનો આહાર, દીર્ઘકાલિકી, દ્રષ્ટિવાદોપદેશિકી બે સંજ્ઞાઓ મનુષ્યો અને તિર્યંચોમાં જાય છે. મનુષ્યો અને તિર્યંચો મરીને ત્રીજા કીલ્બીષીયાપણાએ ઉત્પન્ન થાય છે. પુરૂષવેદ એક જ વેદ હોય છે.

**પ્રશ્ન ૪૯૪.** નવ લોકાંતિક દેવોના વિમાનોમાં રહેલા બીજા દેવતાઓનાં ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય-તેજસ-કાર્મણ ત્રણ શરીર, શરીરની અવગાહના પાંચ હાથની હોય, સંઘયણ ન હોય. ચાર સંજ્ઞા, પહેલું સંસ્થાન, ચાર કષાય, પદ્મ લેશ્યા, પાંચ ઈન્દ્રિય, વેદના-કષાય-મરણ-વૈક્રિય-તૈજસ પાંચ સમુદ્ઘાત, ત્રણ દષ્ટિ, ત્રણ દર્શન, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, વૈક્રિયદ્વિક કાર્મણ ચાર મનના, ચાર વચનના ૧૧ યોગ, સાકાર અને નિરાકાર એ બે ઉપયોગ. એક સમયમાં એક બે સંખ્યાતા અસંખ્યાતા ચ્યવે છે અને ઉત્પન્ન થાય છે.છ પર્યાપ્તિઓ, છ દિશિનો આહાર, દીર્ઘકાલિકી સંજ્ઞા, દષ્ટિવાદોપદેશીકી બે સંજ્ઞા, મનુષ્યમાં અને તિર્યઁચમાં જાય છે. મનુષ્યો અને તિર્યઁચો આવે છે. પુરૂષ વેદ જ હોય છે.

**પ્રશ્ન ૪૯૫.** નવ લોકાંતિકના નવ દેવોના ૨૪ દ્વારો સમજાવો.

**ઉત્તર :** વૈક્રિય-તૈજસ-કાર્મણ ત્રણ શરીર, શરીરની અવગાહના, પાંચ હાથની, સંઘયણ નથી, સંજ્ઞા ચાર, પહેલું સંસ્થાન, ચાર કષાય, પદ્મલેશ્યા, પાંચ ઈન્દ્રિય, વેદના-કષાય-મરણ-વૈક્રિય-તૈજસ એ પાંચ સમુદ્ઘાત, ત્રણ જ્ઞાન, નવલોકાંતિક દેવો પ્રાયઃ કરીને સમકિતી હોય એમ સંભવે છે. માટે એક સમ્યગ દ્રષ્ટિ અથવા જો મિથ્યાત્વ આવી જાય તે અપેક્ષાએ માનીએ તો ત્રણે દ્રષ્ટિઓ ઘટે. તે કારણથી ત્રણ અજ્ઞાન પણ ઘટી શકે. ત્રણ દર્શન, સાકાર-નિરાકાર બે ઉપયોગમાં. વૈક્રિય-દ્વિક-કાર્મણ ચાર મનના, ચાર વચનના એમ ૧૧ યોગ. એક સમયમાં સંખ્યાતા ચ્યવે છે અને ઉત્પન્ન થાય છે. છ પર્યાપ્તિઓ, છ દિશિનો આહાર, દીર્ઘકાલિકી સંજ્ઞા, દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા બે સંજ્ઞા, પ્રાયઃ કરીને એકાવતારી હોવાથી મરીને મનુષ્યગતિમાં જાય છે. મનુષ્યો અને તિર્યંચો મરીને ત્યાં ઉત્પન્ન થઈ શકે છે. એક પુરૂષ વેદ જ હોય છે.

# લઘુસંગ્રહણી

# લઘુસંગ્રહણી પ્રશ્નોત્તરી

## જંબૂદ્વીપ અધિકાર

**પ્રશ્ન ૧.** જંબૂદ્વીપમાં ક્ષેત્રો કેટલા આવેલા છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** જંબૂદ્વીપમાં નવ ક્ષેત્રો આવેલા છે : (૧) ભરતક્ષેત્ર, (૨) હિમવંતક્ષેત્ર, (૩) હિરણ્યવંતક્ષેત્ર, (૪) હરિવર્ષક્ષેત્ર, (૫) રમ્યક્ક્ષેત્ર, (૬) મહાવિદેહક્ષેત્ર, (૭) દેવકુરૂક્ષેત્ર, (૮) ઉત્તરકુરૂક્ષેત્ર, (૯) ઐરાવતક્ષેત્ર.

**પ્રશ્ન ૨.** જંબૂદ્વીપની પરિધિનું માપ કેટલું છે ?

**ઉત્તર :** જંબૂદ્વીપની પરિધિનું માપ આ પ્રમાણે છે : ૩૧૬૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ, ૦ હાથ, ૧૩ અંગુલ, ૫ જવ, ૧ યુકા, ૧ લીખ ૪ $\frac{૭}{૬}$, $\frac{૧૦}{૬૧}$ વાળ છે.

**પ્રશ્ન ૩.** જંબૂદ્વીપનું ક્ષેત્રફળ કેટલું છે ?

**ઉત્તર :** જંબૂદ્વીપનું ક્ષેત્રફળ આ પ્રમાણે છે : ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન, ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ, ૨ હાથ, ૧૨ અંગુલથી કાંઈક અધિક છે.

**પ્રશ્ન ૪.** જંબૂદ્વીપ ખંડો કેટલા છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** ૧૯૦ ખંડો છે તે આ પ્રમાણે :-

| | | | |
|---|---|---|---|
| ભરતક્ષેત્રનો | ૧ ખંડ | નીલવંત પર્વતના | ૩૨ ખંડ |
| હિમવંત પર્વતના | ૨ ખંડ | રમ્યક ક્ષેત્રના | ૧૬ ખંડ |
| હિમવંતક્ષેત્રના | ૪ ખંડ | રૂકિમ પર્વતના | ૮ ખંડ |
| મહા હિમવંત પર્વત | ૮ ખંડ | હિરણ્યવંત ક્ષેત્રના | ૪ ખંડ |
| હરિવર્ષક્ષેત્રના | ૧૬ ખંડ | શિખરી પર્વતનાં | ૨ ખંડ |
| નિષધ પર્વતના | ૩૨ ખંડ | ઐરાવતક્ષેત્રનો | ૧ ખંડ |
| મહાવિદેહક્ષેત્રના | ૬૪ ખંડ | | |

કુલ ૧૯૦ ખંડ થાય

**પ્રશ્ન ૫.** જંબૂદ્વીપની મધ્યમાં ક્યો પર્વત છે ? તે કેટલો ઉંચો તથા ઉંડો છે ?

**ઉત્તર :** જંબૂદ્વીપની મધ્યમાં મેરૂ પર્વત આવેલો છે તે ઉંચાઈમાં ૯૯૦૦૦ (નવ્વાણુ હજાર) યોજન છે તથા ઉંડાઈમાં ૧ હજાર યોજન છે. બંને મળી લાખ

યોજન થાય છે.

**પ્રશ્ન ૬.** મેરૂ પર્વતના મૂળમાં વિષ્કંભ કેટલો છે ? તથા સમભૂતલાના પડ પાસે વિષ્કંભ કેટલો છે ? ઉપર વિસ્તાર કેટલો છે ? તથા ક્યા આકારે હોય છે ?

**ઉત્તર :** મૂળમાં વિષ્કંભ ૧૦૦૯૦ ૧૦/૧૧ યોજન છે. સમભૂતલા પૃથ્વીએ ૧૦૦૦૦ યોજન વિસ્તાર છે. ઉપરના તળીએ ૧૦૦૦ યોજન વિસ્તાર છે. આ પર્વત ગોળ વૃત્ત આકારે હોય છે.

**પ્રશ્ન ૭.** ભદ્રશાલવન ક્યાં આવેલું છે ? અને તેનો વિસ્તાર કેટલો છે ?

**ઉત્તર :** મેરૂપર્વતની ચારે બાજુ જમીન ઉપર ભદ્રશાલવન આવેલું છે તે પૂર્વ તેમજ પશ્ચિમે બાવીશ બાવીશ હજાર યોજન અને ઉત્તર-દક્ષિણ અઢીસો અઢીસો યોજન વિસ્તારવાળું છે.

**પ્રશ્ન ૮.** નંદનવન ક્યાં આવેલું છે ? અને તેનો વિસ્તાર કેટલો છે ?

**ઉત્તર :** મેરૂપર્વતની જમીનની સપાટીથી ૫૦૦ યોજન ઉંચાઈએ ચારે બાજુ મેરૂપર્વતને ફરતું નંદનવન આવેલું છે. તે ૫૦૦ યોજનના વિસ્તારવાળું છે.

**પ્રશ્ન ૯.** સોમનસવન ક્યાં આવેલું છે ? અને તેનો વિસ્તાર કેટલો છે ?

**ઉત્તર :** નંદનવનથી ઉપર ૬૨૫૦૦ યોજન ઉંચે મેરૂપર્વતને ચારે બાજુ ફરતું સોમનસવન આવેલું છે. ૫૦૦ યોજનના વિસ્તારવાળું છે.

**પ્રશ્ન ૧૦.** પાંડુકવન ક્યાં આવેલું છે ? અને તેનો વિસ્તાર કેટલો છે ?

**ઉત્તર :** સોમનસવનથી ૩૬૦૦૦ યોજન ઉંચે મેરૂપર્વતના ઉપરના તળીયામાં પાંડુકવન આવેલું છે. તે ૫૦૦ યોજન વિસ્તારવાળું છે.

**પ્રશ્ન ૧૧.** પાંડુકવનની મધ્યમાં શું આવેલું છે ? અને તેનો વિસ્તાર તથા ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** પાંડુકવનની મધ્યમાં ચૂલીકા આવેલી છે તે ૪૦ યોજન ઉંચી, નીચે ૧૨ યોજન વિષ્કંભવાળી અને ઉપરના તળીએ ૪ યોજન વિષ્કંભવાળી છે.

**પ્રશ્ન ૧૨.** ચૂલીકાની ઉપર મધ્યમાં શું આવેલું છે ? અને તેની લંબાઇ-પહોળાઈ-ઉંચાઈ કેટલી છે ?

**ઉત્તર :** ચૂલીકાની ઉપર મધ્યમાં એક જિન ચૈત્ય આવેલું છે તે મધ્યમાં ૧ ગાઉ લાંબુ, ૦॥ (અડધો) ગાઉ પહોળું અને ૧૪૪૦ ધનુષ ઉંચું છે.

પ્રશ્ન ૧૩. તે ચૈત્યમાં પ્રતિમાજી કેટલા છે ? અને તેના દર્શને ક્યા જીવો આવે છે ?

**ઉત્તર :** આ જિન ચૈત્યમાં ૧૦૮ પ્રતિમાજીઓ છે. ત્યાં ફક્ત દેવ અને દેવીઓ જ તેના દર્શને આવે છે.

**પ્રશ્ન ૧૪.** ચૂલીકાની ચારે બાજુ શું આવેલું છે ? તે કેટલા યોજન દૂર છે ? અને તે કેટલા યોજન લંબાઈ-પહોળાઈ-ઉંચાઈવાળું છે ?

**ઉત્તર :** ચૂલીકાની ચારે બાજુ ૫૦ યોજન દૂર પાંડુકવનમાં એક એક જિન ચૈત્ય આવેલું છે. (એમ ચારે દિશાના ચાર જિન ચૈત્ય થાય) તે દરેક જિન ચૈત્ય ૫૦ યોજન લંબાઈ ૨૫ યોજન પહોળાઈ અને ૩૬ યોજન ઉંચાઈવાળા છે.

**પ્રશ્ન ૧૫.** તે દરેક જિન ચૈત્યમાં કેટલી કેટલી પ્રતિમાઓ છે ?

**ઉત્તર :** તે દરેક જિન ચૈત્યમાં એકસો ચોવીસ (૧૨૪) જિન પ્રતિમાઓ છે. તે ચારેયની કુલ ૪૯૬ પ્રતિમાઓ થાય છે.

**પ્રશ્ન ૧૬.** ચૂલીકાની ચારેય વિદિશાઓમાં શું આવેલું છે ? તેની લંબાઈ વગેરે કેટલી છે ?

**ઉત્તર :** ચૂલીકાની ચારેય વિદિશાઓમાં પ્રાસાદો આવેલા છે. તે ૫૦૦ યોજન ઉંચા અને ૨૫૦ યોજન સમચોરસ વિસ્તારવાળા છે.

**પ્રશ્ન : ૧૭.** ચૂલિકાની વિદિશાઓનાં પ્રાસાદો પાસે ચારે બાજુ શું આવેલું છે? તેની લંબાઈ આદિ કેટલી છે?

**ઉત્તર :** પ્રાસાદોની ચારે બાજુ એક એક વાપીકા આવેલી છે એમ કુલ ૧૬ વાપીકા થાય છે તે દરેક વાપીકા ૫૦ યોજન લાંબી અને ૨૫ યોજન પહોળી છે.

**પ્રશ્ન : ૧૮.** પાંડવકવનમાં ચૈત્ય અને વનના છેડાની મધ્યમાં શું આવેલું છે? તેની લંબાઇ વગેરે કેટલી કેટલી છે.?

**ઉત્તર :** પાંડવકવનમાં ચૈત્ય અને વનના છેડાની મધ્યમાં ચૂલીકાની ચારે દિશાઓમાં એક એક અભિષેક શિલા આવેલી છે તે શિલા ઉત્સેધ અંગુલે ૪ યોજન ઉંચી, ૫૦૦ યોજન લાંબી અને ૨૫૦ યોજન પહોળી છે. તે શ્વેત વેદીકા અને વન સહિત હોય છે.

**પ્રશ્ન : ૧૯.** તે અભિષેક શિલાઓના નામો કયા કયા છે? તથા તેની ઉપર સિંહાસનો કેટલા છે? કુલ કેટલા કેટલા થાય છે?

**ઉત્તર** : તે અભિષેક શિલાઓનાં નામો આ પ્રમાણે :- પૂર્વ તરફની અભિષેક શિલાનું નામ પાંડુકમ્બલા પશ્ચિમ તરફની અભિષેક શિલાનું નામ રત્નકમ્બલા આ બન્ને અભિષેક શિલા ઉપર બબ્બે સિંહાસનો છે. ઉત્તર તરફની અભિષેક શિલા અતિ રક્તમ્બલા, દક્ષિણ તરફની અભિષેક શિલા અતિ પાંડુકમ્બલા. આ બન્ને અભિષેક શિલાઓ ઉપર એક એક સિંહાસન છે. આ રીતે ચાર અભિષેક શિલાના છ સિંહાસનો થાય છે.

**પ્રશ્ન** : ૨૦. આ સિંહાસનોની લંબાઈ વગેરે કેટલી કેટલી હોય છે? બધા શેનાથી વીંટળાયેલા છે?

**ઉત્તર**.: આ છએ સિંહાસનો ૫૦૦ ધનુષ લાંબા, ૨૫૦ ધનુષ પહોળા અને ૪ યોજન ઉંચા (જાડા) હોય છે. આ સિંહાસનો ચુલીકા, વેદિકા અને વનથી વીંટળાયેલાં છે.

**પ્રશ્ન** : ૨૧.સોમનસવન કોના સરખું છે? શેના સિવાય?

**ઉત્તર** : અભિષેક શિલાઓ સિવાય સોમનસવન પાંડુકવન જેવું જ છે.

**પ્રશ્ન** :૨૨. નંદનવન કોના સરખુ છે?

**ઉત્તર** : નંદનવન સોમનસવન સરખું છે.

**પ્રશ્ન** : ૨૩. નંદનવનની દિશાઓનાં ચૈત્યો તથા વિદશાઓના પ્રાસાદોની વચમાં શું આવેલું છે?

**ઉત્તર** : નંદનવનની દિશાઓનાં ચૈત્યો તથા વિદશાઓના પ્રાસાદોની વચમાં ઉર્ધ્વલોકની આઠ દિશિકુમારીઓનો એક એક ગિરિકૂટ આવેલો છે એમ કુલ ૮ ગિરિકૂટો આવેલા છે.

**પ્રશ્ન** : ૨૪. આ ગિરિકૂટોની ઉંચાઈ કેટલી છે?

**ઉત્તર** : ગિરિકૂટોની ઉંચાઈ ૫૦૦ યોજનની છે.

**પ્રશ્ન** : ૨૫. નવમો કયો કૂટ હોય ? તે કોનો હોય? તથા કેટલો ઉંચો હોય છે?

**ઉત્તર** : નવમો ૯૯ અધિપતિનો ૯૯ કૂટ આવેલો છે તે ૧૦૦૦ યોજન ઉંચો છે.

**પ્રશ્ન** : ૨૬. ભદ્રશાલવન કોના જેવું છે? અને તેમાં શું ફેર છે?

**ઉત્તર** : ભદ્રશાલવન નંદનવન સરખું જ છે પણ વિસ્તારમાં ફેર છે.

**પ્રશ્ન** : ૨૭. ભદ્રશાલવનમાં શું શું રહેલું હોય છે? અને તે કૂટોને શું કહેવાય?

તે કેટલાં ઉંચા હોય છે?

**ઉત્તર :** સીતા અને સીતોદા નદીઓ ચારે દિશામાં વહેતી હોવાથી ત્યાંથી વહે છે તથા ચારે વિદિશામાં એક એક એમ ચાર ગજદંતગિરિ આવેલા હોવાથી ચૈત્યો નદીના કિનારા ઉપર અને પ્રાસાદો ગિરિકૂટોની જોડે છે. આ આઠેય કૂટોને કરિકૂટો કહેવાય છે તે દરેક ૫૦૦ યોજન ઉંચા હોય છે. નવમો સહસ્રાંક કૂટ અત્રે નથી.

**પ્રશ્ન :** ૨૮. મેરૂપર્વત સંબંધી કુલ કેટલા ચૈત્યો છે ? કઈ રીતે ?

**ઉત્તર :** મેરૂપર્વત સંબંધી કુલ ૧૭ ચૈત્યો છે. તે આ પ્રમાણે : ૪ ભદ્રશાલવનનાં, ૪ નંદનવનનાં, ૪ સોમનસવનનાં, ૪ પાંડુકવનનાં અને ૧ ચૂલીકા ઉપરનું કુલ ૧૭ ચૈત્યો થાય છે.

## મહાવિદેહ ક્ષેત્રનું વર્ણન

**પ્રશ્ન :** ૨૯. મેરૂપર્વતની પૂર્વ તરફ શું આવેલું છે? તથા કઈ દિશાઓમાંથઈ કેટલા યોજનોવાળી કઈ નદી વહે છે અને તે કઈ દિશાથી કોને મળે છે?

**ઉત્તર :** મેરૂની પૂર્વ તરફ ૨૨૦૦૦ યોજન ભદ્રશાલવન છે. ત્યારબાદ ઉત્તર અને દક્ષિણની વચમાં (મધ્યમાં) ભદ્રશાલવનની અંદરથી વહેતી આવતી ૫૦૦ યોજન ઉત્તર દક્ષિણ પહેલી સીતા નામની નદી છે. એ નદી વહેતી વહેતી પૂર્વ તરફ લવણસમુદ્રને મળે છ

**પ્રશ્ન** ૩૦. આ નદીની બન્ને બાજુએ લગોલગ શું આવેલ છે ? તે કેટલા યોજનની છે?

**ઉત્તર :** આ નદીની બંને બાજુ (ઉત્તર-દક્ષિણ બંને બાજુ) ભદ્રશાલવન પૂર્ણ થાય ત્યારપછી એટલે કે ભદ્રશાલવનની લગોલગ એક વિજય આવેલી છે. તે ૨૨૧૨ યોજન ૭/૮ કલાની છે.

**પ્રશ્ન** ૩૧. પહેલી વિજય પછી શું આવેલ છે ? અને તે કેટલા યોજનની પહોળાઈ વાળો છે ?

**ઉત્તર :** પહેલી વિજય પછી પૂર્વ-પશ્ચિમ પહોળો વક્ષસ્કાર પર્વત આવેલો છે તે ૫૦૦ યોજન પહોળાઈવાળો છે.

**પ્રશ્ન :** ૩૨. વક્ષસ્કાર પર્વત પછી શું આવેલું છે?

**ઉત્તર :** વક્ષસ્કાર પર્વત પૂર્ણ થયા પછી બીજી વિજય આવેલી છે.

પ્રશ્ન : ૩૩. બીજી વિજય પછી શું આવેલ છે? તે કેટલા યોજનની છે?
ઉત્તર : બીજી વિજય પછી પહેલી નદી આવે છે તે ૧૨૫ યોજન પહોળી છે.
પ્રશ્ન : ૩૪. પહેલી નદી પછી શું આવેલ છે?
ઉત્તર : પહેલી નદી પૂર્ણ થયા પછી ત્રીજી વિજય આવેલી છે.
પ્રશ્ન ૩૫. ત્રીજી વિજય પછી શું આવેલ છે?
ઉત્તર : ત્રીજી વિજય પૂર્ણ થયા પછી બીજો વક્ષસ્કાર પર્વત આવેલો છે.
પ્રશ્ન : ૩૬. બીજા વક્ષસ્કાર પર્વત પછી શું આવેલ છે?
ઉત્તર : બીજા વક્ષસ્કાર પર્વતચ પછી ચોથી વિજય આવેલી છે.
પ્રશ્ન : ૩૭. ચોથી વિજય પછી શું આવેલ છે?
ઉત્તર : ચોથી વિજય પછી બીજી નદી આવેલ છે.
પ્રશ્ન : ૩૮. બીજી નદી પછી શું આવેલ છે?
ઉત્તર : બીજી નદી પછી પાંચમી વિજય આવેલી છે.
પ્રશ્ન : ૩૯. પાંચમી વિજય પછી શું આવે છે?
ઉત્તર: પાંચમી વિજય પછી ત્રીજો વક્ષસ્કાર પર્વત આવેલો છે.
પ્રશ્ન : ૪૦. ત્રીજા વક્ષસ્કાર પર્વત પછી શું આવેલ છે?
ઉત્તર : ત્રીજા વક્ષસ્કાર પર્વત પછી છઠ્ઠી વિજય આવેલી છે.
પ્રશ્ન : ૪૧. છઠ્ઠી વિજય પછી શું આવેલ છે?
ઉત્તર : છઠ્ઠી વિજય પછી ત્રીજી નદી આવેલી છે.
પ્રશ્ન : ૪૨. ત્રીજી નદી પછી શું આવેલ છે?
ઉત્તર : ત્રીજી નદી પછી સાતમી વિજય આવેલી છે.
પ્રશ્ન : ૪૩. સાતમી વિજય પછી શું આવેલ છે?
ઉત્તર : સાતમી વિજય પછી ચોથો વક્ષસ્કાર પર્વત આવેલો છે.
પ્રશ્ન : ૪૪. ચોથા વક્ષસ્કાર પર્વત પછી શું આવેલ છે ?
ઉત્તર : ચોથા વક્ષસ્કાર પર્વત પછી આઠમી વિજય આવેલી છે.
પ્રશ્ન : ૪૫. આઠમી વિજય પછી શું આવે છે? તે કેટલા યોજનનું હોય છે?
ઉત્તર : આઠમી વિજય પછી જગતી સુધી વન (જંગલ) આવેલ છે તે ૨૯૨૨ યોજનનું હોય છે.

**પ્રશ્ન** : ૪૬.સીતા નદીની એક બાજુ વિજયો,વક્ષસ્કાર પર્વત તથા નદીઓ કેટલી હોય છે?

**ઉત્તર** : સીતા નદીની એક બાજુ ૮ વિજયો, ચાર વક્ષસ્કાર પર્વતો તથા ત્રણ અંતરનદીઓ તથા છેલ્લે એક વન હોય છે.

**પ્રશ્ન** : ૪૭. સીતા નદીની બીજી બાજુ શું આવેલ છે?

**ઉત્તર** : સીતા નદીની બીજી બાજુ પણ ૮ વિજયો, ચાર વક્ષસ્કાર પર્વતો, ત્રણ અંતરનદીઓ અને છેલ્લે એક વન આવેલ છે.

**પ્રશ્ન** : ૪૮.મેરૂ પર્વતની પશ્ચિમ દિશા બાજુ કઈ નદી આવેલી છે?

**ઉત્તર** : મેરૂ પર્વતની પશ્ચિમ દિશા બાજુ સીતોદા નદી આવેલી છે.

**પ્રશ્ન** : ૪૯. સીતોદા નદીની એક બાજુ ઉત્તર દિશા તરફ શું શું આવેલ છે?

**ઉત્તર** : સીતોદા નદીની એક બાજુ ઉપર જણાવ્યા મુજબ ૮ વિજયો, ૪ વક્ષસ્કાર પર્વત અને ૩ અંતરનદીઓ તથા છલ્લે જગતી સુધીનું એક વન આવેલ છે.

**પ્રશ્ન** : ૫૦. સીતોદા નદીની બીજી બાજુ શું શું આવેલ છે?

**ઉત્તર** : સીતોદા નદીની બીજી બાજુ ઉપર મુજબ ૮ વિજયો, ૪ વક્ષસ્કાર પર્વતો, ૩ અંતરનદીઓ અને છેલ્લે જગતી સુધીનું વન આવેલ છે.

**પ્રશ્ન** : **૫૧**. જગતી સુધી વન આવેલ છે તેનો વિસ્તાર-લંબાઈ આદિ કઈ રીતે હોય છે?

**ઉત્તર** : જગતી સુધીનું વન ૨૯૨૨ યોજન તે વનના મધ્યભાગનું હોય છે. ત્યારબાદ દક્ષિણ અને ઉત્તર બંને બાજુ ઘટતું જાય છે. જગતી તરફ ઘટતું હોય છે. અને વિજય તરફ તો સીધી લાઈનમાં હોય છે.

**પ્રશ્ન** : **૫૨**.પૂર્વ-પશ્ચિમ થઈને મહાવિદેહ ક્ષેત્રમાં શું શું આવેલું છે?

**ઉત્તર** : પૂર્વ-પશ્ચિમ થઈને કુલ ૩૨ વિજયો, ૧૬વક્ષસ્કાર પર્વતો, ૧૬ અંતરનદીઓ, બે છેડાના ૪ વનો, વચમાં ભદ્રશાલવન અને ભદ્રશાલવનની મધ્યમાં મેરૂ પર્વત આવેલ છે.

**પ્રશ્ન** : **૫૩**. વિજયાદિનું બતાવેલ માપ કઈ દિશાઓનું છે? તેની બીજી દિશાઓનું માપ કેટલું હોય છે?

**ઉત્તર** : વિજયો-વક્ષસ્કાર પર્વતો, અંતરનદીઓ અને વનનું બતાવેલ માપ પૂર્વ-

પશ્ચિમ પહોળાઈનું છે. ઉત્તર-દક્ષિણ લાઈનમાં વિજયોઆદિનું માપ ૧૬૫૯૨ યોજન અને ૨ કલાનું હોય છે.

**પ્રશ્ન : ૫૪.** સોળ વક્ષસ્કાર પર્વતોનાં નામો ક્યા ક્યા છે ?

**ઉત્તર :** સોળ વક્ષસ્કારપર્વતોના નામો આ પ્રમાણે :- (૧) ચિત્ર (૨) બ્રહ્મકૂટ (૩) નલિનીકૂટ (૪) એક શૈલ (૫) ત્રિકૂટ (૬) વૌશ્રમણ (૭) અંજનગિરિ (૮) માતંજગિરિ (૯) અંકાપાતી (૧૦) પક્ષાપાતી (૧૧) આશીવિષ (૧૨) સુખાવહ (૧૩) ચંદ્ર (૧૪) સુર (૧૫) નાગ (૧૬) દેવ.

**પ્રશ્ન ૫૫.** વક્ષસ્કાર પર્વતો ઉપર શું શું હોય છે ?

**ઉત્તર :** દરેક વક્ષસ્કાર પર્વત ઉપર ચારચાર કૂટો હોય છે તે દરેકના એક એક કૂટ ઉપર સિદ્ધાયતન (જિન ચૈત્ય) છે અને બાકીનાં ત્રણ ત્રણ કૂટો ઉપર પ્રાસાદો આવેલા છે. એમ કૂલ ૧૬ જિન ચૈત્યો છે.

**પ્રશ્ન ૫૬.** અંતરનદીઓ જે કહેલી છે તેનાં જન્મકુંડ વિસ્તારાદિ કેટલાં કેટલાં હોય છે ?

**ઉત્તર : ૧૨** અંતરનદીઓના (જે વિજય અને વિજયની વચમાં આવેલી છે તે) ૧૨ જન્મકુંડો છે તે નિષધ અને નીલવંત પર્વતની નીચે હોય છે. તે ૧૨૦ યોજન વિસ્તારવાળા અને સાડા બાર યોજનનાં દ્રારવાળા હોય છે.

**પ્રશ્ન ૫૭.** આ કુંડોમાં શું આવેલ છે ? તે કેટલા વિસ્તારવાળા હોય છે ? તેના ઉપર શું હોય છે ?

**ઉત્તર :** આ કુંડોમાં દેવીદ્વીપો આવેલા છે તે ૧૬ યોજન વિસ્તારવાળા છે તેના ઉપર દેવી ભવન છે.

**પ્રશ્ન ૫૮.** બારે નદીઓનો વિસ્તાર તથા ઊંડાઈ કેટલી છે ? તથા કોને મળે છે ?

**ઉત્તર :** બારે નદીઓ ૧૦ યોજન ઊંડી તથા ૧૨૫ યોજન વિસ્તારવાળી છે. બધી સરખી જ હોય છે. તે સીતા નદીને તથા સીતોદા નદીને મળે છે.

**પ્રશ્ન ૫૯.** બારે નદીઓનાં નામો ક્યા ક્યા છે ?

**ઉત્તર :** બારે નદીઓનાં નામો આ પ્રમાણે છે :- (૧) ગ્રાહવતી (૨) દ્રહવતી (૩) વેગવતી (૪) તપ્તા (૫) મત્તા (૬) ઉન્મત્તા (૭) ક્ષીરોદા (૮) શીત સ્ત્રોતા (૯) અંતર્વાહિની (૧૦) ઉર્મીમાલીની (૧૧) ગંભીરમાલીની અને (૧૨) ફેનમાલીની.

**પ્રશ્ન ૬૦.** વિજય કોને કહેવાય છે ?

**ઉત્તર :** ચક્રવર્તીને સાધવા યોગ્ય છ ખંડવાળો જે દેશ તે વિજય કહેવાય છે.

**પ્રશ્ન ૬૧.** દરકે વિજયો પૂર્વાદિદિશામાં કેટલા કેટલા યોજનના છે ?

**ઉત્તર :** દરેક વિજયો પૂર્વ તથા પશ્ચિમ દિશા તરફ ૨૨૧૨ ૭/૮ યોજન અને ઉત્તર તથા દક્ષિણ દિશા તરફ ૧૬૫૯૨ યોજન ૨ કલાની હોય છે.

**પ્રશ્ન ૬૨.** વિજયોની વચમાં શું આવેલું છે ? તેની ઉંચાઈ વિસ્તારાદિ કેટલી હોય છે ?

**ઉત્તર :** દરેક વિજયોની મધ્યમાં એક એક દીર્ઘ વૈતાઢય પર્વત આવેલો છે તે ૨૫ યોજન ઉંચો, નીચે ૫૦ યોજન વિસ્તારવાળો અને ઉપરના તળીએ ૧૦ યોજન વિસ્તારવાળો છે પૂર્વ અને પશ્ચિમ ૨૨૧૨ ૭/૮ યોજન લાંબો છે.

**પ્રશ્ન ૬૩.** બત્રીસ વૈતાઢય પર્વતો ઉપર શું આવેલ છે ? અને કેટલાં કેટલાં છે ?

**ઉત્તર :** બત્રીસે બત્રીસ વૈતાઢય પર્વતો ઉપર કૂટો આવેલા છે તે નવ નવ સંખ્યાવાળા હોય છે.

**પ્રશ્ન ૬૪.** તે કૂટો ઉપર શું શું આવેલ છે ?

**ઉત્તર :** એક કૂટ ઉપર સિદ્ધાયતન આવેલ છે એટલે ૩૨ સિદ્ધાયતનો થાય અને બાકીના આઠ આઠ કૂટો ઉપર પ્રસાદો આવેલાં છે.

**પ્રશ્ન ૬૫.** દરેક વૈતાઢય પર્વત ઉપર કેટલા નગરો આવેલા છે ?

**ઉત્તર :** દરેક વૈતાઢય પર્વતો ઉપર પંચાવન પંચાવન નગરો આવેલાં છે.

**પ્રશ્ન ૬૬.** ઉત્તર તરફની દરેક વિજયોમાં કેટલા કેટલા પરિવારવાળી કેટલી નદીઓ છે ? કઈ કઈ ?

**ઉત્તર :** ઉત્તર તરફના દરેક વિજયોમાં એક બાજુના ભાગમાં ચૌદ ચૌદ હજાર નદીઓનાં પરિવારવાળી રક્તા નામની નદી છે. અને બીજી બાજુ ચૌદ ચૌદ હજાર નદીઓનાં પરિવારવાળી રક્તાવતી નદી છે. એમ બે નદીઓ છે.

**પ્રશ્ન ૬૭.** દક્ષિણ તરફની દરેક વિજયોમાં કેટલા કેટલા પરિવારવાળી કેટલી નદીઓ છે ? કઈ કઈ ?

**ઉત્તર :** દક્ષિણ તરફના દરેક વિજયોમાં ચૌદ ચૌદ હજારના પરિવારવાળી એકબાજુ ગંગા નદી છે. અને બીજી બાજુ ચૌદ ચૌદ હજાર નદીઓનાં

પરિવારવાળી સિંધુ નામની નદી છે. એમ બે નદીઓ છે.

**પ્રશ્ન ૬૮.** બત્રીસે વિજયોને વિષે પ્રપાતકુંડમાં શું આવેલ છે? તેની ઉંચાઈ વગેરે કેટલી છે?

**ઉત્તર :** બત્રીસે વિજયોમાં બબ્બે પ્રપાતકુંડો આવેલા છે. તે દરેક પ્રપાતકુંડોની વચમાં એક એક ઋષભ કૂટ આવેલ છે તે ૮ યોજન ઉંચો, ૧૨ યોજન મૂળમાં અને ઉપર ૪ યોજન વિસ્તારવાળો છે.

**પ્રશ્ન ૬૯.** બત્રીસે ઋષભકૂટો ઉપર શું આવેલ છે? તેની લંબાઈ વગેરે કેટલી છે?

**ઉત્તર :** બત્રીસે ઋષભકૂટો ઉપર એક એક પ્રાસાદ આવેલો છે તે ૧ ગાઉ લાંબો, ૦।। ગાઉ ઉંચો અને ૦।। ગાઉ પહોળો હોય છે.

**પ્રશ્ન ૭૦.** બત્રીસે વિજયોમાં જઘન્યથી વાસુદેવો, ચક્રવર્તીઓ કેટલા હોય છે?

**ઉત્તર :** બત્રીસે વિજયોમાં થઈને જઘન્ય વાસુદેવો અને ચક્રવર્તીઓ આદિ ચાર ચાર હોય છે.

**પ્રશ્ન ૭૧.** ચક્રવર્તીઓ અને વાસુદેવો જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી કેટલા અને કઈ રીતે હોય છે?

**ઉત્તર :** જ્યારે ઉત્કૃષ્ટથી ૨૮ વિજયમાં ૨૮ ચક્રવર્તી (દરેક વિજયમાં એક એક) હોય ત્યારે બાકીની ૪ વિજયમાં ૪ વાસુદેવ (દરેક વિજયમાં એક એક) હોય છે. અને જ્યારે ૨૮ વિજયમાં ૨૮ વાસુદેવ (દરેક વિજયમાં એક એક) હોય ત્યારે બાકીની ૪ વિજયમાં ૪ ચક્રવર્તી (દરેક વિજયમાં એક એક) હોય છે.

**પ્રશ્ન ૭૨.** એક વિજયમાં ચક્રવર્તી આદિ કેટલા કેટલા હોય છે?

**ઉત્તર :** એક વિજયમાં એક જ ચક્રવર્તી અથવા એક જ વાસુદેવ હોય છે. (બેમાંથી એક જ હોય છે.

**પ્રશ્ન ૭૩.** બત્રીશ વિજયો તેમજ તેની રાજધાનીના નામો ક્યાં છે?

ઉત્તર :

| વિજયનામ | રાજધાની | વિજયનામ | રાજધાની |
|---|---|---|---|
| ૧ કચ્છ | ક્ષેમા | ૧૭ પદ્મ | અશ્વપુરી |
| ૨ સુકચ્છ | ક્ષેમાપુરા | ૧૮ સુપદ્મ | સિંહપુરી |
| ૩ મહાકચ્છ | અરિષ્ટા | ૧૯ મહાપદ્મ | મહાપુરી |

| | | | |
|---|---|---|---|
| ૪ કચ્છાવતી | અશિષ્ટાવતી | ૨૦ પદ્માવતી | વિજયપુરી |
| ૫ આવર્ત | ખડ્ગી | ૨૧ શંખ | અપરાજીતા |
| ૬ મંગલાવર્ત | મંજુષા | ૨૨ કુમુદ | અપરા |
| ૭ પુષ્કલાવર્ત | ઔષધીપુરી | ૨૩ નલિની | અશોક |
| ૮ પુષ્કલાવતી | પુંડરીકીણી | ૨૪ નલીનાવતી | વિતશોકા |
| ૯ વત્સ | સુષીમા | ૨૫ વપ્ર | વિજયા |
| ૧૦ સુવત્સ | કુંડલા | ૨૬ સુવપ્ર | વૈજયંતી |
| ૧૧ મહાવત્સ | અપરાજીતા | ૨૭ મહાવપ્ર | જયંતી |
| ૧૨ વત્સાવતી | પ્રભંકરા | ૨૮ વપ્રાવતી | અપરાજીતા |
| ૧૩ રમ્ય | અંકાવતી | ૨૯ વલ્ગુ | ચંદ્રપુરી |
| ૧૪ રમ્યક્ | પદ્માવતી | ૩૦ સુવલ્ગુ | ખડ્ગપુરી |
| ૧૫ રમણીક | શુભા | ૩૧ ગંધીલ | અવંધ્યા |
| ૧૬ મંગલાવતી | રત્નસંચયા | ૩૨ ગંધીલાવતી | અયોધ્યા |

**પ્રશ્ન ૭૪.** મેરૂપર્વતની દક્ષિણે શું આવેલ છે ? અને તે કેટલા યોજને છે ?

**ઉત્તર :** મેરૂપર્વતની દક્ષિણે ભદ્રશાલવન આવેલ છે તે ૨૫૦ યોજને છે.

**પ્રશ્ન ૭૫.** ભદ્રશાલવનના છેડે શું આવેલ છે ? તે ક્યા આકારે છે ? અને ઉંચાઈનું માપ કેટલું છે ?

**ઉત્તર :** ભદ્રશાલવનના છેડે પૂર્વ-પશ્ચિમ મધ્યમાં બે ગજદંતગિરિઓ આવેલ છે તે ઘટીને પહોળાઈમાં તરવારની ધાર જેવા છે. ઉંચાઈમાં ૫૦૦ યોજનનાં હોય છે.

**પ્રશ્ન ૭૬.** ક્યા પર્વતમાંથી બંને પર્વતો નીકળેલા છે ? અને તેઓનું પરસ્પર અંતર, ઉંચાઈ, પહોળાઈ વગેરે કેટલું છે ?

**ઉત્તર :** નિષધ પર્વતમાંથી આ બંને પર્વતો નીકળેલા છે. જે જગ્યાએથી તે નીકળ્યા તે સ્થાને બંનેનું ૫૩૦૦૦ યોજનનું અતર છે. તે સ્થાને ૪૦૦ યોજન ઉંચા તથા પૂર્વ-પશ્ચિમ ૫૦૦ યોજન પહોળાઈવાળા છે.

**પ્રશ્ન ૭૭.** બે ગજદંતગિરિના છેડા ભેગા થાય ત્યારે તેઓની ઉંચાઈ તથા નિષધ પર્વતથી આંતરૂં કેટલું હોય છે ?

ઉત્તર : બે ગજદંતગિરિના છેડા ભેગા થાય ત્યારે ત્યાં ૫૦૦ યોજન ઉંચા હોય છે તથા નિષધ પર્વતથી ૧૧૫૯૨ યોજન ૨/૧૯ ભાગ અંતર હોય છે.

પ્રશ્ન ૭૮. બંને ગિરિઓના છેડા મળતાં ક્યો આકાર થાય છે?

ઉત્તર : બંને ગિરિઓનાં છેડા મળતાં ધનુષ્યના આકાર જેવો આકાર થાય છે.

પ્રશ્ન ૭૯. મેરૂથી અગ્નિકોણમાં રહેલા ગજદંતગિરિનું નામ શું છે? તેના ઉપર શું છે? કેટલી યોજનનાં હોય છે?

ઉત્તર : મેરૂપર્વતથી અગ્નિકોણ દિશામાં રહેલ ગજદંતગિરિનું નામ સોમનસ છે તેના ઉપર ૭કૂટો છે એક એક કૂટ ૫૦૦ યોજનના હોય છે.

પ્રશ્ન ૮૦. સાત કૂટો ઉપર શું શું આવેલું છે?

ઉત્તર : સાત કૂટોમાંથી એક કૂટ ઉપર સિદ્ધયતન આવેલું છે. બે કૂટો ઉપર અધોદિગ્કુમારીનાં આવાસો છે અને બાકીના ૪કૂટો ઉપર પ્રાસાદો આવેલાં છે.

પ્રશ્ન ૮૧. નૈઋત્ય દિશામાં શું આવેલ છે? તેનું નામ શું? તેના ઉપર શું રહેલ છે? તેની ઉંચાઈ કેટલી હોય છે?

ઉત્તર : મેરૂપર્વતની નૈરૂત્ય દિશામાં ગજદંતગિરિ છે. તેનું નામ વિદ્યુતપ્રભ કહેવાય છે. તેના ઉપર ૯ કૂટો આવેલા છે તે નવ કૂટોમાં એક કૂટ ૧૦૦૦યોજન ઉંચો છે અને બાકીના ૮ કૂટો ૫૦૦ યોજન ઉંચા હોય છે.

પ્રશ્ન ૮૨. નવ કૂટો ઉપર શું શું આવેલ છે?

ઉત્તર : નવ કૂટોમાંથી એક કૂટ ઉપર સિદ્ધાયતન આવેલું છે. બે કૂટો ઉપર અધોદિગ્કુમારીનાં આવાસો આવેલા છે. બાકીના ૬કૂટો ઉપર પ્રાસાદો આવેલા છે.

પ્રશ્ન ૮૩. ધનુષ આકારના થયેલા આ બન્ને ગિરિનાં આંતરામાં શું આવેલ હોય છે?

ઉત્તર : ધનુષ આકારના થયેલ આ બંને ગિરિના આંતરામાં દેવકુરૂ નામનું મનુષ્યોને ઉત્પન્ન થવાનું સ્થાન યુગલિક ક્ષેત્ર આવેલું છે.

## દેવકુરૂ ક્ષેત્રનું વર્ણન

પ્રશ્ન ૮૪. આ ક્ષેત્રનું માપ કેટલું છે?

ઉત્તર : આ ક્ષેત્રનું માપ : ધનુષ્યાકારે ૬૦૪૧૯ યોજન ૧૨/૧૯ કલા બન્ને

ગજદંતગિરિના આંતરામાં સીધી લાઈને નિષધ પર્વતની પાસે જીવાદોરીનું ૫૩૦૦૦ યોજન હોય છે, અને બરાબર મધ્યમાં ઉત્તર દક્ષિણ ૧૧૫૯૨ યોજન ૨/૧૯ ભાગ યોજન હોય છે.

**પ્રશ્ન ૮૫.** આ ક્ષેત્ર બાદ ગજદંતગિરિ પછી શું આવેલ છે ? કેટલા યોજન સુધી હોય ? ત્યારબાદ શું હોય ? મેરૂ કેટલો છેટો હોય ?

**ઉત્તર :** આ ક્ષેત્ર અને ગજદંતગિરિ પછી ૨૫૦ યોજને ભદ્રશાલવન આવેલું છે (ઉત્તર દક્ષિણ) તેના પછી મેરૂ પર્વત છે. ભદ્રશાલવન ભેગું ગણતાં મેરૂ પર્વત ૧૧૮૪૨ યોજન ૨/૧૯ ભાગ હોય છે.

**પ્રશ્ન ૮૬.** આ ક્ષેત્રના મધ્યમાં નિષધ પર્વત પર શું આવેલ છે ?

**ઉત્તર :** આ ક્ષેત્રના પૂર્વ-પશ્ચિમ મધ્યમાં નિષધ પર્વત ઉપર મધ્યમાં તિગિચ્છાદ્રહ આવેલ છે.

**પ્રશ્ન ૮૭.** આ દ્રહમાંથી કઈ નદી કઈ દિશા તરફ નીકળે છે ? તે કેટલા વિસ્તારવાળી હોય છે ?

**ઉત્તર :** આ તિગિચ્છાદ્રહના મધ્યમાંથી ઉત્તર તરફ (મેરૂ તરફ) સીતોદા નામની નદી નીકળે છે, તે ૫૦ યોજનના વિસ્તારવાળી હોય છે.

**પ્રશ્ન ૮૮.** સીતોદા નદી ક્યાં અને કઈ તરફ વહેતી હોય છે ?

**ઉત્તર :** સીતોદા નદી દેવકુરૂની મધ્યમાં વહેતી તે મેરૂ પાસે પશ્ચિમ તરફ વળે છે, અને પશ્ચિમ-ઉત્તર મેરૂ પાસે વહેતી મેરૂની પશ્ચિમ સુધી વહે છે.

**પ્રશ્ન ૮૯.** સીતોદા નદી મેરૂ પર્વતથી કેટલી દૂર રહેતી વહે છે ?

**ઉત્તર :** સીતોદા નદી મેરૂ પર્વતથી પ્રાયઃ ૨૫૦ યોજ દૂર રહેતી વહે છે.

**પ્રશ્ન ૯૦.** મેરૂથી પશ્ચિમ તરફ વહેતા કેટલા વિસ્તારવાળી હોય છે ? અને છેવટે ક્યાં ભેગી થાય છે ?

**ઉત્તર :** મેરૂપર્વતથી પશ્ચિમ તરફ જ સીધી વહેતી ૫૦૦ યોજનનાં વિસ્તારવાળી થઈને આ સીતોદા નદી લવણ સમુદ્રમાં ભેગી થાય છે.

**પ્રશ્ન ૯૧.** આ ક્ષેત્રમાં ક્યા પર્વતથી કઈ તરફ કેટલા યોજને કઈ નદીના કિનારે શું આવેલ છે ?

**ઉત્તર :** આ ક્ષેત્રમાં નિષધ પર્વતથી મેરૂ ~~તરફ ૮૩૪~~ યોજન ૧૧ ૧/૭ કલા પછી.

સીતોદા નદીના બંને કિનારે પશ્ચિમ તરફ ચિત્ર અને પૂર્વ તરફ વિચિત્ર નામના બે પર્વતો આવેલા છે.

**પ્રશ્ન ૯૨.** ચિત્ર-વિચિત્ર પર્વતો ઉંચાઈમાં તથા વિસ્તારમાં કેટલા હોય છે ?

**ઉત્તર :** ચિત્ર અને વિચિત્ર આ બે પર્વતો ૧૦૦૦ યોજન ઉંચા મૂળમાં ૧૦૦૦ યોજન વિસ્તારવાળા અને ઉપર ૫૦૦ યોજનના વિસ્તારવાળા હોય છે.

**પ્રશ્ન ૯૩.** ચિત્ર-વિચિત્ર પર્વતો શેનાથી યુક્ત છે ?

**ઉત્તર :** ચિત્ર-વિચિત્ર બંને પર્વતો વેદિકા અને વનયુક્ત હોય છે.

**પ્રશ્ન ૯૪.** આ બંને પર્વતો પછી કેટલા યોજને શું શું આવેલું છે ? તે કેટલા યોજનના હોય છે ?

**ઉત્તર :** ચિત્ર-વિચિત્ર આ બે પર્વતો પછી ૮૩૪ યોજન ૧૧ ૧/૭ કલા પછી બરોબર દેવકુરૂક્ષેત્રની પૂર્વ-પશ્ચિમ મધ્યમાં ૮૩૪ યોજન ૧/૭ કલાના આંતરે આંતરે ઉત્તર-દક્ષિણ ૧૦૦૦ યોજન પૂર્વ-પશ્ચિમ ૫૦૦ યોજન વિસ્તારવાળા ૧૦ યોજન ઉંડા પાંચ દ્રહો આવેલાં છે.

**પ્રશ્ન ૯૫.** પાંચ દ્રહોનાં નામો ક્યા ક્યા ? અને કઈ રીતે વહે છે ?

**ઉત્તર :** પાંચ દ્રહોનાં નામો આ પ્રમાણે :- (૧) નિષધદ્રહ (૨) દેવકુરૂદ્રહ (૩) સુરદ્રહ (૪) સુલસદ્રહ (૫) વિદ્યુતપ્રભદ્રહ હોય છે. સીતોદા નદી આ સરોવરોને મધ્યમાં ભેદીને વહે છે.

**પ્રશ્ન ૯૬.** પાંચ દ્રહોના દરવાજા કેટલાં છે ? કઈ દિશાઓમાં હોય છે ? શું વહેતું રહે છે ?

**ઉત્તર :** પાંચેય દ્રહોને ઉત્તર દિશા તરફ અને દક્ષિણ દિશા તરફ એમ બબ્બે દ્વારો આવેલા છે. જેમાંથી સીતોદા નદી વહેતી રહે છે.

**પ્રશ્ન ૯૭.** પાંચ દ્રહોના પૂર્વ-પશ્ચિમ કિનારે શું આવેલ છે ? કેટલા માપવાળા હોય છે ?

**ઉત્તર :** આ પાંચ દ્રહોના પૂર્વ-પશ્ચિમ બંને કિનારે ૧૦૦ યોજન ઉંચા, મૂળમાં ૧૦૦ યોજન અને ઉપર ૫૦ યોજન વિસ્તારવાળા ગોળાકાર એક એક દ્રહ સબંધી મૂળમાં એકબીજાને સ્પર્શ કરતાં અને ઉપર ૫૦ યોજનનાં પરસ્પર અંતરવાળા થયેલા જેથી ગો પુચ્છાકાર, કંચન નામના અધિપતિ દેવવાળા, એક

દ્રહના કિનારે ૧૦, બંને કિનારે થઈ ૨૦ અને પાંચે દ્રહોના થઈને ૨૦ x ૫ = ૧૦૦ કંચનગીરી છે તે દેવકુરૂક્ષેત્રના કહેવાય છે.

**પ્રશ્ન ૯૮.** દેવકુરૂક્ષેત્રમાં બીજું શું આવેલું છે? તે કેટલા યોજનનાં વિસ્તારવાળી વેદીકાથી યુક્ત હોય છે?

**ઉત્તર :** આ દેવકુરૂક્ષેત્રમાં શાલ્મલી વૃક્ષ આવેલું છે. તે ૫૦૦ યોજનવૃત્ત વિસ્તારવાળી છેડે બે ગાઉ જાડી અને મધ્યમાં ૧૨ યોજન જાડી વન અને વેદીકા સહીત આવેલું છે.

**પ્રશ્ન ૯૯.** શાલ્મલી વૃક્ષની પીઠ શેની છે? તથા તેની વેદીકા વગેરેની ઉંચાઈ આદી કેટલી કેટલી હોય છે? શાલ્મલી વૃક્ષ ક્યાં આવેલું છે?

**ઉત્તર :** શાલ્મલી વૃક્ષની પીઠ સુવર્ણની છે. તેની વેદીકાને ચારે દિશામાં એક ગાઉ પહોળા ચાર દ્વાર છે. શાલ્મલી પીઠની મધ્યમાં ૮ યોજન વિસ્તારવાળી અને ૪ યોજન ઉંચી મણીની પીઠીકા છે. તે પીઠીકા ઉપર શાલ્મલી વૃક્ષ આવેલું છે.

**પ્રશ્ન ૧૦૦.** તે વૃક્ષની જાડાઈ-ઉંચાઈ, શાખા વગેરે કેટલા કેટલા માપના હોય છે?

**ઉત્તર :** આ વૃક્ષ ભૂમિમાં ૨ ગાઉ ઉંડું, ૨ ગાઉનું જાડું થડ છે. ચાર દિશાની ચાર શાખા અને એક મધ્યશાખા મળી પાંચ શાખાઓ બબ્બે ગાઉની જાડી હોય છે.

**પ્રશ્ન ૧૦૧.** આ વૃક્ષનું થડ, શાખા વગેરેની લંબાઈ તથા વિસ્તારાદી કેટલો કેટલો હોય છે?

**ઉત્તર :** આ વૃક્ષનું થડ ૮ ગાઉ લાંબુ અને ચાર દીશાની ચાર શાખાઓ ૧૫ ગાઉ લાંબી હોય છે. મધ્ય વીડીમાં શાખા થડ ઉપર ૨૪ ગાઉ લાંબી છે. વૃક્ષનો વિસ્તાર ૮ યોજન હોય છે અને ઉંચાઈ ને લંબાઈ ૮ યોજન હોય છે.

**પ્રશ્ન ૧૦૨.** ચાર દિશાની ચાર શાખા ઉપર તથા વીડીની શાખા ઉપર શું રહેલું છે?

**ઉત્તર :** ચાર દિશાની ચાર શાખા ઉપર શ્રીદેવીના ભવન જેવા ભવનો છે તથા મધ્ય વીડી શાખા ઉપર જૈનચૈત્ય છે.

**પ્રશ્ન ૧૦૩.** શાખા, પ્રશાખા અને પત્રો વગેરે શેના શેના હોય છે?

**ઉત્તર :** આ વૃક્ષની ચાર શાખાઓ સુવર્ણની છે. મધ્યશાખા તથા પ્રશાખાઓ

રૂપાની છે તથા કુંપળ અને પાન વગેરે રત્નોનાં હોય છે.

**પ્રશ્ન ૧૦૪.** પૂર્વશાખા ઉપર તથા બીજી શાખાઓ ઉપર શું શું હોય છે ?

**ઉત્તર :** પૂર્વશાખા ઉપર દેવભવન છે તથા બીજી ત્રણ શાખાઓ ઉપર પ્રાસાદો છે.

**પ્રશ્ન ૧૦૫.** ભવન તથા પ્રાસાદની ઉંચાઈ વગેરે કેટલી હોય છે ?

**ઉત્તર :** ભવન તથા પ્રાસાદો ૧ ગાઉ લાંબા, ૦ાા ગાઉ ઉંચા અને ૧૪૪૦ ધનુષ પહોળા હોય છે.

**પ્રશ્ન ૧૦૬.** કેટલી દિશામાં દ્વારો હોય છે ? તથા પીઠીકા કેટલી હોય છે ? શેની હોય છે ? તેનું માપ શું છે ?

**ઉત્તર :** પશ્ચિમ દિશા સિવાયની ત્રણ દિશામાં ભવન તથા પ્રાસાદોને દ્વારો હોય છે. દરેકમાં મણીપીઠીકાઓ છે તે ૫૦૦ ધનુષ વિસ્તારવાળી તથા ૨૫૦ ધનુષ ઉંચી છે.

**પ્રશ્ન ૧૦૭.** ભવનની તથા પ્રાસાદોની પીઠીકા ઉપર શું શું હોય છે ?

**ઉત્તર :** ભવનની પીઠીકા ઉપર ગરૂડદેવની શૈયા છે અને પ્રાસાદોની પીઠીકા ઉપર સિંહાસનો હોય છે.

**પ્રશ્ન ૧૦૮.** શાલ્મલી વૃક્ષ કેટલી વેદિકા સહીત હોય છે ?

**ઉત્તર :** શાલ્મલી વૃક્ષ ૧૨ વેદીકા સહીત છે.

**પ્રશ્ન ૧૦૯.** શાલ્મલી વૃક્ષને તથા શ્રીદેવીના કમલને કેટલા વલયો હોય છે ?

**ઉત્તર :** શ્રીદેવીનાં કમલને ફરતાં છ કમલનાં વલયો આવેલાં છે તેવાં જ છ વલય આ શાલ્મલી વૃક્ષને શાલ્મલી વૃક્ષોનાં છે.

**પ્રશ્ન ૧૧૦.** શાલ્મલી વૃક્ષનાં છએ વલયોનાં વૃક્ષોની સંખ્યા કેટલી થાય છે ?

**ઉત્તર :** છએ વલયનાં શાલ્મલી વૃક્ષોની સંખ્યા ૧૨૦૫૦૧૨૦ હોય છે.

**પ્રશ્ન ૧૧૧.** શ્રીદેવીને અને શાલ્મલી વૃક્ષો ઉપર કોના કોના આવાસ હોય છે ?

**ઉત્તર :** શ્રીદેવીને મહતરા દેવીઓ હોય છે અને શાલ્મલી વૃક્ષ ઉપર અગ્ર મહીષીઓ હોય છે, એમ જણાય છે.

**પ્રશ્ન ૧૧૨.** શાલ્મલી વૃક્ષની નીચે કેટલા યોજને શું શું હોય છે ?

**ઉત્તર :** શાલ્મલી વૃક્ષના પીઠની નીચે ૧૦૦ યોજન વલયાકારમાં ત્રણ વનો

આવેલા છે તેની મધ્યમાં ૫૦ યોજને ચારે દિશામાં ચાર ભવનો હોય છે તથા ચાર વિદિશામાં ચાર પ્રાસાદો આવેલા છે.

**પ્રશ્ન ૧૧૩.** આ ભવનો તથા પ્રાસાદોનું માપ શું છે ?

**ઉત્તર :** આ ભવનો તથા પ્રાસાદો ૧ ગાઉ લાંબા, ૦ાા ગાઉ ઉંચા અને ૧૪૪૦ ધનુષ વિસ્તારવાળા હોય છે.

**પ્રશ્ન ૧૧૪.** આ ભવનો અને પ્રાસાદોની વચમાં શું હોય છે ? તેની લંબાઈ વગેરે કેટલી છે ?

**ઉત્તર :** આ ૪ ભવનો અને ૪ પ્રાસાદોની વચમાં એક એક ફૂટ હોય છે. તે ૮ યોજન ઉંચા, ૧૨ યોજન મૂળમાં વિસ્તારવાળા અને ઉપર ૪ યોજન વિસ્તારવાળા હોય છે.

**પ્રશ્ન ૧૧૫.** તે આઠે ફૂટો ઉપર શું આવેલ છે ?

**ઉત્તર :** તે આઠેય ફૂટો ઉપર આઠ એટલે કે દરેક ઉપર એક એક જિનચૈત્ય આવેલા છે.

**પ્રશ્ન ૧૧૬.** શાલ્મલી વૃક્ષ ઉપર કુલ કેટલા જિનચૈત્યો છે ?

**ઉત્તર :** શાલ્મલી વૃક્ષનું એક જિન ચૈત્ય અને આઠ ફૂટના આઠ એમ નવ જિન ચૈત્યો આવેલા છે.

**પ્રશ્ન ૧૧૭.** કંચનગિરિઓ કેટલા છે ? તેના ઉપર કુલ મંદિરો કેટલા છે ?

**ઉત્તર :** કંચનગિરિની સંખ્યા ૧૦૦ છે. તે દરેક પર્વતો ઉપર એક એક જિન ચૈત્ય હોવાથી ૧૦૦ જિનચૈત્યો છે.

**પ્રશ્ન ૧૧૮.** દેવ કુરૂક્ષેત્રમાં કુલ નદીઓ કેટલી છે ?

**ઉત્તર :** દેવ કુરૂક્ષેત્રમાં કુલ ૮૪૦૦૦ (ચોરાસી હજાર) નદીઓ છે.

**પ્રશ્ન ૧૧૯.** દેવ કુરૂક્ષેત્રમાં ક્યા ક્ષેત્રના (આરાના) ભાવ વર્તતા હોય છે ? અને આ જીવોને શું કહેવાય છે ?

**ઉત્તર :** સદાને માટે આ ક્ષેત્રમાં સુષમા સુષમા આરાના ભાવ વર્તતા હોય છે. આ જીવોને યુગલિક કહેવાય છે.

**પ્રશ્ન ૧૨૦.** મનુષ્ય-તિર્યંચોનો જન્મ, આયુષ્ય, અવગાહના, આહાર, પાંસળી

વગેરે કેટલી કેટલી હોય છે ?

ઉત્તર : આ ક્ષેત્રમાં મનુષ્યો તથા તિર્યંચો જોડેલે જન્મે છે. ૩ પલ્યોપમનું આયુષ્ય હોય છે. મનુષ્યના શરીરની ઉંચાઈ ૩ ગાઉ અને તિર્યંચોના શરીરની અવગાહના છ ગાઉની હોય છે. મનુષ્યોને ત્રણ દિવસના આંતરે તુવેરના દાણા જેટલો આહાર જોઈએ છે. તિર્યંચોને બબ્બે દિવસના આંતરે તુવેરના દાણા જેટલો આહાર હોય છે. ૨૫૬ પાંસળીઓ હોય છે.

**પ્રશ્ન ૧૨૧.** સ્ત્રીઓ કેટલીવાર જન્મ આપે છે ?

**ઉત્તર :** સ્ત્રીઓ એકવાર જોડલાને જન્મ આપે છે.

**પ્રશ્ન ૧૨૨.** અપત્યપાલન કેટલા દિવસ કરે છે ? તેના કેટલા કેટલા વિભાગ પડે છે ?

**ઉત્તર :** અપત્યપાલન એટલે જોડલાનું પાલન ૪૯ દિવસ કરે છે. તે દિવસોના સાત ભાગ પડે છે.

**પ્રશ્ન ૧૨૩.** અપત્યપાલનના દિવસોના સાત ભાગ ક્યા ક્યા ગણાય છે ?

**ઉત્તર :** તે સાત ભાગ આ પ્રમાણે જાણવા :-

(૧) પહેલા ભાગમાં ચત્તા સુતા અંગુઠો ચુસ્યા કરે.

(૨) બીજા ભાગમાં પૃથ્વી ઉપર જરા પગ માંડતા થાય છે.

(૩) ત્રીજા ભાગમાં કાંઈક મધુરવાણી વડે બોલે છે.

(૪) ચોથા ભાગમાં કાંઈક સ્ખલના પામતો ચાલે છે.

(૫) પાંચમા ભાગમાં સારી રીતે સ્થિરતાપૂર્વક ચાલી શકે છે.

(૬) છઠ્ઠા ભાગમાં સમસ્ત કળાઓને જાણનાર બને છે.

(૭) સાતમા ભાગમાં યૌવન અવસ્થા પામીને ભોગ સમર્થ બને છે.

**પ્રશ્ન ૧૨૪.** પંચેન્દ્રિય તિર્યંચો ક્યા ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : તિર્યંચો ચતુષ્પદ ગર્ભજ તેમજ ગર્ભજ ખેચર જીવો ઉત્પન્ન થાય છે. બીજા નહીં.

**પ્રશ્ન ૧૨૫.** જાતિ વૈરવાળા તિર્યંચો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** જાતિ વૈરવાળા સિંહ-વાઘ વગેરે ઉત્પન્ન થાય છે પણ અલ્પકષાયી હોવાથી વૈરવૃત્તિવાળા હોતા નથી.

**પ્રશ્ન ૧૨૬.** જાતિ વૈરવાળા તિર્યંચો મરીને ક્યાં ઉત્પન્ન થાય છે ? શાથી ?

**ઉત્તર :** જાતિ વૈરવાળા તિર્યંચોને અલ્પ કષાય, અલ્પ વિષયવાસના હોવાથી મરીને પોતાના આયુષ્ય પ્રમાણે અથવા એથી ઓછા આયુષ્યવાળા દેવમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૧૨૭.** સુંદર આકૃતિવાળા તિર્યંચો હોવા છતાં મનુષ્ય કેવા પ્રકારનાં હોય છે ?

**ઉત્તર :** સુંદર આકૃતિવાળા તિર્યંચો હોવા છતાં ત્યાંના મનુષ્યો પાદચારી જ હોય છે એટલે કે તિર્યંચો ઉપર બેસીને ફરવાનું મન ન થાય તેવા હોય છે.

**પ્રશ્ન ૧૨૮.** ગાય-ભેંસ આદિ હોવા છતાં તેનો ઉપયોગ ના કરે ?

**ઉત્તર :** ગાય-ભેંસો આદિ સુંદર હોવા છતાં, મધુર દૂધ આપવા છતાં તેને દોહતાં નથી.

**પ્રશ્ન ૧૨૯.** આ ક્ષેત્રની જમીન ઉપર શું શું ઉત્પન્ન થાય છે ? કેવી હોય ?

**ઉત્તર :** આ ક્ષેત્રની જમીન ઉપર વાવવાદિ કાર્ય કર્યા સિવાય શાલી ગોધુમ વગેરે ઔષધિઓ ફળો વગેરે સુંદર થાય છે પણ કોઈ મનુષ્યો તેનો ઉપયોગ કરતા નથી. ત્યાંની માટી પણ અહીંની શર્કરા એટલે સાકર કરતાં પણ અનંત ગણી મીઠી હોય છે છતાં કોઇ ઉપયોગ કરતું નથી.

**પ્રશ્ન ૧૩૦.** આ યુગલિકે કેવાં પ્રકારનાં હોય છે ? તેનું મરણ કઇ રીતનું હોય છે ?

**ઉત્તર :** આ યુગલિક મનુષ્યો અહમિન્દ્રો જેવા હોય છે અને યુગલિક ક્ષેત્રમાં રહેલા મનુષ્યોને પણ અકાળ મરણનો સંભવ હોઈ શકે છે.

## ઉત્તરકુરૂ ક્ષેત્રનું વર્ણન

**પ્રશ્ન ૧૩૧.** મેરૂની ઉત્તર તરફ દક્ષિણની જેમ શું આવેલ છે ? શું ફેરફાર છે ?

**ઉત્તર :** મેરૂની ઉત્તર તરફ પણ દક્ષિણ દિશામાં જે પ્રમાણે પર્વતો, નદીઓ, દેવકુરૂક્ષેત્ર વગેરે આવેલ છે તે જ પ્રમાણે તેના વનો માપવાળા ઉત્તર તરફ પણ આવેલા છે પણ તેના નામોમાં ફેરફાર હોય છે.

**પ્રશ્ન ૧૩૨.** મેરૂની ઈશાનકોણમાં શું આવેલ છે ?

**ઉત્તર :** મેરૂની ઈશાનકોણમાં માલ્યવંત ગજદંતગિરિ ૯ કૂટ છે. તેમાં ૧ ઉપર જિનચૈત્ય, ૨ ઉપર અધોદિગ્ કુમારી, ૬ ઉપર પ્રાસાદ છે.

**પ્રશ્ન ૧૩૩.** મેરૂની વાયવ્યકોણમાં શું આવેલ છે ?

**ઉત્તર :** વાયવ્યકોણમાં ગંધમાદન ગજદંતગિરિ છે તેને સાત કૂટ છે. તેમાં ૧ ઉપર ચૈત્ય છે, ૨ ઉપર અધોદિગ્કુમારી, ૪ ઉપર પ્રાસાદો છે.

પ્રશ્ન ૧૩૪. ક્યા પર્વતના ક્યા દ્રહમાંથી કઈ નદી નીકળે છે ?
ઉત્તર : નીલવંત પર્વત ઉપરના કેશરી દ્રહમાંથી સાત નદી નીકળે છે.
પ્રશ્ન ૧૩૫. બંને કિનારે કેટલા પર્વતો છે ? ક્યા ?
ઉત્તર : બંને કિનારે બે પર્વતો છે. (૧) યમક પર્વત, (૨) યમક પર્વત.
પ્રશ્ન ૧૩૬. પાંચ દ્રહોનાં નામો ક્યા ક્યા ?
ઉત્તર : પાંચ દ્રહોનાં નામો આ પ્રમાણે છે :- (૧) નીલવંત, (૨) ઉત્તરકુરૂ, (૩) ચંદ્ર, (૪) ઐરવત અને (૫) માલ્યવંત.
પ્રશ્ન ૧૩૭. ઉત્તરકુરૂક્ષેત્રમાં શું આવેલ છે ? ક્યા વૃક્ષની શાખા હોય ? તેમાં શું હોય છે ?
ઉત્તર : ઉત્તરકુર-ક્ષેત્રમાં જંબૂપીઠ છે. જંબૂવૃક્ષની પૂર્વ શાખા ઉપર ભવન છે. તેમાં જંબૂદ્વીપના અધિપતિ અનાહ્યનામના દેવની શૈયા છે.
પ્રશ્ન ૧૩૮. ઉત્તરકુરૂ ક્ષેત્ર ક્યા આકારે છે ?
ઉત્તર : ઉત્તરકુરૂ ક્ષેત્ર પણ ધનુષ આકારે હોય છે. બાકીનું વર્ણન દેવકુરૂ ક્ષેત્રની જેમ જાણવું.

## બત્રીસ વિજયો સંબંધી વર્ણન

પ્રશ્ન ૧૩૯. મેરૂથી પશ્ચિમ તરફની ભૂમિ કઈ રીતે હોય છે ?
ઉત્તર : મેરૂથી પશ્ચિમ તરફની ભૂમિ ક્રમસર નીચી નીચી ઉતરતી હોય છે.
પ્રશ્ન ૧૪૦. તે કેટલા યોજને કેટલી હોય છે ?
ઉત્તર : તે ભૂમિ ૪૨૦૦૦ યોજને એક હજાર યોજન નીચી હોય છે
પ્રશ્ન ૧૪૧. જગતી પાસે કેટલી નીચી હોય છે ?
ઉત્તર : જગતી પાસે તો તેનાથી પણ નીચી હોય છે.
પ્રશ્ન ૧૪૨. મેરૂથી કેટલી નીચી જમીને અધોગ્રામની શરૂઆત થાય છે ? ત્યાં ક્યા નામની વિજયો આવેલી છે ?
ઉત્તર : મેરૂથી કાંઈક ૮૦૦ યોજને અધોગ્રામની શરૂઆત થાય છે. જેથી ચોવીશમી અને પચીશમી વિજયો અધોગ્રામમાં ગણાય છે. તેવીસમી અને છવીસમી વિજયોનો પણ અમુક ભાગ અધોગ્રામમાં આવેલ છે. (નવસોથી નીચે અધોગ્રામ કહેવાય છે.) પણ શાસ્ત્રમાં તો ચોવીસમી અને પચીશમીનાં કેટલાંક

નગરો અધોગ્રામમાં છે એમ જણાવેલ છે.

**પ્રશ્ન ૧૪૩.** દેવકુરૂ-ઉત્તરકુરૂ ક્ષેત્રો ક્યાં આવેલા છે ?

**ઉત્તર :** દેવકુરૂ અને ઉત્તકુરૂ આ બે ક્ષેત્રો મહાવિદેહમાં આવેલા છે.

**પ્રશ્ન ૧૪૪.** મહાવિદેહ ક્ષેત્ર ક્યાં આવેલું છે, તેની આજુબાજુમાં શું આવેલ છે ? તેનું માપ શું છે ?

**ઉત્તર :** નિષધ પર્વત અને નીલવંત પર્વતની વચમાં મહાવિદેહ ક્ષેત્ર છે. ઉત્તર દક્ષિણ બન્ને તરફ ૩૩૬૮૪ યોજન ૪ કલા માપનું છે. મહાવિદેહની દક્ષિણે નિષધ પર્વત અને ઉત્તરે નીલવંત પર્વત છે. મહાવિદેહ ક્ષેત્રના પૂર્વ અને પશ્ચિમ છેડે લવણસમુદ્ર છે. પૂર્વ - પશ્ચિમ માપ એક લાખ યોજન છે.

**પ્રશ્ન ૧૪૫.** પૂર્વ-પશ્ચિમ મહાવિદેહનું માપ એક લાખ યોજન શી રીતે થાય ?

**ઉત્તર :** એક લાખ યોજન આ પ્રમાણે થાય :-

| | |
|---|---|
| પૂર્વ તરફનું ૮ વિજયનું માપ | ૧૭૭૦૩ યોજન |
| ૪ વક્ષસ્કાર | ૨૦૦૦ યોજન |
| ૩ આંતર નદી | ૩૭૫ યોજન |
| ભદ્રશાલવન | ૨૨૦૦૦ યોજન |
| છેડે જગતી પાસેનું વન | ૨૯૨૨ યોજન |
| | કુલ ૪૫૦૦૦ યોજન |

| | |
|---|---|
| પશ્ચિમ તરફનું ઉપર પ્રમાણે | ૪૫૦૦૦ યોજન |
| મધ્યમાં મેરૂ પર્વત | ૧૦૦૦૦ યોજન |
| કુલ મળીને | ૧૦૦૦૦૦ યોજન થાય. |

**પ્રશ્ન ૧૪૬.** મહાવિદેહનું ઉત્તર-દક્ષિણ માપ જે જણાવેલ છે તે શી રીતે થાય ?

**ઉત્તર :** ઉત્તર-દક્ષિણ માપ આ પ્રમાણે :-

| | યોજન | કલા |
|---|---|---|
| ઉત્તર તરફની વિજયો | ૧૬૫૯૨ | ૨ |
| મધ્યમાં નદી | ૫૦૦ | ૦ |
| દક્ષિણ તરફની વિજયો | ૧૬૫૯૨ | ૨ |
| | ૩૩૬૮૪ | ૪ |

| કુરૂ તરફનું | યોજન | કલા |
|---|---|---|
| દેવકુરૂ | ૧૧૫૯૨ | ૨ |
| ભદ્રશાલવન | ૨૫૦ | ૦ |
| મેરૂ પર્વત | ૧૦૦૦૦ | ૦ |
| ઉત્તરકુરુ | ૧૧૫૯૨ | ૨ |
| ટોટલ | ૩૩૬૮૪ | ૪ |

(૬૪ ખંડ પ્રમાણે થાય છે.)

## નિષધ પર્વતનું વર્ણન

**પ્રશ્ન ૧૪૭.** નિષધ પર્વત મહાવિદેહ ક્ષેત્રથી કયાં આવેલ છે? ક્યા વર્ણનો છે?

**ઉત્તર :** નિષધ પર્વત મહાવિદેહ ક્ષેત્રની દક્ષિણે આવેલો છે. તે રકત (લાલ) સુવર્ણ જેવો છે.

**પ્રશ્ન ૧૪૮.** આ પર્વતની ઉંચાઈ, લંબાઈ આદિ કેટલી છે?

**ઉત્તર :** આ પર્વત ૪૦૦ યોજન ઉચો છે. ઉત્તર-દક્ષિણ ૧૬૮૪૨ યોજન ૨ કલા લાંબો અને પૂર્વ-પશ્ચિમ ૯૪૧૫૬ યોજન લાંબો હોય છે. ઉત્તર-દક્ષિણ બત્રીશ ખંડ પ્રમાણે હોય છે.

**પ્રશ્ન ૧૪૯.** આ પર્વત ઉપર શું આવેલ છે.?

**ઉત્તર :** આ પર્વત ઉપર ૪૦૦૦ યોજન લાંબુ ૨૦૦૦ યોજન પહોળું અને ૧૦ યોજન ઉંડુ તિગિંચ્છ નામનું દ્રહ આવેલું છે.

**પ્રશ્ન ૧૫૦.** તિગિંચ્છ દ્રહશેનાથી યુકત હોય છે.? તથા તેના ઉપર કઇ દેવી હોય છે.?

ઉત્તર : તિગિંચ્છ દ્રહ વન તથા વેદિકાથી સહિત હોય છે. તેની ધી દેવી છે.

**પ્રશ્ન ૧૫૧.** આ પર્વત ઉપર કૂટો કેટલા છે? તેના ઉપર શું શું હોય છે?

**ઉત્તર :** આ પર્વત ઉપર નવ કૂટો હોય છે. એક કૂટ ઉપર જિનચૈત્ય હોય છે. બાકીના ૮ કૂટો ઉપર પ્રાસાદો છે.

**પ્રશ્ન ૧૫૨.** આ કૂટો કેટલા ઉચા હોય છે?

**ઉત્તર :** આ નવેય કૂટો ૫૦૦ યોજન ઉચા હોય છે.

**પ્રશ્ન ૧૫૩.** નિષધ પર્વત શેનાથી યુકત હોય છે?

**ઉત્તર :** આ નિષધ પર્વત વન તથા વેદિકા સહિત હોય છે.

## નીલવંત પર્વતનું વર્ણન

**પ્રશ્ન ૧૫૪.** મહાવિદેહ ક્ષેત્રથી આ પર્વત કયાં આવેલ છે.?તેનું માપ કેટલું ?
ઉત્તર : મહાવિદેહ ક્ષેત્રથી આ નીલવંત પર્વત ઉત્તર તરફ આવેલ છે. તેનું માપ વગેરે નિષધ પર્વતની જેમ જાણવું .નામફેર હોય છે. તે બતાવાય છે.
પ્રશ્ન ૧૫૫. આ પર્વતનો રંગ કેવો હોય છે?
ઉત્તર : નિલવંત પર્વત વૈડૂર્ય રત્ન જેવો લીલો હોય છે.
પ્રશ્ન ૧૫૬. આ પર્વત ઉપરના દ્રહનું નામ શું છે.? તથા દેવીનું નામ શું છે?
ઉત્તર : આ પર્વત ઉપર કેશરી દ્રહ હોય છે. તથા દેવીનું નામ કીર્તિદેવી છે

## હરિવર્ષક્ષેત્રનુંવર્ણન

**પ્રશ્ન ૧૫૭.**આ ક્ષેત્ર કયાં આવેલું છે? તથા આ ક્ષેત્રને કયું ક્ષેત્ર કહેવાય છે?
**ઉત્તર :** હરિવર્ષ ક્ષેત્ર નિષધ પર્વતની દક્ષિણે આવેલું છે. આ ક્ષેત્રને યુગલિક ક્ષેત્ર કહેવાયછે.
**પ્રશ્ન ૧૫૮.** આ ક્ષેત્ર ઉત્તર-દક્ષિણ તથા પૂર્વ-પશ્ચિમ લાંબુ પહોળું કેટલું છે?
**ઉત્તર :** આ ક્ષેત્ર ઉત્તર-દક્ષિણ ૮૪૨૧યોજન ૧ કલા(૧૬ ખંડ પ્રમાણ) હોય છે.પૂર્વ- પશ્ચિમ ૭૩૯૦૧યોજન ૧૭ કલા હોય છે.
**પ્રશ્ન ૧૫૯.** આ ક્ષેત્રની મધ્યમાં શું હોય છે? તેનું માપ કેટલું કેટલું હોય છે?
**ઉત્તર :** આ ક્ષેત્રની મધ્યમાં વૃત વૈતાઢય પર્વત હોય છે. તે ૧૦૦૦ યોજન ઉંચો મૂળમાં ૧૦૦૦ યોજન વિસ્તારવાળો, ઉપર ૫૦૦ યોજન વિસ્તારવાળો છે.
**પ્રશ્ન ૧૬૦.** આ પર્વતનું નામ શું છે.?તથા તેની ઉપર શું હોય છે?
**ઉત્તર :** આ પર્વતનું નામ ગંધાપાતી છે. તેના ઉપર જિનચૈત્ય આવેલું છે.
**પ્રશ્ન ૧૬૧.** આ ક્ષેત્રમાં કયા આરાના ભાવ વર્તતા હોય છે ?
આયુષ્ય,અવગાહના,પાંસળી,આહાર કટેલો અને કેટલા દિવસે હોય છે?
**ઉત્તર :** હરિવર્ષ ક્ષેત્રમાં સદાને માટે સુષમા આરાના ભાવ વર્તતા હોય છે. મનુષ્યોનું આયુષ્ય ૨ પલ્યોપમ,શરીર અવગાહના ૨ ગાઉ,બે બે દિવસના આંતરે બોર જેટલો આહારહોય છે.તથા ૧૨૮ પાસળીઓ હોય છે.
**પ્રશ્ન ૧૬૨.** આ ક્ષેત્રમાં જન્મેલા તિર્યંચોનું આયુષ્ય,અવગાહના પાંસળી,

આહાર કેટલો હોય છે?

**ઉત્તર :** આ ક્ષેત્રમાં જન્મેલા તિર્યંચોનું આયુષ્ય ૨ પલ્યોપમ,૪ ગાઉની અગગાહના, ૧૨૮ પાંસળીઓ ,એક દિવસના આંતરે બોર જેટલો આહાર હોય છે.

**પ્રશ્ન ૧૬૩.** આ ક્ષેત્રમાં જન્મેલા અપત્ય જીવોનું પાલન કેટલા દિવસનું હોય છે?

**ઉત્તર :** આ ક્ષેત્રમાં જન્મેલા અપત્ય જીવોનું પાલન ૬૪ દિવસનું હોય છે. પછી યુવાવસ્થા પામી જાય છે.

**પ્રશ્ન ૧૬૪.** આ ક્ષેત્રમાં ૬૪ દિવસના પાલનમાં કેટલા વિભાગ પડે છે? ક્યા વિભાગમાં અપત્યની કેવી અવસ્થા હોય છે?

**ઉત્તર :** આ ક્ષેત્રમાં જન્મેલા અપત્યપાલનના ૭ વિભાગ પડે છે.

(૧) પહેલા ભાગમાં ચત્તા સુતા સુતા અંગુઠો ચુસ્યા કરે છે.

(૨) બીજા ભાગમાં પૃથ્વી પર જરા પગ માંડે છે.

(૩) ત્રીજા ભાગમાં કંઈક મધુરવાણી વડે બોલે છે.

(૪) ચોથા ભાગમાં કંઈક સ્ખલના પામતો ચાલે છે.

(૫) પાંચમા ભાગમાં સારી રીતે સ્થિરતા પૂર્વક ચાલે છે.

(૬) છઠ્ઠા ભાગમાં સમસ્ત કળાઓને જાણનારો બને છે.

(૭) સાતમા ભાગમાં યૌવન અવસ્થા પામીને ભોગ સમર્થ બને છે.

**પ્રશ્ન ૧૬૫.** આ ક્ષેત્રમાં દેવકુરૂમાં રસકસ હોય તેવા હોય કે કેવા ?

**ઉત્તર :** આ ક્ષેત્રમાં દેવકુરૂની જેમ યુગલિક ક્ષેત્રની જેમ જાણવું વિશેષમાં બધુ ઉતરતાં રસકસવાળું હોય છે. દેવકુરૂમાં સુખ સુખ હતું જ્યારે આ ક્ષેત્રમાં સુખ હોય છે.

**પ્રશ્ન ૧૬૬.** આ ક્ષેત્રમાં કઈ નદીઓ કેટલી નદીઓના પરિવારવાળી હોય છે?

**ઉત્તર :** આ ક્ષેત્રમાં હરિસલિલા નામની નદી પૂર્વ તરફ ૫૬૦૦૦ નદીઓનાં પરિવાર સાથે વહે છે. તથા પશ્ચિમ તરફ ૫૬૦૦૦ નદીઓનાં પરિવારવાળી હરિકાન્તા નામની નદી વહે છે.

## રમ્યક્ ક્ષેત્રનું વર્ણન

**પ્રશ્ન ૧૬૭.** રમ્યક્ ક્ષેત્ર કયાં આવેલુ છે ?

ઉત્તર : નીલવંત પર્વતની ઉત્તર બાજુએ આવેલું છે.

**પ્રશ્ન ૧૬૮.**આ ક્ષેત્રમાં શું શું હોય છે?

ઉત્તર : આ ક્ષેત્રમાં જે વસ્તુઓ હોય છે. તેનું વર્ણન હરિવર્ષ ક્ષેત્રની જેમ જાણવું જે નામમાં ફેરફાર છે.તે જણાવાય છે.

**પ્રશ્ન ૧૬૯.**વૃત વૈતાઢયનું શું નામ હોય છે?

ઉત્તર : વૃત વૈતાઢયનું માલ્યવંત નામ હોય છે.

**પ્રશ્ન ૧૭૦.**નદીઓ કેટલી આવેલી છે.?કઇ કઇ?

ઉત્તર : મુખ્ય નદીઓ ૨ હોય છે. (૧) નરકાન્તા નદી (૨) નારીકાન્તા નદી.

**પ્રશ્ન ૧૭૧.**આ નદીઓ કેટલી નદીઓના પરિવારવાળી હોય છે?

ઉત્તર : આ બને નદીઓ ૫૬૦૦૦-૫૬૦૦૦ નદીઓના પરિવારવાળી હોય છે.

**પ્રશ્ન ૧૭૨.**અપત્યપાલનનાં કેટલા વિભાગ થાય છે?ક્યા ક્યા?

ઉત્તર :અપત્યપાલનનાં સાત વિભાગ હોય છે

(૧) પહેલા ચત્તા સુતા સુતા અંગુઠો ચુસ્યા કરે છે.

(૨) બીજા ભાગમાં પૃથ્વી પર જરા પગ માંડે છે.

(૩) ત્રીજા ભાગમાં કાંઇક મધુરવાણી બોલે છે.

(૪) ચોથા ભાગમાં કાંઇક સ્ખલના પામતો ચાલે છે.

(૫) પાંચમા ભાગમાં સારી રીતે સ્થિરતાપૂર્વક ચાલે છે.

(૬) છઠ્ઠા ભાગમાં સમસ્ત કળાઓનો જાણકાર બંને છે.

(૭) સાતમા ભાગમાં યૌવન અવસ્થા પામીને ભોગને સમર્થ બને છે.

## મહાહિમવંત પર્વતનું વર્ણન

**પ્રશ્ન ૧૭૩.**આ પર્વત કયાં આવેલો છે? ક્યા વર્ણવાળો છે?

ઉત્તર : મહાહિમવંત પર્વત હરિવર્ષ ક્ષેત્રની દક્ષિણે આવેલો છે.અને તે પીત્ત વર્ણનો છે.

**પ્રશ્ન ૧૭૪.**આ પર્વતની ઉંચાઇ,પહોળાઇ વગેરે કેટલી કેટલી છે?

ઉત્તર : મહાહિમવંત પર્વત ૨૦૦ યોજન ઉંચો, ૪૨૧૦ યોજન ૧૦/૧૯

કલા ઉત્તર દક્ષિણ પહોળો(આઠ ખંડ પ્રમાણ) અને પૂર્વ- પશ્ચિમ ૫૩૯૩૧ યોજન ૬ કલા પહોળો છે.

**પ્રશ્ન ૧૭૫.**આ પર્વતમાં શું આવેલું છે ? અને ત્યા કઇ દેવી હોય છે?

**ઉત્તર :** આ પર્વત ઉપર મહાપદ્મ દ્રહ છે તે ૨૦૦૦ યોજન લાંબુ.૧૦૦૦ યોજન પહોળું અને ૧૦ યોજન ઉંડુ હોય છે અને હ્રી દેવી અત્રે હોય છે.

**પ્રશ્ન ૧૭૬.** એ પર્વત ઉપર કૂટ કેટલા છે?અને તે કૂટો ઉપર શું હોય છે?

**ઉત્તર :** આ પર્વત ઉપર ૯ કૂટો આવેલા છે. એક કૂટ ઉપર જિનચૈત્ય છે. બાકીના કૂટો ઉપર પ્રાસાદો આવેલા છે.

**પ્રશ્ન ૧૭૭.**આ પર્વત શેનાથી યુક્ત હોય છે?

**ઉત્તર :** આ મહાહિમવંત પર્વત વન તથા વેદિકા થી યુક્ત હોય છે.

## રૂક્મિ પર્વતનું વર્ણન :

**પ્રશ્ન ૧૭૮.** આ પર્વત ક્યાં આવેલો છે ? તેનો વર્ણ કેવો છે ?

**ઉત્તર :** રૂક્મિ પર્વત રમ્યકક્ષેત્રની ઉત્તર દિશા બાજુ આવેલો છે તે રૂપાના વર્ણવાળો છે.

**પ્રશ્ન ૧૭૯.** રૂક્મિ પર્વત ઉપર શું આવેલ છે?

**ઉત્તર :** એક દ્રહ આવેલો છે તેનું નામ મહાપદ્દ્રહ હોય છે.

**પ્રશ્ન ૧૮૦.** આ પર્વત ઉપર કઈ દેવી હોય છે ?

**ઉત્તર :** રૂક્મિ પર્વત ઉપર બુદ્ધિદેવી હોય છે.

**પ્રશ્ન ૧૮૧.** રૂક્મિ પર્વત ઉપર કૂટો કેટલા છે ? તેના ઉપર શું આવેલ છે ?

**ઉત્તર :** રૂક્મિ પર્વત ઉપર નવ કૂટો છે એક કૂટ ઉપર જિનચૈત્ય તથા આઠ કૂટો ઉપર પ્રાસાદ આવેલ છે.

**પ્રશ્ન ૧૮૨.**રૂક્મિ પર્વત ઉપરનું બાકીનું વર્ણન કોના જેવું જાણવું ?

**ઉત્તર :** રૂક્મિ પર્વત ઉપર જે કાંઇ વસ્તુઓ છે તે તથા તે પર્વત વગેરેનું માપ મહાહિમવંત પર્વતની જેમ જાણવું

## હિમવંત ક્ષેત્રનું વર્ણન:-

**પ્રશ્ન ૧૮૩.** હિમવંતક્ષેત્ર ક્યાં આવેલું છે ?તથા તે ક્યા ભાવવાળું હોય છે ?

**ઉત્તર :** હિમવંતક્ષેત્ર મહાહિમવંત પર્વતની દક્ષિણ દિશાએ છે. તથા તે

યુગલિકપણાના ભાવવાળું હોય છે.

**પ્રશ્ન ૧૮૪.** ક્યા આરાના ભાવ વર્તે છે ?

**ઉત્તર :** સુષમા દુષમા આરાના ભાવ સદા માટે વર્તતા હોય છે.

**પ્રશ્ન ૧૮૫.**આ ક્ષેત્રનાં મનુષ્યોનું આયુષ્ય, અવગાહના, આહાર-અંતર, પાંસળી કેટલી હોય છે ?

**ઉત્તર :** આ ક્ષેત્રમાં મનુષ્યોનું આયુષ્ય ૧ પલ્યોપમ, શરીર અવગાહના ૧ ગાઉ, એક દિવસને આંતરે આમળાના પ્રમાણ જેટલો આહાર તથા ૬૪ પાંસળી હોય છે.

**પ્રશ્ન ૧૮૬.**આ ક્ષેત્રનાં તિર્યંચોને અવગાહના તથા આહાર અંતર કેટલું હોય છે ?

**ઉત્તર :**આ ક્ષેત્રનાં ઉત્પન્ન થયેલા તિર્યંચોનું આયુષ્ય ૧ પલ્યોપમ, ૨ ગાઉની શરીરની અવગાહના, દરરોજ ચોવીશ કલાકે આમળાના પ્રમાણ જેટલો આહાર.

**પ્રશ્ન ૧૮૭.** અપત્યપાલન કેટલા દિવસ હોય છે ?

**ઉત્તર :** અપત્યપાલન ૭૯ દિવસ હોય છે.

**પ્રશ્ન ૧૮૮.** આ ક્ષેત્રનાં રસકસ વગેરે કેવા હોય છે ?

**ઉત્તર :** આ ક્ષેત્રનાં રસકસ વગેરે ઉતરતાં હોય છે. એટલે હરિવર્ષ ક્ષેત્રમાં જે રસકસ હોય છે.તેનાં કરતાં ઘણા હીન હોય છે સુખ વગેરે ભાવો પણ ઉતરતાં હોય છે

**પ્રશ્ન ૧૮૯.**આ ક્ષેત્રનું ઉત્તર-દક્ષિણ માપ કેટલુ હોય છે ?

**ઉત્તર :** હિમવંતક્ષેત્રનું ઉત્તર- દક્ષિણ માપ ૨૧૦૫ યોજન ૫ કલા (ચારખંડ પ્રમાણ) છે.

**પ્રશ્ન ૧૯૦.**પૂર્વ-પશ્ચિમ માપ કેટલું છે ?

**ઉત્તર :** આ ક્ષેત્રનું પૂર્વ તથા પશ્ચિમ માપ ૩૭૬૭૪ યોજન ૧૫ કલા છે.

**પ્રશ્ન ૧૯૧.**વૃત વૈતાઢયનું નામ શું તથા તેનું માપ શું છે?

**ઉત્તર :** વૃત વૈતાઢયનું નામ શબ્દાપાતી છે તે ૧૦૦૦ યોજન ઉચો, મૂળમાં ૧૦૦૦ યોજન અને ઉપર ૫૦૦ યોજનના વિસ્તારવાળો હોય છે.

**પ્રશ્ન ૧૯૨.**આ ક્ષેત્રમાં મુખ્ય નદીઓ કેટલી ? તેનાં નામ ક્યા ક્યા ?
**ઉત્તર :** આ હિમવંતક્ષેત્રમાં મુખ્ય બે નદીઓ આવેલી છે.(૧) રોહિતા નદી અને (૨) રોહિતાંશા નદી.
**પ્રશ્ન ૧૯૩.**આ બે નદીઓ કેટલી કેટલી નદીનાં પરિવારવાળી હોય છે ?
**ઉત્તર :** આ બંને નદીઓ ૨૮000 નદીઓના પરિવારવાળી હોય છે.
**પ્રશ્ન ૧૯૪.**કૂટો કેટલાં છે ? તેના ઉપર શું હોય છે ?
**ઉત્તર :** કૂટો નવ હોય છે. એક કૂટ ઉપર જિનચૈત્ય. બાકીનાં ઉપર પ્રાસાદો આવેલાં છે. બાકીનું વર્ણન હરિવર્ષ ક્ષેત્રની જેમ જાણવું

## હિરણ્યવંત ક્ષેત્રનું વર્ણન

**પ્રશ્ન ૧૯૫.**આ ક્ષેત્ર ક્યાં આવેલું છે ? તે ક્યા ભાવવાળું હોય છે ?
**ઉત્તર :** આ ક્ષેત્ર રૂક્મિ પર્વતની ઉત્તર દિશા બાજુ આવેલું છે તે યુગલિક ભાવવાળું હોય છે.
**પ્રશ્ન ૧૯૬.**આ ક્ષેત્રમાં રહેલો વૃત વૈતાઢય પર્વત છે તેનું નામ શું છે ?
**ઉત્તર :** હિરણ્યવંત ક્ષેત્રને વિષે રહેલા વૃત વૈતાઢય પર્વતનું નામ વિકતાપાતી છે.
**પ્રશ્ન ૧૯૭.** આ પર્વત ઉપર કૂટો કેટલાં છે ? તેનાં ઉપર શું હોય છે ?
**ઉત્તર :** વિકતાપાતી પર્વત ઉપર નવ કૂટો આવેલા છે. તેમાંના એક કૂટ ઉપર જિનચૈત્ય છે. અને બાકીના કૂટો ઉપર પ્રાસાદો છે.
**પ્રશ્ન ૧૯૮.** આ ક્ષેત્રમાં મુખ્ય નદીઓ કેટલી ?તેના નામો ક્યા ક્યા ?
**ઉત્તર :** આ ક્ષેત્રમાં મુખ્ય બે નદીઓ છે.
(૧)સુવર્ણકલા નદી , (૨) રૂપ્યકલા નદી.
**પ્રશ્ન ૧૯૯.**આ ક્ષેત્રમાં રહેલ મનુષ્યનું આયુષ્ય,અવગાહના,આહાર આદિ કેટલો હોય છે. ?
**ઉત્તર :** આ ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ મનુષ્યોનું આયુષ્ય ૧ પલ્યોપમ, અવગાહના ૧ ગાઉ, આહાર ૧ દિવસ બાદ આમળાના પ્રમાણ જેટલો હોય છે.
**પ્રશ્ન ૨૦૦.**અપત્યપાલન કેટલા દિવસ હોય છે ?
**ઉત્તર :** અપત્યપાલન ૭૯ દિવસ હોય છે .
**પ્રશ્ન ૨૦૧.**આ ક્ષેત્રમાં ભાવ કેવા વર્તતા હોય છે ?

**ઉત્તર** : આ ક્ષેત્રમાં સુષમા દુષમા ભાવ વર્તતા હોય છે. એટલે કે આ ક્ષેત્રમાં જે ધાન્યાદિ પેદા થાય તે ઉપરના યુગલિક ક્ષેત્ર કરતાં ઉતરતાં રસકસવાળાં હોય છે.

**પ્રશ્ન ૨૦૨.** આ ક્ષેત્રમાં તિર્યંચો જે હોય તેમનું આયુષ્ય, અવગાહનાદિ કેટલા હોય છે. ?

**ઉત્તર** : આ ક્ષેત્રમાં તિર્યંચોનું આયુષ્ય ૧ પલ્યોપમ, અવગાહના ૨ ગાઉ, આહાર ૨૪ કલાકના અંતરે, આહાર સામાન્યથી રોજ હોય એમ ગણાય છે. આહાર આમળાના પ્રમાણ જેટલો.

**પ્રશ્ન ૨૦૩.** આ ક્ષેત્રમાં રહેલ મનુષ્યો તથા તિર્યંચોને પાંસળીઓ કેટલી હોય છે.?

**ઉત્તર** : ૬૪ પાંસળી ઓ હોય છે.

**પ્રશ્ન ૨૦૪.** અપત્યપાલનનાં કેટલાં ભાગ પડે છે? ક્યા ભાગમાં કેવી અવસ્થા હોય છે. ?

ઉત્તર : અપત્યપાલનનાં ૭ ભાગ પડે છે. તે આ પ્રમાણે જાણવા.

(૧)પહેલા ભાગમાં ચત્તા સુતાં સુતાં અંગુઠો ચુસ્યા કરે છે.

(૨)બીજા ભાગમાં પૃથ્વી પર જરા પગ માંડે છે.

(૩)ત્રીજા વિભાગમાં કાંઇક મધુરવાણી બોલે છે.

(૪)ચોથા વિભાગમાં કાંઇક સ્ખલના પામતો ચાલે છે.

(૫)પાંચમા વિભાગમાં સારી રીતે સ્થિરતા પૂર્વક ચાલે છે.

(૬)છઠ્ઠા વિભાગમાં સમસ્ત કળાઓનો જાણકાર બને છે.

(૭)સાતમાં વિભાગમાં યૌવન અવસ્થા પામીને ભોગ સમર્થ બને છે.

**પ્રશ્ન ૨૦૫.** હિરણ્યવંત ક્ષેત્રનું બાકીનું વર્ણન કોની જેમ જાણવું

**ઉત્તર** : હિરણ્યવંત ક્ષેત્રનું બાકીનું વર્ણન હિમવંત ક્ષેત્રની જેમ જાણવું.

## લઘુહિમંવંત પર્વતનું વર્ણન

**પ્રશ્ન** : ૨૦૬ આ પર્વત ક્યાં આવેલો છે ? તેનો વર્ણ કેવો હોય છે ?

**ઉત્તર** : લઘુહિમવંત પર્વત હિમવંત ક્ષેત્રની દક્ષિણે આવેલો છે અને તે પિત્ત વર્ણ નો છે.

**પ્રશ્ન** : ૨૦૭. આ પર્વત ઉત્તર-દક્ષિણ કેટલો ઉંચો અને પહોળો હોય છે? તે

કેટલા ખંડ પ્રમાણે છે?

ઉત્તર : આ પર્વત ઉંચાઈમાં ૧૦૦ યોજન છે. ઉત્તર-દક્ષિણ ૧૦૫૨ યોજન ૧૨ કલા પહોળો છે. અને તે ૨ ખંડ પ્રમાણ છે.

પ્રશ્ન : ૨૦૮. આ પર્વત પૂર્વ-પશ્ચિમ કેટલો લાંબો છે?

ઉત્તર : પૂર્વ-પશ્ચિમે ૨૪૯૩૨ યોજન લાંબો છે.

પ્રશ્ન : ૨૦૯. આ પર્વત પર કૂટો કેટલા છે? તેના ઉપર શું શું હોય છે?

ઉત્તર : લઘુહિમવંત પર્વત ઉપર ૧૧ કૂટો છે. તેમાં એક કૂટ ઉપર જિનચૈત્ય છે તથા બાકીના કૂટો ઉપર પ્રાસાદો આવેલા છે.

પ્રશ્ન : ૨૧૦. આ પર્વત ઉપર કયા નામનો દ્રહ છે? તેનું માપ કેટલું છે?

ઉત્તર : લઘુહિમવંત પર્વત ઉપર પદ્મ નામનું દ્રહ આવેલું છે તે ૧૦૦૦ યોજન લાંબુ, ૫૦૦ યોજન પહોળું તથા ૧૦ યોજન ઉંડું છે.

પ્રશ્ન : ૨૧૧. આ પર્વત પર કઈ દેવી હોય છે?

ઉત્તર : આ પર્વત ઉપર શ્રી નામની દેવી હોય છે.

પ્રશ્ન : ૨૧૨. આ પર્વત શેનાથી યુક્ત હોય છે?

ઉત્તર :આ પર્વત વન અને વેદિકા સહિત હોય છે.

## શિખરી પર્વતનું વર્ણન

પ્રશ્ન : ૨૧૩. આ પર્વત ક્યાં આવેલો છે? તથા તેનો વર્ણ કયા પ્રકારનો છે?

ઉત્તર: શિખરી પર્વત હિરણ્યવંત ક્ષેત્રની ઉત્તર દિશાએ આવેલો છે. તેનો વર્ણ પિત્ત (પીળો) હોય છે.

પ્રશ્ન : ૨૧૪. આ પર્વતમાં કયા નામનું દ્રહ આવેલું હોય છે?

ઉત્તર : પુંડરીક નામનું દ્રહ આવેલું છે.

પ્રશ્ન : ૨૧૫. શિખરી પર્વત ઉપર કઈ દેવી છે?

ઉત્તર : આ પર્વત ઉપર લક્ષ્મી દેવી આવેલી છે.

પ્રશ્ન :૨૧૬. આ પર્વત ઉપર કૂટો કેટલા છે? કયા કૂટ ઉપર શું હોય છે?

ઉત્તર : આ પર્વત ઉપર ૧૧ કૂટો છે. તેમાં ૧ કૂટ ઉપર જિન ચૈત્ય આવેલું છે અને બાકીના કૂટો ઉપર પ્રાસાદો આવેલાં છે.

પ્રશ્ન : ૨૧૭. શિખરી પર્વતનું માપ વગેરે વર્ણન કોની જેમ હોય છે?

ઉત્તર : શિખરી પર્વતનું માપ વગેરે વર્ણન લઘુહિમવંત પર્વતની જેમ જાણવું.

## શ્રીદેવીનું વર્ણન

**પ્રશ્ન :** ૨૧૮. પદ્‌મ દ્રહના મધ્યમાં કેટલા માપનું કમલ હોય છે?

**ઉત્તર :** ૧ યોજન વિસ્તાર વાળું ,૦।। યોજન જાડું, પૃથ્વીમય કમળ આવેલું છે.

**પ્રશ્ન :** ૨૧૯. તેને ફરતી તળીએથી શું હોય છે? કેટલા માપની? કોના જેવી?

**ઉત્તર :** તેની ફરતી તળીએથી ૧ યોજન ઉચીં જંબૂદ્વિપની જગતીની જેમ જગતી આવેલી છે.

**પ્રશ્ન :** ૨૨૦. કમળના મધ્યમાં શું હોય છે? તેનું માપ કેટલું છે?

**ઉત્તર :** કમળની મધ્યમાં ૧ ગાઉની ઉચી અને બે ગાઉ વિસ્તારવાળી કર્ણિકા આવેલી છે.

**પ્રશ્ન :** ૨૨૧. શ્રીદેવીનું ભવન ક્યાં હોય છે?

**ઉત્તર :** કર્ણિકામાં ૧ ગાઉ લાંબુ, ૦।। ગાઉ પહોળું અને ૧૪૪૦ ધનુષ ઉચું શ્રીદેવીનું ભવન આવેલું હોય છે.

**પ્રશ્ન :** ૨૨૨. આ ભવનને દ્વાર કેટલા હોય છે? કઈ દિશામાં કેટલા માપના હોય છે?

**ઉત્તર :** આ ભવનને ત્રણ દ્વાર છે. પશ્ચિમ દિશા સિવાય તે ૫૦૦ ધનુષ ઉચા અને ૨૫૦ ધનુષ પહોળા દ્વારો હોય છે.

**પ્રશ્ન :** ૨૨૩. ભવનની મધ્યમાં શું આવેલું છે? તેનું માપ કેટલું છે?

**ઉત્તર :** ભવનની મધ્યમાં મણીપીઠીકા આવેલી છે. તે ૫૦૦ ધનુષ લાંબી અને ૨૫૦ ધનુષ પહોળી છે.

**પ્રશ્ન :** ૨૨૪. મણીપીઠીકા ઉપર શું હોય છે? ત્યાં દેવી શું શું કાર્ય કરે છે?

**ઉત્તર :** આ મણીપીઠીકા ઉપર શ્રીદેવીની શૈયા આવેલી છે. જેમાં શ્રીદેવી સુખે સુવે છે, બેસે છે, આરામ લે છે અને સુખ ભોગવે છે.

**પ્રશ્ન :** ૨૨૫. મૂળ કમળની ચારે બાજુ કેટલા કમળો છે? શેના બનેલા છે? તથા શેનાથી યુક્ત હોય છે?

ઉત્તર : મૂળ કમળની ચારે બાજુ ૧૦૮ કમળો રહેલા હોય છે તે વલયકારે છે.રત્નના હોય છે. તથા ભવન અને મણીપીઠીકાથી યુક્ત હોય છે.

પ્રશ્ન : ૨૨૬. આ કમળોનું માપ કેટલું હોય છે?

ઉત્તર : આ કમળો પીઠીકા કર્ણિકા ભવનનું માપ મૂળ કમળથી અડધું અડધુ હોય છે.

પ્રશ્ન : ૨૨૭. આ વલયથી કેટલે દૂર કેટલા કમળોનું વલય હોય છે?

ઉત્તર : આ વલયથી કેટલેક દૂર ૩૪૦૧૧ કમળોનું બીજું વલય આવેલું છે

પ્રશ્ન : ૨૨૮. આ વલય ના કમળોનું માપ કેટલું છે?

ઉત્તર : આ વલયમાં રહેલા કમળો વગેરેનું માપ બીજા વલયના કમળો કરતાં અડધા અડધા માપના હોય છે.

પ્રશ્ન : ૨૨૯. આ વલયમાં જે કમળો હોય છે તે કોના કોના છે?

ઉત્તર : આ વલયમાં વાયવ્ય, ઉત્તર અને ઈશાનમાં શ્રીદેવીનાં સામાનીક દેવોનાં ૪૦૦૦ કમળો આવેલા છે. પૂર્વમાં ચાર કમળો ચાર મહતરા દેવીઓના છે. અગ્નિમાં અભ્યંતર સભાસદોના ૮૦૦૦ કમળો છે. દક્ષિણમાં મધ્યમ સભાસદોના ૧૦૦૦૦ કમળો છે. નૈઋત્યમાં બાહ્ય સભાસદોના ૧૨૦૦૦ કમળો છે. અને પશ્ચિમમાં ૭ સેનાપતિના ૭ કમળો છે = ૩૪૦૧૧ કમળો થાય.

પ્રશ્ન : ૨૩૦. આ વલય બાદ શું આવેલું છે?

ઉત્તર : આ વલયથી થોડેક દૂર કમળોનું વલય આવેલું હોય છે.

પ્રશ્ન : ૨૩૧. આ વલયમાં કોના નિવાસ હોય છે? તથા કેટલા માપના હોય છે?

ઉત્તર : આ વલયમાં આત્મરક્ષક દેવોનાં ૧૬૦૦૦ કમળો હોય છે. તે ઉપરના કમળો કરતાં અડધા માપના હોય છે. આ ત્રીજું વલય ગણાય છે.

પ્રશ્ન : ૨૩૨. આ વલય બાદ આગળ શું હોય છે?

ઉત્તર : આ ત્રીજા વલય બાદ કાંઇક થોડે દૂર કમળોનું ચોથું વલય શરૂ થાય છે.

પ્રશ્ન : ૨૩૩. ચોથા વલયમાં કમળો કેટલા છે? તે કોના તથા કેટલા માપ વાળા હોય છે?

ઉત્તર : ચોથા વલયમાં ૩૨ લાખ કમળો છે તે ઉત્તમ કામ કરનારા આભિયોગિક-સેવક દેવોનાં ગણાય છે. અને તે ઉપરના માપ કરતા અડધા માપના હોય છે.

**પ્રશ્ન : ૨૩૪.** પાંચમુ વલય ક્યાં આવેલું છે? તેમાં કમળો કેટલા છે? અને તે કેટલા માપના હોય છે?

**ઉત્તર :** આ ચોથા વલયથી કાંઇક દૂર પાંચમુ વલય આવેલું છે તેમાં ૪૦ લાખ કમળો હોય છે તે પૂર્વના વલયના કમળનાં માપ કરતાં અડધા માપના હોય છે.

**પ્રશ્ન : ૨૩૫.** આ કમળો ઉપર કોનો વાસ હોય છે?

ઉત્તર : આ ૪૦ લાખ કમળો મધ્યમ પ્રકારના આભિયોગિક સેવકો માટેનાં છે.

**પ્રશ્ન : ૨૩૬.** પાંચમા વલય બાદ છઠ્ઠા વલયમાં કમળો કેટલા છે? છઠ્ઠું વલય ક્યાં આવેલું હોય છે? અને તેનું માપ શું છે?

**ઉત્તર :** પાંચમા વલય બાદ કાંઇક દૂર છઠ્ઠું વલય આવેલું છે તેમાં ૪૮ લાખ કમળો હોય છે તે પૂર્વના માપના કમળો કરતાં અડધા માપના હોય છે.

**પ્રશ્ન : ૨૩૭.** છઠ્ઠા વલયના કમળો કોના માટેના હોય છે?

**ઉત્તર :** આ કમળો હલકાં કામ કરનારા આભિયોગિક દેવોનાં હોય છે.

**પ્રશ્ન : ૨૩૮.** દરેક વલય કમળો શેનાથી યુક્ત હોય છે? તથા વલયો કેટલા માપના હોય છે?

**ઉત્તર :** દરેક વલયના કમળો મણીપીઠીકા, કર્ણિકા અને ભવનોથી યુક્ત હોય છે. દરેક વલયોના એકએકથી અડધા માપનાં હોય છે.

**પ્રશ્ન : ૨૩૯.** મૂખ્ય કમળ સાથે ગણતાં કુલ કેટલા કમળો થાય છે?

**ઉત્તર :** મુખ્ય કમળ સાથે સર્વ કમળો ૧,૨૦,૫૦,૧૨૦ (એક કરોડ વીશ લાખ પચ્ચાસ હજાર એકસો વીસ) સંખ્યા થાય છે.

**પ્રશ્ન : ૨૪૦.** મુખ્ય કમળ પાણીથી કેટલે ઉંચે હોય છે.?

**ઉત્તર :** મુખ્ય કમળ પાણીથી બે ગાઉ ઉપર હોય છે.

**પ્રશ્ન : ૨૪૧.** શ્રીદેવીની જેમ કઈ કઈ દેવીઓનું વર્ણન સરખું હોય છે? વિશેષ શું હોય છે?

**ઉત્તર :** શ્રીદેવીની જેમ બાકીની પાંચ દેવીઓનું લક્ષ્મીદેવી, હ્રીદેવી, બુદ્ધિદેવી, ધીદેવી અને કીર્તીદેવીનું પણ વર્ણન સરખું હોય છે તેમાં જે વિશેષ હોય છે તેનું વર્ણન જણાવાય છે.

**પ્રશ્ન : ૨૪૨.** બાકીની દેવીઓનાં દ્રહો મોટા હોવાથી તેમાં શું શું વિશેષ હોય છે? તથા શું શું સરખું હોય છે?

**ઉત્તર :** બાકીના પાંચ દેવીઓના દ્રહો બમણાં હોવાથી તે કારણથી કમળોનો વિસ્તાર જાડાઇ અને કર્ણિકાની લંબાઇ બમણી બમણી જાણવી. પણ ભવન અને મણીપીઠીકા ઓ એક સરખા માપની જ હોય છે.

## દ્રહોનું વર્ણન

**પ્રશ્ન ૨૪૩.** પદ્‌મદ્રહને દરવાજા કેટલા હોય છે? કઇ દિશાઓમાં હોય છે.?

**ઉત્તર :** પદ્‌મદ્રહને ત્રણ દરવાજા હોય છે. (૧) પૂર્વ (૨) પશ્ચિમ(૩) ઉત્તર દિશામાં.

**પ્રશ્ન ૨૪૪.** પુંડરીક દ્રહને દરવાજા કેટલા હોય છે ?

**ઉત્તર :** પુંડરીક દ્રહને ત્રણ દરવાજા હોય છે. (૧) પૂર્વ (૨) પશ્ચિમ (૩) ઉત્તર દિશામાં.

**પ્રશ્ન ૨૪૫.** બાકીનાં ચાર દ્રહોમાં દરવાજા કેટલા હોય છે ? કઇ દિશામાં હોય છે ?

**ઉત્તર :** બાકીનાં ચાર દ્રહો તેનાં નામો મહાપદ્મ, મહાપુંડરીક, તિગિંચ્છ અને કેસરી દ્રહને બબ્બે દ્વારો હોય છે. (૧) ઉત્તર દિશામાં, (૨) દક્ષિણ દિશામાં.

**પ્રશ્ન ૨૪૬.** તે દ્વારોનાં માપ કેટલાં હોય છે ? કઇ રીતનાં હોય છે ?

**ઉત્તર :** તે દ્વારો દ્રહના માપથી એંશીમાં ભાગના માપવાળા હોય. તોરણ કમાનો સાથે વગર કમાડના હોય છે.

**પ્રશ્ન ૨૪૭.** આ દ્રહમાંથી શું નીકળે છે અને ક્યાં જઈ પડે છે ?

**ઉત્તર :** આ દ્રહોના દ્વારોમાંથી નદીઓ નીકળે છે અને તે પર્વતના છેડે જીવ્હા છે તેમાં થઈ પર્વતોની નીચે પ્રપાત કુંડ છે તેમાં પડે છે.

**પ્રશ્ન ૨૪૮.** આ દ્રહોની જીવ્હા માપમાં કેટલી હોય છે ?

**ઉત્તર :** આ દ્રહોમાં જે દ્વારો છે તેના પચાસમા ભાગે પહોળાઈ અને પહોળાઈથી ચાર ગુણી લાંબી હોય છે.

**પ્રશ્ન ૨૪૯.** છએ દ્રહોમાંથી નદીઓ કઇ રીતે વહેતી લવણ સમુદ્રને ક્યાંથી મળે છે ?

**ઉત્તર :** છએ દ્રહોમાંથી દક્ષિણ દ્વારથી નીકળતી તે જ દિશામાં પ્રપાત કુંડમાં થઈ

દક્ષિણમાં વહેતી ક્ષેત્રના મધ્યમાં પૂર્વ તરફ વળીને પૂર્વ તરફ લવણ સમુદ્રને મળે છે.

**પ્રશ્ન ૨૫૦.** ઉત્તર દ્વારવાળી નદીઓ ક્યાંથી લવણ સમુદ્રને મળે છે ?

**ઉત્તર :** ઉત્તર દ્વારથી નીકળતી નદીઓ ક્ષેત્રના મધ્યમાં પશ્ચિમ તરફ વળીને પશ્ચિમમાં લવણ સમુદ્રમાં મળે છે.

**પ્રશ્ન ૨૫૧.** પ્રપાતકુંડો કેવા પ્રકારનાં હોય છે ?

**ઉત્તર :** વૃત્ત વિસ્તારવાળા દ્વાર અનુસાર બમણા બમણા હોય છે.

**પ્રશ્ન ૨૫૨.** પ્રપાતકુંડ ભરત ઐરવત ક્ષેત્રમાં કેટલા માપનાં હોય છે ?

**ઉત્તર :** ભરત ઐરવત ક્ષેત્રમાં પ્રપાતકુંડો ૬૦ યોજનનાં હોય છે.

**પ્રશ્ન ૨૫૩.** બાકીના પ્રપાતકુંડો કેટલા કેટલા માપના હોય છે ?

**ઉત્તર :** બાકીના પ્રપાતકુંડોનું માપ આ પ્રમાણે જાણવું ૧૨૦ યોજન ૨૪૦ યોજન ૪૮૦ યોજન હોય છે.

**પ્રશ્ન ૨૫૪.** દરેક પ્રપાતકુંડો કેટલા ઉંડા હોય છે ?

**ઉત્તર :** દરેક પ્રપાતકુંડો ઉંડાઈમાં ૧૦ યોજન હોય છે.

**પ્રશ્ન ૨૫૫.** દરેક કુંડો શેનાથી યુક્ત હોય છે ? તથા પાણીથી કેટલી ઉંચાઈએ શું હોય છે ?

**ઉત્તર :** દરેક કુંડો વન અને વેદીકાઓથી સહીત હોય છે. તથા દરેકમાં પાણીથી બે ગાઉ ઉંચા કુંડના માપના અનુસારે દેવીદ્વીપો હોય છે.

**પ્રશ્ન ૨૫૬.** તે દેવી દ્વીપો કેટલા માપવાળા હોય છે ?

**ઉત્તર :** તે દ્વીપો ૮ યોજન, ૧૬ યોજન, ૩૨ યોજન, ૬૪ યોજનનાં વિસ્તારવાળાં હોય છે.

**પ્રશ્ન ૨૫૭.** તે દ્વીપો ઉપર શું હોય છે ? તેનું માપ શું છે ?

**ઉત્તર :** તે દ્વીપો ઉપર ૧ ગાઉ લાંબુ, ૦ાા ગાઉ પહોળું અને ૧૪૪૦ ધનુષ ઉંચાઈવાળું ભવન હોય છે. તેમાં ૫૦૦ ધનુષ વિસ્તારવાળી અને ૨૫૦ ધનુષ ઉંચી મણીપીઠીકા હોય છે.

## ભરતક્ષેત્રનું વર્ણન

**પ્રશ્ન ૨૫૮.** ભરતક્ષેત્ર ક્યાં આવેલું છે ?

**ઉત્તર :** ભરતક્ષેત્ર લઘુહીમવંત પર્વતની દક્ષિણ દિશા બાજુ આવેલ છે.

**પ્રશ્ન ૨૫૯.** આ ભરતક્ષેત્ર ક્યા ભાવવાળું હોય છે ?

**ઉત્તર :** આ ભરતક્ષેત્રમાં કાળચક્ર વર્તતું હોવાથી એટલે કે ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળ વર્તતો હોવાથી છ છ આરાના ફરતા ભાવળાળું છે.

**પ્રશ્ન ૨૬૦.** ઉત્સર્પિણી કાળ કોને કહેવાય ?

**ઉત્તર :** જે કાળમાં ક્રમસર સમયે સમયે રસકસાદિ વધતાં જતાં હોય તે કાળને ઉત્સર્પિણી કહેવાય છે.

**પ્રશ્ન ૨૬૧.** અવસર્પિણી કાળ કોને કહેવાય ?

**ઉત્તર :** જે કાળમાં ક્રમસર રસકસાદિ ઘટતાં જતાં હોય તે કાળને અવસર્પિણી કાળ કહેવાય છે.

**પ્રશ્ન ૨૬૨.** ઉત્સર્પિણીનાં આરા કેટલાં છે ? ક્યો આરો કેટલા કાળનો હોય છે ?

**ઉત્તર :** ઉત્સર્પિણી કાળના છ આરા હોય છે.

| | |
|---|---|
| ૧લો આરો | ૨૧ હજાર વર્ષ |
| ૨જો આરો | ૨૧ હજાર વર્ષ |
| ૩જો આરો | ૪૨ હજાર વર્ષ ન્યૂન ૧ કોટાકોટી સાગરોપમ |
| ૪થો આરો | ૨ કોટાકોટી સાગરોપમ |
| ૫મો આરો | ૩ કોટાકોટી સાગરોપમ |
| ૬ઠ્ઠો આરો | ૪ કોટાકોટી સાગરોપમ |

**પ્રશ્ન ૨૬૩.** અવસર્પિણી કાળના આરા કેટલા છે ? ક્યો આરો કેટલા કાળનો હોય છે ?

**ઉત્તર :** અવસર્પિણી કાળના ૬ આરા છે.

૧લો આરો ૪ કોટાકોટી સાગરોપમ

૨જો આરો ૩ કોટાકોટી સાગરોપમ

૩જો આરો ૨ કોટાકોટી સાગરોપમ

૪થો આરો ૧ કોટાકોટી સાગરોપમમાં ૪૨ હજાર વર્ષ ન્યૂન

૫મો આરો ૨૧ હજાર વર્ષ ૬ઠ્ઠો આરો ૨૧ હજાર વર્ષ

**પ્રશ્ન ૨૬૪.** આ ભરતક્ષેત્ર કઈ તરફ ક્યાં સ્પર્શતું કેવા આકારે હોય છે ?

ઉત્તર : આ ભરતક્ષેત્ર દક્ષિણ દિશા તરફ લવણ સમુદ્રને સ્પર્શ કરતું અર્ધચંદ્રાકારે આવેલું છે.

પ્રશ્ન ૨૬૫. ઉત્તર દક્ષિણની મધ્યમાં શું આવેલું હોય છે ?

ઉત્તર : ઉત્તર દક્ષિણ દિશાની મધ્યમાં દીર્ઘ વૈતાઢય પર્વત આવેલો હોય છે.

પ્રશ્ન ૨૬૬. દીર્ઘ વૈતાઢય પર્વત ક્યાં ક્યાં કઈ દિશામાં કેટલા વિસ્તારવાળો હોય છે ?

ઉત્તર : ઉત્તર દક્ષિણ મધ્યમાં ૨૫ યોજન ઉંચો, ઉત્તર દક્ષિણ સપાટી ઉપર ૫૦ યોજન વિસ્તારવાળો અને ઉપરના તળીએ ૧૦ યોજન વિસ્તારવાળો છે.

પ્રશ્ન ૨૬૭. દીર્ઘ વૈતાઢયની પૂર્વ-પશ્ચિમ લંબાઈ કેટલી હોય છે ?

ઉત્તર : પૂર્વ-પશ્ચિમ ૯૭૪૮ યોજન ૧૨ કલા લંબાઈ હોય છે.

પ્રશ્ન ૨૬૮. દીર્ઘ વૈતાઢય પર્વતની દક્ષિણ લવણસમુદ્ર તરફના છેડાની લંબાઈ કેટલી છે ?

ઉત્તર : દક્ષિણ લવણસમુદ્ર તરફના છેડાની લંબાઈ ૯૭૪૮ યોજન ૧૧ કલા છે.

પ્રશ્ન ૨૬૯. દીર્ઘ વૈતાઢયના ઉત્તર તરફના છેડાની લંબાઈ કેટલી છે ?

ઉત્તર : ઉત્તર (મેરૂ તરફના) છેડાની લંબાઈ ૧૦૭૨૦ યોજન ૧૧ કલા છે.

પ્રશ્ન ૨૭૦. આ પર્વત ઉપર શું આવેલું છે તેનું માપ શું છે ?

ઉત્તર : આ પર્વત ઉપર ૯ કૂટો આવેલા છે, તે કૂટો ૬ ૧/૪ યોજન ઉંચા ૬ ૧/૪ યોજન મૂળમાં અને ઉપર તેનાથી અડધા એટલે ૩ ૧/૮ યોજન વિસ્તારવાળો છે.

પ્રશ્ન ૨૭૧. નવકૂટોમાંથી ક્યા કૂટ ઉપર જિનમંદિરો છે ? તેનું માપ શું છે ?

ઉત્તર : નવકૂટોમાંથી પૂર્વ તરફના પહેલા કૂટ ઉપર ૧ ગાઉ લાંબું ૦ા ગાઉ પહોળું અને ૧૪૪૦ ધનુષ ઉંચું એક જિનમંદિર આવેલું છે.

પ્રશ્ન ૨૭૨. તે જિનમંદિરના દ્વારનું માપ કેટલું ? અને કેટલા દ્વાર હોય છે ?

ઉત્તર : આ જિનમંદિરના દ્વાર ૫૦૦ ધનુષ ઉંચાં અને ૨૫૦ ધનુષ પહોળાં છે, તેને આવા ત્રણ દ્વારો આવેલાં છે.

**પ્રશ્ન ૨૭૩.** આ પર્વત ઉપર કેટલા યોજને બીજું શું આવેલું છે ? તેના વિસ્તાર શું હોય છે ?

ઉત્તર : આ પર્વતની સપાટીથી ૧૦ યોજન ઉંચે ઉત્તર-દક્ષિણ બંને બાજુ દસ દસ યોજનના વિસ્તારવાળી સપાટ મેખલા આવેલી છે.

**પ્રશ્ન ૨૭૪.** આ બંને મેખલાઓમાં શું શું આવેલું છે ?

ઉત્તર : દક્ષિણ તરફની મેખલામાં ૫૦ વિદ્યાધરોની નગરની શ્રેણીઓ આવેલી છે. આ રીતે કુલ ૧૧૦ શ્રેણીઓ થાય છે.

**પ્રશ્ન ૨૭૫.** આ મેખલાની કેટલા યોજન ઉંચે શું હોય છે ?

ઉત્તર : આ વિદ્યાધરોની મેખલાની દશ યોજન ઉંચે આજ પ્રમાણે બંને બાજુ દશ દશ યોજનની વ્સિતારવાળી બે મેખલાઓ આવેલી છે.

**પ્રશ્ન ૨૭૬.** ઉપરની બે મેખલાઓમાં શું હોય છે ?

ઉત્તર : ઉપરની બંને મેખલાઓમાં આભિયોગિક દેવોનાં આવાસ છે.

**પ્રશ્ન ૨૭૭.** આ મેખલાઓની ઉપરના ભાગમાં શું હોય છે ? કેટલા યોજને છે ?

ઉત્તર : આ બંને મેખલાઓની ઉંચે પાંચ યોજને ઉપરનું તળીયું ૧૦ યોજનના વિસ્તારવાળું આવેલું છે.

**પ્રશ્ન ૨૭૮.** તળીયાની ચારે બાજુ તથા મધ્યમાં શું છે ?

ઉત્તર : તળીયાની ચારે બાજુ વેદિકા અને વન છે. અને મધ્યમાં બંને તરફ વનમાળી વેદિકા આવેલી છે.

**પ્રશ્ન ૨૭૯.** આ પર્વતની નીચે પૂર્વ તરફની દિશાએ શું આવેલું છે ? તેનું નામ શું છે ?

ઉત્તર : આ પર્વતની નીચે પશ્ચિમ દિશા બાજુ એક ગુફા આવેલી છે જેનું નામ તમિસ્ત્રા ગુફા કહેવાય છે.

**પ્રશ્ન ૨૮૦.** બંને ગુફાઓની લંબાઈ-પહોળાઈ-ઉંચાઈ કેટલી છે ?

ઉત્તર : ખંડપ્રપાત ગુફા તથા તમિસ્ત્રા ગુફા આ બંને ગુફાઓ ૫૦ યોજન લાંબી, ૧૨ યોજન પહોળી અને ૮ યોજન ઉંચી છે.

**પ્રશ્ન ૨૮૧.** બંને ગુફાઓના પ્રવેશદ્વારથી કેટલા યોજને શું આવેલું છે તે ક્યાં જાય છે ?

ઉત્તર : બંને ગુફાઓનાં પ્રવેશદ્વારથી ૨૧ યોજન અંદરના ભાગમાં ૩ યોજન વિસ્તારવાળી ઉન્મગ્ના નામની નદી આવેલી છે તે સિંધુ નદીને મળે છે.

**પ્રશ્ન ૨૮૨.** ઉન્મગ્ના નદીમાં કઈ વસ્તુઓ તરી શકે છે ?

**ઉત્તર :** ઉન્મગ્ના નદીમાં ભારે વસ્તુઓ પણ તરી શકે છે.

**પ્રશ્ન ૨૮૩.** ત્યાંથી કેટલા યોજને કેટલા વિસ્તારવાળી શું આવે છે ? તે ક્યાં મળે છે ?

**ઉત્તર :** ત્યાંથી ૨ યોજન આગળ ૩ યોજનના વિસ્તારવાળી નિમગ્ના નદી આવેલી છે તે ગંગા નદીને મળે છે.

**પ્રશ્ન ૨૮૪.** નિમગ્ના નદીમાં શું શું ડૂબી શકે ?

**ઉત્તર :** આ નદી હલકી વસ્તુઓને પણ ડૂબાડે તેવા સ્વભાવવાળી હોય છે.

**પ્રશ્ન ૨૮૫.** ચક્રવર્તીઓ છ ખંડ સાધવા કઈ રીતે જાય ?

**ઉત્તર :** ચક્રવર્તીઓ ઉત્તર તરફનાં ૩ ખંડ સાધવા એક ગુફામાંથી જાય છે. અને સાધીને બીજી ગુફામાંથી પાછા આવે છે.

**પ્રશ્ન ૨૮૬.**ચક્રવર્તીઓ ગુફાની અંદર શું શું કરે છે ? શેનાથી ? કેટલા અંતરે ?

**ઉત્તર :** ચક્રવર્તીઓ ગુફાની અંદર કાકીણી રત્નથી યોજન-યોજનને આંતરે બંને ભીંતો તરફ પ્રકાશ મંડળો કરતા જાય છે. અને વળતી વખતે બીજી ગુફામાં કરતા કરતા પાછા આવે છે.

**પ્રશ્ન ૨૮૭.** પ્રકાશ માંડલા કેટલા થાય છે ? મતાંતરે કેટલા છે ?

**ઉત્તર :** એક બાજુની ભીંતે ૪૯ માંડલા થાય છે. મતાંતરે બંને ભીંતે થઈને ૪૯ માંડલા થાય છે.

**પ્રશ્ન ૨૮૮.** મંડલનો વિસ્તાર લાંબો-પહોળો વગેરે કેટલા હોય છે ?

**ઉત્તર :** મંડલનો વિસ્તાર ઉત્સેધ ૫૦૦ ધનુષ છે અને પ્રકાશ ૧૨ યોજન પહોળો, ૮ યોજન ઉંચો અને ૧ યોજન લાંબો હોય છે.

**પ્રશ્ન ૨૮૯.**તમિસ્ત્રા ગુફાના અધિપતિ તથા ખંડ પ્રપાત ગુફાના અધિપતિ દેવોનું નામ શું છે ?

**ઉત્તર :** તમિસ્ત્રા ગુફાના અધિપતિ કૃતમાલ દેવ હોય છે. ખંડ પ્રપાત ગુફાના અધિપતિ નૃતમાલ દેવ હોય છે.

**પ્રશ્ન ૨૯૦.** આ ક્ષેત્રમાં કેટલી નદીઓ કેટલા કેટલા પરિવારવાળી કઈ દિશા

તરફ વહે છે ?

ઉત્તર : આ ક્ષેત્રમાં બે નદીઓ ચૌદ ચૌદ હજાર નદીઓનાં પરીવારવાળી પૂર્વ દિશા તરફ ગંગા અને પશ્ચિમ દિશા તરફ સિન્ધુ વહેતી વહેતી દક્ષિણમાં લવણસમુદ્રને મળે છે.

**પ્રશ્ન ૨૯૧.** આ ભરતક્ષેત્રમાં ત્રણ ખંડમાંના વચલા ખંડની રાજધાની નગરી વગેરે ક્યાં હોય છે ?

ઉત્તર : રાજધાની અયોધ્યા નગરી દક્ષિણ તરફના ત્રણ ખંડ છે તેમાં વચલા ખંડમાં છે.

**પ્રશ્ન ૨૯૨.** અયોધ્યા નગરીનું માપ કેટલું હોય છે ?

ઉત્તર : અયોધ્યા નગરી ૧૨ યોજન લાંબી પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ ૯ યોજન પહોળી છે. ૧૨૦૦ ધનુષ ઉંચો અને ૮૦૦ ધનુષ પહોળો કોટ હોય છે.

**પ્રશ્ન ૨૯૩.** આ ક્ષેત્રના કેટલા કેટલા ભાગ શેનાથી થાય છે ?

ઉત્તર : આ ભરત ક્ષેત્રના મધ્યમાં વૈતાઢય પર્વત આવવાથી ઉત્તર દક્ષિણ બે ભાગ પડે છે. અને બંને બાજુ તરફ બે નદીઓ આવેલી હોવાથી ત્રણ ત્રણ ભાગ પડે છે. આ રીતે છ ખંડ થાય છે.

**પ્રશ્ન ૨૯૪.** આ ક્ષેત્રની ચારે દિશા આશ્રયી લંબાઈ વગેરે કેટલી હોય ?

ઉત્તર : આ ક્ષેત્ર ઉત્તર-દક્ષિણ ૫૨૬ યોજન ૬ કલા (એક ખંડ પ્રમાણ) અને પૂર્વ-પશ્ચિમ ૧૪૪૧ યોજન ૫ કલા લાંબું છે.

**પ્રશ્ન ૨૯૫.** ગંગા-સિંધુ નદીની વચમાં શું આવેલ છે ?

ઉત્તર : ગંગા અને સિંધુ નદીની વચમાં એક ઋષભ કૂટ આવેલો છે.

**પ્રશ્ન ૨૯૬.** ઋષભ કૂટની લંબાઈ વગેરે કેટલી હોય છે ?

ઉત્તર : ઋષભ કૂટ ૮ યોજન ઉંચો, મૂળમાં ૧૨ યોજન અને ઉપર ૪ યોજન વિસ્તારવાળો હોય છે.

**પ્રશ્ન ૨૯૭.** ઋષભ કૂટ ઉપર શું હોય છે ? તે કેટલા માપવાળો હોય છે ?

ઉત્તર : ઋષભ કૂટ ઉપર એક પ્રાસાદ છે જે ૧ ગાઉ લાંબો, ૦ાા ગાઉ પહોળો અને ૦ાા ગાઉ ઉંચો હોય છે.

## અવસર્પિણીના છ આરાઓનું વર્ણન

**પ્રશ્ન ૨૯૮.** સુષમા સુષમા નામનો પહેલો આરો કેટલા કાળનો હોય છે ? તેમાં ઉત્પન્ન થયેલા જીવોનાં ભાવો કેવા હોય છે ?

**ઉત્તર :** સુષમા સુષમા નામનો પહેલો આરો ૪ કોટાકોટી સાગરોપમ કાળનો હોય છે. તેમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોનું આયુષ્ય ૩ પલ્યોપમ, અવગાહના ૩ ગાઉ વગેરે દેવકુરૂ ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ મનુષ્યની જેમ જાણવું.

**પ્રશ્ન ૨૯૯.** પહેલા આરાના છેડે ભાવ કેવા હોય છે ?

**ઉત્તર :** પહેલા આરાના છેડે ઉત્પન્ન થયેલા મનુષ્યોનાં ભાવો ઉતરતાં ક્રમ પ્રમાણે હોય. ત્યાંના ધાન્યાદીનાં, ફળો વગેરેનાં રસકસાદી પણ ઉતરતાં ભાવવાળા હોય છે.

**પ્રશ્ન ૩૦૦.** બીજા આરાનું કાળ માપ કેટલું છે ? તથા તેના ભાવો કેવા પ્રકારના હોય છે ?

**ઉત્તર :** બીજો આરો સુષમા નામનો છે. આ આરાનું માપ ૩ કોટાકોટી સાગરોપમ છે. આ ક્ષેત્રના ભાવો યુગલિક ક્ષેત્ર રૂપે હરિવર્ષ ક્ષેત્રની જેમ હોય છે.

**પ્રશ્ન ૩૦૧.** બીજા આરાના છેડે ભાવો કેવા પ્રકારના બને ? શાથી ?

**ઉત્તર :** બીજા આરાના ભાવોમાં ક્રમસર કાળ પસાર થતાં ભાવો ઘટતાં ઘટતાં છેલ્લે ત્રીજા આરાના ભાવો જેવાં ભાવો બને છે. આ બનવાનું કારણ અવસર્પિણી કાળ ચાલતો હોવાથી થાય છે.

**પ્રશ્ન ૩૦૨.** ત્રીજા આરાનું નામ શું છે ? માપ શું ? અને તેના ભાવો ક્યા પ્રકારના હોય છે ?

**ઉત્તર :** ત્રીજો આરો સુષમા દુષમા નામનો કહેવાય છે. બે કોટાકોટી સાગરોપમના માપવાળો ગણાય છે. આ ક્ષેત્રમાં યુગલિકક્ષેત્ર જેવા ભાવ હોય છે. તે હિમવંતક્ષેત્રની જેમ જાણવુ.

**પ્રશ્ન ૩૦૩.** ત્રીજા આરાના છેડે ક્યા ભાવો હોય છે ?

**ઉત્તર :** ત્રીજા આરાના ઉતરતા કાળમાં ક્રમે ક્રમે હીનભાવવાળાં રસકસાદી થતાં છેલ્લે ચોથા આરાના ભાવો જેવા ભાવો બને છે.

**પ્રશ્ન ૩૦૪.** ત્રીજા આરાના કેટલા ભાગ સુધી ક્રમસર હાની થાય છે ?
**ઉત્તર :** ત્રીજા આરાના ૨/૩ કાળ સુધી તો પહેલા અને બીજા આરા પ્રમાણે ક્રમસર હાની થતી જાય છે.
**પ્રશ્ન ૩૦૫.** ત્રીજા આરાના છેલ્લા ભાગમાં શી રીતે હાની થાય છે ? શાથી ?
**ઉત્તર :** ત્રીજા આરાના છેલ્લા ૧/૩ ભાગમાં ક્રમનો નિયમ રહેતો નથી. અનિયમિત રીતે હાની થતી જાય છે. દરેક બાબતમાં ઘણો ઘણો ઘટાડો થતો જાય છે.
**પ્રશ્ન ૩૦૬.** ત્રીજા આરાની ૧/૩ ભાગની શરૂઆતમાં અને છેલ્લા ભાગમાં શું ફેરફાર હોય છે ?
**ઉત્તર :** ત્રીજા આરાની શરૂઆતમાં ૧/૩ ભાગમાં જે ફેરફારો હોય તે આ પ્રમાણે, છ એ સંઘયણ હોય,છ એ સંસ્થાન હોય, સેંકડો ધનુષની કાયાવાળા અસંખ્ય હજાર વર્ષના આયુષ્યવાળા હોય છે તેમજ કાળ પામી દેવલોકમાં જાય છે. ક્રમે ક્રમે ઉંચાઈ આયુ ઘટતું જાય છે. આહારનું અંતર પણ ઘટતું જાય છે. પ્રેમ-રાગદ્વેષ ગર્વાદિ વધતાં જાય છે. અને મરણ પામીને ચાર ગતિમાં જનારા થાય છે. સારાપણું દરેક પદાર્થોમાં ઓછું થતું જાય છે. કલ્પવૃક્ષોનાં ફળ-ફૂલ અને ઔષધી અનાજ ખાનાર, સંગ્રહ કરનારા, પરસ્પર વાદ કરનારા બને છે. કષાયો વધતા જાય છે. પાચન શક્તિ મંદ પડતી જાય છે.
**પ્રશ્ન ૩૦૭.** કુલકરોની ઉત્પત્તિ ક્યારે થાય ? કેટલા થાય ?
**ઉત્તર :** ત્રીજા આરાના છેલ્લા પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહે ત્યારે કુલકરોની ક્રમસર ઉત્પત્તિ થાય છે. તેવા ૭ કુલકરો થાય છે.
**પ્રશ્ન ૩૦૮.** કલ્પવૃક્ષો વગેરે નિષ્ફળ ક્યારે થાય ? ત્યારે કેટલો કાળ આરાનો બાકી રહે ? તિર્થંકરની ઉત્પત્તિ ક્યાં થાય ? કઇ રીતે ? કેટલાં કાળે ?
**ઉત્તર :** યુગલિયાઓ કુલકરોનું પણ માન ન સાચવે ત્યારે ધીરે ધીરે કાળ પરિવર્તન પામતો જાય છે. ત્યારે યુગલિક ભાવ પણ નષ્ટ થતો જાય અને કલ્પવૃક્ષો પણ નિષ્ફળ થતાં જાય છે. આ પ્રમાણે કાળ જતાં એક ત્રુટિતાંગ-૮૪લાખ પૂર્વ અને ૮૯ પખવાડીયાં એટલે ત્રણ વર્ષ સાડાઆઠ માસ આ આરાના બાકી રહે ત્યારે છેલ્લા કુલકરને ત્યાં પ્રથમ તીર્થંકરનો જન્મ થાય છે.

**પ્રશ્ન ૩૦૯.** આ તીર્થંકર શું કરે ?

**ઉત્તર :** આ તીર્થંકર સંસારી અવસ્થામાં યુગલીક ભાવ નષ્ટ થયેલ હોવાથી મનુષ્યોને સાચવે છે.

**પ્રશ્ન ૩૧૦.** કર્મભૂમિ ક્યારથી બને ?

**ઉત્તર :** જ્યારે અસિ = તલવાર, મસિ = લેખન કળા આદિ અને કૃષિ = ખેતર ખેડવું આદિ ચાલુ થાય છે ત્યાર થી કર્મભૂમિનાં ભાવ ચાલુ થાય છે.

**પ્રશ્ન ૩૧૧.** કર્મભૂમિમાં મનુષ્યોની આયુષ્ય અવગાહના કેટલી હોય છે ?

**ઉત્તર :** જ્યારે કર્મભૂમિ બને છે ત્યારે તે મનુષ્યોનું આયુષ્ય (તે વખતથી) પૂર્વ ક્રોડ વર્ષનું થાય છે અને અવગાહના ૫૦૦ ધનુષની હોય છે.

**પ્રશ્ન ૩૧૨.** રાજ્ય-લગ્નની વિધિની શરૂઆત ક્યારથી થાય છે ?

**ઉત્તર :** ઈન્દ્ર મહારાજ આવી તીર્થંકરના આત્માને રાજ્યાભિષેક કરે છે ત્યારથી રાજાની સ્થાપનાની શરૂઆત થાય છે અને લગ્ન કરાવી આપે છે ત્યારથી લગ્નની વિધિની શરૂઆત થાય છે.

**પ્રશ્ન ૩૧૩.** તીર્થંકર પરમાત્મા ગૃહસ્થાવાસમાં કેટલો કાળ રહે છે ?

**ઉત્તર :** તીર્થંકર પરમાત્મા ૮૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થાવાસમાં રહે છે.

**પ્રશ્ન ૩૧૪.** દીક્ષા ક્યારે લે છે ? અને ધર્મતીર્થ ક્યારે પ્રવર્તાવે છે ?

**ઉત્તર :** ૮૩ લાખ પૂર્વ વર્ષ પૂર્ણ થતાં એક લાખ વર્ષ બાકી રહે લોકાંતીક દેવો આવી દીક્ષાની વિનંતી કરતાં વાર્ષિક દાન એક વર્ષ આપી પછી સંયમ અંગીકાર કરે ત્યારે તે વખતે મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે, એક વર્ષ સુધી સંયમનું પરીપાલન કરતાં કેવળજ્ઞાન પેદા થાય છે. ત્યારબાદ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. અને તીર્થ પ્રર્વતાવે છે.

**પ્રશ્ન ૩૧૫.** તીર્થંકર પરમાત્માનો મોક્ષ ક્યારે થાય છે ?

**ઉત્તર :** ત્રીજા આરાના ૮૯ પખવાડિયા બાકી રહે ત્યારે તીર્થંકર પરમાત્માનો મોક્ષ થાય છે.

**પ્રશ્ન ૩૧૬.** પહેલાં તીર્થંકરના શાસનમાં કેટલા ચક્રવર્તી થાય છે ?

**ઉત્તર :** પહેલાં તીર્થંકરના કાળમાં એક ચક્રવર્તી થાય છે.

**પ્રશ્ન ૩૧૭.** આ બધું ક્યા ખંડમાં થાય છે? બાકીના ખંડમાં શી રીતે ધર્મની ઉત્પત્તિ

થાય છે ?

**ઉત્તર :** ભરતક્ષેત્રના મધ્યખંડમાં આ બધું બને છે. બાકીના પાંચ ખંડમાં જાતિ સ્મરણ આદિ જ્ઞાનવાળા મનુષ્યોથી તેમજ તે તે ક્ષેત્રોનાં અધિષ્ઠાયક દેવોથી લોકનીતિ પ્રવર્તે છે. ત્યારપછી કેટલીક નીતિ તો કાળના મહાત્મયથી પોતાની મેળે પ્રવર્તે છે.

**પ્રશ્ન ૩૧૮.** ચોથો આરો કેટલા કાળનો હોય છે ? તેનું નામ શું ? તથા તેના ભાવ ક્યા હોય છે ?

**ઉત્તર :** ચોથા આરાનું નામ દુષમ સુષમા નામનો હોય છે. તે એક કોટાકોટી સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષ ન્યૂનકાળ માનવાળો છે. આ આરામાં કર્મભૂમિના ભાવો વર્તે છે.

**પ્રશ્ન ૩૧૯.** આ આરામાં આયુષ્ય - અવગાહના શરૂમાં કેટલી ? પછી કેટલી ? ભાવ કેવા ?

**ઉત્તર :** આ આરામાં શરૂઆતમાં પૂર્વ ક્રોડ વર્ષનું આયુષ્ય અને ૫૦૦ ધનુષની કાયા હોય છે પછી ક્રમસર ઘટતી જાય છે. આ આરામાં દુઃખ અને કાંઈક સુખ હોય છે.

**પ્રશ્ન ૩૨૦.** શરૂઆતમાં કોના જેવા ભાવ હોય છે ? પછી કેવા ભાવ હોય છે ?

**ઉત્તર :** શરૂઆતમાં મહાવિદેહની વિજય જેવા ભાવ વર્તતા હોય પછી ક્રમે પદાર્થોમાંથી રસકસ, શુભપણું વગેરે ઘટતું જાય છે.

**પ્રશ્ન ૩૨૧** ધર્મનું સામ્રાજય કેવું હોય છે ?કેટલા કાળ પછી બીજા તીર્થંકર થાય છે ?

**ઉત્તર :** ધર્મનું સામ્રાજય સારૂં પ્રવર્તે છે. પચાસ લાખ ક્રોડ સાગરોપમ ગયે બીજા તીર્થંકર થાય છે.

**પ્રશ્ન ૩૨૨.** આ આરામાં શલાકા પુરૂષો કેટલા થાય છે ?

**ઉત્તર :** આ આરામાં ક્રમેક્રમે આંતરેઆંતરે ૨૩ તીર્થંકરો, ૧૧ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવો, ૯ પ્રતિવાસુદેવો, ૯ બળદેવો એટલે કે ૬૧ શલાકા પુરૂષો ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૨૩.** આ આરામાં બીજા કેવા જીવો ઉત્પન્ન થાય છે ? આ આરામાં ઉત્પન્ન

થયેલા મોક્ષે ક્યાં જઈ શકે ?

**ઉત્તર :** આ આરામાં બીજા ૯ નારદો અને ૧૨ રૂદ્રો થાય છે. આ આરામાં જન્મેલાં પાંચમા આરામાં પણ મોક્ષે જઈ શકે છે.

**પ્રશ્ન ૩૨૪.** આ આરો કેટલો બાકી રહે છેલ્લા તીર્થંકર મોક્ષે જાય છે ? કેટલો કાળ બાકી રહે આરો પૂર્ણ થાય છે ?

**ઉત્તર :** આ આરાનાં ૮૯ પખવાડીયા બાકી રહે છેલ્લા તીર્થંકરનો મોક્ષ થાય છે. અને ૮૯ પખવાડિયાં કાળ પૂર્ણ થાય પછી આ આરો પૂર્ણ થાય છે.

**પ્રશ્ન ૩૨૫.** પાંચમા આરાનો કાળ કેટલો છે ? અને મનુષ્યોનાં ભાવ કેવાં હોય છે ?

**ઉત્તર :** પાંચમો આરો ૨૧૦૦૦ વર્ષનો છે. આ મનુષ્યના ભાવો કર્મભૂમિના ભાવવાળા ગણાય છે.

**પ્રશ્ન ૩૨૬.** શરૂઆતમાં અવગાહના - આયુષ્ય કેટલા હોય છે ?

**ઉત્તર :** શરૂઆતમાં આ આરામાં ૨ ધનુષની કાયા અને ૩૦૦ વર્ષનું આયુષ્ય ગણાય છે.

**પ્રશ્ન ૩૨૭.** આ આરામાં ક્રમસર ભાવો કેવા હોય છે ?

**ઉત્તર :** આ આરામાં દુઃખ જ હોય છે.

**પ્રશ્ન ૩૨૮.** આ આરામાં દુઃખ હોય છે તે કઈ રીતે હોય ?

**ઉત્તર :** તે દુઃખનું વર્ણન આ પ્રમાણે :-

(૧) ક્રમેક્રમે જમીનાદિનાં રસકસો ઓછા થાય છે.

(૨) ઉપદ્રવો વધતાં જાય છે.

(૩) આયુષ્ય તથા અવગાહનાં ઘટતાં જાય છે.

(૪) કષાયો વધતાં જાય છે.

(૫) શરૂઆતમાં ચોથા આરામાં જન્મેલાં કોઈક જીવો મોક્ષે પણ જાય છે.

(૬) આ આરામાં જન્મેલાનો મોક્ષ થતો નથી.

(૭) સંઘયણો નષ્ટ થતાં જાય છે.

(૮) છેલ્લું સંઘયણ રહે છે.

(૯) છેલ્લા સંઘયણવાળા જીવો ચોથા દેવલોક સુધી અને બીજી નારકી સુધી જાય છે.

(૧૦) દિવસે દિવસે ધર્મનો હ્રાસ થતો જાય છે.
(૧૧) વચમાં વચમાં યુગપ્રધાનો થાય તે વખતે ધર્મનો પ્રકાશ કાંઈક વધે છે.
(૧૨) ધર્મી જીવો ઓછા થતાં જાય છે.
(૧૩) મતમતાંતરો વધતાં જાય છે.
(૧૪) રોગ, શોક, અનીતિ, ક્લેશ, કંકાસ, મૃત્યુનું પ્રમાણ વગેરે અશુભની વૃદ્ધિ થતી જાય છે.
(૧૫) ઋદ્ધિ, આયુ, સંપ, નીતિ વગેરે શુભની ક્રમસર હાની થતી જાય છે.
(૧૬) શ્રુતજ્ઞાન પણ ક્રમસર ઘટતું જાય છે.
(૧૭) રાજા અને પ્રજા બંનેમાં અનીતિ વગેરે વધતાં જાય છે.
(૧૮) તપ પણ ઘટતો જાય છે.

**પ્રશ્ન ૩૨૯.** પાંચમા આરાના છેડે કેટલા હાથની કાયા તથા આયુષ્ય રહેશે ?

**ઉત્તર :** પાંચમા આરાના છેડે ૨ હાથની કાયા અને ૨૦ વર્ષનું આયુષ્ય રહેશે.

**પ્રશ્ન ૩૩૦.** છેલ્લે તપ કેટલો રહેશે ?

**ઉત્તર :** પાંચમા આરાના છેડે છઠ્ઠ તપ રહેશે એટલે છઠ્ઠ તપ કરશે તે ઉત્કૃષ્ટ તપસ્વી ગણાશે.

**પ્રશ્ન ૩૩૧.** પાંચમા આરાના છેડે સંઘમાં કેટલા રહેશે ? તેઓનાં નામ શું હશે ?

**ઉત્તર :** પાંચમા આરામાં ક્રમસર ઘટતાં-ઘટતાં છેલ્લે એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિક રહેશે. દુપ્પહસૂરિ નામના આચાર્ય, ફલ્ગુ નામની સાધ્વી, નાગીલ નામનો શ્રાવક અને સત્યશ્રી નામની શ્રાવિકા રહેશે.

**પ્રશ્ન ૩૩૨.** પાંચમા આરાના છેડે શ્રુતજ્ઞાન કેટલું રહેશે ?

**ઉત્તર :** પાંચમા આરાને છેડે દશવૈકાલીક, આવશ્યક, જીતકલ્પ ,નંદીસૂત્ર અને અનુયોગદ્વાર સૂત્ર આટલું શ્રુતજ્ઞાન રહેશે.

**પ્રશ્ન ૩૩૩.** દુપ્પહસૂરિ આચાર્ય ક્યું સમક્તિ લઈને આવશે ? કાળ કરી ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર :** દુપ્પહસૂરિ આચાર્ય ક્ષાયિક-સમક્તિ લઈને આવશે અને કાળ કરી સૌધર્મ

દેવલોકમાં ઉત્પન્ન થશે.

**પ્રશ્ન ૩૩૪.** પાંચમા આરાના છેડે પહેલા પહોરે શું વિચ્છેદ થશે ?

**ઉત્તર :** પહેલા પહોરે ધર્મ અને ચતુર્વિધસંઘ વિચ્છેદ પામશે.

**પ્રશ્ન ૩૩૫.** પાંચમા આરાના છેડે ક્યા નામનો રાજા અને મંત્રી થશે ?

**ઉત્તર :** પાંચમા આરાના છેડે વિમલવાહન નામનો રાજા થશે અને સુધર્મ નામનો મંત્રી થશે.

**પ્રશ્ન ૩૩૬.** રાજા અને મંત્રીનો વિચ્છેદ ક્યારેં થશે ?

**ઉત્તર :** પાંચમા આરાના છેડે મધ્યાન્હકાળે રાજા અને મંત્રીનો વિચ્છેદ થશે એટલે મૃત્યુ પામશે તે વખતે રાજ્ય વિચ્છેદ પામશે.

**પ્રશ્ન ૩૩૭.** સંધ્યાકાળે શું વિચ્છેદ પામશે ?

**ઉત્તર :** સંધ્યાકાળે અગ્નિ વિચ્છેદ પામશે.

**પ્રશ્ન ૩૩૮.** પાંચમા આરા બાદ એટલે પાંચમો આરો પૂર્ણ થતાં કેટલા પ્રકારની કુવૃષ્ટિઓ થાય છે ? કઈ કઈ ?

**ઉત્તર :** પાંચમા આરા બાદ એટલે પાંચમો આરો પૂર્ણ થતાં નીચે પ્રકારની કુવૃષ્ટિ થાય છે તે આ પ્રમાણે :- (૧) ક્ષાર, (૨) આજલ, (૩) વિષ, (૪) વિષાગ્નિ, (૫) વૃજમય (૬) જલ આદિની વૃષ્ટિ થાય.

**પ્રશ્ન ૩૩૯.** કુવૃષ્ટિ બાદ શું થાય ? અને મનુષ્ય વગેરેની વસ્તિ વગેરે ક્યાં હોય ?

**ઉત્તર :** કુવૃષ્ટિઓ થયા બાદ ભયંકર વાયરાઓ વાય છે જેથી ખેદાનમેદાન થઈ જાય છે ફક્ત બીજરૂપ મનુષ્યો રહે છે તે પણ ગંગા-સિંધુના કિનારે બીલોમાં છુપાયેલા રહે છે. ગંગા-સિંધુ બે નદી ગાડાના ચીલા પ્રમાણ વિસ્તારવાળી, ઋષભકૂટ, લવણસમુદ્રની ખાડીઓ આ પાંચ સિવાય બધું નાશ પામે છે, ત્યારબાદ છઠ્ઠો આરો શરૂ થાય છે.

## છઠ્ઠા આરાનું વર્ણન

**પ્રશ્ન ૩૪૦.** છઠ્ઠા આરાનું નામ શું છે ? કેટલા કાળનો હોય છે ? તથા તેના ભાવ કેટલા હોય છે ?

**ઉત્તર :** છઠ્ઠો આરો દુષમા દુષમા નામનો કહેવાય છે તે ૨૧૦૦૦ વર્ષનો

હોય છે અને દુઃખ દુઃખ અને દુઃખના ભાવવાળો જ આરો હોય છે.

**પ્રશ્ન ૩૪૧.** આ આરામાં આયુષ્ય અવગાહના કેટલી છે? છેલ્લે કેટલી હોય છે?

**ઉત્તર :** આ આરાની શરૂઆતમાં આયુષ્ય ૨૦ વર્ષ અવગાહના ૨ હાથ. છેલ્લે આયુષ્ય ૧૬ વર્ષ. અવગાહના ૧ હાથની હોય છે.

**પ્રશ્ન ૩૪૨.** આ આરામાં દુઃખ ક્યા ક્યા પ્રકારના હોય છે?

**ઉત્તર :** છઠ્ઠા વર્ષે સ્ત્રીઓ ગર્ભ ધારણ કરે છે. જીવો યાતના ઘણી ભોગવે છે. સૂર્ય ઉગ્ર તપે છે. ચન્દ્ર અતિ શીત થાય છે. વનસ્પતિ આદી બિલ્કુલ રહેતું નથી. જેથી મનુષ્યો રાત્રિનાં માછલાનું ભક્ષણ કરે છે. સૂર્ય અતિ ઉગ્ર તપતો હોવાથી મનુષ્યો દિવસના બહાર રહી શક્તા નથી. જેથી મનુષ્યો ગંગા અને સિંધુ નદીના કાંઠે બીલોમાં ભરાઈ રહે છે. રાત્રીના બહાર નીકળી ગંગા-સિંધુ નદીમાંથી માછલા લઈ રેતીમાં દાટે છે અને આગલી રાત્રીના દાટેલા માછલાં બહાર કાઢી ભક્ષણ કરે છે સૂર્યના તાપથી રેતી બહુ તપે છે તે રેતીની ગરમીથી માછલાં બફાઈ જાય છે.

**પ્રશ્ન ૩૪૩.** ગંગા સિંધુમાં પાણી કેટલું હોય છે?

**ઉત્તર :** ગંગા અને સિંધુ નદીમાં પગનું તળીયું ડુબે એટલું પાણી હોય છે.

**પ્રશ્ન ૩૪૪.** છઠ્ઠા આરામાં જીવો સમ્યક્ત્વ પામે છે?

**ઉત્તર :** આ આરામાં પણ જીવોને સમ્યક્ત્વ પામવાનો સંભવ જ્ઞાની ભગવંતોએ જોયેલો છે.

**પ્રશ્ન ૩૪૫.** આ આરામાં મનુષ્યો મરીને ક્યાં જાય છે? શાથી?

**ઉત્તર :** આ આરામાં જન્મેલાં મનુષ્યો જે માછલાંનો આહાર કરનારા હોય છે તેઓ દુર્ગતિમાં જાય છે અને જેઓ તુચ્છ ધાન્યનું ભક્ષણ કરનારા હોય છે તેઓ સ્વર્ગમાં જાય છે. આ રીતે તેઓની ગતિ જણાવેલ છે.

**પ્રશ્ન ૩૪૬.** ઉત્સર્પિણીકાળનું માપ કેટલું? તે ક્યા ક્રમથી હોય છે?

**ઉત્તર :** ઉત્સર્પિણીકાળ ૧૦ કોટાકોટી સાગરોપમનો હોય છે. તેનો ક્રમ અવસર્પિણીનાં કાળ કરતાં ઉંધા ક્રમવાળો જાણવો. અવસર્પિણીમાં જેમ દિવસ જાય તેમ રસકસ આયુષ્ય વગેરે ઘટતું જાય તેમ ઉત્સર્પિણીમાં દિવસો પસાર થતાં જાય તેમ ક્રમસર વધતું જાય છે અને અશુભાદિ રસકસ ઘટતાં જાય. શુભ વધતાં

જાય.

**પ્રશ્ન ૩૪૭.** ઉત્સર્પિણીનો બીજો આરો કેટલાં વર્ષનો ? તેમાં શું બને ?

**ઉત્તર :** ઉત્સર્પિણીનો બીજો આરો ૨૧૦૦૦ વર્ષનો. તેમાં શુભ પાંચ પ્રકારની વૃષ્ટિઓ થાય તે આ પ્રમાણે - (૧) પુષ્કરમેઘ (૨) ક્ષીરમેઘ (૩) ઘૃતમેઘ (૪) અમૃતમેઘ (૫) રસમેઘ.

પ્રશ્ન ૩૪૮. ઉત્સર્પિણીનાં ક્યા આરામાં તીર્થંકરનો આત્મા ક્યારે ગર્ભમાં આવે ?

**ઉત્તર :** ઉત્સર્પિણીનાં ત્રીજા આરાના ૮૯ પખવાડીયાં ગયે પ્રથમતીર્થંકરનો આત્મા ગર્ભમાં આવે.

**પ્રશ્ન ૩૪૯.** આ આરામાં કેટલા શલાકા પુરૂષો થાય છે ?

**ઉત્તર :** આ આરામાં ૨૩ તીર્થંકરો, ૧૧ ચક્રી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૯ બળદેવ તથા ૯ નારદ અને ૧૨ રૂદ્રો વગેરે ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૩૫૦.** આ આરામાં છેલ્લા તીર્થંકર ક્યારે થાય છે ?

**ઉત્તર :** આ કાળના ચોથા આરામાં ૮૯ પખવાડીયા ગયે ચોવીસમા તીર્થંકર ગર્ભમાં આવે અને બારમાં ચક્રી પણ આ આરામાં થાય એમ બે શલાકા પુરૂષો ઉત્પન્ન થાય.

**પ્રશ્ન ૩૫૧.** આ આરામાં યુગલિક કાળ ક્યારથી શરૂ થાય છે ?

**ઉત્તર :** છેલ્લા તીર્થંકર મોક્ષે જાય ત્યાર બાદ ક્રમસર યુગલિક ભાવની શરૂઆત થાય છે.

**પ્રશ્ન ૩૫૨.** ઉત્સર્પિણીનાં છેલ્લા બે આરાનાં ભાવો કેવા હોય છે ?

**ઉત્તર :** ઉત્સર્પિણીનાં છેલ્લા બે આરાનાં ભાવો યુગલિક મનુષ્યો જેવા હોય છે.

**પ્રશ્ન ૩૫૩.** સર્વ આરાઓમાં તિર્યંચનું આયુષ્ય કેટલું હોય છે ?

**ઉત્તર :** સર્વ આરાઓમાં તિર્યંચ જીવોનું આયુષ્ય મનુષ્ય સરખું હોય છે. તે હાથી, સિંહ, અષ્ટાપદ આદિનાં.

**પ્રશ્ન ૩૫૪.** બાકીનાં તિર્યંચોનું આયુષ્ય કેટલું હોય છે ?

**ઉત્તર :** બાકીનાં તિર્યંચોનું આયુષ્ય આ પ્રમાણે હોય છે : (૧) ઘોડા વગેરેનું ચોથા ભાગનું. (૨) ગાય, ભેંસ, ઉંટ, ગર્દભ જીવોનું પાંચમા ભાગનું. (૩) છાલી, ગાડર, શીયાળ પ્રમુખનું આઠમા ભાગ જેટલું. (૪) કૂતરા પ્રમુખનું દશમા

ભાગનું આયુષ્ય હોય છે.

**પ્રશ્ન ૩૫૫.** વર્તમાનકાળ આશ્રયી આયુષ્ય કેટલું હોય છે ?

**ઉત્તર :** વર્તમાનકાળ આશ્રયી મનુષ્ય-હાથી વગેરેનું ૧૨૦ વર્ષ અને ૫ દિવસનું. ગધેડા, ઉંટ વગેરેનું ૨૫ વર્ષનું. બળદ, પાડા વગેરેનું ૨૪ વર્ષ ૫ દિવસનું. ઘોડા વગેરેનું ૩૨ વર્ષનું. ઘેટા વગેરેનું ૧૬ વર્ષ. કૂતરા વગેરેનું ૧૨ વર્ષનું આયુષ્ય હોય છે

## ઐરવત ક્ષેત્રનું વર્ણન

**પ્રશ્ન ૩૫૬.** ઐરવત ક્ષેત્ર ક્યાં આવેલું છે ? તેની બાજુમાં ક્યો પર્વત હોય છે ?

**ઉત્તર :** ઐરવત ક્ષેત્ર ઉત્તર દિશા તરફ આવેલું છે. તેની બાજુમાં શિખરી પર્વત આવેલો છે.

**પ્રશ્ન ૩૫૭.** ઐરવત ક્ષેત્ર કઈ દિશાથી લવણ સમુદ્રને મળે છે ?

**ઉત્તર :** ઐરવત ક્ષેત્ર ઉત્તર દિશા તરફથી લવણ સમુદ્રને મળે છે. (સ્પર્શેલું છે.)

**પ્રશ્ન ૩૫૮.** કઈ બે નદીઓ આવેલી છે ?

**ઉત્તર :** રક્ત અને રક્તાવતી નામની બે નદીઓ આ ક્ષેત્રમાં આવેલી છે.

**પ્રશ્ન ૩૫૯.** આ ક્ષેત્રનું વર્ણનકોના જેવું હોય છે ?

**ઉત્તર :** આ ક્ષેત્રનું બાકીનું બધુંય વર્ણન ભરતક્ષેત્ર પ્રમાણે જાણવું. (હોય છે.)

## આર્ય દેશોનું વર્ણન

**પ્રશ્ન ૩૬૦.** ભરત-ઐરવત ક્ષેત્રમાં કુલ દેશો કેટલાં હોય છે ?

**ઉત્તર :** ભરત-ઐરવત ક્ષેત્રમાં કુલ ૩૨૦૦૦ દેશો આવેલા છે.

**પ્રશ્ન ૩૬૧.** ભરત-ઐરવત ક્ષેત્રનાં દેશોમાંથી આર્ય દેશો-અનાર્ય દેશો કેટલાં હોય છે ?

**ઉત્તર :** ભરત-ઐરવત ક્ષેત્રના ૩૨૦૦૦ દેશોમાંથી ૨૫ાા દેશો આર્ય દેશ રૂપે હોય અને બાકીનાં ૩૧૯૭૪ાા દેશો અનાર્ય રૂપે હોય છે.

**પ્રશ્ન ૩૬૨.** ભરત-ઐરવતના છ ખંડમાંથી આર્ય દેશો ક્યા ખંડમાં હોય છે ?

**ઉત્તર :** ભરત-ઐરવતના છ ખંડમાંથી મધ્યખંડમાં આર્યના ૨૫ાા દેશો આવેલા હોય છે.

**પ્રશ્ન ૩૬૩.** ભરત-ઐરવતના મધ્યખંડ સિવાયના ખંડોમાં કઈ જાતિના મનુષ્યો હોય છે ?

**ઉત્તર :** ભરત-ઐરવતના મધ્યખંડ સિવાયના ખંડોમાં અનાર્ય દેશોવાળા મનુષ્યો હોય છે.

**પ્રશ્ન ૩૬૪.** ભરત-ઐરવત ક્ષેત્રમાં ધર્મ ક્યા ખંડમાં અને દેશોમાં હોય છે ?

**ઉત્તર :** ભરત-ઐરવત ક્ષેત્રના મધ્યખંડને વિષે ધર્મ હોય છે. તેના કારણે ૨૫ાા આર્ય દેશમાં ધર્મ ગણાય છે.

**પ્રશ્ન ૩૬૫** ૨૫ાા આર્ય દેશના નામો તથા રાજધાનીના નામો ક્યાક્યા ?

**ઉત્તર :** સાડી પચ્ચીશ આર્ય દેશ તથા તેની રાજધાનીના નામો આ પ્રમાણે છે :-

| **દેશનામ** | **રાજધાની** | **દેશનામ** | **રાજધાની** |
|---|---|---|---|
| મગધદેશ | રાજગૃહી | મલયદેશ | ભદ્દીલપુર |
| અંગદેશ | ચંપાપુરી | સંદર્ભદેશ | નાંદીપુર |
| બંગદેશ | તામ્રલીપ્તી | વરૂણદેશ | પુનરૂચ્છાપુરી |
| કાશીદેશ | વાણારસી | મત્સ્યદેશ | વૈરાટનગરી/મત્સપુરી |
| કલીંગદેશ | કાંચનપુરી | ચેદીદેશ | શુક્તીમતીપુરી |
| કોશલદેશ | અયોધ્યા | દર્શાણદેશ | મૃત્તિકાપુરી |
| કુરૂદેશ | હસ્તિનાપુર | સિંધુદેશ | વિત્તભય નગરી |
| કુશાર્તદેશ | સૌર્યપુર | સૌવીરદેશ | મથુરાપુરી |
| પંચાલદેશ | કાંપીલ્યપુર | સુરસેનદેશ | અપાપાપુરી |
| જંગલદેશ | અહીછત્રાપુરી | વર્તદેશ | ભેગીપુરી |
| વિદેહદેશ | મિથિલાપુરી | કુણાલદેશ | શ્રાવસ્તીપુરી |
| સોરઠદેશ | દ્વારીકા | લાટદેશ | કોટીવર્ષપુરી |
| વત્સદેશ | કૌશંબીપુરી | કેનકાર્ધદેશ | શ્વેતાંબીપુરી |

**પ્રશ્ન ૩૬૬.** નિમિત્ત ભેદથી આર્યો કેટલા પ્રકારના હોય છે ? ક્યા ક્યા ?

**ઉત્તર :** નિમિત્ત ભેદથી આર્યો છ પ્રકારના હોય છે. (૧) ક્ષેત્ર આર્ય (૨) જાતિ આર્ય (૩) કુલ આર્ય (૪) કર્મ આર્ય (૫) શિલ્પ આર્ય (૬) ભાષા આર્ય.

**પ્રશ્ન ૩૬૭.** અનાર્ય ખંડના દેશો કેટલા હોય છે ?
**ઉત્તર :** પાંચ ખંડના અનાર્ય દેશો ૫૩૩૬ થાય છે.
**પ્રશ્ન ૩૬૮.** એક આર્ય ખંડમાં આર્ય દેશો કેટલા હોય છે ?
**ઉત્તર :** એક આર્ય ખંડમાં ૫૩૨૦ આર્ય દેશો હોય છે.
**પ્રશ્ન ૩૬૯.** આ આર્ય અનાર્ય કેટલા ક્ષેત્રમાં હોય છે ?
**ઉત્તર :** આ આર્ય અનાર્ય ભેદો ભરત-ઐરવત ક્ષેત્ર તેમજ મહાવિદેહ ક્ષેત્રની બત્રીસે વિજયોમાં હોય છે.
**પ્રશ્ન ૩૭૦.** મહાવિદેહ ક્ષેત્રની બત્રીસે વિજયોમાં અનાર્ય ક્ષેત્રો શાથી હોય ?
**ઉત્તર :** જે વિજય અથવા ક્ષેત્રમાં છ ખંડ પડતાં હોય છે ત્યાં આર્ય અનાર્ય જાતિવાળા મનુષ્યો હોય છે. તે કારણથી દરેક વિજયમાં હોય તેમ કહેવાય છે.
**પ્રશ્ન ૩૭૧.** મધ્ય ખંડને વિષે શું હોય છે ?
**ઉત્તર :** મધ્ય ખંડને વિષે એક કોટિ શીલા હોય છે.
**પ્રશ્ન ૩૭૨.** આ કોટિશીલાને કોણ ઉપાડે છે ? ક્યારે ?
**ઉત્તર :** આ કોટિશીલાને વાસુદેવો ખંડની સાધના પછી એટલે ખંડ સાધ્યા પછી ઉપાડી શકે છે.
**પ્રશ્ન ૩૭૩.** જંબૂદ્વીપમાં કુલ બીલની સંખ્યા કેટલી હોય છે ? કઈ રીતે ?
**ઉત્તર :** જંબૂદ્વીપમાં ૨૪૪૮ બીલો હોય છે તે આ પ્રમાણે - દરેક વૈતાઢય પર્વતની વચમાં બે ભાગ પડે, દરેક ભાગે બબ્બે તટ ૨X ૨ = ૪ થાય. દરેક તટે નવ બીલો હોય એટલે ૪ X ૯ = ૩૬ બીલો થાય. ૩૪ વૈતાઢય પર્વતના બબ્બે ભાગ ગણતાં ૬૮ થાય માટે ૩૬ X ૬૮ કરતાં ૨૪૪૮ બીલોની સંખ્યા થાય છે.

*** જંબૂદ્વીપ સંગ્રહણી સમાપ્ત ***

## જંબૂદ્વીપ સંબંધી નદીઓ, દ્રહો, પર્વતો, ફૂટો, જિન ચૈત્યો પ્રપાતકુંડો, પ્રાસાદભવનો વગેરેને જણાવતું વર્ણન.

**પ્રશ્ન ૩૭૪.** ગંગા નદી વિષેનાં દ્વારો ક્યા ક્યા ?
**ઉત્તર :** ગંગા નદીમાં ઘટિત દ્વારો આ પ્રમાણે પૂર્વપદ્મદ્રહમાંથી નીકળે છે. પૂર્વ ભરતમાં વહે છે. ૧૪૦૦૦ નદીનાં પરિવારવાળી હોય. દક્ષિણ તરફ લવણ

સમુદ્રમાં ભળે છે. મૂળમાં વિસ્તાર ૬| યોજન, છેડે વિસ્તાર ૬૨|| યોજન હોય છે.

**પ્રશ્ન ૩૭૫.** સિંધુ નદીમાં ઘટિત દ્વારો ક્યા ક્યા છે ?

**ઉત્તર :** સિંધુ નદીમાં ઘટિત દ્વારો આ પ્રમાણે :- પશ્ચિમ પદ્મદ્રહમાંથી નીકળે છે. પશ્ચિમ ભરતમાં વહે છે. ૧૪૦૦૦ નદીઓનાં પરિવારવાળી દક્ષિણ તરફ લવણ સમુદ્રમાં ભળે છે. મૂળમાં વિસ્તાર ૬| યોજન, છેડે વિસ્તાર ૬૨|| યોજન હોય છે.

**પ્રશ્ન ૩૭૬.** રક્તા નદીમાં ઘટિત દ્વારો ક્યા ક્યા છે ?

**ઉત્તર :** રક્તા નદીમાં ઘટિત દ્વારો આ પ્રમાણે :- પૂર્વ ઐરવતમાં વહે છે. પૂર્વ પુંડરીક દ્રહમાંથી નીકળે છે. ૧૪૦૦૦ નદીઓનાં પરિવારવાળી ઉત્તર તરફ લવણસમુદ્રમાં ભળે. મૂળમાં વિસ્તાર ૬| યોજન, છેડે વિસ્તાર ૬૨|| યોજન હોય છે.

**પ્રશ્ન ૩૭૭.** રક્તવતી નદીના ઘટિત દ્વારો ક્યા છે ?

**ઉત્તર :** રક્તવતી નદીના ઘટિત દ્વારો આ પ્રમાણે :- પશ્ચિમ પુંડરીક દ્રહમાંથી નીકળી પશ્ચિમ ઐરાવતમાં વહે છે. ૧૪૦૦૦ નદીઓનાં પરિવારવાળી ઉત્તર તરફ લવણ સમુદ્રમાં ભળે. મૂળમાં વિસ્તાર ૬| યોજન, છેડે વિસ્તાર ૬૨|| યોજન હોય છે.

**પ્રશ્ન ૩૭૮.** રોહીતા નદીમાં ઘટિત દ્વારો ક્યા છે ?

**ઉત્તર :** રોહીતા નદીમાં ઘટિત દ્વારો આ પ્રમાણે :- દક્ષિણ મહાપદ્મમાંથી નીકળે છે. પૂર્વમાં હિમવંત ક્ષેત્રમાં વહે છે. ૨૮૦૦૦ નદીઓનાં પરિવારવાળી છે. પૂર્વ તરફથી લવણ સમુદ્રમાં ભળે છે. મૂળમાં વિસ્તાર ૧૨|| યોજન, છેડે વિસ્તાર ૧૨૫ યોજન હોય છે.

**પ્રશ્ન ૩૭૯.** રોહીતાંશા નદીને વિષે ઘટિત દ્વારો ક્યા છે ?

**ઉત્તર :** રોહીતાંશા નદીને વિષે ઘટિત દ્વારો આ પ્રમાણે :- ઉત્તર પદ્મમાંથી નીકળે છે. પશ્ચિમ હિમવંતમાં વહે છે. ૨૮૦૦૦ નદીઓનાં પરિવારવાળી છે. પશ્ચિમ તરફ લવણ સમુદ્રમાં ભળે છે. મૂળમાં ૧૨|| યોજન વિસ્તાર અને છેડે ૧૨૫

યોજન વિસ્તાર હોય છે.

**પ્રશ્ન ૩૮૦.** રૂપ્યકુલા નદીને વિષે ઘટિત દ્વારો ક્યા છે ?

**ઉત્તર :** રૂપ્યકુલા નદીને વિષે ઘટિત દ્વારો આ પ્રમાણે :- ઉત્તર મહાપુંડરીકમાંથી નીકળે છે. પૂર્વ હિરણ્યવંતમાં વહે છે. ૨૮૦૦૦ નદીઓના પરિવારવાળી પૂર્વ લવણસમુદ્રમાં ભળે છે. મૂળમાં ૧૨ાા યોજન વિસ્તાર અને છેડે ૧૨૫ યોજન વિસ્તાર હોય છે.

**પ્રશ્ન ૩૮૧.** સુવર્ણકુલા નદીને વિષે ઘટિત દ્વારો ક્યા છે ?

**ઉત્તર :** સુવર્ણકુલા નદીને વિષે ઘટિત દ્વારો આ પ્રમાણે :- દક્ષિણ પુંડરીકમાંથી નીકળે છે. પશ્ચિમ હિરણ્યવંત તરફ વહે છે. ૨૮૦૦૦ નદીઓની પરિવારવાળી છે. પશ્ચિમ લવણસમુદ્રમાં ભળે છે. મૂળમાં ૧૨ાા યોજન વિસ્તાર અને છેડે ૧૨૫ યોજન વિસ્તાર હોય છે.

**પ્રશ્ન ૩૮૨.** હરિકાન્તા નદીને વિષે ઘટિત દ્વારો ક્યા છે ?

**ઉત્તર :** હરિકાન્તા નદીને વિષે ઘટિત દ્વારો આ પ્રમાણે :- ઉત્તર મહાપદ્મ દ્રહમાંથી નીકળે છે. પશ્ચિમ હરિવર્ષમાં વહે છે. ૫૬૦૦૦ નદીઓના પરિવારવાળી છે. મૂળમાં વિસ્તાર ૨૫ યોજન, છેડે વિસ્તાર ૨૫૦ યોજન હોય છે. પશ્ચિમ લવણ સમુદ્રમાં ભળે છે.

**પ્રશ્ન ૩૮૩.** હરિસલિલા નદીને વિષે ઘટિત દ્વારો ક્યા છે ?

**ઉત્તર :** હરિસલિલા નદીને વિષે ઘટિત દ્વારો આ પ્રમાણે :- દક્ષિણ તિગિંચ્છીદ્રહમાંથી નીકળે છે. પૂર્વ હરિવર્ષમાં વહે છે. ૫૬૦૦૦ નદીઓનાં પરિવારવાળી છે. પૂર્વ લવણસમુદ્રમાં ભળે છે. મૂળમાં વિસ્તાર ૨૫ યોજન, છેડે વિસ્તાર ૨૫૦ યોજન હોય છે.

**પ્રશ્ન ૩૮૪.** નરકાન્તા નદીમાં ઘટિત દ્વારો ક્યા છે ?

**ઉત્તર :** નરકાન્તા નદીમાં ઘટિત દ્વારો આ પ્રમાણે :- દક્ષિણ મહાપુંડરીક દ્રહમાંથી નીકળે છે. પૂર્વ રમ્યક્ ક્ષેત્રમાં વહે છે. ૫૬૦૦૦ નદીઓનાં પરિવાવાળી છે. પૂર્વ લવણ સમુદ્રમાં ભળે છે. મૂળમાં વિસ્તાર ૨૫ યોજન, છેડે વિસ્તાર ૨૫૦ યોજન હોય છે.

**પ્રશ્ન ૩૮૫.** નારીકાન્તા નદીમાં ઘટિત દ્વારો ક્યા છે ?

**ઉત્તર :** નારીકાન્તા નદીમાં ઘટિત દ્વારો આ પ્રમાણે છે :- ઉત્તર કેશરીદ્રહમાંથી નીકળે છે. પશ્ચિમ રમ્યક્ ક્ષેત્રમાં વહે છે. ૫૬૦૦૦ નદીઓનાં પરિવારવાળી છે. મૂળમાં વિસ્તાર ૨૫ યોજન, છેડે વિસ્તાર ૨૫૦ યોજન. પશ્ચિમ લવણસમુદ્રમાં ભળે છે.

**પ્રશ્ન ૩૮૬.** શીતા નદીમાં ઘટીત દ્વારો ક્યા છે ?

**ઉત્તર :** તે આ પ્રમાણે - દક્ષિણ કેસરીદ્રહમાંથી નીકળે છે. પૂર્વ મહાવિદેહ મધ્યમાં વહે છે. ૫,૩૨,૦૦૦ નદીઓના પરિવારવાળી છે. પૂર્વ લવણસમુદ્રને મળે છે. મૂળમાં વિસ્તાર ૫૦ યોજન, છેડે વિસ્તાર ૫૦૦ યોજન હોય છે.

**પ્રશ્ન ૩૮૭.** શીતોદા નદીમાં ઘટીત દ્વારો ક્યા છે ?

**ઉત્તર :** તે આ પ્રમાણે - ઉત્તર તિગિંચ્છી દ્રહમાંથી નીકળે છે. પશ્ચિમ મહાવિદેહની મધ્યમાં વહે છે. ૫,૩૨,૦૦૦ નદીઓનાં પરિવારવાળી છે. પશ્ચિમ લવણસમુદ્રમાં ભળે છે. મૂળમાં વિસ્તાર ૫૦ યોજન, છેડે વિસ્તાર ૫૦૦ યોજન હોય છે.

**પ્રશ્ન ૩૮૮** કુલ નદીઓ કેટલી છે ? મોટી તેમજ નાની નદીઓ કેટલી હોય છે ?

**ઉત્તર :** મહાવિદેહની ૩૨ વિજયોમાં ૬૪ મોટી નદીઓ છે તે ચૌદ ચૌદ હજારના પરિવારવાળી છે અને વિજયોની આંતરનદીઓ ૧૨ છે તે પણ ચૌદ ચૌદ હજારના પરિવારની છે. એટલે ૬૪ +૧૨ = ૭૬ નદીઓ મહા વિદેહની વિજયોની છે તે શીતા અને શીતોદાને જ મળે છે. જેથી તેના પરિવાર ૧૦,૬૪,૦૦૦ છે. તે જ પરિવાર શીતા અને શીતોદાનો જ ગણાય છે. આ સિવાય દેવકુરૂમાં ૮૪,૦૦૦ અને ઉત્તરકુરૂમાં ૮૪,૦૦૦ છે તે ૧૨ આંતરનદીનો જ પરિવાર ગણાવેલ છે. જેથી મોટી ૧૪ ને ૭૬ મેળવતાં ૯૦ મોટી નદીઓનો પરિવાર ૧૪,૫૬,૦૦૦ છે.

**પ્રશ્ન ૩૮૯.** પ્રપાતકુંડો તથા ચૈત્યો કુલ કેટલા હોય છે ક્યા ક્યા ?

**ઉત્તર :** મોટી ૯૦ નદીઓનાં ૯૦ પ્રપાતકુંડો હોય છે અને દરેક પ્રતાપકુંડો સંબંધી એક એક ચૈત્ય હોય છે. જેથી ૯૦ કુંડોના ૯૦ ચૈત્યો થાય છે.

**પ્રશ્ન ૩૯૦.** જંબૂદ્વીપમાં કુલ કેટલા પર્વતો હોય છે ક્યા ક્યા ?

**ઉત્તર :** જંબૂદ્વીપમાં કુલ ૨૬૯ પર્વતો હોય છે તે આ પ્રમાણે - ૧ લઘુહિમવંત પર્વત + ૧ શિખરી + ૧ મહાહિમવંત + ૧ રૂક્મિ + ૧ નિષધ + ૧ નીલવંત

+ ૧૬ વક્ષસ્કાર પર્વત + ૪ ગજદંતગિરિ + ૨૦૦ કંચનગિરિ + ૨ યમક ચમક ૨ ચિત્ર વિચિત્ર + ૪ વૃત્ત વૈતાઢ્ય + ૨ દીર્ઘ વૈતાઢ્ય + ૩૨ દીર્ઘ વૈતાઢ્ય + ૧ મેરૂ પર્વત = ૨૬૯.

**પ્રશ્ન ૩૯૧.** જંબૂદ્વીપમાં કુલ ચૈત્યો કેટલા હોય છે ? ક્યા ક્યા?

**ઉત્તર :** જંબૂદ્વીપમાં કુલ ૬૩૫ ચૈત્યો હોય છે તે આ પ્રમાણે - ૨૬૯ પર્વતના ૨૬૯ + શાલ્મલીકૂટનાં ૮ + જંબૂકૂટના ૮ + ભદ્રશાલવનના૪ + નંદનવનમા ૪ + સોમનસવનમાં ૪ + પાંડુકવનમાં ૪ + શાલ્મલીવૃક્ષ ઉપર ૧ + જંબૂવૃક્ષ ઉપર ૧ + દેવકુરૂમાં ૧ + ઉત્તરકુરૂમાં ૧ + દિગ્ગજ ઉપર ૮ + ૧૬ દ્રહનાં ૧૬ + પ્રપાતકુંડના ૯૦ + જંબૂ શલ્મ વૃક્ષના પહેલા વલયનાં (૧૦૮ + ૧૦૮) ૨૧૬ = ૬૩૫ થાય છે.

**પ્રશ્ન ૩૯૨.** જંબૂદ્વીપમાં કેટલી દેવીઓનાં આવાસો હોય છે કઈ કઈ ?

**ઉત્તર :** જંબૂદ્વીપમાં ૬ દેવીનાં આવાસો છે. (૧) શ્રીદેવી (૨) લક્ષ્મીદેવી (૩) હ્રીદેવી (૪) બુદ્ધિદેવી (૫)ધીદેવી (૬) કીર્તિદેવી.

**પ્રશ્ન ૩૯૩.** વિષ્કંભ કોને કહેવાય ?

**ઉત્તર :** વિષ્કંભ = વ્યાસ અથવા વિસ્તારનું જે માપ થાય તે.

**પ્રશ્ન ૩૯૪.** પરિધિ કોને કહેવાય ?

**ઉત્તર :** ગોળ વસ્તુની કિનારનો ઘેરાવો તે.

**પ્રશ્ન ૩૯૫.** ભાજ્ય કોને કહેવાય ?

**ઉત્તર :** જે સંખ્યાના ભાગ કરવા હોય તે સંખ્યા.

**પ્રશ્ન ૩૯૬.** ભાગાકાર કોને કહેવાય ?

**ઉત્તર :** પડેલા ભાગને જણાવનારી સંખ્યા તે.

**પ્રશ્ન ૩૯૭.** ભાજક કોને કહેવાય ?

**ઉત્તર :** ભાગ પાડનારી સંખ્યા જે હોય તે.

**પ્રશ્ન ૩૯૮.** શેષ સંખ્યા કોને કહેવાય ?

**ઉત્તર :** ભાગ પાડતાં છેવટની બાકી રહેલી સંખ્યા હોય તે.

**પ્રશ્ન ૩૯૯.** વર્ગ કોને કહેવાય ?

**ઉત્તર :** કોઈપણ સંખ્યાને તે જ સંખ્યાએ ગુણવાથી જે સંખ્યા આવે તે વર્ગ.

**પ્રશ્ન ૪૦૦.** જીવ્હા કોને કહેવાય ?

**ઉત્તર :** કોઈપણ ક્ષેત્રની પૂર્વથી પશ્ચિમ સુધીની ઉત્કૃષ્ટ લંબાઈ તે.

**પ્રશ્ન ૪૦૧.** ઈષુ કે શર કોને કહેવાય ?

**ઉત્તર :** જીવ્હાના મધ્યભાગથી સમુદ્ર સુધીનો વિષ્કંભ જે આવે તે.

**પ્રશ્ન ૪૦૨.** ધનુપૃષ્ટ કોને કહેવાય ?

**ઉત્તર :** જીવ્હાના પૂર્વ અને પશ્ચિમ છેડારૂપ સીમા વડે જે સમુદ્ર સુધી પહોંચતા પરિઘિ થાય તે.

**પ્રશ્ન ૪૦૩.** બાહા કોને કહેવાય ?

**ઉત્તર :** પૂર્વ ધનુપૃષ્ટ કરતાં આગલા (ઉત્તર) ધનુપૃષ્ટમાં વાંકા હાથની જેવો અધિક ખંડ હોય તે બાહા કહેવાય.

**પ્રશ્ન ૪૦૪.** ક્ષેત્રફળ કોને કહેવાય ?

**ઉત્તર :** ગણીતપદ = લંબાઈ પહોળાઈ તે.

**પ્રશ્ન ૪૦૫.** ઘનક્ષેત્રફળ કોને કહેવાય ?

**ઉત્તર :** લંબાઈ-પહોળાઈ અને ઉંચાઈ સરખી હોય તે.

**પ્રશ્ન ૪૦૬.** આયામ વિષ્કંભ કોને કહેવાય ?

**ઉત્તર:** પૂર્વ-પશ્ચિમ લંબાઈ કાઢવી તે.

**પ્રશ્ન ૪૦૭.** જીવ્હાની રાશી શી રીતે પ્રાપ્ત થાય ?

**ઉત્તર :** વિષ્કંભની પહોળાઈમાંથી ઇષુ બાદ કરી ચાર ગુણા કરી ઈષુએ ગુણીએ તો જીવ્હાની રાશી થાય છે.

**પ્રશ્ન ૪૦૮.** જીવ્હા કઇ રીતે પ્રાપ્ત થાય છે ?

**ઉત્તર :** વિષ્કંભની પહોળાઈમાંથી ઈષુ બાદ કરી ચાર ગુણા કરી ઈષુએ ગુણી પછી તેનું વર્ગમૂળ કાઢતાં જે આવે તે જીવ્હાની લંબાઈ કહેવાય છે.

**પ્રશ્ન ૪૦૯.** ધનુપૃષ્ટ કઈ રીતે થાય ?

**ઉત્તર :** ઈષુની સંખ્યાનો વર્ગ કરી છ એ ગુણી જીવ્હાની રાશી મેળવી પછી વર્ગમૂળ કાઢતાં જે આવે તે ધનુપૃષ્ટ કહેવાય છે.

**પ્રશ્ન ૪૧૦.** અભ્યાસ અથવા રાશી અભ્યાસ કોને કહેવાય ?

**ઉત્તર :** કોઈપણ સંખ્યાને તે જ સંખ્યાથી તેટલી વખત ગુણવાથી જે સંખ્યા આવે તે અભ્યાસ અથવા રાશી અભ્યાસ કહેવાય છે.

## પૂજ્ય પન્યાસશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| | | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧. | જીવવિચાર (બીજીઆર્વત્તિ) | પ્રશ્નોતરી | ૨૦-૦૦ |
| ૨. | દંડક* | પ્રશ્નોતરી | ૪-૦૦ |
| ૩. | નવતત્વ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોતરી | ૨૬-૦૦ |
| ૪. | કર્મગ્રંથ-૧* | પ્રશ્નોતરી | ૬-૦૦ |
| ૫. | કર્મગ્રથ-૨* | પ્રશ્નોતરી | ૭-૦૦ |
| ૬. | કર્મગ્રંથ-૩ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોતરી | ૨૩-૦૦ |
| ૭. | કર્મગ્રંથ સત્તાપ્રકરણ* | પ્રશ્નોતરી | ૧૦-૦૦ |
| ૮. | ઉદય સ્વામિત્વ | પ્રશ્નોતરી | ૧૫-૦૦ |
| ૯. | કર્મગ્રંથ-૪ ભાગ-૧ | પ્રશ્નોતરી | ૧૫-૦૦ |
| ૧૦. | કર્મગ્રંથ-૪ ભાગ-૨ | પ્રશ્નોતરી | ૧૫-૦૦ |
| ૧૧. | કર્મગ્રંથ-૫ ભાગ-૧ | પ્રશ્નોતરી | ૧૫-૦૦ |
| ૧૨. | કર્મગ્રંથ-૫ ભાગ-૨ | પ્રશ્નોતરી | ૧૫-૦૦ |
| ૧૩. | લઘુ સંગ્રહણી* | પ્રશ્નોતરી | ૬-૦૦ |
| ૧૪. | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી (બીજી આવૃત્તિ) | પ્રશ્નોતરી | ૪૦-૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૫ ભાગ-૩ | પ્રશ્નોતરી | ૨૫-૦૦ |
| ૧૬. | કર્મગ્રંથ-૫ ભાગ-૪ | પ્રશ્નોતરી | ૧૮-૦૦ |
| ૧૭. | કર્મગ્રંથ ૧ તથા ૨ | પ્રશ્નોતરી | ૨૫-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ) | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર | વિવેચન | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામી ચરિત્ર | વિવેચન | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સ્વરૂપ દર્શન | વિવેચન | ૨૬-૦૦ |

* આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.